આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

સં

કુમાર

તંત્રી: બચુભાઈ રાવત

સંસ્થાપક: રવિશંકર રાવળ



વર્ષ ૩૦મું • અંક ૧૨મો • ડિસેમ્બર ૧૯૫૩ • સળંગ અંક ૩૬૦મો



જાપાની ચિત્રસંયોજનો જાપાની ચિત્રશૈલીની લાક્ષણિકતા ખાલી જગ્યાના ગાળાઓનો ઉપયોગ કરવામાં વિશિષ્ટ છે. ઉપરાંત, વૈવિધ્ય સર્જવામાં પણ તેમની આગવી કાબેલિયત હોય છે, તે આ અગાઉ અંક ૩૧૫, ૩૨૯, તથા ૩૪૨માં આપી ગયેલાં ફૂલ, પાન ને પતંગિયાં ઉપરથી રચેલાં પ્રતીકોની હારમાળા ઉપરથી પ્રતીત થશે. આ ઉપર એવા વૈવિધ્યનો એક બીજો પ્રકાર દર્શાવ્યો છે જેમાં છ વર્તુળોમાં પ્રકૃતિ ને પંખીના લીલાભાવનું આલેખન નાનાવિધ પ્રકારે ઉતાર્યું છે. સૌંદર્યની કણિકાઓ જેવાં એ આલેખનો સુશોભનોપયોગની ચીજો ઉપર ભરવા-ગૂંથવા-આલેખવામાં ખપમાં લઈ શકાય.

કુમાર
ડિસેમ્બર ૧૯૫૩
અંક ૩૬૦

અનુક્રમ

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૭; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના

વાચકો લખે છે....

આ વિભાગમાં પ્રગટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

વૈદક વગેરે વિષયોમાં થતાં સંશોધનકાર્યની વાર્ષિક કે ત્રિ-વાર્ષિક અનુક્રમણિકા નીકળે છે જેમાં જગતભરમાં થતાં સંશોધનકાર્યનો ઉલ્લેખ હોય છે. એ ઢબે 'કુમાર'ની પાંચ-સાત કે દસ વર્ષની એકત્રિત સૂચિ નીકળે તો કેવું? વાંચકોને જૂના લેખો જોવાની સગવડ થાય. આર્થિકરીતે જોતાં પણ ખાસ ખર્ચ નહિ પડે.
(મુંબાઇ) —અશ્વિન મહેતા

[* આર્થિક રીતે ખર્ચાળ થાય જ; ને એના ગ્રાહકો ન મળે. અમે વાર્ષિકસાંકળિયાં આપીએ છીએ તે એકઠાં કરતાં જઇ વાપરવાથી ઘણાં ઉપયોગી નીવડયાં જાણ્યાં છે. આજના સંજોગોમાં તો એટલેથી જ સંતોષ લેવો રહ્યો.]

પક્ષીઓ વિષેનું સાહિત્ય પીરસવાનું સર્વ પ્રથમ શ્રેય 'કુમાર'નું છે. એ લખાણોથી અનેક ગુજરાતી યુવાનો માટે એક નવો રસપ્રદેશ ખુલ્લો થયો. શ્રી 'વનેચર'ની લેખમાળા બંધ થયે તો વર્ષો થઈ ગયાં. પણ હાલમાં આપ દર માસે એકએક પક્ષીનો જે સંક્ષિપ્ત પરિચય આપો છો એ પણ પક્ષીનિરીક્ષણમાં રસ લેનારાઓને માર્ગદર્શક થઈ પડે છે. એ લેખમાળા ગ્રંથસ્થ થાય તો કેવું સારું!

પક્ષીઓની માફક પતંગિયાં ને બીજી એવી નાની જીવસૃષ્ટિ વિશે લેખમાળા શરૂ કરી 'કુમાર' બીજું એક નવપ્રસ્થાન ન કરે? 'ઈહા'નાં A naturalist on the prowl ને Tribes on my Frontier જેવાં પુસ્તકો અત્યારે બહુ સુલભ પણ નથી. પતંગિયાંની પાંખે ચડીને જ પોતે પક્ષીઓમાં રસ લેતા થયા એમ તો શ્રી 'વનેચરે' પોતે જ કહ્યું છે. તો પતંગિયાં વિષે ગુજરાતી યુવાનોને રસ લેતા કરી એમના પ્રત્યેનું ઋણ શ્રી હરિનારાયણ આચાર્યે ('વનેચરે') અદા કરવું જોઇએ.

'ગુજરાત-કલાકલાપ'ના ત્રણ ભાગ પ્રમાણમાં ઓછી કિંમતે પ્રસિદ્ધ કરી સારી કળાકૃતિઓ 'કુમારે' સુલભ બનાવી. એવી જ રીતે ભારતના બીજા કલાકારોની ચુનંદી કૃતિઓનો એવો સંગ્રહ પ્રસિદ્ધ કરો તો ઘણું સારું.*

'કુમાર'ની પ્રણાલિકાને અનુરૂપ નવા કે જૂના એકાદ પ્રેરક પુસ્તકનો (ગુજરાતી, હિંદી કે અંગ્રેજી) પરિચય જો દર માસે આપવામાં આવે તો અત્યારના યુવકોની લથડતી જતી વાચનરુચિને કેળવવામાં એ માર્ગદર્શન અમૂલ્ય થઈ પડશે. વળી થોકબંધ પ્રસિદ્ધ થતાં પુસ્તકોમાંથી શું વાંચવું એની પણ સૂઝ પડશે.
(લીંબડી) —લાલસિંહ માનસિંહ રાઓલ

[* એજ ઢબે 'ભારતીય કલાકલાપ'ના ત્રણ ભાગ તૈયાર થાય છે જ, 'પક્ષીપોથી' પણ તૈયાર કરવાના છીએ, અને 'શિષ્ટમાન્ય-સાહિત્ય-શ્રેણી'ની શરૂઆત થઇ ચૂકી છે.]

આપનું અદ્‌ભુત પત્ર જોકે હવે તો હું નિયમિત અને આખું વાંચી શકતો નથી, પણ હજુ જ્યારે કોઇકોઇ નજર પડી જાય છે ને એક બે લેખ વાંચી લઉં છું ત્યારે આશ્ચર્યના ઉદ્‌ગાર મુખમાંથી સરી જ પડે છે. આપના પત્રથી ગુજરાત આપનું કેટલું ઋણી છે તેનું માપ તો વખત જતાં ગુજરાતીઓને જ કાઢવાનું છે, પણ એક અંગ્રેજી અખબારમાં તામિલ ભાષાના સાહિત્યકાર 'કલ્કી'ના 'કલ્કી' માસિકની જાહેર ખબરમાં એના ૭૦,૦૦૦ ફેલાવા વિષે વાંચ્યું ત્યારે 'કુમાર'ની દશા વિષે વિચાર કર્યા વિના હું રહી ન શક્યો. એક જ હિંદનાં આ બે દર્શન નથી શું? આપની જાહેરખબર મેળવી આપવાની યોજના ઘણી વ્યવહારુ હતી. આપ એક કામ ન કરી શકો? એની હિંદી આવૃત્તિ કઢાવી ઉત્તર પ્રદેશ ને મધ્ય પ્રદેશ તથા રાજસ્થાન વગેરેનું બજાર ન મેળવી શકો? ને એ જો સફળ થાય તો બીજી ભાષાઓમાં પણ કાઢવી! 'કુમાર' સધ્ધર થશે ને સારું વાચન બધાને લભ્ય કરી આપવાનું પણ પુણ્ય મળશે. ને ગુજરાતની કીર્તિ પણ જો આ સ્વપ્ન ખરું પડે તો હિમાલયથી કન્યાકુમારી સુધી પહોંચશે!
(નવસારી) —હર્ષદરાય બા. દેસાઈ

[* પત્રમાંની પ્રશંસા, લાગણી અને ઉત્સાહ માટે આભારી છીએ. હિંદી આવૃત્તિનો વિચાર અમે છેક ૧૯૩૭-૩૮ની સાલથી કર્યો છે, પણ તેને માટે મુદ્રણ વગેરેની સામગ્રી વસાવવાની મૂડી ક્યાં? એ એકની એક વાત કરતાં અમને હવે ક્ષોભ અને સંકોચ લાગે છે. ઘણી મૂડી અમે બીજે વ્યર્થ રેલાતી જોઇએ છીએ, અને મનની આકાંક્ષાઓ ને યોજનાઓ મનમાં ભંડારીને સમસમીને બેસી રહીએ છીએ.]

'કુમાર'માં ઘણા સમયથી અનેકાર્થી શબ્દ અને કહેવતના વિભાગો છેલ્લા પાના ઉપર આવ્યા કરે છે. તે જ પ્રમાણે ભાષાના તેવા જ એકબીજા અગત્યના અંગ રૂઢિપ્રયોગ (idiom) પણ તે જ પાના પર આપતા હો તો કેવું?
(વડોદરા) —બાલુ શાહ

[* એ યોજના છે જ; ઉપરાંત 'શબ્દોનાં મૂળ' વિષેની રસમય માહિતી પણ એક વિદ્વાન ભાષાશાસ્ત્રી નિયમિત આપે એવું વચન મળ્યું છે, તે તેમના સમયાભાવે અટક્યું છે.]




'સેરીગ્રાફી' અથવા સિલ્ક-સ્ક્રીન પ્રોસેસથી દસ વિવિધ રંગોમાં સ્વહસ્તે છાપેલી આ કૃતિ અમને દીવાળી પ્રસંગે મળેલાં અભિનંદનપત્રોમાં સૌથી શ્રેષ્ઠ હતી. 'કુમાર'ના જૂના પરિચિત કલાકાર શ્રી જગમોહન મિસ્ત્રીની એ કલા છે. માત્ર પરદેશથી જ મળી શકતી એને છાપવાની ખાસ શાહીઓ વગેરેનાં સાધનો વર્ષોના અખતરા બાદ શ્રી મિસ્ત્રીએ સ્વપુરુષાર્થે જાતે જ બનાવ્યાં છે એની વાત કોઈ વાર એના મૂળ રંગોના નમૂના સાથે 'કુમાર'માં આપીશું.


'કાયાની કરામત'ના બધા લેખો પહેલેથી આ અઠવાડિયામાં વાંચ્યા. મેં મૅટ્રિકમાં શરીરશાસ્ત્ર અને આરોગ્યવિજ્ઞાન રાખ્યું છે એટલે એમાં એ લેખમાળા અત્યંત સહાયકર્તા લાગી, એટલું જ નહિ પણ એ વાંચીને ટેક્સ્ટબુકો પણ સાવ ફિક્કી જણાઈ. વાંચતાં હર પળે એ જ અનુભવ્યું કે અભ્યાસનાં પુસ્તકો તો આવાં હોય તો જ ભણવાની મજા. અંગ્રેજી પાઠ્યપુસ્તકોને ગુજરાતીમાં ઉતારવાની શક્યતા માટે ડોકું ધુણાવી અંગ્રેજીનું જ નાડું પકડી રાખનારાઓને તે પડકારરૂપ જણાય છે. ભાષા તો આપણી સમૃદ્ધ જ છે; માત્ર એને હૃદયગત કરવાની જરૂર છે.
(સેદરડા) —ગંભીરસિંહ ગોહિલ

ફિશર લીઓપોલ્ડ (ઑસ્ટ્રિ
(નીચે) **'મદદ! મદદ**
ફોટો : પીઅરી રસેલ (ફ્રાન્
ગયા સપ્ટેમ્બરર
દિલ્હીની કૅમેરા સોસાએટીએ યોજે
આંતરરાષ્ટ્રીય ફોટોકલાપ્રદર્શન
રજૂ થએલી બે કલાકૃતિ
સોસાએટીના સૌજન્ય





ઑક્ટોબર અંક(૩૫૮)માં 'આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફી' નામક લેખમાં ફોટો-કલાકાર પોતાની કલ્પના બહલાવીને જે જુદાજુદા પ્રકારે રસભાવયુક્ત સર્જન કરે છે તેનો નિર્દેશ કર્યો હતો. એ શૈલીના એક પ્રકારનાં બે ઉદાહરણ અહીં આપ્યાં છે. એમાં કોઈ તદ્દન ભિન્ન એવા બે વિષયોનાં ચિત્રોની નેગેટિવોની છાપ, એક ઉપર બીજી એવી ખૂબીથી કાગળ ઉપર ઉતારવામાં આવે છે કે તે બંને છાપ સમરસ થઇને તેમાંથી એક નવું જ હૃદયંગમ ચિત્ર-કલાકૃતિ નિર્માણ થાય. મથાળે આપેલા વાવણી કરતા ખેડૂતના ચિત્ર ઉપર ઘઉંનાં ડૂંડાંથી લચી પડતા ખેતરની નેગેટિવની આછેરી છાપ ઉતારીને ભાવિના સમૃદ્ધ પાકનું દિવાસ્વપ્ન જોતા ખેડૂતનું કવિત્વમય ચિત્ર સર્જ્યું છે. ડાબી બાજુ, એ જ રીતે રમકડાંની સૃષ્ટિમાંથી ટેબલટોપ ફોટોગ્રાફીની મદદ વડે લીધેલી નેગેટિવોના સંમિશ્રણ વડે સાગરતળિયે ગએલા માનવી પાછળ પડેલા વિરાટ કરચલાનું ચિત્ર નિપજાવ્યું છે.



ચૌલાનું અંતિમ નૃત્ય - ચિત્રકાર રવિશંકર રાવળ (અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાના સૌજન્યથી)

ચૌલા ભગવાન શંકરની અભિસારિકા છે. પોતે ભગવાન શંકરની પ્રિયતમા છે એમ માનીને એ પ્રિયતમને નૃત્ય દ્વારા રીઝવવા તે પ્રયત્ન કરે છે. એવામાં એને ગુજરાતના રાજા ભીમદેવનો મેળાપ થાય છે; ને પોતાના પ્રિયતમ શંકરનાં દર્શન એને ભીમદેવમાં થાય છે, એટલે ભીમદેવ જોડે એ લગ્નસંબંધથી જોડાય છે. થોડા જ સમયમાં એનો ભ્રમ દૂર થાય છે ને એને સમજાય છે કે ભીમદેવ માનવી છે. એટલે, શંકરની પ્રિયતમા ફરી નૃત્યકળા દ્વારા પોતાના પ્રિયતમને રીઝવવા છેલ્લો પ્રયાસ કરે છે. અભિનય ને પગના ઠેકા સાથે ને ભગવાનના ચરણ આગળ પોતાનું સર્વસ્વ અર્પે છે.

કંટકોનો તાજ

· પરંપરિત હરિગીત ·

એ દિવસ બસ સૈનિકોને શું સૂઝ્યું
કે કંટકોનો તાજ જે સામે ધર્યો,
નીચા નમીને જે ઇશુએ સ્હેજમાં ધારણ કર્યો;
આખું હસી કે ઘોર આ અટવી મહીં
ચારે તરફ છે કંટકો
(ક્યારે થયા છે પૂરતા જોડા અહીં?)
તો જે કંઇ ઓછા થયા !

પ્રિયકાન્ત મણિયાર

શ્રાદ્ધદેવને*

· પૃથ્વી ·

ક્ષમસ્વ અપરાધ તાત!
અમે તમ રુધિરના રુધિર, અંગના અંગજો,
વિવસ્વતસુતો અમે વિસરી પૂર્વજોને ગયા;
ક્ષમસ્વ અપરાધ, દેવગણ, ઇન્દ્ર સપ્તર્ષિઓ!

ભગીરથસુતો અમે શ્રમમહિમ્નને વિસ્મર્યા,
ડર્યા સુત થઇ પરમ પરશુરામકેરા અમે,
ચર્યા અસતક્ષેત્રમાં સુત અમે હરિશ્ચંદ્રના,
જીવ્યા કીટ સમાન ઓજસ અનંતના વારસો!

કિયે મુખ ક્ષમા હું માગું અમ દોષકેરી પિતા!
ન કર્મમહિમા ભણ્યા, ધરી શક્યા નહીં ધર્મને,
ન મર્મ સમજ્યા કશો જીવનનો, ન રે મૃત્યુનો!
અમે ફક્ત જન્મિયા, જીવી ગયા ક્ષણો, ને મર્યા.

બધિર અમ શ્રોત્રમાં ફરીથી થાય ઘંટારવ,
નિમીલ અમ નેત્રમાં ચળકતી ફરીથી દ્યુતિ,
શિથિલ કરમાં ઝગે પરશુઓ પુરુષાર્થની,
અમે ન હિણભાગી, વારસ અને મહાભાગના.

પરાસ્ત કરશું મહાન જયશૃંગ દુર્જેયને;
વિવસ્વતસુતો અમે, કદ ભલે રહ્યાં વામન,
અમારું સત રૂપ છે વિભુ વિરાટ વિશ્વંભર.

'સરોદ'

* ચાલુ મન્વંતરના મનુ.

ફૂલ હોય ત્યાં

· ગાન ·

ફૂલ હોય ત્યાં ભમરો ભૂરો વણબોલાવ્યો આવે રે
અંગઅંગને કામણ એનું હરદમ હૈયું ગાવે રે...

નહીં બાંધી રે જાય ખીલેલાં
ફૂલ ફૂલની ગંધ,
અણદીઠીના અણસારાનો
અડે સહુને છંદ;
રહે પાંદડીમાંહિ એની શી વાત વેગળી જાવે રે!
ફૂલ હોય ત્યાં ભમરો ભૂરો વણબોલાવ્યો આવે રે.

દલ દલને ઝૂલણિયે એની
ઝૂલે હવામય કાયા,
કોણે રે પ્રગટાવી પ્રાણમાં
અણજાણ્યાની માયા!
મધનો મીઠો ડંખ પલે પલ મનભાવ્યું અકળાવે રે:
ફૂલ હોય ત્યાં ભમરો ભૂરો વણબોલાવ્યો આવે રે.

રાજેન્દ્ર શાહ

તું નેણમાં–

· પરંપરિત હરિગીત ·

આશા હતી—
આ નેણમાં કાજળ બની તું સોહશે, એવી જ કે,
ના આંખથી આંજણ અલગ કોઈ કદી ભાળી શકે.
તે... તે જ તું શાને થતી રેતીકણી,
વ્યાપી નહિ પણ આંખમાં ખૂંચી રહી
એવી મને, કે નેનથી ના સ્હેજ તું જાતી સહી?

ગીતા કાપડિયા

(આંખમાં પડેલી કણીનો આશ્રય લઈ રચેલી અન્યોક્તિ)


આશા ઠગારી યુવતી સમી જો,
છે તો નિરાશા વિધવા સમી હા.
શ્રદ્ધા જ છે પ્રેયસી શી, સદા યે
જે સાથ દેતી; શિશુ જેહનાં છે
કાર્યો, પ્રયત્નો યશ જે અપાવે.

પ્રબોધ જોષી

એક પેઢીનું કાર્ય

આ અંક સાથે 'કુમાર'ને ત્રીસ વર્ષ પૂરાં થાય છે. આપણી પરંપરાગત માન્યતા પ્રમાણે ત્રીસ વર્ષનો ગાળો 'એક પેઢી' તરીકે ગણાયો છે. એ હિસાબે 'કુમારે' આજ એક પેઢીનું કાર્ય કર્યું ગણાય: ગણવું હોય તો બંને અર્થમાં—કાળમાનની દૃષ્ટિએ એક પેઢીનું; તેમજ ગુજરાત આજે સકારણ માને છે તેમ એક જુવાન પેઢી ઘડવાનું.

ચાળીસી વિતાવી રહેલી એવી સંખ્યાબંધ વ્યક્તિઓને—જીવનમાં સફળતા મેળવીને પ્રતિષ્ઠિત સ્થાને ગોઠવાએલી વ્યક્તિઓને અમે જાણીએ છીએ જેઓ પોતાના જીવન-ઘડતરમાં 'કુમારે' અગત્યનો ફાળો પૂર્યો હોવાનો નિખાલસ એકરાર કરે છે: એમાં જાણીતા વિદ્વાનો અને પ્રોફેસરો છે; અમલદારો છે, સફળ વ્યાપારીઓ પણ છે. ૨૦૦માં અંક વખતે આ પરત્વે અમે પૂછેલા પ્રશ્નોના આવેલા ઉત્તરો પૈકી એકમાં એવું જણાવવામાં આવેલું કે "હું



ગત ત્રીસ વર્ષમાં ચડતી-ઊતરતી રહેલી 'કુમારની' ગ્રાહકસંખ્યાનું આ માનચિત્ર દર્શાવે છે તેમ ૨૦ થી ૨૫મા વર્ષમાં આવેલી ભરતીને તે પછી થોડી ઓટ આવી ગઈ. ફરી શરૂ થએલી એની ચડતીને લંબાવવી આપને હાથ છે.

૪૫૩ (ડિસેમ્બર ૧૯૫૩)

તો કોઇ પાઠ્ય પુસ્તકની જેમ નાનપણથી 'કુમાર'નો અભ્યાસ કરતો આવ્યો છું." બીજામાં એના સર્વદેશીય વાચન વિષે એવું જણાવેલું કે "એ ગુજરાતી એન્સાઈક્લોપીડિયા—જ્ઞાનકોષ—છે." એક પિતાએ એક વખત અમને લખેલું કે 'કુમાર'ની ફાઇલોનું મહત્ત્વ હું મારા ઘરમાં બાળકોને માટે યુનિવર્સિટી-શિક્ષણ જેવું ગણું છું. આ ઉક્તિઓમાંનો ઉત્સાહનો ઉદ્રેક ગાળી નાખીએ તોપણ ઊગતી પેઢીના ઘડતર માટેની એની સફળ કારવાઈની પ્રતીતિ તો એ કરાવે જ છે; ને આ વર્ષના જૂન અંકના 'વાચકો લખે છે' વિભાગમાં એક બહેન જણાવે છે તે અનુસાર તો આગામી ઊગતી પેઢીના ઘડતરની પણ! એ પતિ અને પત્ની બંનેના જીવનમાં 'કુમારે' આપેલા સંસ્કારફાળાનો ઋણસ્વીકાર કરીને એ બહેન લખે છે કે "અમારા ઘરમાં અમે 'કુમાર'ની ફાઇલો બંધાવીને જાળવી રાખી છે—અમારા બાબા માટે!"

'કુમાર' આત્મશ્લાઘાથી દૂર રહ્યું છે. શબ્દો કરતાં કાર્યની મહત્તા એને મન હમેશાં વિશેષ રહી છે અને એટલેજ એ કેવળ પોતાના ધ્યેયને એકનિષ્ઠ રહી યથાશક્તિમતિ સંપન્ન બની દર મહિને હજારો વાચકો સમક્ષ ઉપસ્થિત થતું રહ્યું છે. એ ધ્યેય તે દેશનું ભાવિ જેના હાથમાં આવવાનું છે એ આજની ઉછરતી પ્રજાના ઘડતરનું, એની આટલાં વર્ષે સ્પષ્ટતા કરવાની ભાગ્યે જ જરૂર રહે છે. ઊગતી પ્રજાને જ્ઞાન અને ચારિત્ર્યથી સંપન્ન બનાવવા, એની કલ્પનાને વેગ આપવા અને એની સાહસવૃત્તિને યોગ્ય રાહ ચીંધવા સાથે એના પ્રાણબળનો વિકાસ સાધી ભારતીય સંસ્કારપ્રણાલિ અનુસારની પ્રજાકીય તેજસ્વિતા એનામાં પ્રકટાવવા 'કુમારે' શરૂ કરેલી મજલને આજે એક પેઢીનો સમય વીતવા આવ્યો છે ત્યારે એને આત્મનિરીક્ષણનો પ્રસંગ ગણી એ ત્રણ દાયકાની મજલ પર દૃષ્ટિક્ષેપ કર્યા વિના અમે રહી શકતા નથી. એ ત્રણ દાયકામાં અમે જે કંઇ આપી શક્યા છીએ—અલબત્ત, વધુ સાધનસંપત્તિ સુપ્રાપ્ય હોત તો એથી પણ વધુ આપી શકાત—એ પર અમે ગર્વ તો નહિ પણ સંતોષ જરૂર અનુભવીએ છીએ; અને કોઇ પણ વ્યક્તિ કે સંસ્થાની મોટામાં મોટી મૂડી કોઈ હોય તો તે કર્તવ્યનો સંતોષ જ છે.

'કુમારે' ઊગતી પ્રજાને ભૂતકાળનું સાચું મૂલ્યાંકન કરતાં, વર્તમાનને યથાસ્વરૂપ સમજતાં અને એ બંનેના અનુયોગે ભાવિને હમેશાં આશાસ્પદ દૃષ્ટિએ નિહાળતાં શીખવ્યું છે. એણે ઊગતી પ્રજાને ઇતિહાસદર્શન કરાવ્યું છે, ભૂગોળના પાઠ ભણાવ્યા છે, પુરાતત્ત્વનો પરિચય આપ્યો છે, નાનાંમોટાં પ્રવાસવર્ણનોમાં તેમની કલ્પનાને એ પોતાની સાથે દોરતું ગયું છે. જીવનમાં હતાશા કે નૈષ્કર્મ્ય પ્રેરવાને બદલે એણે એની વાર્તાઓ, નાટિકાઓ ને નિબંધો સુધ્ધાંમાં માનવીને કર્તવ્યપ્રેરણા મળે, જીવનને અમુક વિશિષ્ટ કોણથી જોવાની દૃષ્ટિ ખીલે એની ખાસ કાળજી રાખેલી છે. એમાં આવતાં જીવનચરિત્રો તો અનેક જિંદગીઓનાં ધ્રુવતારક બની રહ્યાં છે. આજે 'નવી કવિતા' ને નામે ઓળખાતી કેડી પહેલવહેલી એનાં જ પૃષ્ઠો પર નવ કવિઓએ પાડી, જે કાળાંતરે આજે પુષ્ટ બની છે. વિજ્ઞાનનાં અનેક ક્ષેત્રોની એણે સૈદ્ધાંતિક તેમજ પ્રયોગવિશિષ્ટ સમજણ આપી છે. લલિતકલાઓના ક્ષેત્રમાં તો ગુજરાતી સામયિકોના ઇતિહાસમાં 'કુમાર' પ્રથમ અને એકલું માસિક છે કે જેણે કલાની સર્વ શૈલીઓ ને સર્વ પ્રકારોની સમજદારી ને રસાસ્વાદ વાચકોમાં કેળવ્યાં છે; અને એ વિષયમાં તો એણે આંતરપ્રાંતીય ખ્યાતિ મેળવી છે. ત્રીસ વર્ષમાં એણે ૩૩૦ પૂર્ણરંગી અને ૧૨૭૭ એકરંગી તથા દ્વિરંગી ચિત્રો, લીનોકટ, વૂડકટ, શિલ્પસ્થાપત્યનાં ચિત્રો, ફોટો વગેરે મળી કુલ ૧૬૦૭ ચિત્રતક્તીઓ તો આપી જ છે, પણ તે ઉપરાંત વાચનસામગ્રીની સાથોસાથ અપાએલાં તરેહવાર ચિત્રો, સુશોભનો, નકશાઓ, આલેખો, રેખાંકનો વગેરે પણ હજારોની સંખ્યામાં આપીને, જેને સાચા અર્થમાં 'સચિત્ર' પત્રકારત્વ કહી શકાય એવી યથોચિત અને યથાપ્રમાણ સચિત્રતામાં આપણા સામયિક જગતમાં એક સીમાસ્તંભ રચ્યો છે. કલાના ક્ષેત્રે સંકુચિતતાને ન વરતાં વિશ્વભરના કલાપ્રવાહોને એણે પોતાનાં પાનાં પર વહેતા રાખ્યા છે અને છતાં ભારતીયતાને એણે સદા અગ્રસ્થાને રાખી છે. એ દૃષ્ટિએ જ એણે નૃત્યનાટ્યાદિનો પણ પોતાના વાચકોને યથેષ્ટ પરિચય આપેલો છે.

અને સાહિત્યિક દૃષ્ટિએ 'કુમાર'નું મૂલ્ય કેવું છે તે પરત્વે તો અવારનવાર પ્રકટ થએલા વિદ્વાન વિવેચકોના અનેક અભિપ્રાયોમાંથી માત્ર શ્રી સુન્દરમના એક લેખમાંનો ઉતારો જ આ લેખ સાથે અલગ ચોકઠામાં મૂકીએ છીએ. ગુજરાતી સાહિત્યનો ગૌરવવંતો રણજિતરામ સુવર્ણચન્દ્રક મેળવનારા ખ્યાતનામ કવિ અને સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોષી તેમજ ગુજરાતી સાહિત્યમાં પ્રકૃતિવિજ્ઞાનના

આપણા નિબંધ-સાહિત્યમાં માનાર્હ સ્થાનનાં અધિકારી કલ્પનાત્મક અને સાહિત્યછટાઓવાળાં લખાણો

'આપણાં સામયિકોમાં જેણે નિબંધનું સ્વરૂપ પદ્ધતિસર રીતે વિકસાવ્યું હોય તેવું એકમાત્ર માસિક 'કુમાર' છે. પોતાની વાચનસામગ્રીનાં અંગોને વ્યવસ્થિત યોજનાપૂર્વક યોજીને તેને શિષ્ટતાની એકસરખી ઊંચાઇ પર વરસોથી ટકાવી રહેલા આ પત્રે ચિત્રકળા અને કાવ્યના કીમતી સંસ્કાર ઊગતી પ્રજાને આપવા સાથે જીવનચરિત્ર અને વિજ્ઞાન, વ્યાયામ તથા ઇતિહાસ-ભૂગોળના વિવિધ લેખો સેંકડોની સંખ્યામાં આપ્યા છે. વસ્તુપ્રધાન એવાં આ લખાણો યુવાન માનસને જીતી લે તેવી કલ્પનાત્મક અને સાહિત્યછટાઓવાળાં બનેલા છે, અને એ લખાણોના અનેક લેખકો આપણા નિબંધ-સાહિત્યમાં માનાર્હ સ્થાનના અધિકારી છે. પ્રવાસ, વ્યાયામ અને ખાસ તો પંખીઓ વિશેના અપૂર્વ લેખોને ઉઠાવદાર ચમત્કારી રીતે લખનાર હરિનારાયણ આચાર્ય, વિજ્ઞાનની કીમતી માહિતીવાળાં લખાણો લખનાર કાન્તિલાલ પંડ્યા અને રેવાશંકર સોમપુરા, પ્રવાસ અને ઐતિહાસિક સંશોધનનાં લખાણો આપનાર જુવાન અભ્યાસી અમૃત વ. પંડ્યા, જીવનચરિત્રોની સામગ્રીને કલાત્મક ઉઠાવથી રજૂ કરનાર અને બીજા ઘણા વિષયોને એકસરખી અભ્યાસસમૃદ્ધિથી નિરૂપનાર ફાંકડો કલમબાજ અશોક હર્ષ, એ માસિકની નોંધો તથા કળા અને કળાકારોની ચર્ચા કરતા લેખો લખનાર રવિશંકર રાવળ, અને છેવટે, એ બધા લેખોનું સંપાદન કરનાર અને પડદા પાછળ રહીને એ લખાણોને નિબંધનો ઘાટદાર આકાર આપનાર બચુભાઈ રાવત, એ આ માસિકને અંગે જન્મેલી વિવિધ લેખસામગ્રીના લખનારાઓમાંના મુખ્ય છે.'

સુન્દરમ્

['ગુજરાતી સાહિત્યમાં નિબંધ' એ વિષય પર આજથી છ-સાત વર્ષ પર 'પ્રસ્થાન'મા લખાએલી લેખમાળામાં.]

અદ્વિતીય લેખક શ્રી હરિનારાયણ આચાર્ય જેવા અનેક વિદ્વદ્જનોની લેખન-પ્રવૃત્તિનો પ્રથમ લાભ 'કુમાર'નાં પૃષ્ઠો દ્વારા ગુજરાતને મળ્યો હોવાનું સુભાગ્ય અમને પ્રાપ્ત થયું છે એનું ગૌરવ અમારે મન ઘણું મોટું છે.

ભાવિ તરફ પ્રયાણ કરી રહેલા વર્તમાનને તેનું ભાથું હમેશાં ભૂતકાળ પાસેથી મેળવવાનું રહે છે, અને એટલે જ ઇતિહાસ, પુરાતત્ત્વ, પ્રાચીન શિલ્પ–સ્થાપત્ય અને ચિત્રકલામાં વાચકોને પ્રવેશ કરાવવા સાથે તેમનો યુગાનુરૂપ સંદેશ પણ 'કુમાર' તારવી આપતું રહ્યું છે. વ્યક્તિના આત્મસંસ્કારમાં અગત્યની પ્રત્યેક વસ્તુને 'કુમારે' પ્રાધાન્ય આપ્યું છે અને તદનુસાર ઉદ્બોધક લેખો અને કાવ્યો, કર્તવ્યપ્રેરણા પ્રેરતાં સંખ્યાબંધ જીવનચરિત્રો, સામયિક ચિંતન, સુભાષિતાદિ એણે વિવિધ સામગ્રી વાચકો સમક્ષ રજૂ કરેલી છે. મહાપુરુષોની મહત્તાને બિરદાવવા કરતાં તેમના વિભૂતિમત્ત્વનું આલેખન એ 'કુમાર'માં આવતાં જીવનચરિત્રોની વિશિષ્ટતા છે: ત્રીસ વર્ષમાં એણે આપેલાં એવાં જીવનચરિત્રોની સંખ્યા ૪૬૪ જેટલી છે, અને ટૂંકા પરિચયો તથા રેખાચિત્રો તો જુદાં. નવી કવિતા 'કુમાર'-ની ક્યારડીમાં જ પાંગરી હોવાના સર્વસામાન્ય અભિપ્રાયમાં અમારે કશું વિશેષ ઉમેરવાપણું નથી રહેતું; આજ સુધીમાં 'કુમારે' આપેલાં ૧૧૯૩ જેટલાં કાવ્યો (મુક્તકો સહિત) નો સંખ્યાનિર્દેશ કરીને જ અટકીએ છીએ.

અન્ય લખાણોની જેમ વાર્તા-નાટિકાદિમાં પણ 'કુમાર'ને તેની ચોક્કસ દૃષ્ટિ રહેલી છે. એમાં આવી ગએલી ૪૨૭ વાર્તાઓ અને ૪૯ નાટિકાઓમાંની ગમે તે તમે વાંચી જાઓ અને તમને એની પ્રતીતિ થયા વિના નહિ રહે. વિજ્ઞાનની તો ભાગ્યે એવી કોઇ શાખા હશે જેનો પરિચય 'કુમાર'નાં પૃષ્ઠો પર ન અપાયો હોય. કેટલીક વૈજ્ઞાનિક શોધો ને સિદ્ધિઓનો તો આપણા પ્રાંતમાં સૌ પહેલો પરિચય 'કુમારે' આપેલો છે. ભૂસ્તરશાસ્ત્રથી માંડીને ખગોળશાસ્ત્ર, જીવનશાસ્ત્રથી માંડી માનવવંશશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્રથી માંડી રસાયનશાસ્ત્ર, માનવદેહવિજ્ઞાનથી માંડીને પશુ, પંખી ને કીટકસૃષ્ટિનો પરિચય, પ્રયુક્ત વિજ્ઞાનની સચિત્ર સમજણ, વગેરે ઉપરાંત વાચકોની શોધક બુદ્ધિને ઉત્તેજે એવા અવનવા નુસખા દર્શાવતું એ અભિનવ કેડીઓ આંકતું રહ્યું છે. આ બધાં સાથે એણે નિર્દોષ રમૂજની પણ ઉપેક્ષા નથી કરી. વળી, વાચકવર્ગમાં જુદાજુદા પ્રકારના શૉખ કેળવી તેમને એ દિશામાં માર્ગદર્શન આપવા પણ તે પોતાથી શક્ય એટલો બધો પ્રયાસ કરી રહ્યું છે. આવી વૈવિધ્યસભર વાચનસામગ્રીની પસંદગી ને તેની રજૂઆતમાં પણ 'કુમાર' આજ સુધી બીનહરીફ રહ્યું છે એમ કહીએ તો તે માત્ર હકીકતનું જ નિદર્શન ગણાય. એમાં આવતા એકેએક લખાણના લીટીએ લીટી તપાસી જઇને તેનું સાર્થક્ય પ્રમાણી લીધા પછી જ તે રજૂ કરવામાં આવતી હોઇને નિરર્થકતાના ભારથી તે હમેશાં મુક્ત રહ્યું છે.

જો વર્ણવવા જ બેસીએ તો તો ત્રીસ વર્ષના યાત્રાપથ વિષે પાનાંનાં પાનાં ભરી શકાય. પણ આત્મશ્લાઘાની ધૃષ્ટતા અમારે નથી કરવી. આપ આ અંક સાથેનું 'કુમાર'નું એક જ વર્ષનું સાંકળિયું અવલોકી જાઓ. એની રસસમૃદ્ધિ ને જ્ઞાનવૈપુલ્ય જો આપને સંતોષથી પુલકિત કરી શકતાં હોય તો ત્રીસત્રીસ વર્ષથી જેની મજલમાં અમે સાથે રહ્યા છીએ તેનું નિરીક્ષણ અમને કર્તવ્ય સિદ્ધિનો જે સંતોષ આપે છે તેમાં આપને ભાગીદાર કરાવવાનો જ માત્ર આ પ્રયાસ છે. અમારી મજલમાં અમે માર્ગભ્રષ્ટ નથી થયા એ અમારો પરમ સંતોષ છે; અને આપ સૌનો સહકાર અમારા આગળના પ્રવાસમાં અધિક બળ અને ઉત્સાહ પ્રેરશે એવી આશા જ નહિ પરંતુ સંપૂર્ણ શ્રદ્ધા સાથે બીજી પેઢીની મજલ અમે શરૂ કરીએ છીએ.

તો અંક તમને મોડા મળે

જેમનાં લવાજમ આ અંક સાથે પૂરાં થાય છે તેઓ પોતાનાં લવાજમ ચેક કે મનીઑર્ડરથી મોકલી આપે તો તેમને સસ્તું તો પડે જ; અને ઉપરાંત અંક ૧૫મીએ બહાર પડે કે તરત તેમને મળી જાય. પણ જેઓ વી.પી.થી મંગાવે તેમને અનિશ્ચિતપણે અંક મોડા મળવાનો; કેમકે પોસ્ટ ઑફિસ રોજ માત્ર મર્યાદિત સંખ્યામાં જ વી.પી. સ્વીકારતી હોવાથી ગ્રાહક-સંખ્યાનાક્રમ અનુસાર રોજ થોડાં થોડાં જ વી.પી. થઈ શકવાનાં, અને એ રીતે લગભગ પંદરવીસ દિવસ કે કદાચ મહીનો પણ વીતી જવાનો. એટલે એ રીતે પણ વી.પી.ની પ્રથા ગેરલાભમાં છે. શું પસંદ કરવું એ હવે તમારા હાથમાં છે.



અરબ રાષ્ટ્રને એકતા અને આબાદી અર્પનાર પરાક્રમી શાસક

ઇબ્ને સઉદ

સત્તર વર્ષની કાચી વયે, બાપદાદાની હકૂમત પાછી મેળવવા અને વતનને આઝાદ કરવા ચાલી નીકળેલા એ કુમારે પોતાની શમશેરના બળે એ મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરી અને આધુનિક ઇતિહાસમાં અંગત પરાક્રમનું પ્રકરણ ઉમેરતો ગયો.

લેખક • **અશોક હર્ષ**

ચાલુ સાલના નવેમ્બરની નવમીએ અવસાન પામેલા અરબ હાકેમ ઇબ્ને સઉદનું જીવન 'અલેફ-લયલા'માંના એકાદ રંગભર્યા કિસ્સા જેવું જ હતું. મૂઠીભર માણસો સાથે તે એ મુલ્ક જીતવા નીકળી પડેલો, અને એણે એ જીત્યો એટલું જ નહિ પરંતુ એના માર્ગમાં વિઘ્નરૂપ બ્રિટિશ કૂટનીતિને દુનિયાની નજરે ચાટ પાડીને હઝરત મોહમ્મદ પછી પહેલી જ વાર એ મુલ્કની એકતા સાધી.

ઇરાની અખાતમાં આવેલા અને મોતી માટે મશહૂર કુવેત મુકામેથી તે એ રેગિસ્તાન ભણી ચાલી નીકળેલો. એ કંઇ પારકો મુલ્ક જીતવા નહોતો નીકળ્યો. અરબસ્તાન જ એનું વતન હતું, એટલું જ નહિ પરંતુ એના મધ્ય ભાગે આવેલા રિયાઝના પ્રદેશની હકૂમત એના પૂર્વજો વંશપરંપરા ભોગવતા આવેલા. ઓગણીસમી સદીમાં હેલના હરીફ હાકેમે એના પિતાને રિયાઝથી નસાડતાં તેણે કુવેતના શેખનો આશ્રય લીધેલો.

ઈબ્ને સઉદનો જન્મ ઈ. સ. ૧૮૮૦માં થએલો. એનું નામ અબ્દુલ અઝીઝ. સઉદ એ એના કબીલાનું નામ હતું, જે અઢારમી સદીની શરૂઆતથી અરબસ્તાનમાં વધુ ને વધુ પ્રકાશમાં આવતું ગએલું. એ સદીના મધ્ય ભાગે એ કબીલાના મુહમ્મદ ઇબ્ને અબ્દુલ વહાબે ઇસ્લામને તેના કુરાનપ્રણીત પાયા પર મૂકવાનો પ્રયાસ શરૂ કર્યો અને એના નામ પરથી સનાતની ઇસ્લામીઓનો એક નવો જ સંપ્રદાય—વહાબી સંપ્રદાય શરૂ થયો. ત્યારથી માંડી આજ સુધી સઉદી વંશ અને વહાબી સંપ્રદાય અરબસ્તાનનાં ધર્મ અને રાજકારણમાં મહત્ત્વનો ભાગ ભજવતાં રહ્યાં છે.

એ વંશના ફૈઝલે પરાજિત થઈ કુવેતના શેખ મુબારકનો આશ્રય લેતાં અબ્દુલ અઝીઝ ત્યાં રહીને જ મોટો થવા લાગ્યો. ફૈઝલનું એ ત્રીજું સંતાન, અને બે પુત્રોમાં નાનો પુત્ર હતો. ફૈઝલ તેને વહાબી દૃષ્ટિએ ધર્મનું શિક્ષણ આપતો, જ્યારે શેખ મુબારક તેને દુન્યવી તાલીમ આપતો. અબ્દુલ અઝીઝને પોતાના વતન પ્રત્યે એટલી મહોબત હતી કે ત્યાંથી આવતાજતા હરકોઇને એ રિયાઝના હાલ પૂછવાનું ચૂકતો નહિ. અને જુવાનીને ઉંબરે હજુ પગ મૂક્યો ન મૂક્યો ત્યાં તો તે ઇરાની અખાતને કાંઠે પોતાની જુવાનીનાં કીમતી વર્ષો વેડફવાને બદલે પોતાના બાપદાદાની હકૂમત ફરી હાથ કરવા અને વતનને આઝાદ બનાવવા કેવળ સત્તર વર્ષની કાચી વયે ચાલી નીકળ્યો.

કુવેતના શેખ પાસેથી થોડાંક માણસો ને કેટલાંક ઊંટ માગી લઇ અરબ રેગિસ્તાનમાં એણે રઝળપાટ શરૂ કરી. રણપ્રદેશને લગતી અને એમાં વસતી જાતિઓને લગતી ઝીણામાં ઝીણી વિગતો એણે એકઠી કરવા માંડી; સાથે પોતાના પૂર્વજોની હકૂમત રિયાઝને લગતી પણ. રિયાઝનો કોટ કેવોક હતો, તે પરનો સંત્રીપહેરો ક્યારે ક્યારે બદલાતો, એના સૂબાની ખાસિયતો કેવીક હતી, ત્યાં મૂકવામાં આવેલા સૈન્યનું લડાયક બળ કેટલું અને કેવુંક હતું એની સઘળી માહિતી ત્રણેક વર્ષ સુધી તો એણે એકત્ર કર્યા કરી.

ઈ. ૧૯૦૦માં વીસ વરસની વયે એ પૂરો પંજાહથ્થો જુવાન બની ગયો. રણના શેકી નાખતા તાપમાં રઝળીરઝળીને એની ચામડીનો વર્ણ શ્યામ બની ગયો હતો. એનો પિતા અને મોટો ભાઈ હજુ કુવેત મુકામે જ રહ્યા રહ્યા એને એના સાહસમાંથી પરાવૃત્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ સાહસે થનગનતો અને વેરથી પ્રજળતો અબ્દુલ અઝીઝ એમનું કહ્યું કાન ધરે એમ નહોતો. રણની રઝળપાટે એને એ હતો તે કરતાં યે વધુ ખડતલ બનાવી દીધો હતો. મૂઠી ખજૂર અને કાવાની એક પ્યાલી પર આખો દિવસ ધગધગતા તાપમાં ઊંટની પીઠ પર જ એને પસાર કરવો પડતો અને પાણી તો માત્ર રાતે જ પીવા મળતું!

ત્રણ વર્ષના રઝળપાટ બાદ ઇ. સ. ૧૯૦૦ની એક રાતે એણે નિર્ણય કર્યો કે રિયાઝ પર ત્રાટકવાનો સમય પાકી ગયો હતો. એ નિર્ણય અનુસાર ૬૦ ચુનંદા સાથીઓને લઈ એ નીકળી પડચો. કોટ બહાર આવેલાં તાડનાં ઝુંડ લગી આવી લાગતાં તેણે એ સાઠમાંથી પણ માત્ર છ સાથી પોતાની સાથે રાખી બીજાઓને ત્યાં જ રોકાઇ રહેવા જણાવ્યું. આમ આગળ વધતા એ સાતે જણ કોઇની નજરે ન પડાય એમ લપાઈને કોટની દીવાલ તથા તે પરના સંત્રીપહેરાની સ્થિતિ નીરખવા લાગ્યા અને પછી એક સ્થળે તૂટેલી દીવાલ પર થઇને અંદર કૂદી પડચા. ત્યાંથી સીધા એ સૂબાના મહેલ પર પહોંચ્યા અને જાણે ગમે તે સમયે પ્રવેશના હકદાર હોય તેમ ભરરાતે એના દરવાજા ખખડાવ્યા.

એક વૃદ્ધાએ આવીને દરવાજા ઉઘાડચા, પણ તરત તેને પોતાની ભૂલ સમજાઇ ગઈ. એ બૂમો પાડવા જતી હતી ત્યાં જ એક જણે કૂદીને એને મોંએ ડૂચો દઇ દીધો અને એક ગોદડામાં લપેટી તેને એક ખૂણામાં ઠાંસી દીધી. સૂબો મહેલમાં આવેલી ગઢીમાં સૂતો હતો અને એના દરવાજા સવાર પહેલાં ખૂલે તેમ ન હતા. સાતે જણ પ્રભાત થવાની રાહ જોતા પરસ્પર કહાણીકિસ્સા સંભળાવતા રાત વીતાવવા લાગ્યા, જેથી ઊંઘ વેરણ ન બને.

દરરોજ કરતાં વધુ લાંબી ને ભયંકર લાગતી એ રાત પૂરી થવા આવી અને પાસેની મસ્જિદમાંથી મુઅઝ્ઝિનની બાંગ સંભળાઈ. જેની રાહ જોતા હતા એ ઘડી આવી લાગેલી જોઈને સૌ સાબદા થયા. સૂબો એની હમેશની રસમ પ્રમાણે થોડી વારમાં ત્રણચાર અંગરક્ષકો સાથે ગઢીમાંથી મહેલમાં આવવા નીકળતો હતો. વખત થતાં લોખંડ જડેલાં ગઢીનાં લાકડાનાં કમાડ ખૂલ્યાં. સૂબો ગઢી અને મહેલની વચ્ચે ઊભો રહી એને માટે લાવેલા ઘોડા તપાસવા રોકાયો. હમણાં આ બાજુ આવશે એમ ધારી સાતે જણ રાહ જોતા જ રહ્યા, પરંતુ ઘોડાની તપાસ જાણે અનંત ચાલવાની હોય તેમ તેનો અંત જ આવતો ન હતો.

છેવટે ઈબ્ને સઉદની ધીરજ ખૂટી અને તેના સાથીઓના વાર્યા છતાં તે સૂબા પર ધસી ગયો. તેના સાથીઓને પણ તેમ કર્યા વિના છૂટકો ન રહ્યો, કેમકે એકલો ઈબ્ને સઉદ તો ઘડીવારમાં ઝબેહ થઈ જાય તેમ હતું, અને તેમ થાય તો તેમની વરસોની તૈયારી પર પાણી ફરી વળે અને ઇબ્ને સઉદને તેમણે આપેલો સાથ કલંકિત બને.

સૂબાએ અબ્દુલ અઝીઝને ખુલ્લી તલવારે પોતાની સામે ધસી આવતો જોયો એટલે તે જાન બચાવવા દરવાજા તરફ ધસ્યો. એના અંગરક્ષકો એને બચાવવાનો પ્રયત્ન કરતા આક્રમકોને ખાળવા આડા ઊભા રહ્યા. પરંતુ દરવાજામાં પ્રવેશી તે એ પૂરો બંધ કરે તે પહેલાં તો વંટોળીઆ પેઠે આક્રમણકારો એને આંબી વળ્યા અને ત્યાં જ એ અને એના અંગરક્ષકો ઢગલો થઈને પડ્યા.

થોડી મિનિટમાં જ મામલો પતી ગયો. ગામમાં વીજળીવેગે આ સમાચાર ફરી વળ્યા અને ફૈઝલના વફાદાર પ્રજાજનો એના આ સાહસિક કુમારને કંઇ આંચ ન આવે એ માટે હાથે ચડ્યું તે હથિયાર લઈ સૂબાને મહેલ પહોંચી ગયા. હેલન હાકેમે મૂકેલા સર્વ સૈનિકો શરણે થઈ ગયા અને રિયાઝના સાચા ગાદીવારસ અબ્દુલ અઝીઝ ઈબ્ને સઉદને ત્યાં જ ને તે જ વખતે રિયાઝનો હાકેમ જાહેર કરવામાં આવ્યો.

આમ સઉદી રાજવંશના અનામી વહાબી સ્થાપકના વંશમાં રિયાઝની હકૂમત પાછી ગઈ. ઈબ્ને સઉદના પિતા તેમજ મોટા ભાઈએ ગાદી પરનો પોતાનો હક ઉઠાવી લેતાં તે એ રાજવંશનો રિયાઝનો તેરમો શાસક બન્યો. પરંતુ એને એટલેથી જંપ નહોતો. હજી તુર્કીના ખલીફા અબ્દુલ હમીદનું પીઠબળ ધરાવતા અને ફૈઝલની હકૂમત છીનવી લેનારા ઇબ્ને રશીદનો હિસાબ ચૂકવવાનો હતો. રિયાઝનું શાસન સ્થિર કરવા એણે એનું તંત્ર પોતાની અવેજીમાં પિતા ફૈઝલના હાથમાં સોંપ્યું અને પોતે બાકીનો મુલક હાથ કરવા મેદાને પડ્યો.

રિયાઝની દક્ષિણના પ્રાંતો તો એ સહેલાઈથી જીતી શક્યો, કારણ ત્યાં હજુ જોઈએ એટલો અસરકારક કાબૂ નહોતો સ્થપાએલો. પરંતુ ઉત્તરના પ્રાંતો જીતવા એ એટલું આસાન ન હતું. ઈબ્ને સઉદને માત્ર પિતાનું જ રાજ્ય પાછું નહોતું મેળવવું, પરંતુ એક સૈકા પહેલાં સઉદી વંશની આણ નીચેનો તમામ પ્રદેશ હસ્તગત કરવો હતો. એટલે એ તો પાછો રણપ્રદેશમાં ઘૂમવા નીકળી પડ્યો. જુદીજુદી જાતિઓનો સંપર્ક તે સાધતો ગયો. કોઈ શેખને ધમકીથી ડારી દેતો તો કોઇની પુત્રી સાથે શાદી કરીને તેને સગાઈની ગાંઠે બાંધી લેતો તો કોઈને વળી ભેટસોગાદોથી વશ કરતો તે પોતાનો પ્રભાવ વિસ્તારતો ગયો.

ઈ.સ. ૧૯૦૪માં એણે કાસિમ પ્રાંત પર આક્રમણ કરતાં ઈબ્ને રશીદે તુર્કીની સહાય માગી અને તુર્કીએ બગદાદથી અહમદ ફૈઝી પાશાને પાયદળ ટુકડી તથા કેટલાક દારૂગોળા સાથે તેની મદદે મોકલ્યો. બંને સૈન્યો વચ્ચે ચાલેલા યુદ્ધમાં ઇબ્ને સઉદ ઘવાયો અને યુદ્ધનું પરિણામ પણ અનિશ્ચિત રહ્યું, છતાં તુર્કીને એણે બરાબરનો સ્વાદ ચખાડ્યો. વધુ ઘર્ષણ અટકાવવા તુર્કીએ સંધિનું કહેણ મોકલ્યું. તુર્ક સૈનિકો એ બધો પ્રદેશ ખાલી કરી જાય તો જ પોતે સંધિ કરવા તૈયાર હોવાનું ઈબ્ને સઉદે જણાવ્યું ને તુર્કીએ એ શરત માન્ય રાખી.



આ સંધિ થઈ જતાં બંને હરીફોએ હવે સ્વતંત્રપણે એકબીજાનો મુકાબલો કરવાનો રહ્યો. બંને માટે મેદાન ખુલ્લું હતું. ઈ.૧૯૦૬માં રૌઝાતઅલ મુહન્ના મુકામે બંનેનાં સૈન્યોનો ભેટો થયો, જેમાં ઈબ્ને રશીદ હણાયો ને કાસિમ પ્રાંતનો બંદોબસ્ત ઈબ્ને સઉદના હાથમાં ગયો. તુર્કીએ ફરી વાર એને ડામવા માટે સૈન્ય મોકલ્યું, પરંતુ હુફૂફ મુકામે તેને સખ્ત શિકસ્ત મળતાં મધ્ય અરબસ્તાનમાંથી તુર્કીનો પગદંડો હમેશ માટે નાબુદ થઇ ગયો, કારણકે આ પરાજય પછી થોડા જ સમયમાં મહાયુદ્ધ ફાટી નીકળ્યું અને તેમાં સંડોવાએલું તુર્કી ઇબ્ને સઉદ સામે કંઈ કરી શકે તેમ ન રહ્યું.

ઇ. ૧૯૧૪માં મહાયુદ્ધ પહેલાં કુવેત મુકામેના બ્રિટિશ પોલિટિકલ એજન્ટ કૅપ્ટન બલ્યુ. એચ. આઇ. શેક્સપીઅરે કુવેતથી સુએઝ સુધીની રણમાર્ગની પોતાની લાંબી મુસાફરી દરમિયાન રિયાઝ મુકામે ઈબ્ને સઉદની મુલાકાત લીધી. બ્રિટનના આ પહેલી જ વારના દોસ્તીદાવને ઇબ્ને સઉદે સત્કાર્યો. મહાયુદ્ધ જાગ્યું અને તુર્કી જર્મની સાથે ભળ્યું ત્યારે એ જ કૅપ્ટન શેક્સપીઅરે ઈબ્ને સઉદની ફરી મુલાકાત લઈને યુદ્ધમાં તેના સહકાર માટેની ભૂમિકા તૈયાર કરી.

અરબસ્તાન ત્યારે નાનીમોટી અનેક ચાકરાતોમાં વહેંચાએલું હતું. એમાં સૌથી વધુ મહત્ત્વાકાંક્ષી રાજવીઓ હતા : ઉત્તરમાં ઈબ્ને રશીદ, દક્ષિણમાં યમનનો ઇમામ, મધ્યમાં ઇબ્ને સઉદ અને મક્કામાં હુસેન. શેક્સપીઅરે ઈબ્ને સઉદને પોતાના પક્ષમાં લીધો. ઈ. ૧૯૧૫માં તુર્કી સાથે થએલા જરોબના યુદ્ધમાં શેક્સપીઅર માર્યો જતાં મેસોપોટેમિયા(હાલના ઇરાક)માંનો મુખ્ય બ્રિટિશ અધિકારી હતાશ બની ગયો અને અરબસ્તાનને લગતી બ્રિટિશ નીતિ પણ અનિશ્ચિત બની ગઈ.

ઇજિપ્તમાં રહેરહ્ને સર હેનરી મૅકમૅહને આ અનિશ્ચિતતાને સ્થાને નિશ્ચયાત્મક રાજનીતિ અમલમાં મૂકી. એ નીતિ હતી અરબસ્તાનના જુદાજુદા પ્રદેશોમાં તુર્કી સામે બળવો જગાવવાની. ઈબ્ને સઉદને પોતાની મનોભાવના મુજબનું સંયુક્ત અને સ્વતંત્ર અરબસ્તાનનું સ્વપ્ન સાકાર થતું લાગ્યું, પરંતુ આ પ્રકારની કામગીરી માટે અરબસ્તાન મોકલવામાં આવેલા કર્નલ લૉરેન્સે ઈબ્ને સઉદને બદલે મક્કાના હુસેન તરફ પક્ષપાત દર્શાવ્યો. ઇ. ૧૯૧૫માં કુવેત મુકામે બ્રિટિશોએ ઈબ્ને સઉદ સાથે કરેલી સંધિમાં યે તેને પહેલી નહિ પણ બીજી પંક્તિનો એક સામાન્ય રાજવી ગણ્યો. મહત્ત્વાકાંક્ષી ઇબ્ને સાઉદ માટે આ કડવો ઘૂંટડો હતો, પરંતુ તે એ ગળી ગયો; કેમકે તેણે જોયું કે એ સિવાય અન્ય વિકલ્પ રહ્યો ન હતો. બ્રિટિશો પણ એની મહત્ત્વાકાંક્ષાથી અપરિચિત નહોતા, એટલે યુદ્ધ નિમિત્તે એક લશ્કરી મિશન પણ એમણે રિયાઝમાં મૂક્યું. ઇબ્ને સઉદ યુદ્ધ દરમિયાન બીજું કંઇ કરી ન બેસે

તે માટે સારી રકમની હેણુગી (સબસિડી) પણ તેને આપવાનું એમણે શરૂ કર્યું. મનમાં ધૂંધવાટ છતાં આ પ્રસંગે ઇબ્ને સઉદે જાળવેલાં ખામોશી અને ધૈર્ય અસામાન્ય કહી શકાય. પોતાને મળતી હેણુગીનો ઉપયોગ એણે પોતાનું સૈન્ય મજબૂત બનાવવા પાછળ કરવા માંડ્યો. બ્રિટિશોને એ ગમ્યું નહિ, પરંતુ ઇબ્ને સઉદને શાંત રાખવા માટે બીજો કશો ઇલાજ એમની પાસે નહોતો.

હવે અરબસ્તાનની હકૂમત માટે માત્ર બે હરીફો રહ્યા હતા: એક ઇબ્ને સઉદ અને બીજો અંગ્રેજોનું પીઠબળ ધરાવતો મક્કાનો શરીફ હુસેન. બંને વચ્ચે ખુરમાની સરહદ વિષે ઝગડો ઉપસ્થિત થતાં લૉર્ડ કર્ઝનની અધ્યક્ષતા નીચેની સમિતિએ હુસેનની તરફેણમાં ચુકાદો આપ્યો અને ઇબ્ને સઉદ એ ચુકાદો ન સ્વીકારે તો તેને આપવામાં આવતી સબસિડી બંધ કરી દેવાની ધમકી આપી. ઈબ્ને સઉદના ધૈર્યે હવે માઝા મૂકી દીધી અને બ્રિટિશ ધમકીના જવાબમાં તેણે સીધી હિજાઝ પર ચડાઇ કરી દીધી. બ્રિટિશો એમના મિત્ર માટે કશું કરી શકે એ સ્થિતિમાં ન હોઇને શરીફી લશ્કર પરાજિત થયું અને મક્કા તથા જિદ્દા શહેર આક્રમણ માટે ખુલ્લાં પડી ગયાં. પરંતુ ઈબ્ને સઉદે શાણપણ વાપરી એ બે શહેરોનો કબજો ન લેતાં અરબસ્તાનની વસ્તુ-સ્થિતિ સમજાવવા એક મિશન બ્રિટન મોકલી આપ્યું. બીજી બાજુ અરબસ્તાનના એક પછી એક પ્રદેશો જીતતા જઈ પોતાનું લશ્કરી સામર્થ્ય પણ તેણે પુરવાર કરવા માંડ્યું.

મક્કાનો શરીફ હુસેન તુર્કી સામે બળવો પોકારે તો બ્રિટિશોએ તેને ઇસ્લામી મુલ્કોનો ખલીફા બનાવવાનું વચન આપ્યું હતું. આ વચન જો અમલી બને તો ઈબ્ને સઉદની મહત્ત્વાકાંક્ષા એના મનમાં ને મનમાં જ દફનાઇ જાય તેમ હતું. તેણે અરબસ્તાનમાંનું બ્રિટિશ લશ્કરી સામર્થ્ય માપી લીધું હતું. બીજી બાજુ તુર્કીના સુલતાન અને ઈસ્લામી મુલ્કોના ખલીફાને ત્યાંથી હાંકી કાઢી મુસ્તફા કમાલ પાશાએ તુર્કીને પ્રજાસત્તાક જાહેર કરી દીધું હતું. ઇબ્ને સઉદ જેવો વિચક્ષણ આદમી આ મોકો ચૂકે તેમ ન હતો. એણે સીધું હુસેન પર આક્રમણ કરી દીધું. અંગ્રેજો ચમકી ઊઠ્યા. કર્નલ લૉરેન્સે ગોઠવેલી આખી બાજી ઊંધી વળતી લાગી. અંગ્રેજોએ હુસેનને ખલીફા જાહેર કરી કુવેત મુકામે ફરી પાછી પરિષદ બોલાવી, પણ ઇબ્ને સઉદ હવે નમતું આપવા તૈયાર ન હતો. ૧૯૨૪ના એપ્રિલમાં ભરાએલી એ પરિષદ કશી કાર્યસિદ્ધિ વિના ભાંગી પડી અને સપ્ટેમ્બરમાં ઈબ્ને સઉદે મક્કા પર આક્રમણ આરંભી દીધું. હુસેન નાસી છૂટ્યો અને અરબસ્તાનના એ હૃદયભાગ પર ઈબ્ને સઉદની આણ સ્થપાઇ.

અંગ્રેજોએ જોયું કે છંછેડાએલા ઇબ્ને સઉદ સાથેની દુશ્મનાવટ પોતાને ભારે પડે તેમ હતું. તુર્કીના ઉસ્માનિયા સામ્રાજ્યના ભંગાર-માંથી ઊભાં કરેલાં અને પોતાના રક્ષણ નીચે લીધેલાં ઈરાક અને ટ્રાન્સ-જૉર્ડનની સરહદો સલામત રાખવી હોય તો ઇબ્ને સઉદ સાથે સંધિ કર્યા વિના હવે છૂટકો ન હતો. બીજી બાજુ પોતાના મિત્ર હુસેનને યે છેહ દઈ શકાય તેમ ન હતું. આથી એમણે એક બાજુ ઇબ્ને સઉદ સાથે સંધિ કરી, અને બીજી બાજુ હુસેનના એક પુત્ર ફૈઝલને ઈરાકની ગાદીએ અને બીજા પુત્ર અબ્દુલ્લાને ટ્રાન્સજૉર્ડનની ગાદીએ બેસાડ્યા. હુસેન પ્રત્યેનો આ પક્ષપાત ઈબ્ને સઉદ એના મૃત્યુ પર્યંત ભૂલ્યો ન હતો અને એ બંને રાજ્યો તેની દાઢમાં ખટકતાં રહ્યાં હતાં. બ્રિટિશો પ્રત્યેની તેની નફરત અને અમેરિકનો પ્રત્યેનો તેનો પક્ષપાત પણ બ્રિટનની આ અળખામણી કૂટનીતિને જ આભારી હતો. પાલેસ્ટાઇનમાં ઇસરા-એલના નવા યહૂદી રાજ્યની સ્થાપના સામે એણે બ્રિટનને કે તેનાં પ્યાદાં સમાં ઈરાક અને ટ્રાન્સજૉર્ડનને મુદ્દલ ટેકો નહોતો આપ્યો.

ઈ. ૧૯૨૭માં બ્રિટને ઈબ્ને સઉદને અરબસ્તાનના હાકેમ તરીકે માન્ય કર્યા પછી રશિયા તથા બીજાં રાજ્યોએ પણ તેને માન્ય કર્યો. સત્તર વરસની કુમારાવસ્થામાં પોતાની મહત્ત્વાકાંક્ષા પાર પાડવા કુવેતથી અરબસ્તાન ભણી ચાલી નીકળેલા અબ્દુલ અઝીઝ ઈબ્ને સઉદે આ રીતે ત્રણ દાયકાને અંતે કેવળ શમશેરના બળે પોતાની મહત્ત્વા-કાંક્ષા સિદ્ધ કરી, અને પ્રાચીન કે મધ્યકાળમાં જ શક્ય ગણાય એવું અંગત પરાક્રમનું પ્રકરણ એ આધુનિક ઇતિહાસમાં ઉમેરતો ગયો.

અબ્દુલ અઝીઝ, ઈબ્ને અબ્દુર્રેહમાન અલ ફૈઝલ અલ સઉદને તેના ધર્મપ્રેમ અને વહીવટી કુશળતા માટે ઑલિવર ક્રૉમવેલ સાથે, તો રાજ્યવિસ્તારની મહત્ત્વાકાંક્ષા અંગે હિટલર સાથે સરખાવવામાં આ-વતો. સરખામણીઓ હમેશાં અધૂરી જ હોય છે, અને કોઈની પણ સાથેની સરખામણીમાં ઈબ્ને સઉદના વ્યક્તિત્વને સંપૂર્ણ ન્યાય આપી શકાય નહિ. એની વિજિગીષા અદમ્ય હતી, પણ એ જેટલી સ્વલક્ષી હતી એટલી જ હેતુલક્ષી પણ હતી. પતિતાવસ્થામાં પડેલા ઇસ્લામનો પણ એને સાથોસાથ સમુદ્ધાર કરવો હતો. ઈસ્લામની શરીઅત મુજબ એણે પોતાનું રાજ્ય ચલાવવા માંડેલું. ખૂન કરે તેનું મસ્તક છેદી નાખવું, ચોરી કરે તેનાં કાંડાં કાપી નાખવાં, વ્યભિચાર કરે તેને જમીનમાં અરધો દાટી પથ્થર મારીને પૂરો કરવો વગેરે પ્રકારની સજાઓનો અમલ એણે શરૂ કર્યો. આ સજાઓ આજના યુગમાં જંગલી લેખાય, પણ અરબસ્તાનની પ્રજા પણ સામે જંગલી જ હતી એ આપણે ભૂલવું જોઇતું નથી. જ્યાં સલામતીથી પ્રવાસ કરવો મુશ્કેલ હતો એ મુલ્કમાં એણે એવી સલામતી સ્થાપી છે કે ઉજ્જડ માર્ગે કોઇ કાફલાના ઊંટ પરથી સરકી પડેલી ખુંદદાણાની એકાદ ગુણ સુદ્ધાંને આજે કોઈ હાથ નથી અડાડતું.

રાજવી તરીકે સ્થિર થયા પછી પોતાની પ્રજાની આબાદી માટે એ આમરણ મથતો રહ્યો હતો. મધ્યકાળમાં જ જીવી રહેલા એ મુલ્કમાં એણે આધુનિક જમાનાનાં રેલવે, તાર, ટેલિફોન, મોટર, રેડિયો, વિ-માન વગેરેનો પ્રવેશ કરાવ્યો અને ડામરની સડકો બંધાવી. એના આ સુધારાઓ સામે કેટલાક ધર્માંધોએ બળવો પણ ઉઠાવ્યો, પરંતુ ઇબ્ને સઉદે એ કડક હાથે દબાવી દીધો. એના રેતાળ મુલ્કમાંથી તેલ મળી આવ્યાં પછી તો એની સમૃદ્ધિ કલ્પનાતીત બની ગઇ. એકલી ગઈ સાલ-માં જ તેને તેમાંથી મળેલી રકમ ૨૦ કરોડ ડૉલરની હતી!

તેલનિમિત્ત અમેરિકાએ આ રીતે અરબ મુલ્કમાં કરેલો પગપેસારો બ્રિટનની ચિંતાનો વિષય બની રહ્યો છે. પોતાની બ્રિટન વિરોધી નીતિ પોતાના જેટલી જ કુનેહપૂર્વક ચાલુ રાખી શકે એવો પોતાના પુત્રો-માંથી માત્ર એક અમીર એને જણાતો હતો, અને એટલે જ દોઢસો જેટલી પત્નીઓથી એને થએલાં ૭૫ સંતાનોમાં એ ઉમરમાં સૌથી મોટો ન હોવા છતાં પોતાના ગાદીવારસ તરીકે તે એ અમીરને જ મુકરર કરતો ગએલો છે. અને આજે એ ગાદીનશીન થઈ ચૂક્યો છે.

અબ્દુલ અઝીઝ ઈબ્ને સઉદ દુશ્મન પ્રત્યે જેટલો ખોફનાક હતો એટલો જ મિત્ર પ્રત્યે દરિયાવદિલ હતો. જુવાનીમાં યુદ્ધ દરમિયાન એને શરીરે પડેલા ઘા વૃદ્ધ વયે ખૂબ કળતા હતા; એટલે છેલ્લે છેલ્લે એ બહાર બહુ ઓછું નીકળતો ને મહેલમાં પણ મોટે ભાગે તે પ્રમુખ રૂઝવેલ્ટે ભેટ આપેલી પૈડાંવાળી ખુરશીમાં જ ફરતો. રઝળુ પ્રજાને જો સ્થિર વસાવવી હોય તો ખેતી એ સર્વોત્તમ સાધન હોઇને રણપ્રદેશ-માં પાણીનો પ્રશ્ન ઉકેલવા એણે નહેરો બંધાવવાનું શરૂ કરેલું, જે કામ હજુ ચાલુ છે. સદીઓની અરાજકતા બાદ અરબ રાષ્ટ્રને પુનઃ શાંતિ, આબાદી અને એકતા અર્પનાર આ પરાક્રમી શાસકનું નામ ઇતિહાસના પૃષ્ઠ પરથી સહેજે નહિ ભૂંસાય.

ભારતીય સંસ્કારપ્રણાલીના પુરસ્કર્તા અને બંગાળના સામાજિક જીવનના સજાગ ચોકીદાર સમા કટાક્ષ-કલાકાર

પ્રફુલ્લચંદ્ર લાહિરી

લેખકઃ જયંતીલાલ કા. પટેલ

માતાજીના કોઈ મંદિરની યાત્રાએ તમે એકાદ વાર ગયા હશો તો ત્યાં પરચો બતાવતા ભૂવા—ભક્તો જોયા હશે. હાથમાં કંઈ ન હોય ને હાથમાંથી કંકુ કાઢે, માથે કપડું ઓઢી લે અને થોડીવારમાં મોંમાંથી બસો ફૂટ લાંબી નાડાછડી કાઢે, ચૂંદડી કાઢે, —એટલી લાંબી કે તમે ખેંચતાં થાકો! અમે કલકત્તા ગયા ત્યારે ત્યાંના રસ્તાઓનું પણ કંઈક આવું જ લાગ્યું. રસ્તા એટલા તો લાંબા કે આ છેડેથી ટ્રામ શ્વાસ ભરીને હાંફતી હાંફતી ચાલી જ જાય પણ પેલો છેડો આવે જ નહિ. એ પણ કાલિ-પૂજકોનું ગામ ને?

એ કલકત્તામાં હું જેમની ઓળખાણ આપું છું એ પ્રફુલ્લચન્દ્ર લાહિરી કોઈ એવા જ લાંબા રસ્તાના એક નાના ફાંટાના ખૂણા ઉપર બેઠા ઘાટના મકાનમાં રહે છે. કલકત્તામાં દર ત્રણચાર ફર્લાંગના ટુકડાઓ ઉપર એકાદ સુંદર 'પુકુર' આવે. પુકુર એટલે નાની તળાવડી. એ પુકુરના કાંઠે જૂનવાણી ઢબનું એકાદ ફાનસ, અંદરથી હજામની મશાલને બદલે મ્યુનિસિપાલિટીના ગૅસનો પ્રકાશ પાથરતું હોય, તેનું પ્રતિબિંબ પુકુરમાં પડતું હોય ને તેના અજવાળાથી રસ્તા ઉપર ઝળાંઝળાં થઇ રહ્યું હોય અને એ વટાવીને રોજ ઘરમાં જવાનું હોય... કેમ, બધું કવિતા જેવું લાગે છે, નહિ? પ્રફુલ્લચન્દ્ર લાહિરીના આંગણામાં જ બકુલનું સુંદર ઝાડ વાતાવરણને મઘમઘાવી મૂકે છે. એ ઝાડની બરાબર સામે, બેઠા ઘાટના પરસાળવાળા ઓરડામાં એકાદ નાના ટેબલ ઉપર, છબિમાં બતાવેલી આકૃતિ જેવો જ દેહ તમને જોવા મળે. એ પોતે ટેબલ ઉપર બેઠા હોય ત્યારે ઉપર જણાવ્યું તેમ માતાજીના ભૂવાની પેઠે મગજમાંથી સતત વિચારોની લાંબી હારમાળા નીકળ્યા જ કરે. ફરક માત્ર એટલો જ કે પેલા માતાજીના ભક્તો ચમત્કારની પ્રતીતિ કરાવવા એવું કરે છે, જ્યારે આ વ્યંગચિત્રકાર માણસજાતની મૂર્ખાઈ, અવળચંડાઈ કે નબળાઇને—ન કલ્પી શકાય એવી એની વિચિત્રતાઓ ને વિશિષ્ટતાઓને હળવે મને છતી કરવા માટે એવો ચમત્કાર કરે છે.



'પીસીએલ' (પોતાના નામાક્ષરો)ની અંગ્રેજી સહીથી ખ્યાત થએલા વ્યંગ-કલાકાર પ્રફુલ્લચંદ્ર લાહિરીએ 'કુમાર' માટે ખાસ ચીતરી આપેલું પોતાનું રેખાંકન

એમ કરવામાં દરેક કટાક્ષ-કલાકારની પોતપોતાની નિરનિરાળી શૈલી હોય છે. પ્રફુલ્લચન્દ્રની શૈલીની લાક્ષણિકતા, એમના પોતાના શબ્દોમાં કહીએ તો, 'maximum of effect in minimum of line' એ ઉક્તિમાં રહેલી છે. એમનું નિયમિત કામ કલકત્તાનાં બે મુખ્ય દૈનિકો 'અમૃતબજાર પત્રિકા' (અંગ્રેજી) અને 'જુગાન્તર' (બંગાળી)માં સતત ધારાવાહી રૂપમાં છપાય છે. વ્યંગચિત્રના બધા જ પ્રકારો તેમણે ખેડયા છે, પણ તે બધામાં તેમણે સર્જેલાં 'ખુરો'નું વ્યક્તિત્વ અનોખું જ છે. 'અમૃતબજાર'ના હજારો વાચકોને એ છેલ્લાં પંદર વર્ષથી દર રવિવારે હસાવે છે. માણસજાતની મૂર્ખાઈ પર કટુતાથી નહિ, પરંતુ તેની બાલિશતા ને ભાલાઈ પર ખુરોનું પાત્ર તેમણે સર્જ્યું છે. એ મૂર્ખાઈની 'ઉપર' નહિ પરંતુ મૂર્ખાઇની 'સાથે' આપણે હસવું એ દૃષ્ટિ ધ્યાનમાં રાખીને લાહિરીએ તેનું વ્યક્તિત્વ વિકસાવ્યું છે. જ્યારે 'જુગાન્તર'માં દર રવિવારે અરધું પાનું ભરીને ત્રણથી ચાર રંગમાં એ આપણા દેશની પુરાણકથાઓમાંથી લીધેલી વાર્તાઓ નાનાં બાળકોને રસ પડે અને સાથે-સાથે આનંદ જોડે સંસ્કારનો વારસો બક્ષે તેવી રીતે રજૂ કરે છે.

છાપાંમાં રંગીન વ્યંગચિત્રો મારફતે બાળકોને આવી ધારાવાહી ચિત્રકથાઓ કહેવાનો પ્રકાર પશ્ચિમમાં શરૂ થયો. પ્રફુલ્લચન્દ્ર આપણા પરંપરાગત સંસ્કારોના જબરા હિમાયતી છે અને તેથી એમની દૃઢ માન્યતા છે કે ધારાવાહી ચિત્રપટ્ટીની બાહ્ય શૈલી ગમે તે હોય પરંતુ તેમાં રજૂ થતા સંસ્કારો આપણા જ હોવા જોઇએ. આજકાલ આપણે ત્યાં બાળકોને વાર્તા કહેવાના આ પ્રકારમાં પરદેશની ચોરીઓ ખૂબ ચાલે છે, પરંતુ જ્યારે એ ચોરી આપણે ત્યાંના સંસ્કારોમાં પણ પ્રવેશે છે ત્યારે તો આપણી કંગાલિયતનાં દર્શન થવા સાથે તે ભયાવહ પણ બને છે. ભારતનો વિશિષ્ટ સંસ્કારવારસો, તેના સાહિત્યમાં રહેલાં પાત્રોનું વ્યક્તિત્વ, એની જૂની વાર્તાઓમાં રહેલું જીવનદર્શન બાળકો સમક્ષ સુલભ અને સમજી શકાય તેવાં પ્રતીકો દ્વારા ધીમા ઉપદેશથી રજૂ થવાં જોઇએ એમ તેઓ માને છે, અને એ ચિત્રપટ્ટી દ્વારા માત્ર બાળકોને જ નહિ પરંતુ પુખ્ત વયનાં માણસોને પણ જ્ઞાન આપવાનો તેમનો હેતુ છે. સમાજમાં સમયના પલટા સાથે ઘટી ગએલાં અથવા જડ થઈ ગએલાં મૂલ્યાંકનોને તેનું મૂળ સ્વરૂપ અપાવવું તે દૃષ્ટિ તેમનાં એ ચિત્રોમાં રહેલી છે. કેટલીક વાર તો સમાજ જેવો છે તેવો જ તે ચિત્રો દ્વારા દર્શાવે છે. બંગાળી સમાજમાં શિક્ષકનું શું સ્થાન છે તે તેમણે તેમની એક ચિત્રપટ્ટી બાર મહિના સુધી ચલાવીને બતાવ્યું હતું. એ ચિત્રપટ્ટીનું નામ 'માસ્તર કાકા' હતું અને તેમાં બંગાળનો ધનિક વર્ગ 'કારતા' (જે આપણે ત્યાંના મારવાડી વર્ગને બરાબર મળતો આવે છે, જે આપણે ત્યાંના વ્યાપારી વર્ગને, બલ્કે જે આપણે ત્યાંના ...એમનું નામ જવા દો) પોતાના કુટુંબનાં દસદસ છોકરાંઓને ભણાવવા રાખેલા શિક્ષકનો, મહિને પાંચ રૂપિયા આપીને શી રીતે પૂરેપૂરો કસ કાઢે છે તે પણ દર્શાવ્યું હતું. એ ચિત્રવાર્તા શરૂ થયાને થોડા જ મહિના થયા ત્યાં તો કલકત્તામાં મોટો ઉહાપોહ મચી ગયો હતો અને તેનો એ પ્રકારે વિરોધ થયો હતો કે 'રમૂજ અને આનંદ સાથે શિક્ષણની અપેક્ષા રાખતા વિદ્યાર્થીવર્ગને શું તમે એમ શીખવવા માગો છો કે જેને તમે શિક્ષક સમજો છો તે આવો બાપો ને કંગાલ છે?' પ્રફુલ્લચન્દ્રે તેનો જવાબ આપ્યો કે છાપું એ માત્ર વિદ્યાર્થીઓ જ નહિ પરંતુ તેમનાં માબાપો પણ વાંચે છે અને આવી કથાઓ વ-



શ્રી લાહિરીનાં વ્યંગચિત્રોમાં આવતાં પાત્રોનો 'કુમાર' માટે ખાસ તૈયાર કરી આપેલો સમૂહ: (૧) 'જુગાન્તર'પત્રમાં આવતું ગરીબોના પ્રતીક 'રિક્ષાવાળા'નું પાત્ર; (૨) જેનો ઉલ્લેખ આ લેખમાં આવે છે તે 'માસ્તર બાબુ' અને (૩) 'કારતા' શેઠ; (૪) 'અમૃત બજાર પત્રિકા'નો 'ખુરો' અને (૫) 'જુગાન્તર'ના બાળ વિભાગમાં ચાલતી ચિત્રકથાનાં પાત્રો 'મગર અને શિયાળ'.




Pen is Mightier than sword (તલવાર કરતાં કલમ વધુ બળવાન છે) એ ઉક્તિનું ચિત્ર→

સ્તુની રમૂજ ઉપરાંત સમાજનાં દૂષણો ને નબળી બાજુઓ પણ દર્શાવતી હોય તો તેમાં ખોટું શું છે? પરંતુ એ ચિત્રવાર્તા અંતે લોકોના વિરોધને લીધે બંધ કરવી પડી ત્યારે તેની છેલ્લી ચિત્રપટ્ટીમાં તેમણે એ વાતની સ્પષ્ટતા કરી કે શિક્ષક વર્ગને તેની જરૂરીઆતો અને તેને જોઇતું માન નહિ આપવામાં આવે તો બંગાળમાં શિક્ષણ ઊંચે આવવું અશક્ય થઈ પડશે. એ ચિત્રવાર્તાને બંધ કર્યે તો ઘણો વખત થયો છતાં એ આજે પણ માને છે કે પોતે કહેલી વાત ત્યારે જેટલી સાચી હતી તેટલી આજે પણ છે. ગુજરાતના શિક્ષકો વિષે એથી કંઇ જુદું કહેવાનું ન હતું એટલે એમની જૂની વાતો સાથે હું પણ સંમત થયો.

માણસો બધાં જ સરખાં હોવા છતાં ગરીબ અને ધનિક એવા જે બે વર્ગો યંત્રવાદ અને છેલ્લી લડાઇને કારણે અસ્તિત્વમાં આવ્યા છે તે આજે જગતના સર્વ સમાજમાં વધતાઓછા અંશે જોવા મળે છે. બંગાળમાં એનો રાગ ભલે જરા જુદો છે, બાકી ગીત તો એનું એ જ છે. અંતરમાંથી કેવળ દયા નહિ પરંતુ વેદના વડે એવી ગરીબાઈના રોગથી પીડાતો ત્યાંનો રિક્ષાવાળાનો વર્ગ એ ગરીબાઈના પ્રતીક તરીકે તેમણે રજૂ કર્યો છે; જ્યારે બીજો વર્ગ બુદ્ધિમાં ખાલી અને રસગુલ્લાં ખાઇને જાડાં શરીર તથા મોટી દુમ વધારીને ગરીબો ઉપરના સતત બોજ રૂપે જીવતા ધનિકોના પ્રતીક તરીકે રજૂ કર્યો છે. ચિત્રપટ્ટીની એ વાતોમાં હાસ્યની સાથે પરિસ્થિતિની કરુણતા દર્શાવવા એ મથ્યા છે, તેમાં શોષણની પરાકાષ્ઠા અને શ્રમ કરવા છતાં યે દૂર ન થતી એની ગરી-



સસલું ગળી ગએલા અજગરની પૂંછડીને ઝાડના મૂળમાં ભરાવીને ખેંચીને તેના પેટમાંથી સસલાને બહાર કાઢનાર 'મગરકાકા'ની યુક્તિ: 'જુગાન્તર'ની ચિત્રપટ્ટીઓમાંની એક.




'જુગાન્તર' પત્રનાં બાળવિભાગમાં આવતી 'મહાભારતની કથાઓ'ના ચૂંટેલા પ્રસંગોનાં 'કુમાર' માટે ખાસ તૈયાર કરી આપેલાં નમૂનાનાં ચિત્રો.


બાઈનાં વેધક ચિત્રો સહૃદયતા અને તીખાશપૂર્વક તેમણે રજૂ કર્યાં છે.

રાજકીય વ્યંગચિત્રો વિષે પોતાનું મંતવ્ય રજૂ કરતાં પ્રફુલ્લચન્દ્રે સ્પષ્ટ કર્યું કે આપણે ત્યાં ખુદ વર્તમાનપત્રો પોતે જ પોતાની ફરજ જોઈએ તેટલી સમજ્યાં નથી, લોકોએ પણ છાપાં પ્રત્યેનો ગમો-અણગમો વ્યક્ત કરવાની રીત અપનાવી નથી, તો પછી વ્યંગચિત્રકારને તો છાપાંવાળા પોતાની ફરજ સમજીને સ્વતંત્રતા આપતા ક્યાંથી થાય? રાજકીય

'અમૃતબજાર પત્રિકા'માં દર રવિવારે નિયમિત આવતાં ખુરશીનાંપરાક્રમો-ની ચિત્રપટ્ટીઓ પૈકીની એક, જેમાં ડગતી ખુરશી-ના પાયા સરખા કરતા ખુરશીનીબાંધાછોડદર્શાવીછે.







શ્રી લાહિરીના રાજકીય કાર્ટૂનોના નમૂના : મથાળે—'વનમહોત્સવ સપ્તાહ' પ્રસંગે રચનાત્મક કાર્યની મહત્તા દર્શાવવા આલેખેલું વ્યંગ-ચિત્ર, જેમાં કમિટીઓ, યોજનાઓ, પ્રચારકાર્ય, ભાષણો, પ્રતિનિધિ-મંડળો, કમિશનો, સર્ક્યુલરો વગેરે આધુનિક યુગનાં આંજી નાખનારાં કાર્યોની વચ્ચે 'સત્ય, સહૃદયતા અને ક્ષેત્રકાર્ય'ના નાનકડા વૃક્ષનું કૂંડું મૂકીને સાચી કાર્યદિશાનું ગર્ભિત સૂચન કર્યું છે. નીચે : 'શાંતિના કબૂતરને હજી ક્યાંય બેસવા યોગ્ય સ્થાન મળતું નથી.'

વ્યંગચિત્રો એટલે માત્ર ચાલુ વિષય કે બનાવો પર રમૂજ કરનારાં ચિત્રો એ માન્યતા ભૂલભરેલી છે. હકીકતમાં જે વિષયોમાં જાણ્યે-અજાણ્યે રાજકીય પુરુષોની ભૂલ થઈ હોય તે પ્રત્યે પ્રજાનું ધ્યાન દોરી રચનાત્મક સૂચન કરનાર ચિત્રોનું નામ જ 'રાજકીય વ્યંગચિત્રો' અપાવું જોઈએ. બાકીનાં ચિત્રોને ટીકાટિપ્પણ રૂપ ગણવાં જોઈએ. ખુદ પ્રફુલ્લચન્દ્રના શબ્દોમાં મૂકીએ તો, 'Just as a good parody should be something much more than a burlesque of a writer, a good cartoon should be something much more for a politician than turn him into a figure of fun' પ્રફુલ્લચન્દ્રને એ વાતનું દુઃખ છે કે પોતે દિલ્હીમાં નથી કે જે રાજકીય વ્યંગ-ચિત્રકારોનું એકમાત્ર ઉગમસ્થાન છે.

પ્રફુલ્લચન્દ્રે સ્નાતકનો અભ્યાસ પૂરો કરીને પોતાની કારકિર્દી પ્રોફેસર તરીકે શરૂ કરી હતી. તે અરસામાં 'રિપોર્ટર' નામક કલકત્તાના અઠવાડિકમાં પોતાનું છૂટક કામ તે આપતા. એવામાં 'અમૃત બજાર પત્રિકા'ના તંત્રી શ્રી તુષારકાંતિ ઘોષના પરિચયમાં આવતાં તેમણે પોતાનું કામ ત્યાં શરૂ કર્યું તે આજ લગી ચાલુ છે. વ્યંગચિત્રની કલાને એ બીજા વ્યવસાયની જેમ જ ગંભીરતાથી વ્યવસાયની દૃષ્ટિએ જુએ છે. અંગ્રેજી જાહેરખબરો પણ પોતે વ્યંગચિત્રો દ્વારા રજૂ કરે છે. પોતાનું ચિત્રકાર્ય પત્રની ઑફિસમાં નહિ પરંતુ પોતાને ઘેર જ કરીને ત્યાંથી મોકલી આપે છે. તેમના પુત્ર એન્જિનીઅરિંગના એમ. એસસી.ના છેલ્લા વર્ષમાં છે અને તે પણ પિતાના કાર્યમાં ખૂબ રસ લે છે.

તેમની સાથેની મારી મુલાકાત પૂરી થતાં હું ઊઠ્યો ત્યારે તેમણે મારા હાથમાં રોજિંદા કૅલેન્ડરના દટ્ટા જેવી બે નાની જાડી પુસ્તિકાઓ મૂકતાં કહ્યું, તમે એને ચપટીમાં પકડીને તમારા અંગૂઠામાંથી ઝડપથી એનાં પાનાં સરવા દો તો કંઈક જોવા મળશે. મેં તેમ કરતાં એ કડક કાગળ ઉપર છપાએલી બે જાડી અને પાતળી વ્યક્તિઓ સિનેમાનાં કાર્ટૂન પેઠે તલવારો ફેરવવા લાગી! એમાં જાડા માણસે પાતળા માણસને જોત-જોતાંમાં કાપી નાખ્યો. ત્યાં તો પાતળા માણસે પણ જાડા માણસની એ જ હાલત કરી! થોડીક વારમાં બન્નેનાં કપાએલાં માથાં અનુક્રમે એક-બીજાનાં ધડ ઉપર ગોઠવાઈ ગયાં ને પુસ્તકનો આનંદ પૂરો થયો! મેં કહ્યું, 'ખરે જ, બાળકોને ખૂબ આનંદ આપે એવો ગમ્મતી ગુટકો તમે તૈયાર કર્યો છે, ઉપરાંત વાસ્તવિકતાની હળવે હાથે સારી મશ્કરી પણ કરી છે.' એક ગુટકાનાં બે બાજુઓનાં પાનાં પર બે, એ રીતે આવી ચાર વાર્તાઓના ગમ્મતી ગુટકા એમણે તૈયાર કર્યા છે, અને બીજી ચાર વાર્તાઓનું વસ્તુ તૈયાર છે; પરંતુ આંગળી ફેરવતાં હલનચલન કરતી ચિત્રવાર્તાની ગૂંથણીવાળા આવા animation ગુટકાનું વેચાણ હજુ જોઈએ તેવું થયું નથી;—કહો કે હજુ તેમને કોઈ વેચનારો 'ગુજરાતી' મળ્યો નથી!

પ્રફુલ્લચન્દ્રની પ્રતિભાને સ્મરણમાં વાગોળતાં વાગોળતાં મેં ગૅસના એ ફાનસના અજવાળે તેમના વ્યક્તિત્વ અને બકુલ પુષ્પોની સુગંધથી પ્રફુલ્લ મન સાથે મેં તેમનું ઘર છોડ્યું ત્યારે રસ્તામાં થોડેક દૂર મને બોલાવતી કોઈ વ્યક્તિનો અવાજ મેં સાંભળ્યો. મેં પાછા ફરીને મોટે અવાજે હોંકારો દીધો તો અવાજ માત્ર અટ્ટહાસ્યમાં પલટાઈ ગયો અને એ વ્યક્તિ અલોપ થઈ ગઈ! થોડી વાર પછી મારી આગળથી પાછો એ જ ખડખડાટ હાસ્ય કરતો અવાજ સંભળાયો. મેં ફરી બૂમ મારી પૂછ્યું કે 'કોણ છે?' અને જાણે મારી મશકરીને ન ગણકારતાં બાધા જેવી એક વ્યક્તિ પ્રકાશનાં એ કિરણોમાંથી મારી તરફ ચાલી આવી. મેં તેને તરત જ ઓળખી કાઢી. થોડીક વાર પહેલાં જ લાહિરીએ મને જેનો સ્કેચ કરી આપ્યો હતો તે જ એ વ્યક્તિ હતી. એ વ્યક્તિ તે મારી, તમારી ને આપણા સૌની મૂર્ખાઈમાં રહેલું સચ્ચાઈ-નું પ્રતીક. આપણામાંથી જેને તેનો પરિચય થયો નથી હોતો તેની આગળ અને પાછળ એ હસે છે; પરંતુ જે તેને ઓળખે છે તેની તો જોડાજોડ એ ચાલે છે. મેં પણ એને કહ્યું કે હવે જ્યારે મારો અને તમારો પરિચય થયો છે ત્યારે તમે પણ મારી આંગળી પકડીને જ ચાલો. કોઈ આપણી પાછળ અને આગળ હસે તેના કરતાં જિંદગીમાં આપણે સાથેસાથે હસીશું ને સાથેસાથે આપણા તરફ હસવાનું બીજાઓને પણ આમંત્રણ આપીશું. કેમ, તમને શું લાગે છે? અને આવી વ્યક્તિની ઓળખાણ કરાવી આપનાર માણસનો જિંદગીમાં હું શું ઋણી નથી?



આકાશયાનની અર્ધશતાબ્દી



આ અંક વાચકોના હાથમાં આવશે તેની બરોબર પચાસ વર્ષ પૂર્વે, ઇ. ૧૯૦૩ના ડિસેમ્બરની ૧૭મી તારીખે અમેરિકાના 'રાઇટ' નામના બે ભાઇઓએ આકડાના માંડવા જેવા એક નાજુક વિમાનમાં માત્ર થોડા વાર અંતરનું ઉડ્ડયન કરી બતાવ્યું તે પછી, આ ૫૦ વર્ષમાં માનવી અવાજની ગતિ કરતાં પણ વધારે ઝડપથી ઉડ્ડયનો કરતો થઈ ગયો છે અને હમણાં બે માસ પર જ—૧૯૫૩ના ઑકટોબરમાં બર્ટન અને ગૅનન નામના બે અંગ્રેજ ફ્લાઇટ લેફ્ટેનન્ટોએ કાનબેરા નામના 'જેટ' વિમાનમાં લંડનથી ન્યૂ ઝીલાંડનું ૧૨,૨૭૦ માઇલનું વિરાટ અંતર કાપીને પૃથ્વીના અર્ધ ગોળાની પ્રદક્ષિણા માત્ર ૨૩ કલાક અને ૫૨ મિનિટમાં પૂરી કરી છે.

ક્યાં શરૂઆતના લાકડીના દાંડા અને દોરીથી સંચાલિત તદ્દન ધીમી ગતિવાળાં વિમાનો અને ક્યાં આજનાં અવાજની ગતિ કરતાં પણ વધારે ઝડપી જેટ વિમાનો! આજે ૭૦ વર્ષની વયના કેટલાં યે વૃદ્ધો હયાત છે જેમને 'પ્રથમ વિમાનના ઉડ્ડયન'ના સમાચાર વર્તમાનપત્રોમાં વાંચ્યાનું યાદ છે. ૫૦ વરસમાં થએલી આ પ્રગતિ વિજ્ઞાનના કોઈ પણ ક્ષેત્રમાં માનવીએ સાધેલી સૌથી વધારે ત્વરિત એકધારી પ્રગતિ ગણાય છે અને આ યુગમાં જે આશ્ચર્યજનક બનાવો બનતા રહે છે તે જોતાં હાલનાં બાળકો તેમની વૃદ્ધાવસ્થામાં કેવી જાતનાં વિમાનો નિહાળવાને ભાગ્યશાળી બનશે તેની આગાહી કરવાનો પ્રયાસ કરતાં આપણી કલ્પના કુંઠિત થઇ જાય છે.



પંખીઓને આકાશમાં યથેચ્છ વિહરતાં જોઇને માનવીને પણ એ રીતે આકાશમાં વિહરવાની ઈચ્છા પ્રાચીન કાળથી જ રહેતી આવેલી, પણ પાંખો વિના બિચારો કરે શું? છેવટે એની યોજક બુદ્ધિએ બનાવટી પાંખો લગાડીને પણ આકાશમાં ઊડવાનો પ્રયત્ન કરી જોયો. અનેક માનવીઓએ આવી બનાવટી પાંખો ફફડાવીને આકાશમાં ઊડવાની આશાએ ઊંચાં સ્થળોએથી સીધો હવામાં ભૂસકો મારેલો ને આકાશમાં પહોંચવાને બદલે જમીન પર પટકાઇને પોતાના પ્રાણ ગુમાવેલા. લીઓનાર્દો દા વિન્ચી જેવા મેધાવીએ પણ આવા 'ઑર્નીથૉપ્ટર'-ની શોધ પાછળ પુષ્કળ સમય ગુમાવેલો, એ પરથી એ વખતના યુરોપમાં આકાશમાં ઊડવાની ભાવના કેટલી પ્રબળ હતી એ જણાય છે.

પણ બનાવટી પાંખોના એ ખતરનાક પ્રયોગો કરવાને બદલે વધુ કાર્યસાધક વિકલ્પ ફ્રાન્સના મૉં ગોલ્ફિયે ભાઇઓએ શોધી કાઢ્યો. કાગળની કોથળીમાં એમણે ગરમ હવા પૂરતાં તે સીધી હવામાં અધ્ધર જવા લાગી. આથી, એનોને ગામના એ કાગદીભાઇઓએ ઇ.સ.૧૭૮૩માં એક ખૂબ મોટી કોથળી બનાવીને પારીસ નજીકના શાતો દ લા મુત્તાનાં ઉદ્યાનોમાં નવેમ્બરની ૨૧મીએ એનો જાહેર પ્રયોગ કર્યો. આ કોથળી એકલા કાગળની નહિ પણ કાગળ અને કાપડના મિશ્રણની બનાવવામાં આવેલી અને તે પર સુંદર ચિતરામણો કરવામાં આવેલાં. કાગળનું આ બલૂન આકાશમાં સાડા પાંચ માઇલ ઊડેલું. એ પછીના એક જ મહિનામાં પારીસના પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી શાર્લે ૧લી ડિસેમ્બરે પહેલવહેલું હાઇડ્રોજન-બલૂન પારીસથી નેસલ સુધી ૨૭ માઇલ ઉડાડ્યું. એણે બનાવેલું બલૂન આજનાં બલૂનોનાં ઘણાંખરાં અંગો ધરાવતું હતું.

ત્યાર પછી તો આ શોધને આગળ વિકસાવવા માટે પુષ્કળ સમય ને બુદ્ધિ ખર્ચાવા લાગ્યાં. ઇ.સ. ૧૭૯૭માં ગાર્નેરાં નામના ફ્રેન્ચે હવાઇ છત્રી (પૅરૅશૂટ) શોધી કાઢી—જોકે એના મથાળે છિદ્ર (વેન્ટ-હોલ) ન હોવાને કારણે બલૂનમાંથી નીચે ઊતરતા મુસાફરોને હવામાં આમતેમ ખૂબ આંચકા ખાતાંખાતાં નીચે ઊતરવું પડતું. ઇ. ૧૭૮૫માં બલૂનમાં પહેલવહેલી ઇંગ્લિશ ખાડી ઓળંગાયાનો પ્રસંગ પણ અહીં નોંધવા




થોડી જ સેકંડ હવામાં રહીને માત્ર ૧૨૦ ફૂટ ઊડી શકેલું રાઈટ બંધુઓનું પચાસ વર્ષ પહેલાનું પહેલું ઍરોપ્લેન



અવાજની ગતિએ પૃથ્વીની અર્ધી પ્રદક્ષિણા ફક્ત ચોવીસ જ કલાકમાં કરતું આજનું જેટ વિમાન


દેશ ને કાળના અંતરનો લોપ કરતું માનવસામર્થ્યનું નવું સીમાચિહ્ન: અવકાશયાનની ક્રાંતિકારી શોધ



૧૮૭૦માં જર્મન ઈજનેર લીલીઅનથલે મોનોપ્લેન સિદ્ધાંત પર વિમાન બનાવ્યું (ઉપલું ચિત્ર). પણ એમાં મોટર નહોતી. એણે નેતરની પાંખો બનાવી ઉપર હલકું પડ જડયું. પાછળ બે સુકાન રાખી ઉપર વિમાન હંકારવાનું સુકાન રાખ્યું. એને ચલાવવા તે મોટા ટેકરા ઉપર ચડી થોડું દોડતો. ગતિ આવતી એટલે કૂદકો મારતો અને પાંખોની મદદથી હવામાં થોડો વખત રહી નીચે ઊતરતો. યંત્રનું સમતોલપણું સાચવવા પોતાના હાથપગ યોગ્ય લાગે એમ ફફડાવતો. પણ ૧૮૯૬માં ૮૦ ફૂટ ઊંચેથી કૂદકો મારતાં વિમાન ઊંધું વળી ગયું, અને એ માર્યો ગયો.



એ જ માર્ગે પિલ્ચર નામના અંગ્રેજ વિમાનીએ પણ લીધો. પણ એનું યંત્ર વધુ ભારે હોઈ કૂદતાં પહેલાં ખાતે માટે તેને ઘોડા જોડવા પડતા ! પરંતુ તે પણ ઊડતાં માર્યો ગયો. આ ઉપર તેનું ચિત્ર આપ્યું છે.



તે પછી લંડનમાં કોડી નામના ફ્રેન્ચ યુવકે મોટા પતંગ બનાવી ઊડવાનો સફળ પ્રયત્ન કર્યો. તે વડે એ આશરે બસો વખત ઊડયો હશે ને શુમારે ૨૦૦૦ ફૂટ ઊંચે ગયો હશે. (જુઓ ઉપલું ચિત્ર)





કૃત્રિમ પાંખો બનાવીને ઊડવાના પ્રયત્ન નિષ્ફળ ગયા પછી માણસે બીજો માગ શોધી કાઢ્યો. કાગળની કોથળીમાં ગરમ હવા ભરવાથી તેને ઊંચે ચડતી જોઇને શૉ ગોલ્ફિયે નામના બે ભાઇઓએ એ સિદ્ધાંત પર બલૂન બનાવીને ઈ. ૧૭૮૩ની ૨૧મી નવેમ્બરે પહેલવહેલું ઉડાડયું તેનું ચિત્ર ઉપર ડાબી બાજુએ આપ્યું છે. તે આકાશમાં સાડા પાંચ માઈલ ઊડલું. ત પછી એમા પ્રગતિ થઇને છેલ્લ જર્મનીના ડૉ. હ્યુગો એકનર પહેલા મહાયુદ્ધ પછી બનાવેલા ૬૫૬ ફૂટ લાંબા ગ્રાફ ઝેપેલિનનું ચિત્ર જમણી બાજુ આપ્યું છે, જેણે ૭૬ ઉતારુઓ સાથે જર્મનીથી અમેરિકા સુધીના ૬૩૦૦ માઈલ વગર અટકયે ૧૧૧ કલાકમાં કાપ્યા. તે પછી ઈ. ૧૯૨૯-૩૦માં તો તેણે આખી પૃથ્વીનો પ્રદક્ષિણા-પ્રવાસ કર્યો હતો.


જેવો છે. એ બલૂનનો પ્રવાસી હતો અમેરિકાનો ડૉ. જેફ્રીસ અને પાયલટ હતો ઠીંગણા કદનો એક ફ્રેન્ચમૅન બ્લેન્શાર. ખૂબ જ ભયાવહ એ હવાઇ પ્રવાસ હતો, અને બલૂનની સમતોલતા જાળવવા માટે બ્લેન્શારને શિયાળાની એ કડકડતી ઠંડીમાં પણ પોતાનું પાટલૂન ઉતારીને તેમાં નીરમ (બૅલાસ્ટ) તરીકે મૂકવું પડેલું !

બલૂનનો એ પછીનો ઇતિહાસ તો અત્યંત સાહસયુક્ત અને રોમાંચપૂર્ણ છે. ઇ.સ. ૧૮૩૮માં બલૂનના વણથોભ્યે ૫૦૦ માઇલના પ્રવાસનો રેકૉર્ડ નોંધાયો, અને ૧૮૬૦માં અમેરિકન આંતરવિગ્રહમાં તો સાધનસામગ્રી પહોંચાડવા માટે પણ બલૂનનો ઉપયોગ થએલો. (જોકે એ પહેલાં નેપોલિયન ઇ. ૧૭૯૪માં એવો પ્રયાસ કરી ચૂકેલો.) કોઇકોઇ સાહસિકો વળી બલૂનને વધુ ને વધુ ઊંચે લઇ જવાના પ્રયોગ કરવા લાગ્યા. એમાંના કેટલાક વાતાવરણના ઉપલા પડમાં થોડા કલાકની ભીષણ સ્થિતિ બાદ જીવતા પાછા ઊતરતા, જ્યારે કેટલાકનાં માત્ર મુડદાં જ જમીન પર પાછાં આવતાં. ઇ.સ. ૧૮૯૬માં એ દિશામાં થએલો પ્રયોગ એ ઓગણીસમી સદીનો સૌથી વિસ્મયકારક અને રહસ્યપૂર્ણ પ્રયોગ છે. એ સાલમાં સ્વીડિશ શોધક આન્ડ્રી પોતાના બે સાથીદારો સાથે ઉત્તર ધ્રુવ પહોંચવા ઊપડયો. પરંતુ એ કરાળ હિમપ્રદેશમાં એની ટુકડી હમેશને માટે ગુમ થઇ ગઈ.


પરંતુ બલૂનને એન્જિન ન હોઇને એની ગતિનો મુખ્ય આધાર પવન પર રહેતો. એને વધુ ઊંચે લઈ જવું હોય તો એનું નીરમ હળવું કરવું પડતું, જ્યારે વધુ નીચે લાવવું હોય તો તેને મથાળે આવેલા વાલ્વ દ્વારા કેટલોક ગૅસ કાઢી નાખવો પડતો. આ કરામતથી બલૂનમાં બેઠેલો આદમી ઉપર કે નીચે તો આવી શકતો, પરંતુ આગળ ગતિ તો પવનની અનુકૂળતાએ જ તે કરી શકતો. આ મુશ્કેલીને લક્ષમાં લઇને જર્મનીના કાઉન્ટ ઝેપલિન નામના શખ્સે એવા આકાશયાનના અખતરા કરવા માંડયા કે જેને પવનની મુદ્દલ તમા રાખ્યા વિના ચાહે તે દિશામાં હંકારી શકાય. તે એક પછી બીજું એમ ઉપરાઉપરી આકા-



ઝેપેલિનનો પ્રયોગ સફળ થવા છતાં ગૅસ ભરવાની કડાકૂટ તથા જોખમ વધારે હોઈ માણસે કેલીની યોજના પ્રમાણે કરેલા યાંત્રિક કરામતના પ્રયોગો આપણે જોયા. પણ તેની સફળતાનો યશ વિલ્બર અને ઑર્વિલ રાઈટ નામના, સાઈકલનું સમારકામ કરતા બે અમેરિકન ભાઈઓને વર્યો. ઈ.૧૯૦૦માં તેમણે પતંગ જેવું ગ્લાઈડર બનાવ્યું જેનું ચિત્ર જમણી તરફ આપ્યું છે. એમણે જે પહેલું ગ્લાઈડર ઉડાડયું તે આકાશે ૩૮૯ ફૂટ ઊંચે ગયું; પણ હવામાં બરાબર સમતોલ ન રહ્યું. બંને નિરાશ થઈ ગયા. પણ એમને ક્યાં ખબર હતી કે માત્ર ૮૪૫ દિવસમાં જ તેઓ હવામાં એવી તો સરસ રીતે ઊડી શકશે કે એમની ખ્યાતિ દિગંતમાં ફેલાશે? ઉપરના ચિત્રમાં એમના પહેલા ગ્લાઈડર સાથે યુવાન વિલ્બરની છબિ છે; નીચેના ચિત્રમાં પીઢ વયનો ઑર્વિલ છે.







ઈ.૧૯૦૦માં રાઈટ ભાઈઓએ ઉપલા ચિત્રમાં બતાવ્યા પ્રમાણેનો ગ્લાઈડર નામનો પતંગ સૌપ્રથમ ઉડાડયો. ચિત્રમાં કૅન્વાસનાં બે લાંબાં પડ એક ઉપર એક એમ ગોઠવવામાં આવ્યાં છે, અને નીચેના પડ ઉપર સુકાની સૂતેલો છે. એના હાથમાં એલીવેટર છે તે આગળ ને પાછળ ખસેડી શકાય એવું છે. એલીવેટર ઊંચું કરવામાં આવે ત્યારે ગ્લાઈડર ઊંચે ચડે, ને નીચું ઉતારવામાં આવતાં નીચે ઊતરે. પગ આગળ સુકાન છે, જેને તે પોતાના પગથી જે દિશામાં વાળવું હોય તે દિશામાં વાળી શકે. પ્લેનમાં અનેક તારો છે જે સુકાનીના પગ આગળ મળે છે. તેની મદદથી પ્લેનને ઇચ્છા પ્રમાણે વાંકુ વાળી શકાય. એક બાજુ ઢળી જાય તો બીજી બાજુ ઊંચી કરી શકાય. આ રીતે સમતોલપણું સાચવવાની શોધમાં આ બે ભાઈઓએ અદ્ભુત શક્તિ બતાવી. આ એરોપ્લેનમાં મોટર નહોતી એટલે એની મેળે ઉપર ન જઈ શકતું. આથી બે માણસો બે બાજુએ રહી થોડા અંતર સુધી એરોપ્લેનને ધકેલતા. હાલના એરોપ્લેનમાં પણ ગતિ મેળવવા માટે પહેલાં તો એરોપ્લેનને થોડા વાર સુધી જમીન ઉપર ચાલવું જ પડે છે. ઈ. ૧૯૩૦માં આ વિમાનનો અંતિમ સફળ પ્રયોગ થયો. તે પછી ૧૯૦૮માં તેમણે ઉડાડેલા બાઇપ્લેનનું ચિત્ર નીચે આપ્યું છે.




શચાનો બનાવતો જ રહ્યો, જેને પરિણામે એ કરજમાં ડૂબી ગયો. લોકો તો એને દીવાનો જ માનવા લાગેલા, પરંતુ છેવટે પોતાના પ્રયોગોમાં એ સફળ થયો. એના બનાવેલા હવાઇ જહાજે ૨૭૦ માઇલનો પ્રવાસ ખેડી બતાવતાં લોકોની તેના પ્રત્યેની અશ્રદ્ધા દૂર થઇ અને જર્મન સરકારે પણ તેને તેના પ્રયોગો આગળ ચલાવવા નાણાંની મદદ કરી.

કાઉન્ટ ઝેપલીને પોતાના હવાઇ જહાજનું કલેવર બને તેટલું હલકું રાખવા માટે તે એલ્યુમીનિયમ, તાંબા અને નિકલના મિશ્રણનું બનાવેલું. આથી હલકાપણા સાથે તેને મજબૂતી પણ મળતી. એ કલેવરને પાછું કૅનવાસથી મઢી લેવામાં આવતું. જહાજને ઉડ્ડયનશક્તિ આપતા હાઇડ્રોજન ગૅસની એકને બદલે અનેક થેલીઓ તેમાં રાખવામાં આવતી, જેથી એક થેલી કાણી થાય તો તેની જગ્યાએ બીજીનો ઉપયોગ થઇ શકે. પણ આ હાઇડ્રોજન ગૅસ એવો તો જ્વાલાગ્રાહી છે કે એને એન્જિનની નજીક તો રાખી શકાય જ નહિ. એટલે ઝેપેલિનમાં એન્જિનોને બલૂનના ભાગની છેક નીચે અને ગૅસના જથ્થાથી દૂર રાખવામાં આવતાં. બ્રિટન અને ફ્રાન્સ પણ એ પ્રયોગો પાછળ પડેલાં. પરંતુ એ દરમિયાન અમેરિકામાં એરોપ્લેન-વિમાનની શોધ થઇ ચૂકેલી અને એ વધુ ને વધુ પ્રગતિ સાધતી જતાં 'ઝેપેલિન' જહાજને લગતા અખતરા એની મેળે બંધ પડ્યા.

હવામાં ઊડવાનું માનવીનું શમણું પૂર્ણપણે સિદ્ધ કરતી એરોપ્લેનની એ શોધ ઈ. સ. ૧૯૦૩માં સફળતાએ પહોંચેલી. એ વર્ષની ૧૭મી ડિસેમ્બરે ઑર્વિલ રાઇટ અને તેનો ભાઈ વિલ્બર રાઇટ પોતાનું બનાવેલું વિમાન કેવળ યંત્રશક્તિ દ્વારા આકાશમાં ઉડાવવા શક્તિમાન નીવડ્યા. એ પહેલવહેલું વિમાન તો જોકે થોડી જ સેકંડ હવામાં રહેલું, ને માત્ર ૧૨૦ ફૂટનું જ અંતર કાપી શકેલું, પરંતુ એણે માનવસામર્થ્યનું જે નવું સીમાચિહ્ન સ્થાપ્યું તેણે દિશા ને કાળનું અંતર ઘટાડવામાં અપૂર્વ ફાળો નોંધાવ્યો. આ ક્રાન્તિકારી શોધને આ માસમાં જ પચાસ વર્ષ પૂરાં થતાં હોઇ જગત તેની અર્ધશતાબ્દી ઊજવે છે.

બાઇસિકલોના સમારકામનો ધંધો કરતા આ બે ભાઇઓએ હવા કરતાં હલકું નહિ પણ ભારે વિમાન તૈયાર કરેલું. તે પછી પાંચે વર્ષે ઈ. ૧૯૦૮માં તો એ પોતાનું વિમાન કલાકના ૩૮ માઈલની ગતિએ ૨૪ માઈલ સુધી ઉડાડી શકયા. એ વર્ષ બાદ યુનાઇટેડ સ્ટેટ્સની સરકારે એ રાઈટ બંધુઓને તેમના આકાશયાનના જાહેર પ્રદર્શન માટે નિમંત્ર્યા. તેમની શોધનો દાવો માન્ય રહ્યો ને સર્વત્ર તેમનું સંમાન થયું. યુરોપની સફર દરમિયાન એ જર્મની ગયા ત્યારે કાઉન્ટ ઝેપલીને તેમનું ઉમળકાભેર સ્વાગત કર્યું.

પ્રથમ મહાયુદ્ધ દરમિયાન આ શોધે ઠીકઠીક પ્રગતિ સાધી. દુશ્મન-હરોળના ફોટોગ્રાફો લેવામાં ને બૉમ્બ ફેંકવામાં વિમાનોનો ઉપયોગ થવા માંડયો અને પછી તો હવાઈ યુદ્ધોનો પણ પ્રારંભ થયો. માનવીની શોધક બુદ્ધિની આ કાળી બાજુ હજુ ભૂંસી નાખી નથી શકાઈ એ માનવજાતનું દુર્ભાગ્ય છે. વિમાનોની શોધ પહેલાં બલૂનોનો પણ એવો જ ઉપયોગ નોંધાએલો છે અને બલૂનોએ વેરેલા સંહારને તો શતાબ્દી પણ વીતી ચૂકી છે. ઈ. ૧૮૪૯માં ઑસ્ટ્રિયનોએ વેનિસ નગર પર બલૂન દ્વારા ૩૦ રતલી બૉમ્બ નાખેલા.



રાઈટ ભાઇઓનું બાઈપ્લેન

પરંતુ આ શોધને ઊજળી બાજુ પણ છે, જે પર માનવી ગર્વ લઈ શકે તેમ છે, ને તે છે વિમાનોના લશ્કરી નહિ પરંતુ નાગરિક ઉપયોગની.

એરોપ્લેનની શોધ ઠીકઠીક આગળ વધતાં ઇંગ્લંડના લૉર્ડ નૉર્થક્લિફે ઇંગ્લિશ ખાડી વિમાન દ્વારા પહેલવહેલી ઓળંગનાર શખ્સ માટે ૧૦૦૦ પૌંડનું ઈનામ જાહેર કર્યું. હ્યૂબર્ટ લેથામ નામના શખ્સે એ બીડું ઝડપ્યું અને ૧૯૦૯ના જુલાઈની ૧૯મીએ ફ્રેન્ચ બંદર કૅલે નજીકથી ઇંગ્લિશ બંદર ડોવર પહોંચવા તે ઊપડયો, પરંતુ તેનું વિમાન રસ્તામાં જ દરિયામાં તૂટી પડયું. ફ્રેન્ચ ટૉર્પિડો-બોટ હાર્યોએ તેને બચાવી લીધો.

કલાકે ૪૫ માઇલની ઝડપે ઊડતા વિમાનનું એન્જિન એકાએક અટકી પડવાથી લેથામનો એ પ્રયાસ નિષ્ફળ ગયો, પરંતુ માનવીની સાહસવૃત્તિને થોભ નહોતો. માત્ર ઈંગ્લિશ ખાડી તો શું પણ આખો આટલાંટિક મહાસાગર વણથોભ્યે પાર કરવાના પ્રયાસો આરંભાયા અને એ માટે ૧૦,૦૦૦ પૌંડના ઈનામની જાહેરાત થઈ. ન્યૂ ફાઉન્ડ લૅન્ડમાં આવેલા સેન્ટ જોન્સથી ઊપડી આયર્લૅન્ડમાં આવેલા ક્લીફડેન સુધી પહોંચીને કૅપ્ટન જૉન આલકૉક તથા લેફ્ટેનન્ટ એચ. બ્રિડટનબ્રાઉને ઇ.સ. ૧૯૧૯ના જૂનમાં એ ઇનામ જીત્યું. સ્ત્રીવર્ગ પણ માનવસાહસ માટે ખુલેલી આ નવી દિશામાં પાછળ નહોતો રહ્યો. એમીલિયા ઇઅરહાર્ટે પણ પાછળથી એવો જ વિક્રમ નોંધાવ્યો. પરંતુ અમેરિકાથી ઈંગ્લંડ આવવા કરતાં ઇંગ્લંડથી અમેરિકા જવા આટલાંટિક પાર કરવાનું હવામાનને કારણે કપરું ગણાતું. એક જ ઉડ્ડયનમાં એ સાહસ પાર પાડનાર કર્નલ ચાર્લ્સ લિન્ડબર્ગ તથા તે પછી કમાન્ડર બાયર્ડના પ્રયત્ન પણ વિમાની ઉડ્ડયનોના ઇતિહાસમાં નોંધપાત્ર છે. ઈ. ૧૯૧૯ના જુલાઇમાં ૧૦૮ કલાકમાં એડિનબરોથી લૉંગ આઇલૅન્ડ પહોંચી વગર ઉતરાણે પાછા ફરેલા આર-૩૪ વિમાને આટલાંટિકના 'ડબલ ક્રૉસિંગ'નો પ્રથમ વિક્રમ સ્થાપ્યો.

પણ આ વ્યક્તિગત સાહસોની વાત જવા દઈ વિમાનોના નાગરિક ઉપયોગ પર આવીએ તો સૌ પ્રથમ આપણું લક્ષ ઈ. ૧૯૧૦ના ઑગસ્ટની ૨૫મીએ થએલા વિમાની ઉડ્ડયન તરફ જાય છે. મુખ્યત્વે પ્લાઈવૂડના બાંધેલા એ વિમાનમાં વિમાની તરીકે લેફ. એરિક લૉફ્ટ અને એની પાછલી બેઠકમાં ઉતારુ તરીકે એક પત્રકાર સ્ટીવન્સન રીસ હતો જેણે એ બેઠક માટે ૨૫ પૌંડ ખરચેલા. ધુમ્મસ અને વરસાદમાં આગળ વધતા એ વિમાનમાં ચામડાં, તેલ, મલાઈ, વર્તમાનપત્રો વગેરે સામાન પણ ભરેલો હતો. કલાકના ૪૯ માઇલની ઝડપે ઊડેલું એ વિમાન એ દુનિયાની પહેલી 'એર પૅસેન્જર સર્વિસ!' બ્રિટનની પહેલી વેપારી વિમાનકંપની 'ઍર ટ્રાન્સપૉર્ટ ઍન્ડ ટ્રાવેલ કં.'નું એ 'એરકો ૪૦' નામનું વિમાન હતું અને 'એરક્રાફ્ટ મૅન્યુફેક્ચરિંગ કંપની'એ તૈયાર કરેલું. એનો યોજક હતો જ્યૉફ્રે ડ હાવીલાંડ. ૧૯૨૦માં એ કંપની ફડચામાં જતાં, તેણે 'ડ હાવીલાંડ એરક્રાફ્ટ કં.લિ.' નામે નવી કંપની ઊભી કરી. ગઇ સાલ વિમાની ઉડ્ડયનનું નવું સીમાચિહ્ન રચનાર 'કૉમેટ' વિમાન એ કંપનીનું જ બનાવેલું છે. ઉડ્ડયનની ઝડપમાં સધાએલી પ્રગતિનો ખયાલ એટલા પરથી આવશે કે ૧૯૩૭માં કલાકે સો માઈલની ઝડપનું 'હેન્ડલેપેઇજ હાનીબાલ' વિમાન ત્રણ હજાર ફૂટની ઊંચાઇએ ઊડી ૧૦ કલાકમાં ઇંગ્લંડથી જીનોઆ પહોંચતું, જ્યારે આજે 'ડ હાવીલાંડ-કૉમેટ' કલાકના ૫૦૦ માઈલની ઝડપે પૃથ્વીથી આઠ માઈલ ઊંચે ઊડીને ૬ કલાકમાં તો કેરો પહોંચે છે! દુનિયાના ઘણાખરા પ્રદેશો આજે વિમાનમાર્ગેથી સંધાઈ ગયા છે, જેમાં ૨૨,૭૨૨ માઇલનો ઈંગ્લંડ ને ઑસ્ટ્રેલિયા વચ્ચેનો માર્ગ એ સૌથી લાંબો વિમાનમાર્ગ છે.

ગગનપંથના પ્રવાસમાં માનવીની અત્યાર સુધીની પ્રગતિ પણ ઓછી આશ્ચર્યકારક નથી, પરંતુ તેની ભાવિ પ્રગતિનો ખયાલ તો કેવળ વિસ્મયમુગ્ધ બનાવી દે તેવો છે. અત્યારે 'કૉમેટ'નો પ્રવાસ આપણને આશ્ચર્યમાં નાખી દે છે, પરંતુ ઈ. ૨૦૦૦ સુધીમાં તો અણુશક્તિથી ચાલતાં રૉકેટો, પૃથ્વીથી ૨૦ માઇલ ઊંચે ઊડીને, 'કૉમેટ' આજે જેટલા સમયમાં કેરો પહોંચે છે એટલા સમયમાં તો ઠેઠ સિડની પહોંચી જશે. પૃથ્વીની સૂર્ય આસપાસ ફરવાની ગતિ કરતાં પણ આ રૉકેટોની ગતિ અધિક હશે. આ કેવળ કલ્પના નહિ પણ નિષ્ણાતોનો અભિપ્રાય છે. ને ટૂંકી ટૂંકી મુસાફરીઓ માટે તો વજનમાં તદ્દન હલકાં 'હેલીકૉપ્ટર' નામના આકાશયાનનો એટલો વિકાસ સાધવામાં આવશે કે ૧૯૭૦માં તો અત્યારે સડકો પર જેમ મોટરો ઘૂમે છે તેમ આકાશમાં હેલીકૉપ્ટરો ઘૂમતાં થઈ જશે.

આર્ક્ટિકના આલિંગનમાંથી

માનવીના હૃદયમાં વસતાં સાહસ અને જવાંમર્દી હિંમત અને કાર્યશક્તિ તથા બલિદાનની અપૂર્વ ભાવનાની ગાથા

એફ. એ. બોર્માન્ટના મૂળ અંગ્રેજી ઉપરથી
અનુવાદક વિનોદ મેઘાણી



ચેલ્યુસ્કિનની સાથેના બરફગાડી ખેંચનારા કૂતરા

એક એક ખીલાના ખખડાટથી લાગતું હતું કે જાણે કોઈ રાક્ષસના ચોખંડી પંજાના પ્રહારથી હમણાં 'ચેલ્યુસ્કિન'ના ભુક્કા બોલી જશે. તેના સાંધા ઢીલા થવા લાગ્યા હતા. જોડાણો તો એકબીજાથી છૂટાં પડીને જાણે ઝૂલતાં હતાં. રશિયાનું એ નાનું જહાજ આર્કૂટિક મહાસાગરના આક્રમણ સામે મરણિયું બનીને ઝઝૂમતું હતું અને ધીમેધીમે, મોતના મોંમાં ઝબૂકતી અગનજ્વાળાઓ જેવા ચમકતા સફેદ બરફના પહાડો—ઊંચા ને નીચા, મોટા ને નાના—'એસ. એસ. ચેલ્યુસ્કિન'ના તૂતક ફરતો ભરડો લઈ રહ્યા હતા. 'ચેલ્યુસ્કિન'માં તે વખતે ૨૦૬ આંખો આ ભયંકર કાંડ ઠંડી ને નિરાશ નજરે નિહાળી રહી હતી. તેમાં દસ સ્ત્રીઓ અને બે બાળકો, જેમાંનું એક તો સફર દરમ્યાન જન્મ્યું હતું તેનો સમાવેશ થતો હતો.

ઉત્તર ધ્રુવ પર વિજય મેળવવાની મનીષાએ માનવના મગજ પર છેક સમ્રાટ આલ્ફ્રેડના સમયથી સ્વપ્નજાળ બિછાવી છે. ત્યારથી આજ સુધી અગણ્ય સાહસિકોએ પોતાની અમૂલ્ય જિંદગી એ વિજય માટે નિછાવર કરી છે. તેના બરફમાં સપડાએલાં રડ્યાખડ્યાં જે કૈં જહાજો અને તેમના સાહસિકોનાં થીજી ગએલાં શરીરો હાથ લાગ્યાં તે ઉપરાંત બરફના પર્વતોની ભીંસ વચ્ચે ઈંડાંની જેમ છૂંદો થઈ ગએલાં મજબૂતમાં મજબૂત વહાણોનો તો શુમાર જ ગણવો રહ્યો. કુદરતની એ સખત નાકાબંધી સોંસરા જઇ આવનાર માત્ર ત્રણ જ ભાગ્યશાળી માનવોએ જન્મ લીધો છે: (૧) નૉર્ડેન સ્કોલ્ડ, (૨) આમુંડસન અને (૩) વિલ્કિટ્સ્કી. પરંતુ આ લોકો તો ઉત્તર ધ્રુવની સરહદમાં શિયાળામાં રહેવાની સજા ભોગવીને પછી જ બહાર નીકળવાની રજા મેળવી શકેલા. ૧૯૩૨ પછી તો ધ્રુવસામ્રાજ્યના આ કુદરતી કાયદાને તોડીને બહાર નીકળવાની હિંમત કરનારાઓમાં તો તેના ખાસ બરફવિનાશક જહાજનું માત્ર પ્રોફેસર જુલિયસ શ્મિટની નેતાગીરી નીચે કામ કરનાર 'સીબીરિયાકોવ'નું જ નામ સુવર્ણાંકિત થઈ શક્યું છે. આ જહાજ ખાસ એ હેતુસર જ બાંધવામાં આવેલું અને તેણે જ પ્રોફેસર શ્મિટને તેમના સાહસિક સફર માટે જગવિખ્યાત બનાવ્યા.

માનવી પણ ગજબ છે ને? આ વિજયથી ગર્વિત બનેલા શ્મિટને વળી એક નવો તુક્કો સૂઝ્યો. એક સામાન્ય જહાજ વડે ઉત્તર ધ્રુવને એક જ ઋતુમાં હંકારી શકાય કે નહિ તે તપાસવા માટે ૧૯૩૩ના ઑગસ્ટમાં એણે 'ચેલ્યુસ્કિન' જહાજનું લંગર ઉઠાવ્યું. એ 'ચેલ્યુસ્કિન' પર વસેલાં માનવીઓની મહોબ્બત ને દિલ ધ્રુજાવતાં સાહસોની આ કથા છે.

થોડા માસ પૂર્વે કેટલાક રશિયન વૈજ્ઞાનિકોને ધ્રુવપ્રદેશના સંશોધન માટે રૅન્ગેલ ટાપુઓ પર મોકલવામાં આવેલા. ત્યાંથી તેમને પોતાની પીઠ પર ચડાવીને 'ચેલ્યુસ્કિન' ધ્રુવપ્રદેશ તરફથી આવતાં ધુમ્મસ, તોફાન, ઝંઝાવાત અને હિમપ્રપાતોને ખેંચી લાવતા ભીષણ વંટોળિયાઓનો સામનો કરતું બરફની કરાડો વચ્ચેથી આગળ ધપી રહ્યું હતું. એક ઘડીનો પણ સમય ન હતો. બરફ થીજી જાય તે પહેલાં જો પ્રશાંત મહાસાગરમાં દાખલ ન થઈ શકાય તો આ સાહસનો હેતુ માર્યો જાય એમ હતું. જહાજને ૨૦૦૦ અશ્વબળનું યંત્ર હોવા છતાં એકાદ નાનીસૂની ભૂલ પણ જહાજ ઉપર મહાભારત કાંડ મચાવી મૂકે તેમાં શંકા ન હતી. અને જહાજને દોરવામાં થએલી એકાદ અંશની પણ ભૂલ ૧૦૩ માનવીઓની અમોલી જિંદગીના પલ્લાને ઊંચું કરી દે તે સપૂર્ણ સંભવિત હતું. આવી કટોકટીભરી સ્થિતિમાં એ નાનુંસરખું જહાજ એક પછી એક બરફના પહાડો વચ્ચેની સાવ સાંકડી નેળોમાંથી માર્ગ કરતું આગળ અને આગળ સરતું હતું. મુખ્ય ઈજનેર ટોકીનના ટેલિગ્રાફ યંત્રમાંથી નીકળતા 'ટિટ ટા…ટિટ ટા…'ના અવાજોમાં જાણે જોશ પૂરવા માટે માનવીઓએ પોતાની દાઢીઓના કડકડાટ શરૂ કરી દીધા હતા. કૅપ્ટન વૉરૉનિનની સૂચનાઓના અમલ કરવામાં રજમાત્ર પણ ગફલત કરવી એ સિંહના મોંમાં હાથ નહિ પણ માથું નાખવા જેવી વાત હતી. જહાજના નીકળી પડેલા રકૂનાં કાણાંઓમાંથી પણ બરફના કણ રસ્તો કરતા પ્રવેશતા હતા. પણ ખરાબમાં ખરાબ પરિસ્થિતિ તો જ્યારે 'ચેલ્યુસ્કિન' ચારે બાજુથી બરફના પહાડો વચ્ચે ભીંસાતું ત્યારે ઊભી થતી. બરફના એ પર્વતો આ નાની જળસુંદરીને એકસાથે આલિંગન આપવા માટે શા સારુ આટલા ઉત્સુક હશે એ જ 'ચેલ્યુસ્કિન'માં વસતા આ નાના કાફલાના નાના મગજમાં કેમે કરીને ઊતરતું ન હતું. રાત્રે તો યંત્રને પણ આરામ અપાતો, કારણ કે એ પ્રદેશની કાજળઘેરી ને કાળી ડિબાંગ મેઘલી રાત્રે આગળ એક ફૂટ પણ જોઈ ન શકાય, ત્યાં જહાજને દોરવું કઈ રીતે? એક વખત તો બરફનો એ ઘેરો એક

અજવાળિયા સુધી એવો તો ચાલ્યો કે બધા ગળે આવી ગયા.. દિવસ ને રાત યંત્રના સ્ક્રૂ ઢીલા ને કડક કર્યા જ કરવાના—એ થીજીને સજ્જડ ન થઈ જાય તેટલા માટે! અને જહાજના યંત્રને પણ એ જ કારણસર ચાલુ રાખવાનું. કોલસાનો જથ્થો અદૃશ્ય બનતો જતો હતો. પીવા માટેનું પાણી બરફ ઓગાળીને જ મળી શકતું. કોલ્ગેચીન ટાપુઓ પસાર કર્યા પછી તો વહાણમાં યંત્ર માટેનું પાણી પણ બરફમાંથી જ લેવું પડતું હતું. વળી હવે તો ધ્રુવ પ્રદેશની લાંબી રાત પોતાનો અંધાર-પછેડો આ પ્રદેશ પર પાથરવા લાગી હતી. ઑક્ટોબરમાં તો ઠીકઠીક અજવાળું મળતું, પણ ડિસેમ્બરમાં તો તેણે પોતાના સમયમાં કાપ મૂકીને ચાર જ કલાકનો પ્રકાશ કરી નાખ્યો હતો. અને ડિસેમ્બરનો અંત આવતાં તો માંડ એક કે અરધો કલાક જ પ્રકાશ આવતો હતો ને તે પણ આછા સાંધ્યતેજ જેવો, નારંગી રંગનાં કિરણોના શેરડાને રંગબેરંગી વાદળાંઓ પર છવરાવતો પ્રકાશ. પણ આ શેરડાઓ તો પૃથ્વી પર પ્રકાશ જેવી વસ્તુ છે તેના માત્ર સૂચન રૂપે જ હતા.

દરમ્યાન બરફની અદાલતનું કામ નિયમસર ચાલતું હતું. ભલેને ગમે તેવા મજબૂત બનાવટી સાક્ષીઓ ઊભા કરો, પણ બરફની આ અદાલત તો તમને ધ્રુવ પર આક્રમણ કરવાના ગુના બદલ કડકમાં કડક સજા ફરમાવવાની જ. 'ક્રેસીન' ને 'ઈટાલિયા' જેવી ભલભલી બરફ-વિનાશિકાઓને પણ સામ્રાજ્ઞીએ ફરમાવેલી સજા ભોગવવી જ પડેલી.

કૅપ્ટન વૉરોનિનતો હંમેશાં સૌથી ઉપરની ઓરડીમાં બેસીને ત્યાંથી ઝીણી નજરે આખા સમુદ્ર પર ચોવીસે કલાક મીટ માંડેલી જ રાખતા. જરા પણ ભય જેવું જણાય કે તરત સુકાનીને ટેલિફોનથી ચેતવણી આપતા. બરફનો એકએક પહાડ તેમની નજરમાં જ બંધાએલો રહેતો. આટલી બધી સાવચેતી છતાં પણ ઘણી વાર ગમે તે દિશામાંથી ઝડપથી દોડયા આવતા ખડકોને કાબૂમાં રાખવા એ તો સાવ અશક્ય જ હતું. એક વાર તો શુદ્ધ જળસાગરમાંથી એકાએક બરફનો એક પર્વત આવીને 'ચેલ્યુસ્કિન' પર તૂટી પડયો! સદ્‌ભાગ્યે એ ખડક સીધો ન વાગતાં એક બાજુએ અથડાવાથી એને ખાસ નુકસાન ન થયું. પરંતુ તેના આંચકાથી વાંકા થએલા વહાણ પર એક બીજા બરફ-યોદ્ધાએ આક્રમણ કર્યું. સમુદ્રને તળિયેથી કોઈ સબમરીને જાણે ટૉરપીડો ન મારી હોય તેવો ભયંકર આંચકો ચેલ્યુસ્કિને અનુભવ્યો. આંચકાની આ પરંપરાએ અંદર વસતા માનવીઓના હોશકોશ ઉડાડી મૂકયા અને ચેલ્યુસ્કિનના રહ્યાસહ્યા મજબૂત સ્નાયુઓને સાવ ઢીલા કરી નાખ્યા. છતાં પણ ભાગ્યશાળી ચેલ્યુસ્કિનને ખડકનો અણીદાર છેડો પાણીની સપાટીની નીચે ન વાગતાં ઉપર વાગ્યો એટલું સારું થયું, નહિતર દુનિયા સમક્ષ રજૂ થએલી આ સાહસકથાએ પણ ચેલ્યુસ્કિનની જળસમાધિ સાથે ત્યાં જ પોતાની કબર કરી હોત.

મરણિયા પ્રયત્નો કરીને ચેલ્યુસ્કિને પોતાની લડત ચાલુ કરી. આ પરિશ્રમના ફળ રૂપે આબોહવા પણ કંઇક સ્વચ્છ બની અને બેહરિંગની સામુદ્રધુની જોતાં તો ચેલ્યુસ્કિનમાં વસતી સાહસિકોની આ સૃષ્ટિનો આત્મા પ્રફુલ્લી ઊઠયો. પણ એમની એ યજમાન સામુદ્રધુની તેમની નજર સમક્ષ લળીલળીને આવકાર આપતા ઓળાની જેમ દેખાવા લાગી ત્યારે જ બરાબર કિસ્મતે પોતાની બાજી ફેરવી નાખી. ચેલ્યુસ્કિન પોતાની મંઝિલથી ફક્ત છ જ માઇલને અંતરે થનગનતું હતું અને શીતલ અનિલ હજી તો લહેરાતો હતો. એવામાં અચાનક ઉગ્રતાની પરાકાષ્ઠાએ પહોંચ્યો હોય એવો બરફનો ઝંઝાવાત આવી પડયો અને કોઈ લોખંડી પંજાથી ભીંસાતા હોય તેમ બરફના ખડકોએ ચારે દિશામાંથી એકસામટું આક્રમણ શરૂ કર્યું. વાતાવરણમાંથી વિકરાળતા છલકવા લાગી. જાણેકે કોઈ સ્વપ્નકથા થોડી ક્ષણો માટે વાસ્તવિકતાનો સ્વાંગ ધારણ કર્યા પછી આંખ ઊઘડે એટલા સમયમાં તો પાછી પોતાની સ્વપ્નભૂમિમાં સરી ગઈ! હિમપહાડોએ પોતાના અગણ્ય યોદ્ધાઓ સાથે ચેલ્યુસ્કિન ફરતી એવી તો સજ્જડ કિલ્લેબંધી કરી દીધી કે જેમાંથી આગળ વધવાનો પ્રયત્ન કરનાર જહાજ ત્યાં ને ત્યાં જ જળસમાધિ લે! ચેલ્યુસ્કિન નર્યું નિરાધાર બની ગયું. આ સ્થિતિમાં એનો એકમાત્ર આશરો હતો ફક્ત બિનતારી સંદેશપ્રેષકનો—વાયરલેસ ટ્રાન્સમીટરનો. ૧૯૩૪ની ૧૯મી જાન્યુઆરીએ દુનિયાના પહેલા અપૂર્વ વિમાની મદદકાફલાની તૈયારી વિષે જાહેરાત થઈ અને માનવીનું મગજ કામ ન કરે તેવા આ સાહસના આવતા જતા કરુણ અંત વિષે દુનિયાના લોકો થોડાથોડા સમયને અંતરે સનસનાટીભર્યા સમાચારના આંચકા અનુભવવા લાગ્યા.

ધ્રુવસાગરે જાણે પોતાની સર્વ શક્ય શક્તિને આ નાનકડા ચેલ્યુસ્કિનને રૂંધવામાં સંગઠિત કરી હતી. તેનાં પાટિયાં તૂટવા લાગ્યાં હતાં. આગળના ભાગમાં જ એક મોટું ગાબડું પડયું હતું. વહાણના વિનાશના છેલ્લા ભંગાણની ઘડીઓ ગણાતી હતી. શ્મિટે આફત સામે રક્ષણ કરવાની તૈયારીઓ પૂરી કરી હતી અને તે માટેની જરૂરી સામગ્રી નીચે ઊતરવાની રાહ જોતી વહાણના તૂતક પર પડી હતી. જહાજના દરેક ખૂણામાં ગોઠવાએલી વીજળિક ઘંટડીનો અવાજ થતાંવેંત દરેક સ્ત્રીપુરુષે પૂર્વયોજિત વ્યવસ્થા પ્રમાણે નક્કી કરેલ સ્થાને પહોંચી જવાનું હતું. એમાં જ્યારે એક મહાકાય બરફનો પર્વત બરફની સપાટી પરથી લસરતો લસરતો સામે ધસી આવ્યો ત્યારે તો કૅપ્ટનને ઘંટડી વગાડવા સિવાય બીજો માર્ગ જ ન રહ્યો. તરત જ બધો સામાન નીચે ઉતારી લેવામાં આવ્યો. પણ એવામાં વળી અચાનક બરફના પડ નીચેથી પાણીની સરવાણીઓ ફૂટી નીકળી અને ફરી પાછું હાંફળુંફાંફળું આખું ટોળું વહાણ પર દોડાદોડી કરવા લાગ્યું.

૧૩મી ફેબ્રુઆરીનો મધ્યાહ્ન થયો ત્યારે ચેલ્યુસ્કિને આ પાર કે પેલે પારનો નિર્ણય કરી લીધો. કાળ જેવા બરફના ઢગલા વહાણ પર પોતાનું સમગ્ર જોર અજમાવતા હતા. પોતાના અણખૂટ અને ઉમેરાતા જતા બળથી આગળ વધતા બરફને અટકાવવાનું કામ હવે અશક્ય જ હતું. અંતે બરફની ઊંચાઈ તપાસવા બેઠેલા કૅપ્ટન વૉરોનિનની ધીરજનો પણ અંત આવ્યો. બરફના ઢગો દરિયાની સપાટીથી ૨૯ ફૂટ ઊંચે સુધી પથરાઈ ગયા હતા. ત્યાં તો એક મોટો, અકલ્પ્ય, કાન ફાડી નાખે તેવો અને સંસારભરમાં શૂન્યતા ફેલાવી દે તેવો ધડાકો—અને વહાણ પર બરફના ઢગલાઓ દીવામાં જઈ પડતાં પતંગિયાં જેમ કૂદી પડવા લાગ્યા! સ્ત્રીઓની કાન અને કાળજાં વીંધી નાખે તેવી તીવ્ર ચીસો તો આ અવાજમાં કયાં યે ડૂબી ગઈ. પાટિયાં ધડોધડ તૂટવા લાગ્યાં એટલે હવે તો નીચેના ભાગમાંથી પણ બરફ ધસવા લાગ્યો. વરાળયંત્રની ઓરડીમાં પણ જળબંબાકાર થઈ રહ્યું. કાનને બહેરા બનાવી દેતાં કડાકાઓમાં હવે વધુ દબાણથી ફાટતી વરાળતંત્રની નળીઓની ચીસોએ એક નવી જ ભીષણતા ઊભી કરી અને હાલમડોલ થતા ચેલ્યુસ્કિનની મદદ માટેની બૂમોની પરંપરાએ વાતાવરણ ભરી દીધું. ઉત્તર ધ્રુવ જાણે ચેલ્યુસ્કિનના પરાજયની ખુશાલીમાં તાંડવ નૃત્ય કરતું હતું. કાફલાનાં માણસો ઘૂંટણભર પાણીમાં હજી કામ કરતા હતા. પણ છેવટે પાણી ઊંચે ચડી આવ્યું. માણસોએ નિસરણી મૂકીને ઊતરવાનું શરૂ કરી દીધું. જહાજ હવે થોડી પળોનું મહેમાન હતું, એટલે અંતે મદદનો છેલ્લો સંદેશો મોકલી સંદેશપ્રેષક યંત્રને સમેટી લેવામાં આવ્યું. પાણી જ્યારે તૂતકને પણ ડુબાડવા લાગ્યું ત્યારે 'દરેક માણસ બરફ પર'ની છેલ્લી ચેતવણી આપીને શ્મિટ અને વૉરોનિને ચેલ્યુસ્કિનને દબદબા ભરી આખરી સલામ આપી. અંતે એક તૂટી પડતા પાટિયાએ જ વૉરોનિને

વહાણના મોંહમાંથી છૂટાં કર્યાં. ત્યાં તો વહાણ પર ઑરીસ ઑગીઇવે- વિચનો સફેદ પૂણી જેવો ધ્રૂજતો ચહેરો નજરે ચડયો. પણ કોઇ તેને બચાવે તે પહેલાં તો તેણે દોડીને પાણીમાં કૂદકો માર્યો ને ધસી આવતા બરફની મદદથી તેણે સ્વેચ્છાએ પોતાના પ્રિય જહાજ સાથે જળસમાધિ સ્વીકારી! માનવી ને જહાજ વચ્ચે પણ કેટલી અખૂટ મહોબ્બત!

હવે તો વૈજ્ઞાનિકોની એ સૃષ્ટિ બરફના એ અફાટ વિસ્તાર પર નિરાધાર તરતી હતી. પણ હિંમત હાર્યે પાલવે તેમ નહોતું. પ્રથમ કાર્ય તો સ્ત્રીઓ અને બાળકોનું બરફના પહાડોથી રક્ષણ કરવા માટે બૂ- ઓ ઊભા કરવાનું હતું. એ પત્યા બાદ બિનતારી સંદેશ-પ્રેષકના યંત્ર- સંચાલક અર્નેસ્ટ ક્રૅન્કલે એરીઅલ નાખવાનું શરૂ કર્યું. પણ પોલા બરફમાં થઇને કઠણ બરફ સુધી તેના વાંસ જ ન ખૂંચતા, માંડમાંડ તેમને ઠેકાણે લાવીને ક્રૅન્કલે તંબૂમાં જઇ છૂટા પાડેલા યંત્રના સ્ક્રુ અને ચાકીઓને ભેગાં કરવા માંડયાં. તેની પાસે હાથનાં મોજાં પણ ન હતાં. શૂન્યની નીચે ૭૦ ડિગ્રી પર પારો બતાવતી ઠંડીમાં પકડ અને છરીથી તેના હાથમાં બળતરા ચાલી હતી. પણ અંતે તેણે યંત્ર તૈયાર કર્યું અને હેડફોન કાને ચડાવી રેડિયોની બૅટરી ચાલુ કરી. વાતાવરણ- માં રેડિયો-સ્ટેશનોની શોધ શરૂ થઈ અને થોડી વારમાં તેણે રશિયન ભૂમિ પરના એક સ્ટેશનને પકડી પાડયું—ફક્ત ૭૭ માઇલ જ દૂર! વેલનના રેડિયો સ્ટેશનની સંચાલક લુડમીલા સ્કેડર, કોઇ બીજા જ સ્ટેશનને શ્મિટના કાફલા વિષે પૂછપરછ કરતી હતી ત્યાં જ બરાબર આ ભાઇએ સંદેશા-વ્યવહાર ચાલુ કર્યો! ક્રૅન્કલે એ બંનેને બોલાવ્યાં પણ જવાબ જ ન મળ્યો! ફરીફરી તેણે ખૂબ મહેનત કરી, પણ નિષ્ફળતાએ જ તેને જકડી રાખ્યો. તેને લાગ્યું કે એરીઅલ લાંબુ કરવું પડશે, પણ બરફના વંટોળિયામાં તે અશક્ય જ હતું. બીજી સવારે વળી તેણે બીજી જ રીતે પ્રયત્ન કર્યો. કલાકો પછી કલાકો તેના 'ટિટ ટા...ટિટ ટા'માં વીતવા લાગ્યા અને સાથેસાથે બરફ પર લટકતા નસીબ સાથે બંધાએલાં માનવીઓના શ્વાસ પણ ઊંડા અને ઊંડા ઊતરવા લાગ્યા. અચાનક એ શ્વાસને સાવ થંભાવી દે તેવો ક્રૅન્કલનો અવાજ સંભળાયો: 'વેલનથી જવાબ આવે છે!' આખરે તેણે દુનિયા સાથેનો સંબંધ સાંધી કાઢયો હતો!

આમ તો પિતૃભૂમિ નજરે તરવરતી હતી, છતાં શ્મિટે લાંબી ચર્ચાઓને અંતે પગે ચાલીને ત્યાં સુધી પહોંચવાનું જોખમ તો ન જ ખેડવાનું નક્કી કર્યું. ૧૦૦ કૂતરાની એક ટુકડી તેમની શોધમાં નીકળી ચૂકી હતી, પણ શ્મિટને તે મળવાની જરા પણ આશા ન હતી, કેમકે આ કામમાં ખાસ તો 'ચાઉકી'ના જ વતનીઓ ઉપયોગમાં આવતા અને તેઓ જરા પણ ખરાબ હવામાન હોય તો બહાર નીકળવાની હિંમત ન કરતા. ત્યારે આ આખો કાફલો જો પગે ચાલવાની હિંમત કરે તો સ્ત્રીઓ, બાળકો, દરેક માણસને ઉપાડવાનું વજન, રેડિયોની સામગ્રી અને મદદ માટે નીકળેલી ટુકડીને મળવાની અનિશ્ચિતતા, આ બધાં જ વિષે વિકટ મુશ્કેલીઓ ઊભી થાય એમ હતું. વળી હોકાયંત્ર પણ બગડી ગયું હતું એટલે દિશા પણ કેમ નક્કી કરવી? અંતે તેણે પોતાનો આખરી નિર્ણય જાહેર કરી દીધો કે પોતાને સોંપાએલા કાફલાનાં માણસોની જિંદગી સાથે જુગાર રમવાનો તેને જરા પણ હક્ક ન હતો. આ લોખંડી નિર્ણયના સમાચાર તેણે રશિયા પણ મોકલાવી દીધા.

ફક્ત એક જ આશા હતી: એરોપ્લેનની મદદની; જે આવા તોફાનમાં સાવ અશક્ય મનાતી હતી. છતાં પેલી પુરાણકથાનાં ટ્રૉયનાં માણસો- ની જેમ, આ આખા કાફલાએ ઊંચાનીચા બરફના ખાડાટેકરાને વિમાન ઊતારી શકે તેવા સપાટ મેદાનમાં ફેરવી નાખવાનો મહા પ્રયત્ન શરૂ કર્યો. હજારો ટન બરફ ખસેડાવા લાગ્યો; છતાં કેટલીક વાર બરફનું એક જ તોફાન એ બધી મહેનત પર બરફ ફેરવતું. પણ આ રશિયન જવાંમર્દોનું કોઇ માપ ન હતું, તેમની ધીરજને સીમા ન હતી. તેમની પાસે બે માસ ચાલે એટલો ખોરાક હતો. સવારે ચા અને એક એક બિસ્કિટ, બપોરે દાળ અથવા રાબ યા ભાત, અને સાંજે પણ એ જ તેમનો ખોરાક હતો. આટલું ખાઇને તેઓ રોજ બ રોજ, કોઇક વિમાન આવી પહોંચે એ આશાના દોર પર તેને આવકારવાની તૈયારી કરવા લાગ્યા.



પ્રોફેસર ઑટો શ્મિટ
ચેલ્યુસ્કિન એક્સ્પીડીશનના નેતા

દરમ્યાન પૃથ્વી પર પોતાનો વિશાળ પટ પાથરીને પડેલા રશિયાના ખૂણેખૂણેથી વિમાનો આર્કટિકના કિનારા તરફ સુસવાટા કરતાં ધસવા લાગ્યાં. પરંતુ વાતાવરણ જોતાં સૌ એ ટુકડીના બચાવની શક્યતા વિષે હાથ ધોઇ નાખતું. યંત્ર કે માનવ ત્યાં સુધી પહોંચે એ અશક્ય હતું.

પરંતુ સાત રશિયન વિમાનવીરોની તાકાતે દુનિયાને સિદ્ધ કરી બતાવ્યું કે પુરુષાર્થનું ફળ માણસને મળે જ છે. ધ્રુવ–સાહસોના ઇતિહાસમાં આ એક અપૂર્વ સાહસ હતું; સાથેસાથે વિમાન ચલાવવાની કળામાં પણ તેમણે એક નવી યશરેખા ઉમેરી. એ કળાકારોના મહામૂલાં નામો છે: એનેટોલી લીપીડેવ્સ્કી, વાસિલી મૉલોકૉવ, સીગીસમન્ડ લેવાનેવ્સ્કી, મેથ્રીકી સ્લેપ્ન્યૉય, નીકોલાઈ કેમેનીન, મીખેઇલ વોડોપ્યાનોવ અને ઇવાન ડોરોનીન.

મોઢું વકાસીને પડેલા સાક્ષાત કાળના મુખમાં સ્વેચ્છાએ કૂદી પડવાની હિંમત કરનાર આ વીર પુરુષો વેલન એરોડ્રોમ પર પહોંચ્યા ત્યારે સત્તાવાળાઓએ તેમને ચોખ્ખું જણાવી દીધું કે તેઓ આત્મઘાત કરી રહ્યા હતા. ઉડ્ડયન તો ફક્ત ૯૦ માઇલનું જ હતું, પણ વચ્ચે કઈ મુશ્કેલી ન હતી? કદાચ યંત્ર હવામાં જ થીજી ગયું તો? તે ઉપરાંત બરફનાં તોફાનો તો હતાં જ. વળી માનવીએ મથીમથીને હાથે બનાવેલા ત્યાંના કાચા બરફના એરોડ્રોમ પર ઊતરવું એ પણ નાનીસૂની વાત ન હતી.

વેલન એરોડ્રોમ પર સૌ પહેલો પહોંચનાર લિપિડેવ્સ્કી હતો. તેનું બરફ જેવું ઠંડું વિમાન શ્મિટની છાવણીએ પહોંચવા માટે ઊપડે તે પહેલાં પેટ્રોલને ઉકાળવું પડયું! પાછળથી તેણે પોતાની આપવીતીમાં કહ્યું, 'પારો શૂન્યની નીચે ૬૧ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. ગરમ પાણી પણ ઠંડા મશીન પર રેડાતાં જ બરફ બનતું જતું હતું. મેં કૅબિનમાં મારી જગ્યા લીધી ત્યારે મારી પાંપણોને થીજી જતી અનુભવી શક્યો. ખૂબ જ મુશ્કેલીએ વિમાનને આકાશમાં તરતું કર્યા પછી મારા ચહેરાની ચામડી પરનું દબાણ વધી ગયું અને ચામડીમાં ખૂબ જ દર્દ થવા લાગ્યું. બરાબર તે જ વખતે ડાબી બાજુનું યંત્ર ઉધરસ ખાવા લાગ્યું. મેં નીચે ઊતરવાની શરૂઆત કરી: થતા દર્દને સહન કરવા માટે મેં દાંત કચકચાવ્યા અને વિમાન નીચે ઊતરે તેટલી વાર હોશમાં રહેવાનો પ્રયત્ન કર્યો.

અંતે એરોપ્લેને બરફ પર પૈડાં ટેકવ્યાં પણ હજી તો એ અર્ધું ગતિમાં હતું ત્યાં જ યંત્રનું સમારકામ કરનાર રૂકોવ્સ્કી કૂદકો મારીને ઊતરી પડ્યો અને થોડી જ વારમાં બરફ લાવીને મારા ચહેરા પર ઘસવા લાગ્યો. (ઠંડીથી બચવાનો આ એક ઉપાય છે.) બીજે દિવસે મારા ચહેરા પર પાટા બાંધીને ફરી હું મારી કૅબિનમાં ગયો ત્યારે મારી ચામડી બળતી હતી અને તેમાંથી લોહી ટપકતું હતું.'

છતાં લીપીડેવ્સ્કીએ બધા થઈને કુલ ૩૬ પ્રયત્ન કર્યા! પણ તે બધાને ધ્રુવે પરાજિત કર્યા. ૧૩મી ફેબ્રુઆરીએ ચેલ્યુસ્કિનના આવેલા કરુણ અંતની ઘટના રેડિયો પર સાંભળી તેનું હૃદય દ્રવી ગયું. પોતાની જ નિષ્ફળતાને લીધે અત્યારે ૧૦૨ માનવીઓની જિંદગી જોખમમાં છે એ ખ્યાલથી તેને શરમ આવી. હવે તેને ખરું શૂર ચડ્યું અને રિમટ અથવા તો મૃત્યુ સિવાય વતન પાછા ન ફરવાના સોગંદ લીધા. 'ચોઉકી'ના રહેવાસીઓ પોતાની હિમ-ઝૂંપડીઓમાં ચરબીના દીવાની હૂંફ લઈ રહ્યા હતા. બહાર પવન અને બરફના વંટોળિયા વચ્ચે શરત લાગી હતી, ત્યારે આ યુવાને જોખમમાં જીવવાની મોજ અનુભવવાનું નક્કી કર્યું.

આખરે તેની હિંમતે કુદરતને લાચાર બનાવી અને પાંચમી માર્ચે તેની કસોટીનો અંત આવ્યો. ઉડ્ડયન દરમ્યાન સતત રીતે નીચે નજર રાખવા છતાં છાવણીનું નામનિશાન તેને ક્યાંયે દેખાતું નહિ. ત્યાં તો દેખાતાં માત્ર અફાટ સાગર અને તેમાં તરતા બરફના ખડકોની અનંત હારમાળા જ. 'એવામાં અચાનક અમને ધુમાડો દેખાયો અને અમારા આશાસાગરમાં ભરતીની છોળ આવી. જીવન અને મૃત્યુના ઝૂલે ઝૂલતાં એ માનવીઓને અમારા આગમને કેવો આનંદ આપ્યો હશે તેની કલ્પના જ થઈ ન શકે; એ કેવળ અનુભવીને જ જાણી શકાય. કોઈપણ ક્ષિતિજ વગરના કે વૃક્ષો યા જીવજંતુ કે પ્રાણી વગરના, બરફના અફાટ શાંત પ્રદેશ પર નિરાધાર પડેલાં એ માનવીને મન તો અમારું આગમન નર્યા ચમત્કાર રૂપે જ હતું. તેમણે પોતાના તંબૂમાંથી આવીઆવીને આનંદની કિકિયારીઓ વડે અમને આવકાર આપતાંઆપતાં જ્યારે ઐતિહાસિક વાતાવરણ ખડું કર્યું, ત્યારે અનંત કાળથી સ્મશાનશાંતિમાં જ વસતા એ બરફના કણો પણ જાણે એ કોલાહલથી આશ્ચર્યમુગ્ધ બની ઊઠ્યા!'

માનવે મહેરામણ પર ઊભા કરેલા એ એરોડ્રોમની ફરતાં લિપિડેવ્સ્કી ખૂબ ઉત્સુકતાથી ચક્કરો મારવા લાગ્યો. અંતે, ઓછામાં ઓછા ૫૦૦ ફૂટ પહોળા રસ્તા પર ઊતરવાને ટેવાએલા લિપિડેવ્સ્કીએ ૧૬૦ ફૂટના રસ્તા પર જ્યારે ઊતરાણ કર્યું ત્યારે તેના પોતાના મગજ પર પણ આશ્ચર્ય છવાઈ ગયું, અને થોડી જ વારમાં આ સાહસવીર રિમટના પહોળા ખભા વચ્ચેની લોખંડી ભીંસમાં જકડાઈ રહ્યો.

પણ અભિનંદનની અદલાબદલી માટે ત્યાં સમય ન હતો. તરત તે બે બાળકો અને દસ સ્ત્રીઓને એરોપ્લેનમાં ચડાવવામાં આવ્યાં. શૂન્ય નીચે ૮૦ ડિગ્રીની ઠંડી અને ગાઢ ધુમ્મસ વચ્ચે વિમાન ધીમેધીમે ઊંચે ચડ્યું અને થોડા કલાકોમાં તો લિપિડેવ્સ્કી પોતાની પ્રતિજ્ઞા પૂરી કરીને પિતૃદેશ પહોંચી ગયો.

એ પછીના બીજા પ્રયત્નો તેણે ૧૦, ૧૧, ૧૨ ને ૧૩મી માર્ચે કર્યા. છેલ્લા પ્રયત્નમાં તેના વિમાનને અકસ્માત થયો, પણ પોતે અને મદદનીશ સલામત તેમાંથી બહાર નીકળી આવ્યા. જોકે તેમણે તો ત્યાં ભૂખમરા અને બરફના તોફાન વચ્ચે જીવવા કરતાં એ અકસ્માતથી થએલા મૃત્યુને જ વધુ પસંદ કર્યું હોત. પણ માગ્યાં મોત કોને મળે છે? અચાનક એક 'ચોઉકી'ની નજરે તેઓ ચડી ગયાં, અને તેણે તેમને બચાવી લીધા.

દરમ્યાન બીજા વિમાનવીરો પોતાનાં વિમાનોને ઉત્તર ધ્રુવ તરફ આગળ ઝુકાવી રહ્યા હતા. એક કાફલામાં ડોરોનીન અને વોડોપ્યાનોવ હતા, તે ગેડાંકેન નામના સ્થળે જાપાન તરફથી આવતા એક વાવાઝોડામાં સપડાઈ ગયા. તેમનાં વિમાન હવામાં જ આમતેમ ઊછળવા લાગ્યાં. અંતે મહામુશ્કેલીએ તેઓ નીચે ઊતર્યા.

એનેડીર ખાતે બીજો કાફલો તૈયાર હતો, પણ એ જ મોટા દુશ્મને - બરફના વાવાઝોડાએ તેમનાં થનગનતાં દિલને પાંચ દિવસ સુધી રિબાવ્યા. તેમનાં યંત્રો પર બરફના કણો જામી ગયા. દરમ્યાન ડોરોનિન અને વોડોપ્યાનોવે બીજા થોડા ચેલ્યુસ્કિનવાસીઓની જિંદગી ઉગારી લીધી.

સાતમી એપ્રિલે મોલોકોવિચ અને કેમેનીન રિમટના કૅમ્પ પર પહોંચી ગયા, ને રિમટે તૈયાર કરેલી નામાવલિના ક્રમ પ્રમાણે તેમણે બની શકે તેટલા માણસોને પિતૃદેશનાં દર્શન કરાવ્યાં. એ નામાવલિ છાવણીનાં માણસોની શારીરિક તપાસ કર્યા પછી તૈયાર થઈ હતી. રિમટને પોતાને ફેફસાનું દર્દ ગંભીર રીતે ચાલુ હતું, છતાં છાવણીમાં એક પણ માણસ હોય ત્યાં સુધી તેમણે પાછા જવાની સાફ ના પાડી દીધી. મોલોકોવનું વિમાન બે જણ માટેનું હોવા છતાં તેમાં તેણે ચાર જણને લીધા. તે ઉપરાંત પૅરેશૂટ રાખવાની જગ્યાએ બીજા બે માણસોને લઈ લીધા.

પણ હવે તો બરફનું મેદાન ચિરાડો બતાવવા લાગ્યું હતું. એવામાં એક ચિરાડે બરાબર એમની ઝૂંપડીમાંથી જ પસાર થવાનું પસંદ કર્યું. ઝૂંપડી ગંજીપાનાં પાનાંની જેમ તૂટી પડી.

રોજ એકએક વિમાન આવતું અને શક્ય તેટલાં માણસોને લઈને અદૃશ્ય બનતું. પણ બધાં માણસોને યમદેવનાં જડબાંમાંથી બહાર નીકળવાનો સમય રહેશે ખરો? આ પ્રશ્ન વિમાનવીરોને ખાસ મૂંઝવતો હતો. જો એકેએકને ન બચાવી શકાય તો તેમની વિદ્યા શા કામની?

એકલા મોલોકોવે જ આ પ્રદેશ પર નવ વખત ઉડ્ડયન કર્યું હતું. અંતે તેના વિમાનમાં આવનાર છેલ્લો માણસ પ્રો. રિમટ હતો. મૉસ્કોના ઉચ્ચ સત્તાવાળાઓએ એ વિમાનવીરોને વાયરલેસથી સખ્ત હુકમ કર્યો હતો કે પ્રો. રિમટને તેમની ઈચ્છા વિરુદ્ધ પણ હવે બળાત્કારે છાવણીમાંથી પાછા લાવવા. આ હુકમની નાફરમાનીનો અર્થ વિમાનીઓ માટે દેહાંતદંડ હતો. રશિયાના સત્તાધારીઓએ સ્લેપ્ન્યૉવ અને લેવાનેવ્સ્કીને મોટાં વિમાનો ખરીદવા અમેરિકા મોકલ્યા. દરમ્યાન રિમટની ગેરહાજરીમાં તેના મદદનીશ બોબ્રોવે બધી જવાબદારી કુનેહપૂર્વક સંભાળી લીધી. ૧૩મી એપ્રિલના પરોઢિયે મોતના મુખમાં હોમાતા બલિદાનનો છેલ્લો જથ્થો પણ આ વિમાનવીરોની સાવચેતીથી યમદેવ પાસેથી ઝૂંટવી લેવાયો. મોલોકોવ અને બીજાં બે વિમાનો સમયસર આવી પહોંચ્યાં. રેડિયોએ બરફગઢમાંથી દુનિયાના લોકોને ચકિત કરતો છેલ્લો સંદેશ હવામાં રેલાવ્યો: '૧૩મી એપ્રિલ, રેડિયો બંધ થાય છે. અરધા કલાકમાં હું કૅપ્ટન વૉરૉનીન અને વાયરલેસ ઑપરેટર કૅન્કલ, છાવણીને છેલ્લી સલામ કરીશું. છાવણી પર લાલ ધ્વજ ફરકી રહ્યો છે. જય પિતૃદેશ!'

એકેએક જીવને બચાવી લેવાયો હતો. માનવી ઉપરાંત દરેક કૂતરાની જિંદગીની કિંમત પણ તેમને મન ખૂબ હતી. કિંમતી વસ્તુઓની પણ સાવધાનીથી હેરફેર થઈ ગઈ.

અહીં પૂરી થાય છે સાહસિકોના ઇતિહાસની એક સુવર્ણાંકિત ગાથા,—માનવીના હૃદયમાં વસતાં સાહસ, જવાંમર્દી, ધીરજ, કાર્યશક્તિ, માનવીની જહાજ સાથેની મહોબ્બત, બલિદાનની અપૂર્વ ભાવના, પિતૃદેશ પ્રત્યેનો પ્રેમ છતાં ફરજનું અડગ પાલન, અને છેલ્લે પોતાની જ જવાબદારી પર મોતના મુખમાં ધસવા જેટલી ઝિંદાદિલીનો જ્વલંત અને અજોડ ઇતિહાસ.

['ફિફ્ટી ગ્રેટ ઍડવેન્ચર્સ ધૅટ શ્રિલ્ડ ધ વર્લ્ડ' માંથી]

શ્રદ્ધાધન હિંદુઓનું શ્રેષ્ઠ યાત્રાધામ પુરી · અને · કોનારક પ્રાચીન કલાલક્ષ્મીનો શ્રેષ્ઠ અલંકાર

કલાચાર્ય અવનીન્દ્રનાથની કલારસિકતાના કાળનાં સંસ્મરણો આલેખતી **આત્મકથા જોડાસાંકોર ધારે**

શ્રીમતી રાણી ચંદના બંગાળી ઉપરથી અનુવાદક **રમણિક મેઘાણી**

હું નાનો હતો ત્યારે જગન્નાથ પુરીના પંડાઓ અમારે ત્યાં આવતા. વરસમાં એકાદ વાર તો આવે જ આવે. અને એમના આવતાંની સાથે જ જગન્નાથનાં દર્શનની ઈચ્છા બા, ફઈબા, બાળકો, નોકર–દાસી, આડોશી–પાડોશી સૌનાં મનમાં જાગતી. જગન્નાથનાં દર્શનની એ ઉત્સુકતા કંઈ અજબ હતી. પંડાને ઘેરીને સૌ કહેતાં 'ઓ પંડા ઠાકુર, ક્યારે દેવ-દર્શન કરાવો છો, કહોને?' અને એકાદ-બે દાસી તો એમની સાથે નીકળી જ પડતી.

એ પછી ઘણે સમયે હું મોટો થયો, પુત્ર-પૌત્રાદી થયા, રવિકાકાએ પુરીમાં મકાન ખરીદ્યું, બહુએ પણ મકાન લીધું અને મને યે જમીન ખરીદવા કહ્યું. જગન્નાથનાં દર્શનની ઈચ્છા બાના મનમાં સદૈવ રહ્યા કરતી, એટલે થોડીક જમીન ખરીદી નીલકોઠીવાળું એક મકાન પડાવી નાખ્યું. એમાંથી મકાન બંધાવવા સારો એવો સરંજામ પણ મળ્યો અને હાથમાં થોડાક હજાર રૂપિયા પણ આવી ગયા. એમાંથી પુરીનું મકાન તૈયાર થયું. એનું નામ 'પાથાર પુરી.'

એ દિવસોમાં પુરી જવાનું મહત્ત્વ મુસલમાનોની મક્કાની હજ જેવું હતું. બા, વહુ, દાસી અને બાળગોપાળ સાથે જગન્નાથનાં દર્શને હું પુરી જવા ઊપડ્યો. સૌ ખૂબ ઉત્સાહમાં હતાં. બા આખી રાત જાગતી બેઠી હતી. અમે સૌ પોતપોતાને બાંકડે લાંબા થઈને સૂતાં હતાં. કટક કે એવું જ કંઈ સ્ટેશન આવતાં પાલખીવાળા ઊડિયાઓનાં 'હુમ્પા હુઆ, હુમ્પા હુઆ' અવાજ કાને પડતાં જ બા સૌને જગાડવા લાગ્યાં કે ઊઠો, ઊઠો, ઊડિયાઓનો દેશ આવી ગયો. હડબડ કરતાં સૌ ઊઠી ગયાં. ઊડિયાઓનું એ 'હુમ્પા હુઆ' બહુ ગમ્યું. જાણે એ શબ્દોમાં જગન્નાથનો સાદ સંભળાતો હતો, જાણે એ જગન્નાથનો શબ્દદૂત હતો. એ શબ્દો દ્વારા પંડા ઠાકુરની બધી વાતો તાજી થઈ ગઇ.


ટ્રેન ઝપાટાભેર ચાલી જતી હતી. કોણ મંદિરનું શિખર પહેલું જોવા પામે છે એવી વાતો કરતાં અમે બારી બહાર ડોકિયાં કરી રહ્યાં હતાં. થોડી જ વારમાં સવાર પડી અને દૂરથી મંદિરનું શિખર દેખાયું. એ જોતાં અપાર આનંદ થયો. મનમાં થયું, જાણે આવો જ કે આથી યે વધુ આનંદ ચૈતન્યદેવને થયો હશે. જોકે અમે તો રેલરસ્તે જતાં હતાં. તે પછી એવો જ આનંદ સમુદ્રદર્શનનો હતો. સ્ટેશન પાસે જ મકાન હતું. ત્યાં જઈને ઉતાવળો ઉતાવળો બહારના વરંડામાં ગયો. જોયું તો શું અજબ નીલાં નીર હતાં! આંખો ત્યાં જડાઈ જતી હતી. અને કેવો ઘુઘવાટ! કેવી હવા! જાણે જગન્નાથનો શંખ ફૂંકાય છે.

એકાદ બે દિવસમાં બધું વ્યવસ્થિત થઇ ગયું. એક પછી એક સૌ દર્શને જઇ આવ્યાં. ઘરનું નાનું-મોટું, દાસી-નોકર કોઈ જ બાકી ન રહ્યું.

વૂડરફ, (સર જૉન વૂડરફ) વગેરે પણ આવતા. ને અમારે ત્યાં જ ઊતરતા; કોનારકનું મહત્ત્વ એમને મન બહુ હતું. પુરીમાં શોભનલાલ-મોહનલાલ(દૌહિત્રદ્વય)ને કારણે ઘણી મઝા કરી છે.


ઉપરાઉપર પાંચ વરસ સુધી પુરી ગયો હતો. સમુદ્રની હવા જેટલો વખત રહેતી તેટલો વખત બા ત્યાં રહેતી. વાયરો ઊલટી દિશામાં વળતાં જ બા કહેતી, 'હવે વધુ નહિ; ચાલો કલકત્તા.'

એક વાર મોટા બાપુજી (દ્વિજેન્દ્રનાથ ઠાકુર) માંદગી પછી સાજા થવા પુરી આવ્યા હતા. મારા મકાનની બાજુનું મકાન જ એમને માટે રોકી લીધું. સાથે હતા કૃતીભાઈ, હેમલતા વહુ ને નોકર મુનીશ્વર. મોટા બાપુજી આવી ગયા એટલે મળવા ગયો. જઇને જોઉં છું તો મુનીશ્વર ઉપર પહેલે માળે એક મોટી પાટ લઈ જાય છે. પૂછ્યું કે વાત શી છે? તો મોટા બાપુજીએ કહ્યું કે 'આ તે કેવું મકાન છે? મેં તો માન્યું કે બરાબર સમુદ્ર પર જ મકાન હશે. બેઠોબેઠો મઝાથી જોઇશ. પણ અહીં તો કોઈ એવું મકાન નથી. વચ્ચે કેટલે સુધી રેતાળ પ્રદેશ છે.' મેં ખુલાસો કર્યો ે અહીં સમુદ્રકાંઠે આવેલાં બધાં ાકાનો આ ધોરણનાં જ છે, એક-મ મકાનને ઘસાઇને સમુદ્ર જતો ાય તેવું તો કેમ બને? પણ મોટા ાપુજીનું મન વરંડામાં બેસીને મુદ્ર જોવાથી ધરાતું નહોતું. ઉપર પહેલે માળે ચબૂતરાની સામે એક



ભારતીય કલાલક્ષ્મીના ઝાંઝર સમું કોનારક(કોણાર્ક)નું આ સૂર્યમંદિર

જગન્નાથ પુરીથી ૨૦ માઇલ દૂર ઓરિસ્સાના દરિયાકિનારે આજથી ૭૦૦ વરસ પહેલાં બંધાએલું. બંગાળના તોફાની સાગરના સૂસવતા પવનોની થપાટો ખાઇને તેનું મુખ્ય મંદિર તો નાશ પામીને આજે માત્ર ઉપર દર્શાવેલો સભામંડપનો ભાગ જ બાકી રહ્યો છે. વિશેષ દર્શન પછીના પાને.



૧૯૨ ફીટ ઊંચા શિખર ઉપર ભગવાન વિષ્ણુનું ચક્ર અને ધ્વજ ધારણ કરી ઊભેલું ૭૦૦ વર્ષ જૂનું જગન્નાથ-નું આ મંદિર ભારતમાં જન્મેલા પ્રત્યેક શ્રદ્ધાવાન હિંદુનું એક કાળે શ્રેષ્ઠ યાત્રાસ્થળ ગણાય. પૂર્વજના મહા-રાજા રણજિતસિંહે કોહીનૂર આ મંદિરને અર્પણ કરેલો કહેવાય છે, પણ એના વંશજોએ એનું પાલન કર્યું નહિ.


મોટી પાટ ઉપર કોચ બિછાવી તેના ઉપર બેઠાબેઠા આરામથી સાગરને નિહાળશે ત્યારે જ એમના ચહેરા પર પ્રસન્નતા રેલાશે. હસતાંહસતાં એમણે મને પૂછ્યું, 'તમારે ત્યાંથી આવું સુંદર દેખાય છે ખરું? માથું ખજવાળીને મેં જવાબ આપ્યો, 'લગભગ આવું જ દેખાય છે.'


મોટા બાપુજી બહુ ભલાભોળા હતા. એક દિવસ સાંજે આવીને કહે, 'ચાલ, જરા સતુને ઘેર થતા આવીએ.' હું ને કૃતિ એમની સાથે હતા. થોડી વાર વાતચીત કરી સૌ ચૂપચાપ બેઠા, અને વધુ બોલવા જેવું હતું યે શું? સાંજ ઢળતી હતી. અમે ઊંચાનીચા થતા હતા, પણ મોટા બાપુજી તો નિર્વિકાર ચિત્તે બેઠા હતા. ઊઠવાનું ચિહ્ન સરખું યે એમના ચહેરા પર નહોતું જણાતું. ધીરેધીરે રાત પડી અને એમનો વાળુ કરવાનો વખત થયો. ઓચિંતાના એ 'મુનીશ્વર! મુનીશ્વર!' એમ સાદ પાડી ઊઠયા કે તુરત કૃતિએ કહ્યું કે 'મુનીશ્વર અહીં કયાંથી? એ તો ઘેર છે.' 'ઓહ એમ વાત છે? આ ઘર કોનું છે? હું તો વિચારતો જ હતો કે હજી યે મુનીશ્વર કેમ મારું વાળુ ન લાવ્યો; રાત તો પડી ગઈ. ઠીક ત્યારે, મારી જ ભૂલ થઈ ગઈ?' કહી એ ખડખડાટ હસી પડયા!

ત્યાંની કઈ વાત કરું ને કઈ ન કરું? પણ બધું ક્રમવાર યાદ નથી. કેટકેટલીયે વાતો છે. એક વાર હું ખોવાઈ ગયો હતો એની યે વાત છે! પુરીમાં ઘણા દિવસ થયા એટલે આપણને તો એમ કે પુરી આખું મારા નખદર્પણમાં છે. એક દિવસ ફરતોફરતો સાગરતીરે ચક્રતીર્થ વટાવી આગળ ચાલ્યો ગયો. સીધો મારગ મૂકી રેતીના પટ ઉપર ધપાસ ધપાસ કરતો ચાલતો હતો. કેટલે દૂર નીકળી ગયો એ કોણ જાણે! ઓચિંતાનું ભાન થયું. જોઉં છું તો સૂર્યાસ્ત થઈ રહ્યો છે. જ્યાં નજર કરું ત્યાં ચારે બાજુ રેતી જ રેતી! ન દેખાય જગન્નાથનું મંદિર, રસ્તો કે બીજું કંઈ: માત્ર સાગરનો ઘુઘવાટ જ સંભળાય. કઇ તરફ જાઉં એની ભારે વિમાસણ થઇ પડી! તારા જોઇને ચાલું, પણ એનું યે ત્યારે કંઇ ભાન-જ્ઞાન નહોતું. એકદમ સ્તંભિત બની ગયો. છેવટે સાગરના ઘુઘવાટવાળી દિશા તરફ વળ્યો. થોડી વારે લાકડીને ટેકેટેકે ચાલતી એક ડોશી મળી. એણે મને પૂછયું કે 'કયાં જવું છે?' મેં કહ્યું, 'ચક્રતીર્થ.' વિચાર્યું કે ચક્રતીર્થ પહોંચી જાઉં તો બસ. ડોશીએ કહ્યું, 'પણ તમે જે બાજુ જાઓ છો ત્યાં તો દરિયો છે. મારી સાથે ચાલ્યા આવો. હું ચક્રતીર્થ જ જાઉં છું.' ડોશીની સાથે ચક્રતીર્થ પહોંચ્યો ત્યારે નિરાંત થઈ. નહિ તો આખી રાત ફર્યા કરત તો યે કંઈ જ માર્ગ શોધી શકત નહિ. 'ભૂતપત્રી'ની વાર્તામાં એનું વર્ણન છે. અંધારે અંધારે દરિયાકિનારે ફરતા કેવા ભૂત જેવા જણાતા હતા! મનસ-વૃક્ષ પણ કેવું હોય છે!

એ જ વખતે મેં ભૂત જોયું હતું,—સાચેસાચ ભૂત!

બ્લાન્ટ અને વૂડરફ કોનારક જોઇ આવ્યા પછી મને કહે કે 'જાઓ એક વાર પેલું મંદિર જોઈ આવો.' અને હું કોનારક માટે રવાના થયો: ચાર પાલખીમાં કુટુંબકબીલા સાથે, નોકરચાકર લઇને. મારા 'પથે-વિપથે'માં એ પ્રસંગનું વર્ણન છે. લગભગ વીસેક માઈલ રેતી ઉપર જ ચાલવું પડે છે. અમે રાતોરાત ચાલ્યાં હતાં. પાન-તમાકુ, પીવાનું પાણી બધું જ પાલખીમાં લીધેલું. મિષ્ટાન્નની એક હાંડી પણ લીધી હતી. સાથે એક લાકડી યે લીધેલી. પાલખી 'હુંપ્પા હુઆ' કરતી આગળ ચાલતી હતી.







કોણાર્કની મૂર્તિકલાના નમૂનારૂપ વિષ્ણુની મૂર્તિ. એના ચહેરા પરનું પ્રસન્ન સ્મિત ને સુંદર કોતરણી જુઓ.

ભારતીય શિલ્પ અને સ્થાપત્યની ચરમ સિદ્ધિઓ પૈકીનું એક ગણાતું કોણાર્કનું સૂર્યમંદિર મૂળ કેવું હશે તેનો ખયાલ આપતું ડાબી બાજુનું મથાળાનું ચિત્ર તેનાં હાલનાં ખંડિયેરો ઉપરથી માપણી કરીને કલાવિવેચક પર્સી બ્રાઉને યોજેલું કલ્પનાચિત્ર છે. સૂર્યના રથના આકારનું એ મંદિર ૧૨ જોડી પૈડાં પર ઊભું કરેલું હોય એવી તેની રચના હતી અને એ રથને ખેંચતા પ્રચંડ અશ્વો શિલ્પમાં દર્શાવેલા હતા. એનું કલ્પનાચિત્ર નીચે આપ્યું છે, જેની અંતર્ગત મથાળાના ભાગમાં એ મંદિરનો પ્લાન પણ છે. આ લેખના પહેલા પાને દર્શાવેલો સભામંડપ જ એટલો ભવ્ય ને વિશાળ છે કે તે પરથી આ સૂર્યમંદિર કેટલું વિરાટકાય હશે તેનો ખયાલ આવે છે. હૂબહૂ કદના હાથી, સિંહ, ઘોડા, દેવદેવીઓ, સિંહાસનો, પુરાણકથાઓ અને યુદ્ધનાં દૃશ્યો તથા સાંસારિક જીવનનાં મધુર દૃશ્યો રજૂ કરતાં પ્રણયમત્ત યુગલો વગેરે જે ઉન્નત કલ્પના, સબળ આવેગ ને બેનમૂન કારીગરીથી અહીં કોતરાયાં છે તે ભારતીય શિલ્પ અને સ્થાપત્યની અનન્યતા સિદ્ધ કરવાને પૂરતાં છે. આ મંદિરની થોડી માહિતી તથા શિલ્પના નમૂના ૩૫૫મા અંકમાં પણ આવી ગયાં. (કલ્પના ચિત્રો : ડી. બી. તારપોરવાળા પ્રકાશિત પર્સી બ્રાઉનના ગ્રંથમાંથી સાભાર)

પુરીથી નીકળી આખી રાત ચાલ્યા હતા. મનમાં બીક પણ લાગતી હતી કે કોણ જાણે અધવચ્ચે આ રેતાળ ભૂમિમાં જ પાલખી નીચે મૂકીને પાલખીવાહકો ચાલ્યા જાય તો! અમારી આગળ ત્રણ પાલખી હતી. વચ્ચેવચ્ચે હાકોટા-પડકારા કર્યા કરતો. 'બરાબર છોને બધાં?' સૂમસામ મરુભૂમિ. ક્યાં છીએ તે જાણવાનું કંઈ જ સાધન નહોતું. રહીરહીને ધપાસ ધપાસ કરતાં વાહકોનાં આઠદસ પગલાં સામટાં સંભળાય. એક વાર અવાજ આવ્યો 'ઝપ ઝપ ઝપ.'

'અલ્યા શું થયું?' મેં પૂછ્યું.


'બાબુ, નિયાખિયા નદી આવી ગઈ.'

'એમ? સારું, સારું.' મેં કહ્યું.

નિયાખિયા નદી પાર કરી. રાતનો છેલ્લો પહોર હતો. ચાંદો અસ્ત પામતો હતો. ભળભાંખળુ થવાની તૈયારી હતી. રાત આખીનો ઉજાગરો હતો એટલે હવે જરા ઊંઘ પણ આવતી હતી. આગળ જતી પાલખીઓ હવે દેખાતી નહોતી. પાલખીવાહક બેહરાઓ(બેરરો)ને સાદ પાડી પૂછ્યું: 'બધા બરાબર છો ને?' એવે વખતે જોયું તો એક હાથમાં એક લાઠી અને બીજા હાથમાં ફાનસ લઈને કોઈ મારી પાલખીની લગોલગ ચાલતું જણાયું. મેં પૂછ્યું, 'એઈ બેહરા, આ કોણ વળી?'

'અરે બાબુ, એ બાજુ જુઓ મા, એ બધા દેવતા છે, દેવતા.' આમ કહી એણે પાલખીનો એ બાજુનો દરવાજો બંધ કરી દીધો.

બેહરાઓ ભૂતને દેવતા કહે છે. મેં કહ્યું, 'પણ હાથમાં ફાનસ લઈને તે દેવતા જાય?' થોડીવાર પછી જોયું તો ઘોડા ઉપર એક સાહેબટોપીવાળો જુવાન પાસે થઈને ચાલ્યો ગયો. પાલખી ઉપાડનારા બેહરાઓ



આપણી અરધા આનાની ટિકિટ પર જેનું ચિત્ર છે તે કોણાર્ક મંદિરના આ અશ્વ જેવાં પ્રચંડ અને આવેગભર્યાં શિલ્પોથી તે સભર ભર્યું છે.

મને કહેતા હતા, 'બાબુ, તમે સૂઈ જાઓ.' સાંભળ્યું હતું કે કો'ક મિલિટરીવાળા જુવાનનું ત્યાં ખૂન થયું હતું. અને એને રાત્રે ભૂત થઇને ત્યાં ફરતો ત્યાંના ઘણા લોકોએ જોયો હતો. જોકે મને તો એ રાત્રે ફાનસધારી માણસને જોઇને આનંદ જ થયો હતો!

ખેર, આમ કરતાંકરતાં સમુદ્રકિનારાના એક મંદિર પાસે આવી પહોંચ્યા. મણિલાલ સાથે હતા. એને પૂછ્યું, 'કેમ, બધાં મઝામાં છો ને? હવે હું જરાક પડખું લંબાવું.' તે પછી મારી પાલખી છેક કોનારકને કિનારે ઊભી રહી. સાગરતટે ઝપાટાબંધ પાલખી સરતી હતી. બારણું ઉઘાડીને જોયું તો મોજાં કાંઠા સાથે અફળાતાં હતાં અને પાલખીની નીચે થઇને એનાં નીર વહે જતાં હતાં. એ પાણીમાં ફૉસ્ફરસ હતું. મોજાં આવતાં ને જતાં, ને જાણે પ્રકાશ ઝબકી જતો. મનમાં થતું કે જાણે સમુદ્ર ઉપર તણાઇ રહ્યો છું. દાનવો ખભે ઉપાડીને જાણે ભાગી રહ્યા છે. આ રીતે જતો હતો ત્યારે ફરી એક બીજી પાલખી ઝપાટાબંધ મારી પાલખીની બાજુમાં થઇને આગળ કોનારકના મંદિર તરફ ચાલી ગઈ. એની સાથે ફાનસ હતું. આ શું? પાલખી એ બાજુ ક્યાં ગઈ? નીચે ઊતરીને જોયું તો અમારી ચાર પાલખી બરાબર હતી. તો મેં એ શું જોયું?

બહેરાઓ તો પેલી એકની એક જ વાત કહેતા હતા. 'એ બાજુ જુઓ મા, બાબુ. તમે સૂઇ જાઓ.' પણ ઊંઘ કેમ આવે? ઇન્દ્રજાળ હશે કે શું, કોણ જાણે! છતાં મેં એ દીઠું હતું તે ખરું હતું. સવાર પડી ગઇ હતી. મણિલાલને મેં પૂછ્યું; 'તમે કંઈ જોયું?' એણે કહ્યું, 'ના.'

ભૂતનો પરચો જોતાંજોતા કોનારકને મંદિર પહોંચ્યા. સ્ત્રીવર્ગ તો નીચે ઊતરતાં જ મંદિર જોવું છે કહી તે બાજુ ગયો.

કોનારકમાં છે તેવો સુંદર સમુદ્ર પુરીમાં નથી. તીરે ગયો. શું મનોહર દૃશ્ય! શ્વેત જાજમ બિછાવી હોય તેવી રેતી જામી હતી. એને ઘસાઈ ને જતો હતો નીલ, ઘૂઘવતો સાગર. માનવીને એ પોતાની પાસે ઢૂંકવા દેતો નહોતો. જાણે એ વિરાટની મહેફિલ હતી અને ત્યાં પામર માનવીનો પ્રવેશ સહજ નહોતો. એને પેલે પાર સુવર્ણકળશ શો સૂર્ય ઊગી રહ્યો હતો. સામે જ સૂર્યમંદિર હતું. સૂર્યોદયનાં કિરણો એના ઉપર એ રીતે પડતાં હતાં કે જાણે સૂર્યદેવ ઊડીને હમણાં જ રથ ઉપર પોતાનું શૂન્ય આસન પૂર્ણ કરતા ત્યાં વિરાજશે. બધું જ તૈયાર છે; હવે તે એ રથ ચલાવે એટલી જ વાર છે. જાણે આ બધાનો ખયાલ કરીને જ બરાબર ઠેકાણે ને બરાબર રીતે જ શિલ્પીઓએ મંદિર-રથનું નિર્માણ કર્યું હતું. મંદિર પણ બહુ ગમ્યું. શી સરસ હતી એની કોતરણી! એ જોઇને જ ઓકાકુરાએ કહેલું કે 'કોનારકનું સૂર્યમંદિર જોઈ આવો! મંદિરની સામે રેતીમાં અર્ધી દટાએલી એક પ્રતિમા પડી છે. પાષાણી અહલ્યા મંદિરના દ્વારમાં પડી છે. અહલ્યા ચીતરવી હોય ત્યારે એ જ ચીતરજો.

દિવસ આખો કોનારકના મંદિર ખાતે ગાળી, ડાક બંગલામાંથી નમતા બપોરે ત્રણ વાગ્યે પાલખીઓ ઉપાડી. પાછા વળતાં મારગની શોભા જોઈ. થોડે દૂર મૃગ-ટોળાં ચાલતાં હતાં. રહીરહીને વચ્ચેવચ્ચે ઊભાં રહી શીંગડાં ઊંચાં કરીને મોં પાછું વાળે. એનું એક ચિત્ર મેં ચીતર્યું છે. એમ ચાલતાંચાલતાં ફરી નિયાખિયા નદી પાર કરી. સાંજ પડવા આવી હતી, જોયું તો સૂર્ય બરાબર જગન્નાથના મંદિરની પાછલી બાજુ અસ્તાચળે જતો હતો. ઝપ કરતાકને પાલખી નીચે મૂકી પાલખીવાળા બહેરાઓએ શિખર ઉપર જ્યાં સૂર્ય પ્રકાશી રહ્યો હતો ત્યાં નિહાળતાં બે હાથ જોડીને પ્રણામ કર્યા ને બોલ્યા, 'જય મહા પ્રભુ!'

ખરું કહું છું, કે કોનારકમાં એવી સુંદર સુંદર મૂર્તિઓ જોઈ હતી કે તે ચોરી લેવાનું મન થતું હતું! મનમાં થતું કે રાવણની જેમ બાથ ભીડીને એ બધું ઘેર લઈ જાઉં! પેલી જે પ્રતિમા અર્ધી રેતીમાં દટાએલી આકાશ તરફ જોતી ત્યાં પડી હતી તે જો મારામાં કોઇ રાક્ષસી શક્તિ હોત તો નક્કી હું ઉપાડી લાવત.

એક વાર તો ખરેખર એક મૂર્તિ ચોરવા જ ગયો. સંગ્રહ કરવાની વૃત્તિ મારામાં ચિરકાળની છે. સાગરતીરે પડેલા પથ્થરો પર જતાં-આવતાં નજર પડતી, પણ ખાસ ખયાલ નહોતો કર્યો. એક દિવસ મજૂર કરીને એ ઘેર લઇ આવ્યો. જોયું તો એના ઉપર ભૈરવીનું કોતરકામ હતું. બા કહે, 'આ ઠીક નહિ; કોઇ ભગવાન બગવાન હશે. પુરીની ધૂળ પણ ઘેર લઈ જવી પાપ ગણાય. એ હતી ત્યાં પાછી મૂકી આવ.' પછી કોક અંગ્રેજ એ લઈ ગએલો. મારા નસીબમાં નહિ હોય, બીજું શું? મૂર્તિ નસીબમાં નથી એટલે પથરા–પાંચીકા ભેગા કરતો ફરું છું.

તે પછી બીજે એક વખતે એક મૂર્તિ જોઈ. નરેન્દ્ર-સરોવરને આરે ઘણી મૂર્તિઓ છે. પંડાઓએ એ બધી ફરીફરીને બતાવી. ખાસ દમ જેવું નહોતું. પૈસો પૈસો મૂકતો જતો હતો. ત્યાં એક તરફ એક નાનું એવું મંદિર હતું. બારણાં યે ભાંગેલાં હતાં. મેં કહ્યું, 'આમાં શું છે તે બતાવો.' પંડો કહે, 'એમાં કંઈ નથી, બાબુ. એ એક ડોશીનું મંદિર છે.'

મેં ડોશીને કહ્યું, 'ડોશી મા તમારું મંદિર બતાવો.' એ કહે, 'જોવું હોય તો ચાલો. દરવાજો ઉઘાડતાં જ જોયું તો કાળા કસોટીના પથ્થરમાંથી કંડારેલી એક સુંદર બંસીધારી મૂર્તિ! માનવ કદની ઊંચી. એક હાથ એનો ભાંગેલો હતો. પણ શું સૂક્ષ્મ એની કારીગરી હતી ને શું એનો મરોડ હતો! ક્યાંય એવી મૂર્તિ જોઈ નથી. ડોશીમાને કહ્યું કે 'તમને મંદિર બંધાવી આપીશ, નવી મૂર્તિ યે બનાવડાવી દઇશ, પણ આ મૂર્તિ મને આપો.' પરંતુ એણે હા ન પાડી. નંદલાલ વગેરેને કહેલું કે ખરેખર સુંદર મૂર્તિ જોવી હોય તો એ મૂર્તિ જોઈ આવજો. હવે એ ડોશીમા છે કે નહિ, કે એ મૂર્તિ છે કે નહિ તે તો ભગવાન જાણે. પંડાઓ એનું ધ્યાન નથી રાખતા. કદાચ ખંડિત મૂર્તિ ગણીને જ એ ફેંકી દીધી હશે. ડોશીમા એની પૂજા કરતાં. એ જોઈને મન ખુશખુશ થઈ ગએલું, છતાં એને ઘેર ન લાવી શક્યો એનો વસવસો રહી ગયો.

તમે સૌ 'ભારતશિલ્પ, ભારતશિલ્પ'ની બૂમો પાડો છો, પણ કોઇને એની પડી છે ખરી? પુરીના રાજાને, એના મૅનેજરને કે એના પંડાને કોઈને એની કંઈ પડી નથી. આ વાતની સાબિતી આપી શકું એમ છું. જગન્નાથની માશીનું મકાન મરામત થતું હતું. પંડાએ ખબર આપ્યા કે 'માશીના મકાનનાં બે હરણ વેચવાનાં છે, ખરીદવાં હોય તો.'

(અનુસંધાન પૃ. ૪૮૫ ઉપર)

ફરવા જવાનો રોગ

એના આક્રમણ અને ઉપચાર વિષે **બકુલ ત્રિપાઠી**

દર્દીને પોતાના દર્દ સિવાય બીજી વાત કરવાનું સૂઝે ખરું? રોજ સવારે વહેલા ઊઠીને ફરવા ગયા વિના ચાલે જ નહિ એવા માનસિક રોગમાં ફસાઈ ગએલો હું અત્યારે બીજા શાના પર લખી શકું?

'ફરવા જવું' એ શિયાળાનો એક પ્રસિદ્ધ રોગ છે. ચોમાસા સાથે મૅલેરિયા વિદાય લે છે અને 'વહેલા ઊઠીને ફરવા જવાનો' રોગ જોર પકડે છે. શિયાળાનો એ મહારોગ છે. તમે પૂછશો 'શરદી શિયાળાનો મહારોગ નહિ?' ના; શરદી એ રીતે મહાત્માજી જેવી છે. મહાત્માજી જેમ માત્ર કૉંગ્રેસના ન હતા, આખા દેશના હતા, એમ શરદી માત્ર શિયાળાનો રોગ નથી; એ તો આખા વર્ષનો, ઘણાને માટે જીવનભરનો રોગ છે. આ સર્વવ્યાપી રોગને માત્ર શિયાળા જોડે સાંકળી લેવામાં શરદીનું અપમાન છે.

ફરવા જવાનો રોગ કેટલાક દાખલાઓમાં તો છેક શ્રાવણ મહિનાથી શરૂ થઈ જાય છે. બિચારા વિદ્યાર્થીઓ અને પેન્શનરો એના પહેલા ભોગ બને છે. જોકે આપણું કેળવણીતંત્ર શરદપૂનમની આસપાસ છમાસિક પરીક્ષાઓ રાખી શ્રાવણ–ભાદરવા પૂરતો તો એ રોગને ઊગતો જ દાબી દેવાનો પ્રશસ્ય પ્રયાસ કરી રહ્યું છે. પરંતુ પેન્શનરો માટે સમાજે આવી કોઇ વ્યવસ્થા કરી નથી. સ્વાભાવિક છે કે ઊગતી પેઢી માટે સમાજને જેટલી ચિંતા હોય એટલી આથમતી માટે ન હોય. આમ છતાં, કુદરત ચોમાસાના છેલ્લા મહિનાઓ દરમ્યાન અનેક રોગોની વાર્ષિક હરીફાઇ ગોઠવી 'ફરવા જવાના રોગ'ને ઝાંખો પાડવા અથાક પ્રયત્ન કરે છે એ ન નોંધું તો મારું સર્વજ્ઞપણું લાજે.

પણ દિવાળી જાય છે અને નવા વર્ષનો દિન ઊગતાં જ ફરવા જવાના રોગ માટે મોકળું મેદાન મળી જાય છે. (ઉપલા વાક્યમાં મેં 'રોગ' ને બદલે 'મહારોગ' શબ્દ લખ્યો હોત, તેમજ 'માટે' અને 'મોકળું' વચ્ચે 'માનવીઓને' શબ્દ મૂક્યો હોત તો વર્ણસગાઇ–alliteration–વધુ સારી થાત. પણ કંઇ નહિ; લખાઈ ગએલા વાક્ય માટે અને કરાઈ ગએલા લગ્ન માટે શોક કરવો મિથ્યા છે.) તો કહેવાનું એ, કે બેસતા વર્ષની સવારથી જ આપણા શરીરમાં આ રોગનાં જંતુઓ પ્રવેશવા માંડે છે. 'અરેરે, વરસ ગયું ને આપણે કંઈ ન કર્યું'; 'વરસો તો વહી ચાલ્યાં ને આપણે આરોગ્યને તો અવગણ્યા જ કરીએ છીએ'; **शरीरमात्रमाद्यखलु... ના, शरीरमाद्यखलु... ના, शरीरम् मात्र खलु धर्मसाधनम्** પણ... **मात्र** કે **आद्य**!... ગમે તે હોય, પણ પેલું સંસ્કૃત વાક્ય છે ને કે 'શરીર એ જ ખલુ (કે ખરું) ધર્મસાધન છે' તે મુજબ 'શરીર તો હવે સુધારી જ નાખવું જોઇએ' આવા પ્રકારના વિચારો મગજમાં પ્રગટવા માંડે છે.

આ તબક્કે, 'થયા હવે પહેલવાન. બધાની તબિયત સુધરી જશે તો ડૉક્ટરો બિચારા શું કરશે?' વગેરે વિચારોના આંપતા ઈલાજો લેવામાં આવે તો દર્દી બચી જાય છે. મારે થયું તેમ કેટલાક ગાફેલ દર્દી આ ઈલાજો લેતા નથી અને પરિણામે સંકલ્પ કરી બેસે છે કે આ શિયાળે તો દરરોજ સવારે નિયમિત ફરવા જવું જ,—જવું જ જ.'

પણ કુદરતી ઉપચારમાં માનનારાઓ કહે છે કે દરેક રોગનાં પ્રતિકારક જંતુઓ આપણા શરીરમાં હોય છે જ. એટલે ઉપર મુજબના સંકલ્પ થતાં જ ફરવા જવાના રોગનો પ્રતિકાર કરનાર જંતુઓ પણ આપણા દેહમાં ને દિમાગમાં કામ કરવા મંડી પડે છે.

'આજ તો બેસતું વર્ષ...' 'આજ તો ભાઈબીજ...' ને 'પાંચમ સુધી તો દિવાળી જ કહેવાય ને!' વગેરે વિચારો દ્વારા આપણે વહેલા ઊઠવાનો કાર્યક્રમ મુલતવી રાખીએ છીએ. પણ પછી આપણો રોગી અંતરાત્મા આપણા આરોગ્યપ્રદ આળસને હંફાવવા માંડે છે. શિયાળાની સવાર ઈશ્વરે ઊંઘવા માટે જ સર્જી છે, જો જાગવા માટે સર્જી હોત તો એને આટલી ઠંડી ન બનાવત, એ તદ્દન તર્કશુદ્ધ દલીલ પણ ન સમજવાને લીધે અંતે આપણે 'આવતી કાલે' સાડા ચારનું ઍલાર્મ મૂકવાનું નક્કી કરી બેસીએ છીએ.

પહેલે દિવસે ઍલાર્મ સાડા ચારે ચીસ પાડી ઊઠે છે. આફ્રિકન જંગલીઓનાં યુદ્ધનગારાં, શહેર પર બૉમ્બમારો થાય ત્યારે વાગે એવાં સાયરન અને વંદો જોઈને બી ગએલી બહેનોની ચીસો, એવા અનેક અવાજોના મિશ્રણ જેવો ઍલાર્મનો અવાજ આપણને મીઠી નીંદરમાંથી ઝબકાવીને જગાડે છે. પહેલાં તો લાગે છે કે આ સ્વપ્નું જ છે. પણ અંતે ક્રૂર વાસ્તવિકતાનું ભાન થાય છે, 'ઊઠવું કે ન ઊઠવું'નું હૅમ્લેટી યુદ્ધ અંતરમાં જામે છે, 'Whether 'tis nobler in the mind to suffer the slings and arrows of outrageous alarm or by opposing end them all' જેવો સંશય મનમાં જાગે છે. અંતે આપણે ઊઠીએ છીએ, નિદ્રાને ત્યાગી સંકલ્પસિદ્ધિ પ્રતિ પ્રયાણ કરતા જીવનવીર શા આપણે ઊઠીએ છીએ... અને જઇને મુક્કો મારીને ઍલાર્મ બંધ કરી દઈ પાછા રજાઈ ઓઢી સૂઈ જઇએ છીએ : ઊંઘ ભરેલી આંખે ઍલાર્મ પાસે પહોંચતાં વચ્ચે આપણી ઠેસ વાગવાથી ગબડી પડેલા કૂજાને અને ટેબલ પરના ફ્લાવર વાઝને અવગણીને!

આ રીતે સદ્દભાગી લોકોને તો ધીરેધીરે (કશી યે ચીજ જોડે અથડાયા વિના!) રોજ સવારે સાડા ચારે ઍલાર્મ બંધ કરી આવવાની ટેવ પડી જાય છે. ઘણા બુદ્ધિશાળીઓ પલંગ નીચે જ ઍલાર્મ ક્લૉક રાખી માર્ગમાં આવતી વસ્તુઓને ભાંગવા-તૂટવામાંથી બચાવી લે છે. કેટલાક રાત્રે ઍલાર્મ મૂકવાનું જ વીસરી જવાની શક્તિ કેળવી લે છે, ને બેચાર અઠવાડિયાંમાં જ વહેલા ઊઠી ફરવા જવાના રોગથી મુક્ત બની જાય છે.

પણ બાકીનાઓનું શું? એ લોકો બીજે દિવસે પણ ઍલાર્મ ગોઠવે છે, ઊઠે છે, જઇને મુક્કો મારી ઍલાર્મ બંધ કરી દે છે, પણ સત્યાગ્રહી શહીદની જેમ, જતાંજતાં યે એ ઍલાર્મનું સંગીત દુશ્મનના અંતરમાં—એમના અંતરમાં—આગ લગાડી જાય છે. 'ઊઠવું જ... આ જ તો ઊઠવું જ...' એમ એઓ બબડવા માંડે છે અને 'આજ તો ઠંડી વધારે છે, પણ કાલથી આળસ નથી જ કરવું' એમ મક્કમ મનથી ઠરાવી બેપાંચ મિનિટમાં તેઓ પાછા સૂઈ જાય છે!

પણ નળ રાજાના ડાબા પગના અંગૂઠામાંથી પેઠેલો કલિ અંતે એમના સારા યે દેહમાં વ્યાપી ગયો, સ્વર્ગમાંથી સહેજ શંકરની જટા સુધી નીચે ઊતરેલી ગંગા અંતે પડીપડીને ધૂળમાં રગદોળાતી જેમ સમુદ્રમાં ભળી જવા જેટલી નીચે ગઈ, તેમ એકાદ દિવસ માટે પણ પ્રબળ બની ગએલો એ સંકલ્પ આપણને પૂરા અધઃપતનને માર્ગે ઘસડી અંતે બેચાર દિવસમાં તો સવારે ઊઠી ઍલાર્મ બંધ કરી મોં ધોવા જવાની હદે પહોંચાડી દે છે! રોગનાં જંતુઓ જોર પકડે છે અને છેવટે આપણે સ્વેટર પહેરી ગળે મફલર વીંટી બહાર પડીએ છીએ. હેમંતની સુંદર સવારે નિરાંતે ઊંઘી પણ ન શકનાર આપણા જેવા કમભાગી જીવનું આવું અધઃપતન જોઈ કો'ક રડ્યુંખડ્યું કૂતરું ધિક્કાર કરી ઊઠે છે......

સુભાષિત

(વસંતતિલકા)

उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मी
दैवेन देयमिति कापुरुषा वदन्ति।
दैवं निहत्य कुरु पौरुषमात्मशक्त्या
यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोषः॥

(અનુવાદ)

લક્ષ્મી પસંદ કરતી નર ઉદ્યમીને,
'દેનાર દૈવ' જન કાયર એમ કહે છે.
દૈવ ત્યજી નિજ-બલે પુરુષાર્થ સાધો
યત્ને ન સિદ્ધિ, કૃતિદોષ તહીં વિચારો.

[વિવરણ: અદૃષ્ટ-નસીબવાદ સામેનો આ શ્લોક બહુ જાણીતો છે; તોપણ, છેલ્લી લીટીમાં 'યત્ન કર્યા છતાં કાર્ય સિદ્ધ ન થાય તો દોષ ક્યાં છે?' એમ કવિ પૂછે છે તેનો અર્થ કેટલાક નસીબવાદના સમર્થનમાં ખેંચીને કરે છે. પરંતુ એ અર્થ બરોબર નથી. પહેલી ત્રણ લીટીઓમાં પુરુષાર્થને બિરદાવીને બીજી લીટીમાં જે કડક ભાષામાં નસીબવાદની નિંદા કરી છે તે જોતાં છેલ્લી લીટીનો અર્થ તો એવો થાય છે કે પ્રયત્ન છતાં સિદ્ધિ ન મળે તો ભૂલ—દોષ ક્યાં છે તે શોધી કાઢો, ક્યાંક ભૂલ તો હોવી જ જોઇએ. એમાં कोऽत्र दोषः યા પાઠાંતરમાં कोऽपि दोषः લઇએ તો એની પછી इतिमृग्यं–તે શોધી કાઢવું–એવા શબ્દો કવિના મનમાં છે એ સ્પષ્ટ છે. दैवं निहत्य ને બદલે दैवं विहाय એવો પણ પાઠાંતર છે. અનુવાદમાં એ પાઠાંતર લીધો છે. **—ર. ભી.**]

વહેલા ઊઠીને ફરવા જવાના રોગનો ભોગ બની ચૂકેલા તરીકે મારો અનુભવ છે કે એકલા ફરવા જવામાં ખૂબ જોખમ છે. પૂર્વની ઉષાનું સૌંદર્ય, ફિક્કા પડતા જતા તારા, અને પ્રફુલ્લ વાતાવરણને પરિણામે કવિ બની જવાની બીક રહે છે. આ ભયથી બચવા માટે સાથે એકાદ એવો મિત્ર રાખવો જરૂરી છે કે જે–'પછી મેં સાહેબને કહી દીધું કે યુ મે થિંક ઍનીથિંગ ઑવ મી, બટ આઈ ઍમ સમથિંગ, ઍન્ડ ડેફીનીટલી સમથિંગ' કે 'પંડ્યાના ફૅમીલીમાં એવું છે જરા! એમનાં વાઈફની વાત તમે ક્યાં નથી જાણતા?' યા તો 'યૂનો આખું કૉમ્યુનિસ્ટોથી ભરેલું છે. હું તમને કહું છું ને...અમેરિકાના દિવસ ભરાઈ ચૂક્યા છે...' કે 'જવાહરલાલ દેખાવ જુદો કરે છે, પણ વિજયાલક્ષ્મી જોડે એને બનતું નથી. એટલે સ્તો આ બધો ફૉરેઈન પૉલિસીનો ગોટાળો થાય છે' વગેરેનો અખંડ વાણીપ્રવાહ રેલાવતા રહી તમને વાતાવરણના સૌંદર્યથી સભાન બનતા અટકાવે. સાચા મિત્રો આ સુકાર્ય કરતાં અચકાતા નથી. દગાખોરો તો સાથે ફરવા આવ્યા પછી એકદમ મૂગા થઈ જઈ, ઊંડા શ્વાસ લેવાના સ્વાર્થને ખાતર આપણને સૌંદર્યાનુભૂતિની ખીણમાં ધકેલી દે છે.

'મોં બંધ કરીને ઊંડા શ્વાસ લેવા' એ, ફરવા જવાનો રોગ નસેનસમાં વ્યાપી ગયાનું સ્પષ્ટ ચિહ્ન છે. આ હદે દર્દી પહોંચે ત્યારે એની સ્થિતિ ખરેખર ગંભીર ગણવી. આમ છતાં આ તબક્કો પણ આશા છોડી દેવા જેવો નથી. જોડે બેચાર વફાદાર મિત્રો આવ્યા હોય તો તમને વાતો કરાવીને, આગળ ફરવા જવાને બદલે સવાર પડે ત્યાં સુધી કામળો ઓઢીને દઈ નહિ તો અરધેથી જ 'હવે ઘણું ફર્યા, ચાલો પાછા' કહીને તમારા દર્દને ગંભીર કક્ષાએ પહોંચતા અટકાવે ખરા.

પણ, 'મર્ચન્ટ ઑવ વેનિસ'માં શેક્સપિયર કહે છે તેમ દયા ભલે સીધી સ્વર્ગમાંથી જલવર્ષાની માફક સરી આવતી હોય, મિત્રો એવી રીતે અદ્ધર સ્વર્ગમાંથી ઊતરી આવતા નથી. એ તો પ્રયત્નપૂર્વક મેળવવા પડે છે. સવારે વહેલા ઊઠીને તમારી જોડે ફરવા આવે, તમને જગાડવા આવે કે તમારે હાથે જાગવા તૈયાર થાય એવા થોડા વાતોડિયા મિત્રો મેળવવાની દરકાર, ફરવા જવાના રોગમાંથી મુક્ત થવા ઇચ્છનારા દરદીએ રાખવી જ ઘટે.

ઘણીવાર તમે વહેલા ઊઠીને મિત્રોને ઉઠાડવા જાઓ છો, ઘણીવાર મિત્રો તમને ઉઠાડવા આવે છે. તમને તમારા પાડોશીઓ પ્રત્યે વધુ ચીડ છે કે મિત્રના પાડોશીઓ પ્રત્યે, એના પર તમે કઈ વ્યવસ્થા અપનાવો છો એનો આધાર રહે છે. જો તમારા પાડોશીઓ દુષ્ટ હોય ને લત્તાનાં કૂતરાં પ્રભાવશાળી હોય તો મિત્રો તમને ઉઠાડવા આવે એવી વ્યવસ્થા કરવી, એનાથી ઊંધું હોય તો એનાથી ઊંધી વ્યવસ્થા કરવી, અને એનાથી ઊંધું ન હોય તો એનાથી ઊંધી વ્યવસ્થા ન કરવી.

આવા મિત્રો મેળવવા જેટલા સદ્ભાગી તમે હો તો તો ઠીક. **'રહેવા દે ને ભાઇ, આજ નહિ કાલથી જઈશું' કરીને તમને એ ફરવા જવાના અકલ્યાણકારી આકર્ષણમાંથી ઉગારી લેશે.** અને છતાં યે જો તમારું દર્દ હઠીલું હશે અને તમે ફરવા જશો જ તો પેલો ઉત્સાહી મિત્ર રસ્તો આખો વાતો કરીને, મેં ઉપર કહ્યું તેમ તમને કવિ બનતા કે કસરતબાજ બનતા અટકાવી દેશે. શરદીમાંથી જેમ ન્યુમોનિયા કે ઈન્ફ્લ્યુએન્ઝા થઈ આવે છે તેમ ફરવા જવાના રોગમાંથી કાં તો કવિતા બનાવવાનો રોગ લાગુ પડે છે કાં તો કસરત કરવાનો વ્યાધિ વળગે છે. પણ એને બદલે જો તમને કોઇ વાતોડિયો મિત્ર વળગે તો આ બે રોગો વળગવાનું નામ નહિ લે! સન્મિત્રોનું આ જ સાર્થક્ય.

પણ જેમની પાસે વ્હારે ધાય એવા મિત્રો જ ન હોય, જેમનું ઍલાર્મ કદી બગડતું જ ન હોય, અને એ વગર બગડ્યે ય બગડેલું છે એમ માનીને વહેલી સવારે ઊંઘ્યા કરવા જેટલી જેમનામાં સંકલ્પશક્તિ પણ ન હોય એવા મારા સમા કમનસીબના નસીબે તો ફરવા જવાના રોગના પૂરા ભોગ બનવાનું નિર્માયું જ હોય છે. અને એ રોગ એવો છે કે એમાં પટકાયા પછી સાજા થવાની આશા બહુ થોડી રહે છે. હું જાણું છું કે આવી વાતો કરીને હું લેખને અનિચ્છાએ પણ કરુણાંત બનાવી રહ્યો છું. પણ થાય શું? પ્રેમ અને કવિતાની જેમ ફરવા જવાનું ભૂત પણ જેને એ બરાબરનું વળગ્યું હોય છે એની બુદ્ધિને ભ્રષ્ટ બનાવી મૂકે છે. એવો દર્દી પછી પોતાના દર્દમાં જ આનંદ માનતો થઈ જાય છે અને દર્દમાંથી મુક્ત થવાની માત્ર આશા જ નહિ ઇચ્છા પણ ત્યજી દે છે. ફરવા નહિ જનારાઓને ભાગે અંતે એ દર્દીની દયા ખાવાનું જ રહે છે.

અને ખરી મઝા એ છે કે દર્દીને નસીબે ય એની દયા ખાનારાઓની દયા ખાવાનું જ રહે છે!

ઋણસ્વીકાર

ગયા અંકના મુખચિત્ર તરીકે આવેલું શ્રી કૃષ્ણલાલ ભટ્ટનું 'મનની વાત' નામનું પૂર્ણરંગી ચિત્ર શ્રી અરવિંદ આશ્રમ-પોંડીચેરીની ખાસ અનુમતિથી અમે પ્રકટ કરી શક્યા હતા તેનો ઉલ્લેખ ગયા અંકમાં કરવાનો સરતચૂકથી રહી ગએલો. અત્રે તેનો ઋણસ્વીકાર કરીએ છીએ.

ચન્દ્રવદન મહેતાની
અત્યંત લોકપ્રિય નીવડેલી આત્મકથા

બાંધ ગઠરિયાં

એક અજબ પ્રેમકહાણી... ભારતીય કલાલક્ષ્મીનો સમૃદ્ધ ભંડાર

હવે આપણે એક પ્રેમકિસ્સો સમજવા પ્રયત્ન કરીએ. એવો પ્રેમત્રિકોણ આપણા સમાજમાં શક્ય છે, છતાં જે રીતે આ હૃદય-ત્રિપુટીએ જીવનપંથ વ્રડી કાઢ્યો તે જરા અસામાન્ય તો કહેવાય.

બર્નથી રોજ સવારે રખડવા ઊપડવામાં, થોડા દિવસ માટે ત્યાં આવી ચડેલા ડૉ. હોમીઆર દસ્તુર પણ ઘણી વાર મારા સાથીદાર થતા. આંખના ડૉક્ટર, અને શરીરમાં જેટલું ઝીણી કારીગરીનું અંગ આંખ, એટલી જ ઝીણવટ ને ચોકસાઈથી એમની તૈયારી યોજાતી. નાનામાં નાની વિગત એ ડૉક્ટર ન ભૂલે. ખુશમિજાજી, સ્વભાવે ઠંડા, ડરેલ ને સાથે ફરવું ગમે એવા સોબતી. અમે ઘણી વાર સંગાથે હર્યાફર્યા.

એક દિવસ અમે લુસર્ન જવા નીકળ્યા. લુસર્નમાં ફ્રેન્ચ તથા જર્મન બંને ભાષાના જાણકાર-બોલનાર મળે. ત્યાંનું સરોવર પહાડ સાથે અજબ રીતે વીંટળાએલું છે. એનો નકશો જોતાં જ ખબર પડે કે એનો કોઈ આકાર જ નથી. આડાઅવળા પડેલા અજગર સાથે કે કરોળિયા સાથે, એવા કોઈની પણ સાથે લુસર્નનું સરોવર ન સરખાવાય. એમાં સારી જેવી નાની સ્ટીમરો ચાલે. એ આસપાસનાં રળિયામણાં શિખરોની તળેટીમાં ઉતારે ને ત્યાંથી રેલપાટે વીજળીની ગાડી ઉપર ચડાવે.

અમે એ પ્રદેશમાં ઘૂમવા નીકળ્યા. તે દિવસે બર્નથી લુસર્ન અમને ધીરુભાઈનાં પત્ની મધુરીબહેન સાથે મોટરમાં જવાનું મળ્યું. એમને લુસર્નમાં કંઇ કામ હતું, અને સાથે એક પ્રોફેસર તથા એની એક મિત્ર હતાં. એ બે પણ એમ જ રજાનો દિવસ ગાળવા નીકળી પડેલાં.

લુસર્નથી અમે ચાર છૂટાં પડી લૉંચમાં ચડ્યાં. મારો ઓવરકોટ હું ભૂલી ગયો, તે ડૉકટર દસ્તુર યાદ રાખી લેતા આવ્યા. એણે મને મીઠો ઠપકો આપ્યો. હું તો પેલા સરોવરમાં વડી મૂક્યા જેવા નાનામોટા પહાડો જોવામાં પડ્યો હતો. આખે રસ્તે પેલા પ્રોફેસરની બરદાસ્ત પેલી બાઈ કરતી. બાઇ હતી તો નાની, દેખાવડી, પણ એની આખી દુનિયા જાણે પેલા પ્રોફેસરમાં જ સમાઇ ગઈ હતી. ડૉકટર દસ્તુરે અને મેં તો ગુજરાતીમાં ચર્ચીને નક્કી જ કર્યું હતું કે બે પ્રેમનાં પંખેરુ છે.

સાંજ પહેલાં જરા વરસાદ પડ્યો. પછી આથમતા સૂરજે પહાડોને ચળકાવ્યા. શિખરો ભૂખરાં થઇ હોલવાયાં. શાંત સરોવરે કાળી ધાબળી ઓઢી. સૌ સંતોષ ને શાંતિથી સ્વાંગ બદલતાં હતાં, છતાં પહાડ, સરોવર, વાદળ ને સૂરજ બધાંમાં એક સંગીન અને ઊંડી એકતાનતા હતી.

પ્રોફેસર સ્વિસ-જર્મન સરહદનો રહીશ લાગ્યો; કન્યા અ-સ્વિસ લાગી. પ્રોફેસરનો પડતો બોલ ઝીલતી, એ શાંત હોય એટલો વખત એ બીજાઓ સાથે હસતીરમતી, આનંદે ઉશ્કેરાતી, પણ પ્રોફેસરની સમક્ષ જતાં જ હૃદયના થનગનાટોને ઠારી, પ્રોફેસરમય બની જતી.

અમને મધુરીબહેને ઓળખાણ કરાવેલી, એટલે અમે વારંવાર એ બંને જોડે વાતો કરતા, નકશા કાઢી આ પેલું પિલેટ્સ શિખર, અને પેલું સ્ટાનસરહોર્ન એમ ઓળખાણ કરતા.

કન્યા કે કિશોરી, એનું નામ જુલીઆના. એનું રૂપ એના વાળમાં હતું કે એની સ્વચ્છ નિર્દોષ ચમકતી આંખોમાં, એ નક્કી કરવા જઇએ તો બ્રહ્માને ખોટું લાગે. દસ્તુર સાહેબને આંખનાં અમી ગમી ગયાં હતાં. હું નિર્ણય કરવા ઉદાસીન હતો. છોકરી ખૂબ જ ચબરાક અને ચંચળ હોવી જોઈએ, પણ પ્રોફેસર આગળ નવનીત સરખા હૃદયે સેવિકા બની આચરતી. વાતમાં એટલી ખબર પડી કે એનો જન્મ વીએનામાં થયો હતો. સંગીતની એ ભારે રસિકા હતી. વૉલ્ટ્ઝ એની નસેનસમાં ધબકતું. પંચભૂતના ચરખામાં લોહી એ જ તાલે જાણે નૃત્ય કરતું ફરતું. અનાયાસ એના સૂરે ગળું ગુંજ્યા કરતું, પગની પાનીમાં મલપતું. જેણે વૉલ્ટ્ઝની માદક, છટાદાર, કલાત્મક, ઊર્મિભરી સુરાવલી માણી હોય તે જુલીઆનાને તો વૉલ્ટ્ઝપરી જ કહે. અને એ આંખો તનમનાટ એકાએક સ્તબ્ધ થઈ પ્રોફેસરમાં તન્મયતા સાધી લેતો.

સરોવર અને ડુંગરની એકતાનતા નિહાળી અમે સૌ પાછાં ફર્યાં. રાતે લુસર્નના કાંઠા પરના રેસ્ટોરાંમાં અમે એમને અમારાં મહેમાન બનાવ્યાં. જમ્યા અને આભાર માની અમે બેઉ જવા છૂટાં પડ્યાં. જતાં જતાં કૌલીન જુલીઆનાએ અસંખ્ય સંવેદનો જાગ્રત કરી દીધાં.

જુલીઆના અને લ્યુસીઆના બે બહેનો. લ્યુસીઆના મોટી. મને બરાબર યાદ નથી, પણ બીજે દિવસે નાસ્તો ખાતાં એ જોડીની વાત નીકળી ત્યારે ઘણું કરીને મધુરીબહેને જ એમના સંબંધી વાત કહી. વાત બરાબર યાદ છે, કોણે કહી તે બરાબર યાદ નથી. હશે.


પ્રોફેસર વિદ્યાલયમાં વિજ્ઞાનના પંડિત. જુલીઆના એની સાથે સહાધ્યાયી; પછી મદદનીશ તરીકે કામ કરે. વાંચે, ચર્ચે, હરેફરે, વિચારે, મૌન રાખીને પણ સહચરે. બંનેનાં બુદ્ધિતંત્રો તો એક જ ધ્યેયને અનુસરે, પણ સાન્નિધ્યમાં હૃદયતંતુ ઝણઝણે ને અવનવી ઊર્મિઓ સ્ફુરે. છતાં બેમાંથી એકેય એને વાચામાં મૂકવા પ્રયાસ ન કરે.

લ્યુસીઆના આ બધું પ્રથમ તો જિજ્ઞાસાવૃત્તિથી જુએ. પછી એ વૃત્તિએ આખરે ઈર્ષ્યાને સંકોરી. રોજ એની આગમાં એ બળતી સૂએ. એક માની બે દીકરી. વીએનાથી વખાની મારી સ્વિટ્ઝરલૅન્ડ આવી રહેલી. બંને બહેનો વચ્ચે બાલપણથી અસાધારણ મેળ; પ્રોફેસર બંનેનો મિત્ર. બંનેને પ્રોફેસર માટે અત્યંત માન. માનમાંથી એક જ મૂળમાંથી પ્રીતની વેલ વિસ્તરી. લજામણીના છોડા જેવી એ બંને વેલ મુગ્ધાવસ્થામાં જ વિહરતી રહી.


લ્યુસી જોતી કે પ્રોફેસર અને જુલીના હૃદયના ધબકારા એકી સાથે ધડકે છે અને એ ધડકારે પોતાના હૃદયમાં સતતના ધ્રાસકા પડે છે. પણ બીચારી શું કરે? બેમાંથી કોણે એટલે કે જુલીઆનાએ કે પ્રોફેસરે લગ્નની પહેલી સૂચના કરી એ તો કોઈ જાણતું નથી. હા, સાધારણરીતે પ્રોફેસરે સૂચના મૂકવી જોઇએ. છતાં એ સંબંધે મતભેદ છે. ગમે તે હોય, પણ લગ્નની તિથિ નક્કી થઈ અને બંનેના વ્યવસાયી જીવનમાં ચેતનવંતો આહ્‌લાદ તરી આવતો જણાવા લાગ્યો.

જ્યાં તેઓ કામ કરતાં ત્યાં તો ઘડિયાળની માફક બંને હાજરી આપતાં રહ્યાં. પણ જુલીઆના લગ્નના થોડા દિવસ પહેલાં નજીકના પોતાના ગામમાં તૈયારી કરવા ગઈ. લગ્નની તારીખ નક્કી હતી. દેવળમાં ચોક્કસ સમયે હાજર થવાનું હતું. બધું પ્રોફેસરની સાથે ચર્ચી હોંશભેર જુલીઆના ગઈ. ફક્ત આઠ જ દિવસમાં લગ્ન થવાનાં હતાં.

એ મંગલમય દિવસે પોતાના ગામના દેવળમાં જુલીઆના એના મિત્રમંડળ સાથે દસ વાગવા અગાઉ બરાબર દોઢ કલાક વહેલી હાજર થઈ પ્રોફેસરની રાહ જોવા માંડી. પણ દસના બાર થયા તો યે પ્રોફેસરનો પત્તો નહોતો! પ્રોફેસરના બેત્રણ મિત્રો બારોબાર આવ્યા હતા તે તો સમયસર આવી જ પહોંચ્યા હતા. પણ વરરાજા જ ન મળે! કોઇએ દોડતી ગાડીએ જઈ યા ટેલિફોન કરી ખબર (અનુ. પૃ. ૪૭૭મે)



શ્રી મધુરીબેન દેસાઈએ યોજેલા ભારતના જે 'સ્થાપત્ય-નકશા'નો ઉલ્લેખ આ લેખમાં આવે છે તેની નાની પ્રતિકૃતિ. મૂળ ૩૮×૨૬ ઈંચના માપના મોટા, અને યુરોપભરમાં ઉત્કૃષ્ટ ગણાતી સ્વિટ્ઝરલાંડની છપાઈના એ બેરંગી નકશામાં ભારતનાં પ્રાચીન શિલ્પસ્થાપત્ય-સમૃદ્ધિ માટે વિખ્યાત થએલાં સ્થાનો ઉપર, તે તે શહેર કે સ્થળની કૃતિઓ પૈકી એકાદબે ચુનંદી કૃતિઓની સુંદર છબિઓ મૂકવામાં આવી છે. તેના ઉદાહરણ તરીકે આ સામેના પાના ઉપર એ જ નકશાનો 'સૌરાષ્ટ્ર-ગુજરાત'નો ભાગ લગભગ મૂળ કદમાં રજૂ કર્યો છે. તેમાં દર્શાવ્યા મુજબ આબુ પાસે દેલવાડાનાં મંદિરોની, અમદાવાદ પાસે તેની વિખ્યાત જાળીની, પાલીતાણા અને જૂનાગઢ પાસે શત્રુંજય અને ગિરનાર પરનાં જૈન મંદિરોની વગેરે છબિઓ છાપેલી છે. ભારતનાં શિલ્પ-સ્થાપત્ય વિષે ગૌરવ ને પ્રેમ ધરાવનાર દરેકે તેમજ દરેક શાળા-કૉલેજે વસાવવા જેવો આ નકશો 'માર્ગ' નામના વિખ્યાત કલા-ત્રૈમાસિકની ઑફિસમાંથી 'કમર્શિયલ પ્રેસ', કોટ, મુંબાઈ, એ સરનામેથી મળે છે.



સામેના પાના ઉપર દર્શાવેલા 'ભારતના સ્થાપત્ય-નકશા'ના મૂળ કદનો ખયાલ આપતી તેના ગુજરાત-સૌરાષ્ટ્રવાળા ભાગની પ્રતિકૃતિ

આંધ મહરિયાં (અનુસંધાન પૃ. ૪૭૪થી) કાઢવાની સૂચનાઓ કરી, પણ લગનના પોષાકમાં શોભતી જુલીએ બધી જ વાતની ના પાડી, ફક્ત એના આવવાના માર્ગ તરફ એકીટશે જોતી ઊભી રહી.

આખરે ખૂબ રાહ જોઇ સૌ વીખરાયાં. જુલીઆના જિગરના ટુકડા માંડમાંડ એકઠા કરી જીવતી પણ નિરાશાની પ્રતિમા સમી ઘેર ગઈ અને માને ખોળે માથું મૂકી આખરે ખૂબ રડી.

સાંજે છ વાગે જુલીઆનાના ઘરને બારણે ટકોરા સંભળાતાં એણે બારણું ઉઘાડયું તો પ્રોફેસર, હાથમાં ફૂલનો ગોટો લઇને વરરાજાનાં કપડાંમાં સજ્જ! પેલા એના મિત્રો એની ખબર કાઢવા ગયા ત્યારે પ્રોફેસર પોતાના કાર્યાલયમાં રોજની જેમ પોતાના કામમાં તલ્લીન હતા! લગ્ન વિષે એ સદંતર ભૂલી જ ગએલા! યાદ દેવડાવતાં દોડતા જુલીઆનાને ત્યાં પહોંચ્યા. દેવળનાં જઈ પરણવા એણે આગ્રહ કર્યો, પસ્તાયા, ભૂલ કબૂલ કરી, માફી માગી; પણ જુલીઆના એકની બે ન થઈ તે ન જ થઈ! ઘડી વીતી ગઈ તે ગઇ!

બહુ ભુલકણો એનો સ્વભાવ એ તો સૌકોઈ જાણતું. જુલીઆનાએ એની વહુ થઇને મોટું કામ તો એ જ કરવાનું હતું. પણ ના, હવે લગ્નની તે વળી કેવી વાત! બીજે દિવસે સવારથી એમ જ બંને જણ એ જ તાદાત્મ્ય સાથે રોજિંદા કામે વળગે છે. લગ્નનો દિવસ પ્રોફેસર તો જાણે ભૂલી જાય, પણ જુલીઆના પણ જાણે ભૂલી જાય છે; અને છતાં રોજિંદી ઘટમાળમાં કશો ફરક પડતો નથી. બંને પોતપોતાના કામમાં તલ્લીન, સાથે કામ કરતાં જીવન ગુજાર્યે જાય છે.

પણ એ ભુલકણા પ્રોફેસરની કાર્યાલય બહારની બરાબર કાળજી લ્યુસીઆના રાખે છે. એનાં કપડાંનાં બટન, એની લાકડી, એનાં નાસ્તા-જમણ, એના વ્યવહાર-વિહાર—લ્યુસીઆના જ જાણે એનું ઘટિકાયંત્ર. લગ્નનો તો સવાલ આ સંબંધમાં ક્યાં યે ઊભો થતો જ નથી.

મારો ઓવરકોટ હું ભૂલી ગયો હતો તે ઉપરથી ડૉક્ટર દસ્તુરે ભારે ઠંડકથી બધા વચ્ચે કહ્યું: 'દીકરા, હું તારી આંખની તપાસ રાખુ. બાકી લ્યુસીઆના જેમ તારી ભૂલેલી વસ્તુઓ શોધવા માટે તો તારે કોઈ શોધી લેવી જોઇએ, યા અમે એવી કોઈ શોધી આપીએ; પણ હું કંઈ તારા ડગલા શોધનારી લ્યુસીઆના નથી, સમજે ય કે?'

લુસર્ન હજી એક વાર આપણે પાછા જઈશું. પણ આજે આપણે બા'લ જઈશું? બા'લ તેજ બાઝલ. ઝૂરીખ સાથે ટક્કર મારતું સ્વિટ્ઝરલૅન્ડનું ઉત્તરમાં આવેલું શહેર. ના, ત્યાં દવાઓ લેવા કે દવાઓનાં ગંજાવર કારખાનાં જોવા નથી જવું. આવા ઔદ્યોગિક કેન્દ્ર સમા શહેરમાં ભારતની સંસ્કૃતિ જોવા જવું છે.

બર્નથી ઓલ્ટન થઈ બાઝલ આવ્યા. મોટરમાં જ છીએ એટલે સીધા જ ડૉ. સારાસીનને ત્યાં જઈ પહોંચીએ. ૮૫ની ઉપરના વૃદ્ધજનને નમસ્કાર કરીએ. આ વૉનઆલ્ફ્રેડ સારાસીન આપણું સ્વાગત કરવા ક્યારના ઊભા છે. એમના હાથ ઉપર ગુજરાતી ઢબનું સુંદર સોનાનું કડું જોયું કે?

ઈ.૧૮૮૮-'૯૦ની વાત. જુવાની ફૂટવાની શરૂઆતમાં 'ચલો ઘૂમને કો' કરીને બે બિરાદરો નીકળી પડેલા. તેમાં એક ઈમૅન્યુઅલ લ રૉશ, ને બીજા આ સારાસીન. કહાં ચલેંગે? તો કે ચલો હિન્દ! એક શિલ્પકળાના અભ્યાસી, બીજાને સોળે કળાનો શૉખ. ખૂબ રખડયા. આજથી સાઠેક વર્ષ પહેલાં, હિંદને ખૂણેખૂણે,—નાસિક, સૂરત, અમદાવાદ, પાટણ, સોમનાથ, મોઢેરા, જયપુર, ઉદેપુર, અંબેર, દિલ્હી, આગ્રા, કાશી, અનુરાધાપુર, બિહાર, સારનાથ, બીજાપુર, શ્રીરંગમ્, તિન્નેવેલી, ગ્વાલીઅર, ભુવનેશ્વર, અજંતા, કોનારક, મહાબલીપુર, તાંજોર, કાંજીવરમ, મદુરા, તિરૂચી, માઇસોર, રામેશ્વર, ત્રિવેન્દ્રમ,—કેટલાં ઠામો લખીએ? જે જે કલાનાં ધામ તે એમનાં પગલાં પડયા વિનાનાં ઠાલાં નથી રહ્યાં. બહુ ફર્યા, બહુ જોયું. અમદાવાદની સીદી સૈયદની મસ્જિદની જાળી, શાહઆલમનાં બારણાં ને સિપ્રીના ઝરૂખા, એમ ગામેગામનાં કલામય બાંધકામો, કમાનો ને તોરણો, શિખરો ને થાંભલા, મૂર્તિઓ ને કોતરણી બધાંની ઝીણીઝીણી વિગતો નોંધી લીધી. સ્કેચો પાડયા, આકૃતિઓ દોરી, માપણી કરી. જેના એક પાના પર છ ફૂલ્સકેપ કાગળ સમાય એવડાં મોટાં પાનાંના છ મોટા ગ્રંથો, મોટી પ્લૅટો છાપીને એમાં બધી વિગતો બારીકાઈથી આલેખીને ૧૯૨૨માં પ્રગટ કર્યા! ફક્ત પાંચસો જ નકલ છાપેલી. એકેક ગ્રંથ આશરે બારસો રૂપિયાનો! ફરીને ન જોઇ શકો એવી આખા ભારતની કલાસમૃદ્ધિની વિગતો ઘેર બેઠાં એમાં મળે. આજે કદાચ હિંદમાં માંડ બે-પાંચ નકલો એમાંની હશે. એક છે મધુરીબેન દેસાઇ પાસે. નામ. ઈન્ડીઆંશ બાઉકુન્સ્ટ Indiansche Baukunst: હિંદની બાંધકામની કળા. કર્તા રૉશ અને સારાસીન. એની છપામણીના પૈસા સારાસીને આપ્યા હતા, છતાં, આપણે ત્યાં સ્વાભાવિક રીતે હોય જ એમ, એની છબિ સરખી એ પુસ્તકમાં નથી!

ચાર ઓરડા ભરીને એમનો ખજાનો છે. કદાચ આખા યુરોપમાં હિંદની સંસ્કૃતિ ઉપર આટલાં પુસ્તકોનો સંગ્રહ અહીં જ જોવા મળે. વાતો કરતાં લાગ્યું કે કાન મંદ પડી ગયા છે એટલે મેં સોરાબજીને કહ્યું, 'બહેરામજી લાગે છે!' તો સોલી કહે, 'ચેલા, ૮૬-૮૭ વર્ષ થયાં; કાન ભલે મંદા, પણ યાદશક્તિ જોને!' મધુરીબહેને તૈયાર કરેલો ભારતના સ્થાપત્ય-નકશો અમે સાથે લઈ ગએલા (જુઓ ચિત્ર), તે એમણે એને બતાવ્યો, એટલે તો એના હાથમાં વીજળીઓ ફરવા માંડી! એકે ઝાટકે બનારસ પર હાથ મૂકી, પાંચ મિનિટમાં દાયકા પહેલાં જોએલા બનારસનો ચિતાર ખડો કરી દીધો. 'સન ટૅમ્પલ મોઢેરા!' 'મોઢેરા?–હા, હા. કેવું અદ્દ્ભુત! મારું તો માનવું છે કે હિંદની શિલ્પ સંસ્કૃતિની અસર છેક ફ્રાન્સના છેડા સુધી હું તમને બતાવી શકું!' ભારેનું સંતવ્ય!

તમને ઘરેણાંનો શૉખ છે કે વસ્ત્રપરિધાનનો? ભારતમાં કેટલા પ્રકારનાં ઝવેરાત થાય છે? મીનાકારી કામ સારું ક્યાં થાય છે? ગુજરાતમાંના અકીક વિષે જાણવું છે? એની વિધવિધ વાતો જોવી છે? અંબર, શેલાં, પટોળાં, કિનખાબ, જરીકામ, બાંધણી, છાપકામ, શેના પર તમારે માહિતી જોઇએ છે? કાનનાં કુંડળો કેટલી જાતનાં, ક્યા સૈકામાં, ક્યા પ્રાંતોમાં પ્રચલિત? એ બધાં વિષે એની આંગળીને ટેરવે માહિતી છે. એની ગ્રંથિણીને અભરાઈઓ ઉપરથી ચોપડીઓ ખેંચી કાઢવાની જ વાર! ભારત સાથે એની જૂની લેણદેણ હશે? કોણ જાણે!

ધંધે બૅંકર, બા'લની એક બૅંકમાં એ કામ કરે. પસો સારો. છોકરાંઓને સારી રીતે ભણાવ્યાં અને કહી દીધું કે મારા મોત પછી એક પૈ પણ તમને મળવાની નથી. આ બધો ખજાનો બા'લ યુનિવર્સિટીમાં જશે અને ત્યાં એની દેખરેખ માટે વ્યવસ્થા કરવાની યોજના કરાઇ છે. યોજના એટલે ચોક્કસ ગોઠવણ, કેવળ ઉપરના લિસોટા નહિ.

આખો દિવસ એના ચારે ખંડો ફંફોળી વળ્યા. હિંદના સૈકાઓના ઓથાર ઉચકાયા. ક્યાંના ક્યાં ભ્રમણ કરી આવ્યા! વાહ, ડૉક્ટર સારાસીન, વાહ! કલા પ્રત્યેની તારી ભક્તિ માટે ધન્યવાદ.

હા; પેલા કડાની વાત. મને પૂછ્યું તમે ક્યાંના? મેં કહ્યું, અમે અસલ સૂરતના. 'સૂરૅટ, સૂરૅટ. બરાબર, આ કડું મેં ત્યાંથી ખરીદેલું!' એ કડું એણે એની પ્રિયતમાને ભેટ આપ્યું હતું. પરણ્યા, સુખે સંસાર ગાળ્યો, પત્ની ગુજરી ગઈ, એટલે હવે એ કડું પોતે પહેરી રાખે છે!

મોટરમાં પાછા ફરતાં અનેક લીલીછમ જાજમો ને ગિરિમાળાઓ ઉત્તરોત્તર સુંદર સ્વરૂપે છતી થતી; અલોપ થતી, છતાં, હિંદના ભૂતકાળમાં એટલાં બધાં ભમ્યાં હતાં કે એ બધું જોવા મન એકાગ્ર થવું જ નહોતું.

[આવતે વરસે પણ આ લોકપ્રિય લેખમાળા ચાલુ રહે છે.]

પચ્ચીસ વર્ષ પહેલાં



માગશર ૧૯૮૫
અંક ૧૦મો

સાહિત્ય વિશે કાકાસાહેબ કાલેલકરના વિચારો, નેપાળના ઇતિહાસ તથા શિલ્પ-સ્થાપત્ય વગેરે સાથેનો એ પ્રદેશનો નિઃશેષ પરિચય, જીવનશક્તિ મેળવવા ક્ષ્યભર રહેવાનો પ્રયોગ; કલકલિયો અને નાનો નીલકંઠ એ પક્ષિદ્વયનાં ઓળખાણ, ગરમ પાણીના બંબાની કરકસરભરી રચના,—એવી વૈવિધ્યમય સામગ્રીથી ભરેલા પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંથી અહીં તો માત્ર માનવીની હિંમત અને વીરત્વની બે અમર કથાઓ આ નીચે ઉતારીએ છીએ. ઠંડી તાકાતની પહેલી કથા ઝળહળતા લોખંડી પાટાઓથી લખાઈ ક્ષિતિજની પાર પસરેલી છે; અને યુદ્ધવીર નેપાળીઓની અગ્નિપરીક્ષાની બીજી કથા ભારતની શૌર્યગાથાઓમાં અમર બની છે.

'અમેરિકન પ્રજા એને પોતાના દેશના એક સમર્થ માર્ગશોધક (Pathfinder—પગદંડી પાડનાર) તરીકે ગર્વથી વધાવે છે. યુગો થયાં અણવીંધ્યો ને ગીચવેરાન પડેલો ભીષણ રૉકી પર્વતોનો છાતી કંપાવી નાખે એવો એ પ્રદેશ વીંધીને પાર જવાની કોઈ માનવીપુત્રની હામ ચાલતી નહોતી. પાતાળઊંડી ખીણો અને જટાજૂથ વૃક્ષોની ઝાડીથી ભરેલાં જંગલોનાં જંગલો અનંત વર્ષોથી પોતાનાં શરીર પર ધારણ કરીને ઉભેલી રૉકીઝ અને કાસ્કેડની એ ગગનચુંબી ગિરિમાળાઓ પર, થિજાવી નાખે એવી ઠંડી અને બરફના ઢગનો સદા વાસ હતો. એ પ્રદેશના મૂળ વતની રેડ ઇંડિયનોના ભલભલા પાણીદાર જુવાનો પણ એ પર્વતમાળા પર ડગ દેવાની ભાગ્યે જ હિંમત કરતા. આપણા ચરિત્રનાયક જુવાન અમેરિકન સ્ટીવન્સે એ વણવીંધ્યા પ્રદેશની આરપાર પ્રથમ પગલાં માંડી પહેલી પગદંડી પાડી, એટલું જ નહિ પણ તેની આરપાર રેલવેના ચકચકિત પાટા પાથરી જગતને આશ્ચર્યમૂક કરી દીધું. એ માર્ગ પોતે કેવી રીતે એકલપંડે શોધ્યો તેની રોમાંચકારી રસપૂર્ણ કહાણી એણે જાતે જ કહી છે.



સફર માંડતાંની સાથે એણે ઇંડિયનો સાથે દોસ્તી બાંધી અને એમનાં ટોળાંઓમાં ભટકી ભટકી કોઈ જૂની પગદંડી હોય તો તે જાણવાના પ્રયત્ન કરવા માંડ્યા. વાતવાતમાં તેણે જાણી લીધું કે પોતે શોધતો'તો એવો એક સાંકડો માર્ગ મેરિયાસ નદીના મૂળ આગળ થઇને જાય છે એવી જૂના કાળથી ચાલતી એક દંતકથા છે. પણ એમણે એને ચેતવ્યો કે એ રસ્તે ભયંકર ભૂતાવળનો વાસ છે, અને ત્યાં ગએલો કાળા માથાનો માનવી કોઈ જીવતો પાછો ફર્યો નથી.

પણ મોતનાં દાંતિયાં કચકચાવતું એ બિહામણું ભાવિ સ્ટીવન્સને ડારવામાં નિષ્ફળ નીવડ્યું. એ ઉપડ્યો ત્યારે શિયાળો બેસી ગયો હતો અને ઠંડા પ્રદેશની મુસાફરી હવે વધારે કાતિલ થવાની હતી; પરંતુ એણે તો અડગ નિરધાર કરી નાખ્યો હતો. ગમે તેવી આફતથી પણ એ આદર્યું અધૂરું મૂકવાનો ન હતો. અને જેમજેમ બારીકીથી તે એ ભૂમિનાં વલણ તપાસતો ગયો તથા ઝરાઓની પ્રવાહદિશા નીરખતો ગયો તેમતેમ એની ખાતરી થતી ગઈ કે એ ગેબી ગિરિમાળાઓમાં ક્યાંક ને ક્યાંક પણ જોઇતો રસ્તો જરૂર મળવાનો.

મધ-ડિસેમ્બરનો દિવસ હતો. દઝાડી નાખે એવી જીવલેણ ઠંડી પડતી હતી. થર્મોમીટરનો પારો શૂન્ય નીચે ૪૦ ડિગ્રીએ જઇ ઠર્યો હતો. સ્ટીવન્સના ગરમ ઝભ્ભા ને ટોપી સોંસરવો ટાઢે પ્રવેશ કર્યો. તેનું શરીર કંપવા માંડ્યું. ચૈતન્ય ઓસરી જતું લાગ્યું. પણ એનો આત્મા અડગ હતો. યત્ન ને આશા એનાં સાથીદાર હતાં.

અને પછી આગળનું વર્ણન કરતાં એ જણાવે છે: 'રૉકીઝના શિખરથી ૪૦ માઇલે આવેલી બ્લૅકફીટ ઇંડિયનોની એક વસાહત આગળ મેં મુકામ નાખ્યો, અને ભોમિયા તરીકે સાથે કોઈ રેડ ઇંડિયનને લેવાના ઇરાદાથી તેમને ભોળવવા લાલચ આપવા માંડી. પણ કોઇ પલળ્યો નહિ. અંતે, ખૂનના ગુનાહ માટે હાંકી કાઢેલા એક કાલિસ્પેલ ઇંડિયનને મહામહેનતે હું ગાળી શક્યો અને સારી લાલચ આપી સાથે લીધો.

પરંતુ દોઢ જ દહાડાની મુસાફરીમાં એની હિંમત ખૂટી પડી અને બરફથી ઢંકાએલા એ લપસણા ભયંકર ઢોળાવો પર આગળ ડગ દેવાની સાફ ના પાડી એ પાછો ફર્યો.

'પણ' સ્ટિવન્સ લખે કે છે 'હું કોને ના પાડું? હું તો નીકળ્યો ત્યારથી જ મૃત્યુની જોડે હોડ બકીને નીકળ્યો હતો. મારે પાછું ફરવું પોસાય એમ ન હતું. એને પડતો મૂકી, હિંમતથી છાતી ભિડાવી, દાંત પીસી હું આગળ ધપ્યો.

પાંચપાંચ ફૂટ ઊંડો બરફ ખેડતો, વચ્ચે પડેલાં મોટાં તોતિંગ ઝાડનાં થડના ઢગલાના ઢગલા વટાવતો અને કાચ જેવા લીસા, લપસણા ને ભીંત સરખા સીધા ભયંકર ઢોળાવો ઊતરતો, એ મૃત્યુ સમા કારમા પર્વતને વીંધતો હું આગળ ચાલ્યો. અનેક વાર હું જિંદગી લગભગ ગુમાવી બેસવાની અણી પર આવી ગએલો. એમ જ થાય કે હું ગયો! પણ મારો નિશ્ચય અડગ હતો. કાળાંતે પણ હું પાછો તો ફરવાનો જ નહોતો. મારો આત્મા કહેતો હતો કે રસ્તો ખસૂસ છે જ.

અને અંતે, એ ગિરિમાળાના ઊંડા પેટાળમાં અનેક જીવલેણ અથડામણો પછી એ પગદંડી મને લાધી. બરોબર ખાતરી કરવા હું તેના પર ઠેઠ સુધી નજર નાખી આવ્યો. એ માર્ગે રેલવે લાઈન આરપાર કેવી રીતે લઈ જઈ શકાશે તેની પણ તપાસ કરી લીધી.

પાછાં ફરતાં, શિખરે પહોંચ્યો ત્યારે અંધારું ઘોર થઈ ગયું ને હું એક ડગલું પણ આગળ દઇ શકું એમ ન રહ્યું. થિજાવીને પથ્થર બનાવી મૂકે એવી કારમી ઠંડી જાણે જુલમ ગુજારી રહી હતી. શરીરમાં ઉષ્મા ટકાવી રાખવા મારે આખી રાત, ઘડી પણ પગ વાળ્યા વિના, આમથી તેમ ને તેમથી આમ આંટા જ મારવા પડ્યા. ખોરાકમાં મારી પાસે એક ઠરી ગએલું બિસ્કિટ ને એક કટકો થિજાવેલું માંસ હતું. એટલું પેટમાં નાખી ઊભે પગે ટેલતાં ટેલતાં મેં એ રાત ગાળી,

પણ મારે મન તો એ અલૌકિક આનંદની રાત હતી. રૉકીઝ પર્વતના એ ઊંચા ગિરિશૃંગ ઉપર, ભીષણ અંધકાર ને કાતિલ ઠંડીમાં ટેલતાં

મેં ભાવિનું સ્વપ્નદર્શન કરવા માંડયું; એ ગર્વિષ્ઠ પર્વતને વીંધી મહાત કરવાની યોજનાઓ ઘડવા માંડી; ને મારી કલ્પનાદષ્ટિ આગળ એ પર્વત સોંસરી સુસવાટ કરતી દોડતી ગ્રેટ નૉર્ધર્ન રેલવેની ટ્રેનો જાણે આબેહૂબ તરવા લાગી.'

બીજે દહાડે મળસ્કે તો એ થોડા સેંકડા માઇલ દૂર નીચે આવેલા હેલેનાના પોતાના હેડક્વાર્ટર્સમાં આ ખુશખબર દેવા ઊપડયો.

આજથી ૬૨ વર્ષ પહેલાં, નસીબ સામે યુદ્ધ ખેડી, જે સ્થળે આખી રાત આંટા મારી એણે ઊજળા ભાવિની એકાંત તપશ્ચર્યા સેવેલી ત્યાં—એ ગિરિશૃંગ ઉપર આજ, એન્જિનિયરનાં બીંગાં કપડાં પહેરેલું એનું વીરતા દાખવતું પૂતળું એ ધુમ્મસઘેરા પર્વતોની અનંત ચોકી કરતું ઊભું છે. પાછળ આપેલા એના ચિત્રમાં, એ પૂતળાને પડખે ખુદ સ્ટીવન્સ ઊભેલો છે.

નેપાળના સીમાડાના મુલકમાં કલુંગા નામે કિલ્લો છે. ઈ. ૧૮૧૪માં અંગ્રેજોએ નેપાળ રાજ્ય સામે લડાઈનાં રણતૂર ફૂંક્યાં ત્યારે ફક્ત ત્રણસો જેટલા મુઠ્ઠીભર ગુરખા સૈનિકોની એક નાની ટુકડી ત્યાં હતી. બળભદ્ર થાપા એનો સરદાર હતો. એ સ્થાન પૂરું સુરક્ષિત પણ નહોતું. જૂના જમાનાના એ કિલ્લામાં લડાયક સરંજામ પણ પૂરતો નહોતો. એ સૈનિકો પોતાના કુટુંબકબીલા સાથે જ ત્યાં રહેતા. સ્ત્રીઓ-બાળકો મળી આશરે દોઢસોની સંખ્યા બીજી હશે. સેનાપતિ માઉથીએ એકાએક સાડા ત્રણ હજાર માણસના સૈન્ય અને મોટા તોપખાના સાથે એ સ્થાનને ઘેરો નાખ્યો.

વિજયની ડંકે આશા હોય તેવા યુદ્ધમાં ઝઝૂમનાર તો ઘણાં નીકળે; પરંતુ જ્યાં હારની સો એ સો ટકા ખાતરી હોય તે સંગ્રામમાં ઝઝૂમવા અમાનુષી બળની જરૂર હોય છે.

બીજે દિવસે સવાર પડતાં જ અસંખ્ય તોપોમાંથી જાણે આગ વરસવા લાગી. કિલ્લાની દીવાલ તો ખળભળી ગએલી જ હતી, તેમાં તોપના ગોળાનો મારો શરૂ થયો. તેની સામે એ કેટલુંક ટકી શકે? કિલ્લો તૂટવા લાગ્યો.

પરંતુ તરત જ એક અદ્ભુત દૃશ્ય નજરે પડયું. કિલ્લાનો જે ભાગ તૂટી ગયો હતો ત્યાં એક જ ક્ષણમાં એક નવી દીવાલ ખડી થઇ ગઈ હતી. એ નવી દીવાલ શિલાઓની નહિ પણ ગુરખા સૈનિકોની સ્ત્રીઓની કાયાઓની બનેલી હતી! કિલ્લાના તૂટી ગએલા ભાગોમાં આ સ્ત્રીઓ, જીવતા પહાડોની જેમ ખડકાઈ ગઈ! જાપાની રમણીઓએ તોપોનાં દોરડાં બનાવવા પોતાના માથાના વાળ ઉતારી દીધાની નોંધ ઇતિહાસને પાનેથી મળી શકશે; કાર્થેજની વીરાંગનાઓએ તે જ મુજબ સૌભાગ્યના શણગાર સરખા પોતાના અંબોડા કાપી ધનુષ્યની પણછ ગૂંથી આપ્યાના પ્રસંગ પણ આપણને મળી શકે છે; પરંતુ કિલ્લાની દીવાલને બદલે જીવતાં શરીર ખડકી દીધાનું અપૂર્વ વીરત્વ દુનિયાના ઇતિહાસે હજુ ક્યાંય નોંધાએલું નથી. અને આ નારીઓની કાયાઓ કેવળ કિલ્લાની દીવાલ બની રહી એટલું જ નહિ, પણ એ કોમળ કાયાઓએ વજ્ર કરતાં પણ કઠોર બનીને રણમેદાનમાં ભીષણ સંહાર કરનાર શસ્ત્રની ગરજ પણ સારી! બીજી બાજુ જનરલ ગિલેસ્પી કિલ્લાની દીવાલ પર હુમલો કરવા આગળ ધસ્યો. સણસણાટ કરતી એક ગોળીએ આવીને તેની છાતી વીંધી નાખી અને તેની પાછળ આવતા સૈન્યનાં રહ્યાંસહ્યાં માણસો નાસીને દહેરાદૂન પાછાં ફર્યાં.

૨૪મી નવેમ્બરે નવા આવેલા સૈન્યે ફરી કલુંગાના કિલ્લા પર ચડાઇ કરી. એ ઘેરો નખાયાને એક માસ કરતાં વધુ સમય વીતી ગયો હતો. કિલ્લામાં ખોરાક ખૂટી પડયો. લડાઈનાં સાધનો પૂરાં થવા આવ્યાં. છતાં વીર ગુરખા હજુ અડગ હતા. એવામાં એક છૂપા બાતમીદારે આવી ખબર કરી કે કલુંગાના કિલ્લામાં પીવાનું પાણી બિલકુલ નથી. કિલ્લાની બહાર એક નાનકડી નદી વહે છે ત્યાંથી રાતના અંધકારમાં ગુરખાઓ આવીને પાણી લઈ જાય છે.

તરત જ નદી પર ચોકી બેસી ગઇ. પાણી બંધ થતાં કિલ્લામાં જે ભયંકર ત્રાસ પેદા થયો તેની તો કલ્પના જ માત્ર કરી શકાય. ઘાયલ અને મોતને કાંઠે આવેલાં સ્ત્રી-પુરુષો તથા બાળકો 'પાણી પાણી'ની દિલ પિગળાવી નાખે એવી ચીસો પાડતાં હતાં ને એ ચીસો મૃત્યુ જ શાંત કરતું ત્યારે શમતી.

એક મહિના પહેલાં લડાઈ શરૂ થઈ ત્યારે ગુરખા સૈનિકોની સંખ્યા ત્રણસોની હતી. તેમાંથી ફક્ત સત્તર જણ જ હવે બાકી રહ્યા હતા. આમાંથી કોઇએ પણ ચાર દિવસથી પાણીનું ટીપું સરખું યે મોંમાં મૂક્યું ન હતું. આ અડગ ટેકધારી વીરો ભૂખ ને તરસનું કમકમાટી ઉપજાવે એવું દુઃખ મૂંગે મોંએ લેશ પણ દુભાયા વિના પ્રસન્નતાથી સહી રહ્યા હતા. પરંતુ સ્ત્રી અને બાળકોની દિલ પિગળાવનારી ચીસો ધીરેધીરે અસહ્ય થઇ પડી. તેઓ જો શત્રુઓના હાથમાં કિલ્લો સોંપી દે તો તરત જ આ દુઃખનો અંત આવી જાય એમ હતું. પરંતુ દેહમાં પ્રાણ હોય ત્યાં સુધી ગુરખા બચ્ચો શરણ જાય એમ ન હતું.

મધરાતનો શુમાર હતો. આજલગી તોપ ને સંગીનના મારાથી જે દ્વાર ખૂલ્યાં નહોતાં તે એકાએક એની મેળે જ ખૂલી ગયાં. આત્મબલિદાન આપવા તત્પર થએલા એ સત્તર વીર, મેઘનો ટુકડો અચાનક ધરા પર તૂટી પડી રેલમછેલ કરી નાખે તેમ, અગણિત શત્રુઓના સૈન્ય પર તૂટી પડયા ને વીજળીની ત્વરાથી પોતાની તેજસ્વી તલવારના સપાટા ચલાવતા અંગ્રેજ સૈન્યમાંથી માર્ગ કાપી અદૃશ્ય થઇ ગયા.

બીજે દિવસે સવારે અંગ્રેજ સૈન્યે કિલ્લામાં પ્રવેશ કર્યો, પરંતુ ત્યાં જે દૃશ્ય જોયું તેથી તેમના જીતનો ઉલ્લાસ ક્ષણભરમાં શોકના રૂપમાં પલટાઈ ગયો. આ તે કિલ્લો કે સ્મશાન?

સોળ સાથીદારો સાથે કેસરિયાં કરી બહાર નીકળી જઇ બળભદ્રે જેતગઢના કિલ્લામાં આશ્રય લીધો. એટલામાં તો નેપાળ વિગ્રહની સમાપ્તિ થઇ. બળભદ્રને લાગ્યું કે હવે સ્વદેશને મારી તલવારની જરૂરત નથી, એટલે તે પોતાના સત્તર સાથીદારો સાથે રણજિતસિંહના સૈન્યમાં દાખલ થયો.

શીખશિરોમણિ રણજિતસિંહ અફઘાનિસ્તાન સાથે યુદ્ધમાં ઊતર્યા હતા. એક વખતે તેમના સૈન્યની એક નાની ટુકડી પર અફઘાનોનું મોટું ટોળું તૂટી પડયું. તેમાંથી ઘણાએ નાસી છૂટી જીવ બચાવી લીધો. ફક્ત સત્તર માણસની એક ટોળી લડાઇના મેદાનમાંથી એક કદમ પણ પાછી હઠી નહિ. અડગ પહાડની જેમ આ વીર સિપાહીઓ શત્રુઓની સામે છાતી રાખી ધસી રહ્યા હતા. પહેલાંના અનેક યુદ્ધોમાં એકબીજાને પડખે રહી તેઓ લડયા હતા; આજ છેલ્લી જ વાર સરદાર ને સિપાહી ખભેખભા મિલાવી આગળ ધપી રહ્યા હતા. સામેથી તોપનો અવ્યાહત મારો ચાલુ હતો અને હારમાંથી એકેક જણ ઓછો થતો જતો હતો. છતાં એ હાર તૂટી નહિ, કે ન પાછી ફરી. નાની ને નાની થતી જતી એ હાર તોપના મોંમાં ધસી ગઈ ને અંતે અદૃશ્ય થઈ ગઇ.

અંગ્રેજ સૈન્યે કલુંગાના કિલ્લાનો કબજો લઈ તેને જમીનદોસ્ત કરી નાખ્યો. આજ એ કિલ્લાને સ્થાને અંગ્રેજોએ સ્મૃતિચિહ્ન સ્થાપિત કરેલાં છે. એક સ્થંભ પર જનરલ ગિલેસ્પી અને કલુંગાના યુદ્ધમાં ખપી ગએલા અંગ્રેજ સૈન્યનું સ્મરણ લખેલું છે. તેની નજીકમાં જ એક બીજો સ્થંભ છે. તેના પર લખેલું છે: 'અમારા વીર શત્રુ, કલુંગાના કિલ્લાના સેનાનાયક બળભદ્ર થાપા અને તેના તાબાના વીર સૈનિકો, જેણે રણક્ષેત્રમાં જીવનને તુચ્છ લેખ્યું ને અફઘાન તોપખાનાની સામે ખુલ્લી છાતીએ ખડા રહી જરા યે અચકાયા સિવાય એક પછી એક પ્રાણની આહુતિ આપી એ નરવીરોના સ્મરણાર્થે.'

શરીરસ્વાસ્થ્ય માટે અતિ ઉપયોગી નિદ્રા વિષે અવનવાં વૈજ્ઞાનિક સત્યો કહેતી

'કાયાની કરામત'ની લેખમાળાનો ૩૯મો મણકો

લેખક - ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

મહેનતભરેલાં કામકાજથી માંસપેશીઓમાં લેક્ટિક ઍસિડ જમા થાય છે. આ કારણે માંસપેશીઓની સંકોચન-શક્તિ મંદ થતાં કે નષ્ટ પામતાં થાક વરતાય છે. દિવસભરની કામગીરી દરમ્યાન શરીરના બધા કોષોમાં કાર્બન ડાયૉક્સાઈડના અણુઓ તથા નાઇટ્રોજનયુક્ત વ્યય-દ્રવ્યો પણ જમા થતાં રહે છે. આ કુદરતી રીતે શરીર બહાર ફેંકાઈ જતાં તો હોય જ છે, છતાં જેમજેમ દિવસ વધતો જાય તેમતેમ એ તેના નિકાલ કરતાં તેનો ભરગાળો વધતો જવાથી લોહી અને લસીપ્રવાહ એનાથી દૂષિત બને છે. આમ થતાં શરીરની સર્વ માંસપેશીઓમાં થાક વરતાય છે. આના પરિણામે જ્ઞાનતંત્રને પણ થાક લાગે છે. પ્રાણવાયુ લેક્ટિક ઍસિડનું દહન કરતો હોવાથી, ફેફસાંના વધારે પ્રાણવાયુ લેવાના મિથ્યા પ્રયત્નોના કારણે બગાસાં આવે છે, અને છેવટે આરામ કરવાની ને ઊંઘવાની આપણને વૃત્તિ થાય છે.

ઊંઘની જરૂર

પ્રવૃત્તિના પરિણામે થાક, અને થાકનો ઉતાર આરામ કે ઊંઘ, એ જાણીતી ઘટના છે. આરામ ને ઊંઘમાં જીવન ટકાવવાનાં મૂલ્યો છે. એના વિના આપણે બહુ ટકી ન શકીએ. એ વિના પ્રાણીઓ ઝૂરીઝૂરીને મરી જાય છે. સસલાં પાંચ દિવસમાં ને કૂતરાં પંદર દિવસમાં મરી જાય છે.

દિવસ પછી રાતનો જેવો કુદરતી ક્રમ છે, એવો જ શ્રમ પછી ઊંઘનો છે. આમ આ બન્ને એકબીજા સાથે સંકળાએલાં છે. શરીર ટકાવવા માટે ચાર વસ્તુઓની જરૂર છે: વાયુ, જળ, ભોજન ને ઊંઘ. निद्राहि नाम प्राणिनां प्रथममिदं शरीरधारणनिमित्तम् (चण्डकौशिक)। देहवृत्तौ यथाहारः तथा स्वप्नः सुखोमतः ।(चरक)દેહવૃત્તિ માટે જેટલું આહારનું પ્રયોજન છે એટલું જ પ્રગાઢ નિદ્રાનું છે. વાગ્ભટ્ટ શરીરના ધારણરૂપ ત્રણ બાબતો ગણાવે છે: આહાર, બ્રહ્મચર્ય ને નિદ્રા. માત્ર માનવી જ એકલો નહિ, પણ પશુપંખી અને જીવજંતુઓ પણ જાગ્યા પછી ઊંઘવા ટેવાએલાં છે. આથી તો પ્રાચીન સમયમાં ચીનમાં રીબામણ કે સજા ખાતર ગુનેગારોને જોરતલબીથી ઊંઘતા અટકાવવામાં આવતા હતા.

ઊંઘ વિષે છેક પ્રાચીન કાળથી વિજ્ઞાનીઓ અને કવિઓ વિચારતા આવ્યા છે. 'રોજિંદુ મૃત્યુ', 'મૃત્યુની નાની આવૃત્તિ', મનનો થાક ઉતારનાર અમોઘ ઔષધ' આવાંઆવાં ઊંઘ વિષેનાં વિશેષણો પ્રચલિત છે. આધુનિક વિજ્ઞાનીઓએ પણ ઊંઘની સમસ્યા ઉકેલવા પ્રયત્નો કર્યા છે. થાકેલા કોષોને શરીરમાંથી પોષણ તો મળતું જ રહે છે, પછી ઊંઘની જરૂર શી? અમુક દિવસ કરતાં વધારે વખત આપણે ઊંઘ વિના કેમ ન નભી શકીએ? કોકને થોડું તો કોકને વધુ ઊંઘવા જોઈએ છીએ. ઊંઘનું કારણ શું? વિજ્ઞાને આ બધા પ્રશ્નોના અરધાંપરધાં સત્યો તારવવામાં સફળતા પણ મેળવી છે.

જાણો છો? નિદ્રા જીવનને એટલી આવશ્યક છે કે બળજબરીએ નિદ્રાલોપ એ ચીનમાં મૃત્યુદંડનો એક પ્રકાર હતો. ઊંઘ ઉપર જ આપણાં સુખદુઃખ, જાડાપણું કે કૃશતા, તાકાત-કમજોરી ને જીવનમૃત્યુ એ બધું અવલંબે છે. અને ઊંઘમાં આવતાં સ્વપ્નાંનું રહસ્ય? કાયાની એ કરામત સમજવા તો આ લેખ જ વાંચી જવો જોઇએ.



ઊંઘ આવવાનાં કારણો

ઊંઘ વિષે ઘણા વાદો પ્રચલિત છે. એક વાદ એવો છે કે પહોળી થએલી ચામડીની લોહીની નળીઓમાં મગજમાંથી લોહી જતું હોઈ મગજમાં લોહી ઓછું થવાથી ઊંઘ આવે છે. ખાધા પછી બપોરના ઘેન ભરાય છે એનું કારણ કાંઈ થાક નથી, પણ પાચનક્રિયાને મદદ કરવા મગજનું લોહી પેટના ભાગમાં જતું રહેવાથી મગજમાં લોહી ઓછું થાય છે એ છે. બીજો 'રાસાયણિક વાદ' (chemical theory) છે: લોહીમાં લેક્ટિક ઍસિડના વધારાથી ચેતનનો નાશ થવાથી ઊંઘ આવે છે. પણ ઊંઘ તો જેમ થાક લાગવાથી આવે છે, તેમ થાક લાગ્યા વિના પણ આવે છે એ હકીકત આ વાદની વિરુદ્ધ જાય છે. નાના ઊર્મિમગજમાં આવેલા નિદ્રા-કેન્દ્રની ઉત્તેજનાને ઊંઘનું ત્રીજું કારણ માનવામાં આવતું હતું, પણ પછી માલૂમ પડયું કે એ કેન્દ્રના નાશથી તો લાંબી નિદ્રા આવે છે, એટલે એ નિદ્રાકેન્દ્ર નહિ પણ ખરી રીતે જાગૃતિ કેન્દ્ર (wakefulness centre) છે. રશિયન શરીરશાસ્ત્રી પાવલૉવ ઊંઘનું કારણ મગજમાં વ્યાપતી અવરોધક કૃત્રિમ રિફ્લેક્સ ક્રિયા (inhibitory conditioned reflex action) માને છે. મોટા ભાગે સાચો ગણાતો આ સિદ્ધાંત પણ મગજ કાઢી લીધેલાં કૂતરાંને પણ ઊંઘ આવવાનાં કારણો આપવામાં નિષ્ફળ નીવડે છે.

શિકાગો યુનિવર્સિટીના ડૉ. ક્લાઈટમાન(Klei:man)નો સિદ્ધાંત વજૂદવાળો ગણાય છે. એમના કથન મુજબ મગજમાં જતા બહિર્વાહી તંતુપ્રવાહો ઓછા થતાં ઊંઘ આવે છે. એકાંત કે કંટાળાજનક સંજોગોમાં પણ મગજમાં જતા તંતુપ્રવાહો (સંવેદનાઓ) ઓછા થવાથી, આજુબાજુના વાતાવરણમાંથી રસ ને આનંદ ઘટવાથી પણ ઊંઘ આવવાનો આપણને કયાં અનુભવ નથી થતો? જ્યાં સુધી માંસપેશીઓ કાર્યરત હોય ત્યાં સુધી સંવેદનાઓ મગજમાં જતાં, ત્યાંથી તંતુપ્રવાહ (impulses) નાના ઊર્મિમગજમાં વહે છે અને ત્યાં સુધી જાગ્રતાવસ્થા કાયમ રહે છે. આપણે ગમે એટલા થાકેલા હોઇએ છતાં આનંદપ્રદ વાતાવરણમાં આપણા મગજમાં ઉત્તેજના જતી હોવાથી ઊંઘ અળગી રહે છે. માટે જ આપણે મિજલસો કે નાટકોમાં મોડે સુધી જાગી શકીએ છીએ. બીજા અવયવોની તીવ્ર સંવેદનાઓ પણ જાગૃતિકેન્દ્રને ઉત્તેજે છે, જેના પરિણામે ભર ઊંઘમાંથી પેશાબ માટે, વેદનાથી કે તરસ છિપાવવા જાગી જવાય છે.

પ્રાણીઓ કરતાં માનવી ઓછી ઊંઘ લે છે, કારણ કે એના મગજનો આગલો ભાગ વધુ વિકસેલો છે. પ્રાણીઓ એક લાંબી ઊંઘ કરતાં દિવસભરમાં કટકેકટકે ઊંઘ કાઢે છે. સસલાંનો જ દાખલો લો. ભૂખ-તરસ, મળમૂત્ર-ત્યાગ, જાતીય વૃત્તિઓ વગેરે જીવનની પ્રાથમિક જરૂરિયાતો પૂરતાં જ તે જાગતાં રહે છે.

કૅલેન્ડર વિશે આ તમે જાણતા હતા?

પ્રાથમિક અવસ્થામાં માનવી પાસે સમયની કશી ચોક્કસ ગણતરી નહોતી. નજીકના સમયના બનાવો તે અંધારિયાં કે અજવાળિયાંથી, એટલેકે ચન્દ્રના કૃષ્ણ કે શુક્લ પક્ષ દ્વારા સૂચવતો, જ્યારે ઘણા સમય પહેલાંના બનાવને એ અમુક ચોમાસાં પહેલાંના બનાવ તરીકે યાદ રાખતો. દિવસની જેમ મહિનાનો પણ એને ખયાલ હતો, કારણ એણે ચન્દ્રનાં વૃદ્ધિ-ક્ષય નિયમિતપણે થતાં જોએલાં. પરંતુ વર્ષગણનાનો ખયાલ તેને ન હતો.

ધીમેધીમે વર્ષગણનાની અગત્ય માનવીને સમજાતી ગઈ અને તેણે ટૂંકી કાળગણના જેમ ચાન્દ્રમાસથી શરૂ કરેલી, તેમ લાંબી કાળગણના માટે હવે સૌર્ય સંવત્સરનો ઉપયોગ કરવા માંડ્યો. સૌર્ય સંવત્સરને જુદીજુદી ૬ ઋતુઓમાં વહેંચી નાખવામાં આવ્યો ને દરેક ઋતુના ૬૧ દિવસ નક્કી કર્યા. ચંદ્ર અને સૂર્ય વચ્ચેના અંતર પરથી તિથિગણના કરી મહિનાના શુક્લ અને કૃષ્ણ એવા બે પક્ષ નક્કી કર્યા ને દિવસના પણ ૬૦ વિકલાની એક કલા, ૬૦ કલાની એક ઘડી અને ૬૦ ઘડીનો એક દિવસ એમ પેટાવિભાગ પાડ્યા. પરંતુ મહિનાઓ તથા ઋતુઓનું ચક્ર તો ૬૨ મહિને અથવા ૩૦ ઋતુ પછી પૂરું થતું, એટલે ઉપર્યુક્ત ગણતરીએ પાંચ વર્ષે કાળગણનામાં ૨ માસ ખૂટે. આ ક્ષતિ સુધારવા માટે દર પાંચ વર્ષે ૨ અધિક માસ ઉમેરવાની પદ્ધતિ આપણે ત્યાં ઠેઠ વૈદિક કાળથી ચાલી આવે છે.

તિથિગણનામાં તિથિનો આરંભ દિવસના કોઈ પણ ભાગમાં થતો હોવાથી, અને ઘણી વેળા સવારે એક તિથિ અને સાંજે બીજી તિથિ આવવાથી વહેવારમાં અડચણ થવા લાગી. આમાંથી માર્ગ કાઢવા માટે રવિ, સોમ વગેરે સાત વાર નક્કી કરવામાં આવ્યા, અને જે તિથિ સૂર્યોદય વખતે હોય એ જ તિથિ એ દિવસ અને રાતની માનવામાં આવી.

સૌર વર્ષનો કાળ ૩૬૫¼ દિવસનો ગણાતો તે પાછળથી ૩૬૫¼ (૩૬૫ દિવસ, ૧૫ ઘડી, ૩૧ પળ, ૩૦ વિપળ)નો નક્કી કરવામાં આવ્યો. આપણે ત્યાં મહિનાનાં નામ નક્ષત્રો ઉપરથી નક્કી થએલાં છે, જ્યારે ગ્રીક મહિનાનાં નામ રાશિઓ પરથી. આ રાશિઓની ગણના ગ્રીસમાંથી હિંદમાં આવી હોય કે હિંદમાંથી ગ્રીસમાં ગઈ હોય, પરંતુ હાલ જે કાળગણના ચાલુ છે તે, મેષ જેનું આરંભસ્થાન છે એવા રાશિચક્ર પર ચાલેલી છે. શરૂઆતમાં રોમન કાળગણનાનો વર્ષારંભ માર્ચથી થતો હતો, એની પ્રતીતિ સાતમા, આઠમા, નવમા ને દસમા મહિનાનાં સપ્ટેમ્બર, ઑક્ટોબર, નવેમ્બર ને ડિસેમ્બર એ નામો પરથી થાય છે. 'માર્ચ' શબ્દ 'માર્સ' અથવા મંગળના ગ્રહ સાથે સંકળાએલો છે, એટલે મંગળ જેનો અધિપતિ છે એ મેષ રાશિ સાથે માર્ચ મહિનાનો તે સમયે સંબંધ હતો એમ સિદ્ધ થાય. આપણે ત્યાં પણ પાછળથી કેટલાક પ્રદેશોમાં ચૈત્ર મહિનામાં મેષસંક્રાન્તિથી વર્ષારંભ ગણવાનું શરૂ થયું.

આમ છતાં અત્યારની, આપણી શું કે પશ્ચિમની શું, એકે કાળગણના સંપૂર્ણ નથી. આપણે ત્યાંની કાળગણના મુજબ 'નાક્ષત્ર-સૌર-વર્ષ' અને 'ઋતુ-સૌર-વર્ષ' વચ્ચે ૨૦ મિનિટનો ફરક રહે છે. રોમન કાળગણના કે જે આજે પશ્ચિમમાં પ્રચલિત છે તે ઋતુ-સૌર-વર્ષ સાથે જોડાએલી હોઇ તેમાં સિત્તેર વર્ષે એક દિવસનો ફેર રહે છે. એટલેકે મેષ વગેરે સંક્રાંતિ એક દિવસ આગળ ખસતી જાય છે.

રોમન કાળગણના જુલિયસ સીઝરના સમય સુધી એવી અનિશ્ચિત હતી કે વર્ષ પૂરું થયે કેટલા યે દિવસ એમાં ઉમેરવા પડતા. વળી, કાળગણનાનાં સૂત્રો ધર્મગુરુઓના હાથમાં હોઈ તેઓ લાંચ લઇને વર્ષના દિવસમાં વધઘટ કરી આપતા. આ બધાંના પરિણામે જુલિયસ સીઝરના વખતમાં રોમન વર્ષ લગભગ ૮૦ દિવસ પાછળ હતું!

સીઝર પોતે જ્યોતિષનો સારો અભ્યાસી હતો. મિસરમાં રહીને એ જ્યોતિષ શીખેલો. એણે એ બધી અનિયમિતતા ટાળીને ૩૬૫ દિવસ ને ૬ કલાકની વર્ષગણના નિશ્ચિત કરી. આ ગણના પણ વાસ્તવિક નહોતી,—વાસ્તવિક કરતાં ૧૧ મિનિટ અને ૧૪ સેકંડ આગળ હતી; એટલેકે એક સૈકે ૧૯ કલાક.

સીઝરે રોમન કૅલેન્ડર સુધાર્યા પછી એના નામ પરથી જુલાઈ માસનું અને

આ સ્થિતિને ડૉ. ક્લાઈટમાન 'જરૂરિયાતની જાગ્રતિ' (wakefulness of necessity) તરીકે ઓળખાવે છે. પ્રાણીઓનાં મગજનો વિકાસ જેમ વધુ, તેમ ઊંઘ કરતાં જાગ્રતાવસ્થાનું પ્રમાણ વધુ રહે છે. સસલાં કરતાં ઊંદર, કૂતરાં, બિલાડાં વગેરે દિવસમાં વારંવાર ન ઊંઘતાં વધુ વખત જાગતાં રહે છે. એ શ્રેણીમાં આગળ વધતાં વાંદરાં, વાનર ને છેવટે માનવી આવે છે. મગજના વિકાસની દૃષ્ટિએ શ્રેષ્ઠ માનવ પોતાની ઇચ્છાઓ ને જરૂરિયાતો પૂરી કરવા ઉપરાંત બુદ્ધિબળના પ્રતાપે અનેક કામો કરતો આખો દિવસ કાર્યરત રહી રાતે લાંબા સમયની એક ઊંઘ લે છે. આપણું બાળક જ જુઓને. દિવસ ને રાત ઊંઘમાં પડી રહે છે. ભૂખ કે મળમૂત્રના ત્યાગની ક્રિયાઓ પૂરતું તે જાગે છે. એને દિવસ અને રાત સરખાં છે. મગજ કાઢી લીધેલું કૂતરૂંપણ આવું જ રહે છે. ઉમર વધતાં બાળકની જાગ્રતિનો વખત વધે છે ને મોટું થતાં તેને રાતના વધુ ઊંઘવાનું ટેવવવામાં આવે છે. આ રીતે રાતના જ ઊંઘવાની ટેવ માનવીને મહાવરાથી જ પડે છે. વારંવાર આવી ટેવના બળે રોજિંદા સૂવાના સમયે ઊંઘની પ્રેરણા પ્રગટે છે. આ રીતે માનવી ઊંઘના કૃત્રિમ રિફ્લેક્સનો ભોગ બને છે.

દરેક જીવંત કોષની બે કળા છે: (૧) આરામ અને (૨) કામનો વારાફરતી ક્રમ. આરામ વગર કામગીરી શક્ય નથી, એટલે જાગ્રતાવસ્થા કરતાં ઊંઘ(આરામ)ની જરૂર પ્રાથમિક છે. તમે પ્રશ્ન કરશો કે રાત ને દિવસ સતત ધબક્યા કરતા હૃદયને ક્યાં આરામ મળે છે? પણ ધબકતા હૃદયની બધી માંસપેશીઓ કામે લાગેલી નથી હોતી. વારાફરતી કેટલીક પહોળી થાય છે ને કેટલીક સંકોચાય છે; જ્યારે બીજી આરામમાં પડેલી રહે છે. આરામમાં પડેલી માંસપેશીઓ જ્યારે કામે ચડે છે ત્યારે કામે ચડેલી આરામ ભોગવે છે. આ જ મુજબ કલેજું,

એના પછીના સમ્રાટ ઑગસ્ટસના નામ પરથી ઑગસ્ટનું એમ બે મહિનાનાં નામ નક્કી કરવામાં આવ્યાં. આ પરંપરા આગળ ચાલત, પરંતુ ટાઇબેરિયસે જણાવ્યું કે આમ કરવા જતાં તો મહિનાનાં નામ ઓછાં પડશે અને સમ્રાટો વધી જશે, એટલે આવું નામકરણ ત્યાંથી જ અટક્યું.

દર ચાર વર્ષે ફેબ્રુઆરીમાં એક દિવસના ઉમેરા સાથેનું સીઝરનું કૅલેન્ડર પશ્ચિમમાં લગભગ સોળસો વર્ષ ચાલુ રહ્યું. ત્યાર બાદ પોપ ગ્રેગરીએ ઈ. ૧૫૮૨માં એમાં કેટલાક સુધારા કરી તે મુજબ કાળગણના કરવાનું ફરમાન બહાર પાડ્યું. પરંતુ આ સુધારા મુજબ જૂની વર્ષગણના અનુસારની ૩જી સપ્ટેમ્બરની તારીખને ૧૪મી સપ્ટેમ્બર ગણવી પડે એમ હતું અને ઇંગ્લંડની રાણી એલિઝાબેથે તે સામે વાંધો ઉઠાવ્યો. ત્યાંના પ્રોટેસ્ટંટોને લાગ્યું કે એ તો પોપે તેમના અગિયાર દિવસ ઝૂંટવી લેવાની તરકીબ રચી હતી! છેવટે પાર્લામેન્ટે એ સુધારાનો સ્વીકાર કર્યો ત્યારે પણ પ્રોટેસ્ટંટોએ વિરોધનાં સરઘસો કાઢી સૂત્રો પોકારેલાં કે 'Give us our eleven days.'

રોમન કાળગણનાની ક્ષતિ દૂર કરવાના પ્રયત્નો ત્યાર પછી પણ ચાલુ રહ્યા છે. ઑગસ્ત કૉન્ત નામના ફિલસૂફે દર ૨૮ દિવસનો એક એવા ૧૩ મહિનામાં વર્ષને વહેંચી નાખવાનો સુધારો સૂચવેલો. અત્યારના ચાલુ રોમન કૅલેન્ડરમાં મહિનાઓના દિવસ બહુ અનિયમિત છે અને તેમાં પાછો દર ચાર વર્ષે ફેબ્રુઆરી મહિનામાં એક દિવસ, અને દર ચાર સો વર્ષે વર્ષમાં એક દિવસ ઉમેરવાની જરૂર રહે છે અને એમ કરતાં યે એ કૅલેન્ડર ૩,૩૨૩ વર્ષે એક દિવસ વાસ્તવિક સૌર વર્ષ કરતાં પાછળ પડી જાય!

1ST QUARTER

JANUARY							FEBRUARY							MARCH						
S	M	T	W	T	F	S	S	M	T	W	T	F	S	S	M	T	W	T	F	S
1	2	3	4	5	6	7				1	2	3	4						1	2
8	9	10	11	12	13	14	5	6	7	8	9	10	11	3	4	5	6	7	8	9
15	16	17	18	19	20	21	12	13	14	15	16	17	18	10	11	12	13	14	15	16
22	23	24	25	26	27	28	19	20	21	22	23	24	25	17	18	19	20	21	22	23
29	30	31					26	27	28	29	30			24	25	26	27	28	29	30

2ND QUARTER

APRIL							MAY							JUNE							
S	M	T	W	T	F	S	S	M	T	W	T	F	S	S	M	T	W	T	F	S	
1	2	3	4	5	6	7				1	2	3	4						1	2	
8	9	10	11	12	13	14	5	6	7	8	9	10	11	3	4	5	6	7	8	9	
15	16	17	18	19	20	21	12	13	14	15	16	17	18	10	11	12	13	14	15	16	
22	23	24	25	26	27	28	19	20	21	22	23	24	25	17	18	19	20	21	22	23	
29	30	31					26	27	28	29	30			24	25	26	27	28	29	30	W

3RD QUARTER

JULY							AUGUST							SEPTEMBER						
S	M	T	W	T	F	S	S	M	T	W	T	F	S	S	M	T	W	T	F	S
1	2	3	4	5	6	7				1	2	3	4						1	2
8	9	10	11	12	13	14	5	6	7	8	9	10	11	3	4	5	6	7	8	9
15	16	17	18	19	20	21	12	13	14	15	16	17	18	10	11	12	13	14	15	16
22	23	24	25	26	27	28	19	20	21	22	23	24	25	17	18	19	20	21	22	23
29	30	31					26	27	28	29	30			24	25	26	27	28	29	30

4TH QUARTER

OCTOBER							NOVEMBER							DECEMBER							
S	M	T	W	T	F	S	S	M	T	W	T	F	S	S	M	T	W	T	F	S	
1	2	3	4	5	6	7				1	2	3	4						1	2	
8	9	10	11	12	13	14	5	6	7	8	9	10	11	3	4	5	6	7	8	9	
15	16	17	18	19	20	21	12	13	14	15	16	17	18	10	11	12	13	14	15	16	
22	23	24	25	26	27	28	19	20	21	22	23	24	25	17	18	19	20	21	22	23	
29	30	31					26	27	28	29	30			24	25	26	27	28	29	30	W

વર્લ્ડ કૅલેન્ડર ઍસો. તરફથી અંતમાં રજૂ થયેલું આ પત્રક કૅલેન્ડર તથા તેના ચાર ક્વાર્ટર રવિવારે જ શરૂ થતા હશે. આથી ૩૧ દિવસના તે દરેકના પહેલા માસમાં પાંચ રવિવાર ને પછીના બે માસમાં ૩૦ દિવસ ને ૪ રવિવાર હોઈ દરેકમાં ૨૬ કામદિન

એકસરખા ૯૧ દિવસના ચાર ક્વાર્ટરવાળું આ કૅલેન્ડર ૩૬૪ દિવસનું હશે ને ૩૬૫મો દિવસ ૩૦મી ડિસેમ્બર પછી છૂટો રાખી તેને 'જગત-તહેવાર' ગણવામાં આવશે. એ જ રીતે ૩૦મી જૂન પછી 'લીપ ઈઅર ડે' ઉમેરાઈ તે પણ 'જગત-તહેવાર' ગણાશે. એ બંને જગત તહેવારના વધારાના દિવસો ત્યાં W ઉમેરીને બતાવ્યા છે.

ફ્રેન્ચોએ રાજક્રાન્તિ દરમિયાન એક નવું જ કૅલેન્ડર અપનાવેલું જેને તેમણે 'કૅલેન્ડર ઑવ રીઝન'નું નામ આપેલું. વરસનાં બારે મહિનાને ૩૦ દિવસના ગણીને વધારાના પાંચ દિવસ એમણે જુદાજુદા ક્રાન્તિકારીઓને સમર્પિત કરેલા, નેપોલિયને એ કૅલેન્ડર રદ કરેલું.

ગયા મહાયુદ્ધ પછી 'લીગ ઑવ નેશન્સે' હાલની અનિયમિત કાલગણનાનો પ્રશ્ન હાથ ધરેલો. એની સમક્ષ બધાં મળીને ૧૫૨ જેટલાં સૂચનો આવેલાં, જેમાંથી બે સૂચનો એણે માન્ય રાખેલાં. એક સૂચન હતું ગ્રેટબ્રિટનની 'ઇન્ટરનૅશનલ ફિક્સ્ડ કૅલેન્ડર કમિટી'નું અને બીજું હતું ન્યૂયૉર્કની 'વર્લ્ડ કૅલેન્ડર એસોસીએશન'નું. પરંતુ એ યે સંપૂર્ણ તો નહોતાં જ. છેવટે નિષ્ણાતોએ મળી આખી દુનિયાને સ્વીકાર્ય એવું 'વિશ્વકૅલેન્ડર' યોજી કાઢ્યું છે જે અત્યારની આપણી જટિલ કાલગણનાને સ્થાને જેટલું સુગમ એટલું જ વૈજ્ઞાનિક મનાય છે. અગાઉ ૩૪૮મા અંકમાં એ આવી ગએલું, તે આ સાથે ફરી આપીએ છીએ.

ફેફસાં, કિડની, બરોળ ને મગજમાં પણ થતું રહે છે.

ઊંઘ વખતે શું થાય છે?

ઊંઘ એટલે શરીરના બધા અવયવોનો આરામ. મગજમાં લોહીનું ભ્રમણ ઘટવાથી સુસ્તી, ઘેન, વિચારવાની કે એકાગ્રતાની અશક્તિ વગેરે ચિહ્નો આવી પડે છે. પૅરા-સિમ્પૅથેટિકનું એ વખતે કામ વધે છે, જ્યારે સિમ્પૅથેટિક જ્ઞાનતંત્રનું કામ ઘટે છે. શરીરમાં લોહીનું ભ્રમણ મંદ પડે છે, લોહીનું દબાણ ઘટે છે, કેશવાહિનીઓ પહોળી થવાથી શરીરની ગરમી ઝડપથી ઘટવા માંડે છે, (આથી જ ખુલ્લામાં રહેનારાં, શરીરની ગરમી ઓછી ઘટે એટલા સારુ ટાકટુંવળીને સૂઇ શરીરનો થોડો જ ભાગ ખુલ્લો રાખે છે) શ્વાસોચ્છ્વાસ ધીમા પણ ઊંડા બને છે, પાચક રસો વધુ સ્રવે છે, (એટલે જ સૂતાં પહેલાં બે કલાક અગાઉનું જમણ ઉત્તમ લેખાયું છે) અશ્રુસ્રાવ ઘટે છે, પણ પ્રસ્વેદગ્રંથીઓમાંથી વધુ પ્રસ્વેદ છૂટે છે. દિવસ કરતાં રાતના મૂત્રનું પ્રમાણ અદકું રહે છે.

ઊંઘ વેળા જ્ઞાનતંત્રની ચેતના પ્રમાણમાં ઘટે છે. એમાં સાંભળવા કરતાં જોવાની શક્તિ પહેલી નાશ પામે છે. સ્મરણશક્તિ અને ઈચ્છા કાયમ રહે છે. સ્વાદ ને ગંધની શક્તિઓ મંદ બને છે. વેદના ને સ્પર્શશક્તિની તીવ્રતા જરા ઘટે છે.

ઊંઘ પરના અખતરાઓથી જાણવા મળ્યું છે કે પહેલા કલાકના અંતમાં પ્રગાઢ નિદ્રા હોય છે. ત્યાર બાદ, શરૂમાં ઝડપી ને પછી જાગતાં સુધીમાં તે ધીમે ધીમે ઓછી થતી જાય છે. બાળકોમાં ચાર પાંચ કલાક બાદ બીજી પ્રગાઢ નિદ્રા આવી પડે છે. પ્રગાઢ ઊંઘ દરમિયાન નથી હોતાં સ્વપ્નાં કે નથી હોતું હલનચલન. બાકી આઠ કલાકની ઊંઘ દરમિયાન વ્યક્તિમાત્રનું શરીર વીસથી ચાલીસ વખત હાલે છે. દર દસપંદર મિનિટે થતું હલનચલન શરૂની ઊંઘમાં થોડું અને સવારનો

સમય નજીક આવતાં વધારે થાય છે. સૂવાની રીતમાં ફેરફાર થવાથી પણ માંસપેશીઓને અને અંગોને આરામ મળે છે. જો પડખાં બદલતાં ન રહે તો સવારમાં ઊઠતી વખતે શરીર લાકડા જેવું અક્કડ થઇ જાય.

ઊંઘ દરમિયાન માંસપેશીઓના આરામથી શરીરમાં લોહીની વ્યવસ્થિત વહેંચણી થાય છે. વ્યયદ્રવ્યો દૂર થાય છે. શરીરમાં સ્ફૂર્તિ અને શક્તિ પુરાય છે. એટલે, ઊંઘ એ શરીર માટે વિધાયક ક્રિયા (Anabolism) છે. ઊંઘની ઉપયોગિતા દર્શાવતાં મહર્ષિ ચરક કહે છે કે

> निद्रायत्त सुखं दु:खं पुष्टि कार्श्यंबलाबलम्
> वृषता क्लीबता ज्ञानमज्ञानं जीवितं न च ॥

ખ ને દુઃખ, જાડાપણું કે કૃશતા, શક્તિ કે કમજોરી, જીવન કે મૃત્યુ ઊંઘ ઉપર અવલંબે છે.) જ્યારે ચણ્ડકૌશિક કહે છે કે

> चित्तं प्रसादयति लाघवमादधाति
> प्रत्यंगमुज्ज्वलयति प्रतिक्षाविशेषम् ।
> दोषानुदस्यति करोति च धातुसाम्यम्
> आनन्दमर्पयति योगविशेषगम्यम् ॥

(ઊંઘથી મન પ્રસન્ન થાય છે, શરીર હલકું બને છે, વિચારશક્તિ ઉત્તેજાય છે, દોષોનો નાશ થાય છે, ધાતુસામ્યતા થાય છે; યોગથી પ્રાપ્ય એવું શરીરસુખ મળે છે.)

ઊંઘનું પ્રમાણ

ડૉ. ક્લાઈટમાને ઊંઘ વિષે પચીસ વર્ષ સુધી કરેલા પ્રયોગોની તારવણી આ પ્રમાણે છે: પુખ્ત વયના માનવીને આઠ કલાકની ઊંઘ હોવી જોઇએ એ માન્યતા ખોટી છે. ઊંઘનું પ્રમાણ વ્યક્તિ-વ્યક્તિએ ભિન્ન રહે છે. રાતના જાગીને વાંચ્યા બાદ ફરીથી ઊંઘવાની વિદ્યાર્થીઓની રીત ખોટી છે. એક ફેરાની ઘસઘસાટ ઊંઘ સ્ફૂર્તિદાયક છે. ગમે એટલા દિવસનો ઉજાગરો હોવા છતાં આઠ કલાકની ઊંઘ તાજગી આપવા પૂરતી છે. સૂતાં પહેલાં ખાવા-પીવાથી ઊંઘ આવવી કે ન આવવી એમાં પણ વ્યક્તિગત ફેરફારો રહે છે. આ રીતે ઊંઘને અંધકાર કે પ્રકાશ સાથે પણ સંબંધ નથી. ઘડિયાળની ટોકરી વાગતાં પહેલાં આંખ ખૂલી જાય એ પૂરેપૂરી ઊંઘ મળી રહ્યાનું પારખું છે.

ઊંઘના પ્રકાર

સામાન્યરીતે ઊંઘના બે પ્રકાર જાણીતા છે: (૧) સુષુપ્તિ=ગાઢ નિદ્રા, ને (૨) તંદ્રા. સુશ્રુત જાગ્રતાવસ્થાનું કારણ 'સત્ત્વ' માને છે ને ઊંઘનું કારણ 'તમ' કહે છે. વળી એ તો ઊંઘની ગણના 'વ્યાધિ' તરીકે પણ કહે છે! મહર્ષિ ચરક સાત પ્રકારની ઊંઘ ગણાવે છે: રાતના કુદરતી આવતી ઊંઘને એ ભૂતધાત્રી–પ્રાણીમાત્રની માતા (**रात्रीस्वभाव प्रभाव मताया यां भूतधात्री**) કહે છે. આ સિવાયની, પાપ કે વ્યાધિના કારણે આવતી ઊંઘને એ (૧) **तमोभवा**, (૨) **श्लेष्मसमुद्भवा**, (૩-૪) **मन: शरीर श्रमसभवा**, (૫) **आगन्तुकी** ને (૬) **व्याध्यनुवर्तिनी** ગણાવે છે.

ઊંઘ કેટલી જોઇએ

ચોવીસ કલાકના દિવસનો ત્રીજો ભાગ ઊંઘમાં વિતાવનાર માનવી થાક વિદારી સ્ફૂર્તિ મેળવે છે. ઊંઘના પ્રમાણનો આધાર વ્યક્તિની ટેવ, ઉંમર ને જાતિ ઉપર પણ અવલંબે છે. પુરુષ કરતાં સ્ત્રીને વધારે ઊંઘની જરૂર છે, તો શારીરિક કામ કરનારાં કરતાં માનસિક કામ કરનારાંઓને વધારે ઊંઘ જોઇએ છે. નવજાત બાળક ૧૮થી ૨૦ કલાક, મહિનાઓનું બાળક ૧૨થી ૧૪ કલાક, પ્રૌઢો ૭થી ૯ કલાક અને વૃદ્ધો ૫થી ૬ કલાકની ઊંઘ લે છે. શક્તિહીન અતિ વૃદ્ધોને લાંબી ઊંઘ નથી આવતી, પણ ઘસાએલા ને થાકેલા જ્ઞાનતંતુઓ તથા માંસપેશીઓને આરામ આપવા કાજે તેમને થોડીથોડી ઊંઘ વારંવાર આવે છે.

મનને મૂઠીમાં રાખનારાઓ ઊંઘ ઉપર પણ કાબૂ મેળવે છે. (ગીતામાં અર્જુનને ગુડાકેશ=ઊંઘનો ધણી કહ્યો છે તે યાદ હશે.) ૮૪ વર્ષનું આયુ ભોગવનાર મહાન વિજ્ઞાની ટૉમસ આલ્વા એડિસન ફક્ત ચાર જ કલાકની ઊંઘ લેતો. સૌથી ઓછું ઊંઘનાર તો નેપોલિયન હતો. યુદ્ધક્ષેત્રમાં વખત મળતાં પંદર મિનિટની ઊંઘ તે કાઢી લેતો. મહત્ત્વપૂર્ણ કામો વચ્ચે ગાંધીજી ગાદી ઉપર કે મોટરમાં વીસ મિનિટની ઊંઘ લઈ શકતા હતા અને વિના જગાડયે સમય પૂરો થતાં જાગતા હતા.

ઊંઘના અભાવે

બીજા વિશ્વયુદ્ધ બાદ ૩૫૦ નાવિકોને પાંચ દિવસો સુધી સતત જાગતા રાખવાના પ્રયોગો અમેરિકાના નૌકાદળે કર્યા હતા. તેમાં તેમને પહેલા બે દિવસ (રાત ને દિવસ) કસરત, કુસ્તી, જ્યૂ-જિત્સુ અને પરેડમાં કામે લગાડયા હતા. આ પછી નાવિકોને આંખે ચીપડા વળવા માંડયા અને ચિડિયાપણું પ્રાપ્ત થયું. કેટલાક નિરંકુશ હાસ્યના (હસ્યાં જ કરવાના) રોગના ભોગ બન્યા. જેમ થાક વધતો ગયો તેમ સ્મરણશક્તિનો નાશ, ઊબકા, બેધ્યાનપણું, અશક્તિ વગેરે દેખાવા માંડયાં. ઉજાગરાની બીજી રાત કપરી હતી. ત્રીજા દિવસના પ્રભાતથી બધા બેહોશ છતાં સુખી જણાતા હતા. વખત વીતતાં કેટલાકને કૂતરાં ભસવાનો કે કાગડાના કલશોરનો ભાસ થવા માંડયો, તો કેટલાકે માતા કે પ્રિયાના સાન્નિધ્યનો ભ્રમ થવાથી જતા રહેવાની ઈચ્છા દર્શાવી.

આવી સ્થિતિવાળાઓએ દાક્તરી રજા મળતાં ૧૨થી ૨૪ કલાકની ઊંઘ લીધી. જાગ્યા ત્યારે તેમને તેમના કાર્ય કે કથનનું કશું સ્મરણ ન હતું. પાંચ દિવસોના પ્રયોગોમાંથી પસાર થનારની શ્રવણ કે દર્શનશક્તિમાં કશો ખટકો નહોતો આવ્યો. વળી હૃદયની કામગીરી, શરીરની ગરમી, લોહીનું દબાણ, ભૂખ તેમજ લોહી કે પેશાબનાં તત્ત્વોમાં પણ કશો ફેરફાર નહોતો પડયો, તેમજ માનસિક કે શારીરિક શક્તિ ઉપર પણ કશી અસર નહોતી થઈ.

અનિદ્રા

જિંદગીને જરૂરી એવી આ ઊંઘ કેટલાકને અપ્રાપ્ય થઇ પડે છે. એને અનિદ્રાનો રોગ (Insomnia) કહે છે. બિલકુલ ઊંઘ ન આવવી, પ્રગાઢ કે સ્ફૂર્તિદાયક ઊંઘ ન હોવી, રાતના જાગ્યા બાદ ફરી ઊંઘ ન આવવી, સ્વપ્નોથી સ્ખલિત ઊંઘ, આ બધા અનિદ્રાના પ્રકારો છે. અનેક સુખસગવડોનાં સાધનો પેદા કરનારી આજની સંસ્કૃતિએ માનવીને બીજું ઘણું આપ્યું છે, પણ એક અગત્યની બાબત ઝૂંટવી લીધી છે. એ મનની શાંતિ. મનની અશાંતિ માણસને અનેકરીતે પીડે છે. આમાંની એક પીડા છે રાતે ઊંઘ ન આવવી તે. આજનું જીવન જ એવું અટપટું અને ધમાલિયું થઈ ગયું છે કે તે બાજુએ રાખી માનવી નિરાંતે ઊંઘી શકતો નથી. મગજના આગલા ભાગમાંની અને ચિંતા-ફિકરની સંવેદનાઓ જાગ્રતિકેન્દ્રને સતત ઉત્તેજ્યા જ કરતું રહે છે. એના પરિણામે ઊંઘ ઊડી જાય છે. અનિદ્રાનો રોગી શારીરિક અશક્તિ, ચિડિયાપણું ને નિરુત્સાહનો ભોગ બને છે.

સ્વપ્નાં

ઊંઘમાં શરીરનાં અંગો ને અવયવોને ભલે આરામ મળતો હોય, પણ મગજને કંઈ પૂર્ણ આરામ નથી મળતો. માત્ર એની કામગીરી મંદ બને છે. આપણું જાગ્રત મન આરામ ઉપર જાય છે, પણ અજાગ્રત મન તો જાગતું જ રહે છે. અજાગ્રત મન આશાનિરાશા, ભય-નાસિપાસી, અસંદિગ્ધ વિચારો ને ભુલાઈ ગએલા અનુભવોના કોઠાર સમું છે. પ્રગાઢ નિદ્રામાં બંને મન વચ્ચેની મર્યાદા વિલાઈ જાય છે. અજાગ્રત મનની કામગીરીમાં જાગ્રત મન ડોકિયું કરે છે. તેનો બધો સંભાર અવનવા

વેશ ને સ્વાંગ ધરે છે. પરિણામે આપણને સ્વપ્નાં આવે છે.

સ્વપ્નાંનું ક્ષેત્ર વિશાળ છે. વળી તેને કલ્પનાની મદદ રહે છે. તેને સ્થળ ને કાળનો બાધ હોતો નથી, એટલે બાળપણથી માંડીને તે છેક આજ દિન સુધીના બનેલા બનાવો, દશ્યો ને પ્રસંગો, વિચારો ને તરંગો એકબીજા સાથે અકલ્પ્ય રીતે ઊલટસૂલટ થઈ, ફેરફાર પામી, શંભુમેળો થઈ, એમાં બીજા બનાવોનો ઉમેરો થઈ, ચિત્રપટના દશ્યની માફક સ્વપ્નાંની ઢબે રજૂ થાય છે. દિલને સ્પર્શનારા ને મનોવેધક પ્રસંગો સ્વપ્નોમાં મોખરે રહે છે. ટૂંકમાં સ્વપ્નાં એ નિદ્રારૂપી રંગભૂમિ ઉપર વ્યક્તિને પાત્ર તરીકે રાખી ભજવાતું મનનું નાટક છે.

બ્રિટિશ માનસશાસ્ત્રી ડૉ. ઈ. ગ્રૅહામે બધા પ્રકારનાં સ્વપ્નોની નીચે મુજબ વર્ગીકરણી કરી છે: (૧) 'આશાપૂરક સ્વપ્નાં'—આમાં અપ્રિય વ્યક્તિનું મરણ, ધનપ્રાપ્તિ, બાળકોનાં રમકડાં ને મીઠાઇનાં સ્વપ્નાં વગેરેનો સમાવેશ થાય છે. (૨) કામકાજમાં પાછા પડતા હોવાનાં દર્શક 'ચિંતા-સ્વપ્નાં' છે. આમાં ટ્રેન ગુમાવવી, પરીક્ષામાં નાપાસ થવું, ઊંડી ખીણમાંથી નીકળવાના મિથ્યા પ્રયત્નો વગેરે પ્રકારનાં સ્વપ્નો આવે છે. (૩) 'હેતુલક્ષી સ્વપ્નાં'—આમાં કામધંધાની ગૂંચનો કે કાર્યદિશાનો ઉકેલ મળે છે. (૪) સ્વપ્નસ્થના પોતાના દોષો દર્શાવતાં 'સ્વ-સંવેદન-સ્વપ્નાં'નો અનુભવ તો ઘણાને થતો રહે છે. (૫) દિવસના અનુભવોનું પુનરાવર્તન કરતાં 'પુનરુક્તિ સ્વપ્નાં' જાણીતાં છે. (૬) માનસિક પરિતાપને લીધે થતી પ્રબળ પ્રક્રિયાના પરિણામે 'ભયાનક સ્વપ્નાં' આવે છે. (૭) ઉત્તરાનું અભિમન્યુના મૃત્યુનું સૂચક આગનું સ્વપ્નું જાણીતું છે. આવાં 'આગાહીસૂચક' સ્વપ્નાં માટે વિજ્ઞાનીઓ હજી શંકાશીલ છે.

શુકન-શાસ્ત્રમાં આલેખાએલાં સ્વપ્નાંના ઉકેલ વજૂદ વગરના છે. ઊંઘમાં પણ ચાલુ રહેલી વિચારપરંપરાથી સ્વપ્નાં આવે છે. જાગ્રત અવસ્થાના આપણા વિચારો ને કાર્યો કરતાં એ આપણું વ્યક્તિત્વ વધુ પ્રદર્શિત કરે છે. એટલે સ્વપ્નાંનો અર્થ ઘટાવવો હોય તો તે વ્યક્તિગત-રીતે હોવો જોઇએ. વળી સ્વપ્નાંનું કારણ ખોરાક પણ છે. રાતના કઠોળ, કાકડી, કેળાં, તડબૂચ વગેરેનો આહાર સ્વપ્નાં આણનાર છે. ઝૂલતો ખાટલો કે ફાટેલાં ગોદડાં પણ પડી જવાનાં સ્વપ્નાં આણે છે.

સ્વપ્નાં તો દરેકને આવે જ છે. ના કહેનારને તે યાદ નથી રહેતાં એ જ કારણ છે. પુરુષોના કરતાં સ્ત્રીઓને, અને ૨૦ થી ૩૦ વર્ષની વય સુધીમાં સ્વપ્નાં વધારે આવે છે. વૃદ્ધોને તે ઓછાં સતાવે છે. સ્વપ્નાં બે કે ત્રણ મિનિટ સુધી ચાલુ રહે છે, પણ એમાં આપણે ઘણો કાળ વિતાવ્યાનું અનુભવીએ છીએ. યાદ રહેતાં સ્વપ્નાં, જાગતાં અગાઉ થોડી મિનિટમાં જ આવેલાં હોય છે, પણ જાગ્યા બાદ તે જલદી વીસરી જવાય છે. જાણવા જેવું છે કે જન્મ પછી અંધ બનેલાં માણસો સ્વપ્નાંમાં બરાબર જોઈ શકતાં હોય છે! જન્માંધો આકાર વગરની સ્વપ્નસૃષ્ટિ અનુભવે છે. જન્મથી બહેરા-મૂંગા હાથની આંગળીઓ હલાવી ઈશારતથી વાતો કરતા જોવામાં આવે છે. અગમ્ય ને અટપટી સ્વપ્નભોમનો અનુભવ કોને નહિ થયો હોય?

બીક અને ગ્લાનિ ભરેલાં સ્વપ્નાં ઊંઘમાં ખલેલ પહોંચાડવા પૂરતાં હશે કે એનું બીજું કંઈ પ્રયોજન હશે? માનસશાસ્ત્રી ડૉ. સિગ્મન્ડ ફ્રૉઈડનું કથન છે કે સ્વપ્નાં ઊંઘનાં રક્ષક છે! નવાઈ ન પામશો. દાક્તરી દષ્ટિએ આ સત્ય સ્વીકારાયું છે. અજાગ્રત મનની પ્રક્રિયાઓ એમ ને એમ થયા કરે તો ઊંઘમાં વારંવાર વિક્ષેપ પડયા કરે. આથી કુદરતે અજાગ્રત મનનો વિક્ષેપકારી સંભાર સ્વપ્નાંના રૂપમાં યોજ્યો છે.

પાણીનું સ્વપ્નું જાણીતું છે. પૂરતું પાણી પીધા વગર સૂવાના પરિણામે તરસ લાગવી સ્વાભાવિક છે. એ વખતે પાણીનું સ્વપ્નું આવતાં મન ધરાએલું રહે છે. જોકે તરસની તીવ્ર ઈચ્છા વેળા સ્વપ્નાંનું રક્ષણ નકામું નીવડે છે. ઘડિયાળની ટકટક કે બીજો અવાજ ઊંઘમાં વિક્ષેપકારી ન નીવડે એ માટે એ જ સમયે મંદિરના ઘંટારવ કે ટેલિફોનની ઘંટડીના રણકારનાં સ્વપ્નાં આપણને આવે છે. દિવસભરની કામગીરીમાં મળેલી નિષ્ફળતાની ચિંતાથી બગડતી ઊંઘ સ્વપ્નાંમાં કોઈ સફળતાનો આનંદ બતાવી રક્ષણ આપે છે. કોઈ બાબતની ગૂંચ મનને પજવતી હોય ત્યારે વરસો પહેલાં પાસ કરેલી પરીક્ષાનાં સ્વપ્નાં સાંત્વનદાતા નીવડે છે કે 'પરીક્ષાની જેમ આ ગૂંચ પણ ઉકેલાઈ જશે; ચિંતા મા કરો!' સ્વપ્નાં સહિત જો સારી નિંદ આવી હોય તો માનજો કે સ્વપ્નાંએ ઊંઘ દરમિયાન હાલરડાંની ગરજ સારી છે.

નિદ્રાભ્રમણ: ઊંઘમાં ચાલવું

ગાઢ નિદ્રા વખતે થતી એક કૌતુકભરી ક્રિયા તે નિદ્રાભ્રમણ (Somnambulism)ની છે. આમાં વ્યક્તિ ચાલવાની, લખવાની, વાંચવાની, દિવસની કોઈ કામગીરીની, ચોરીની, મોટર ચલાવવાની, અરે ખૂન કે આપઘાત સુધીની ક્રિયાઓ કરે છે! આ ક્રિયાઓ કરાવનાર માણસનું અજાગ્રત મન છે. એમાં સંઘરાએલી વૃત્તિઓ શરીરના અંગો ઉપરાંત જાગ્રત મનનો પણ કબજો લઇને કૌતુકપૂર્ણ ને અવનવાં શારીરિક કાર્યો કરાવે છે. અણગમતા સંજોગો કે વસ્તુસ્થિતિનો સામનો કરવાની અજાગ્રત મનની પ્રબળ ચિંતા કે ભયનો માર્યો માનવી ઊંઘના ઘેનમાં ને ઘેનમાં ઘર ઉઘાડી રાતના અંધારામાં બહાર ફરવા નીકળી પડે છે અને વળી પાછો ફરી પથારીમાં સૂઈ પણ જાય છે! જાગ્યા બાદ એને ઊંઘમાં કરેલી એ ક્રિયાઓનું રજમાત્ર પણ સ્મરણ કે ભાન હોતું નથી. ઊંઘ્યા બાદ બે કલાકે પ્રગાઢ નિદ્રામાં આ નિદ્રાભ્રમણની ક્રિયા થાય છે, જે થોડી મિનિટોથી માંડી થોડા કલાકો પર્યંત ચાલુ રહે છે. ફ્રેન્ચ માનસશાસ્ત્રી ડૉ. પીઅરી જેનેટ તો બે દિવસો પર્યંત અનુસંધાનમાં ચાલુ રહ્યાના ઘણા દાખલા ટાંકે છે. નિદ્રાવસ્થાનું આ અકળ રહસ્ય કેટલું વિસ્મયકારી છે!

(હવે પછી 'પ્રજનન' વિષે)

શહેરના રાજમાર્ગ પર એક પુલ હતો. પુલની ઉપર થઇને રાહદારીઓને ચાલવા માટેનો રસ્તો હતો, અને નીચે વાહનો જવા માટેનો રસ્તો હતો. એક ઊંચી વજનદાર મોટરટ્રક પુલ નીચેથી પસાર થતી હતી. બરાબર વચ્ચે આવતાં ટ્રકનું છાપરું પુલના તળિયા સાથે ચોંટી ગયું! ટ્રક ન આગળ ચાલી શકે ન પાછળ. ડ્રાઇવરની બધી મહેનત નકામી ગઈ. પુલના તળિયાના લોખંડના ગર્ડર ખસેડયા વિના બીજો માર્ગ ન હતો. પાછળ વાહનોની કતાર લાગી. મ્યુનિસિપાલિટીનાં માણસો અને પોલીસ આવી પહોંચ્યાં. શું કરવું તે વિષે ચર્ચા થવા લાગી. ટ્રકનું છાપરું તોડવા દેવાની ડ્રાઇવર ના પાડતો હતો, અને પુલના ગર્ડર ખસેડવાનું તો બની શકે તેમ જ નહોતું.

એવામાં એ તરફથી આઠ વરસની ઉંમરનો એક રખડુ છોકરો પસાર થતો હતો તે ટોળામાં ઘૂસી ગયો અને ડ્રાઈવર પાસે જઇને બોલ્યો, 'હું કહું એમ કરે તો તારી ટ્રક હમણાં ચાલવા લાગે.' ખિન્નએલો ડ્રાઇવર તેને ધક્કો મારીને દૂર કાઢવાની તૈયારી કરતો હતો, એટલામાં પાસે ઊભેલા પોલીસ ઈન્સ્પેક્ટરે તેને તેમ કરતો અટકાવીને છોકરાને પૂછયું, 'શું કરવાનું છે? બોલ, બતાવ.'

'ટ્રકનાં બધાં ટાયરના વાલ્વ જરાજરા ઢીલા કરી નાખી એમાંથી થોડી થોડી હવા બહાર કાઢી નાખો.' છોકરાએ રસ્તો બતાવ્યો.

અને બે મિનિટ પછી ટ્રક પુલ નીચેથી સડસડાટ નીકળી ગઈ.



અવનીન્દ્રનાથની કલાપ્રવૃત્તિના મધ્યાહ્ન સમયનું એમના સ્ટૂડિયોનું શ્રી નંદલાલ વસુએ આલેખેલું રેખાંકન: જેમાં નીચેને જમણે ખૂણે ચીતરતા નંદલાલ, ઉપર હોકો લઈ ને બેઠેલા આનંદ કુમારસ્વામી જોડે વાત કરે છે, અને પાછળના ભાગમાં કોચ ઉપર ગગનેન્દ્રનાથ, સત્યેન્દ્રનાથ તથા અવનીન્દ્રનાથ વાંચતા કે આરામમાં સૂતા છે. એ પ્રત્યેકનાં નામ તે તે સ્થળે લખ્યાં છે.

પુરી અને કોનારક: 'જોડાસાંકો'નું અનુસંધાન: પૃષ્ઠ ૪૭૧ થી ચાલુ

મેં કહ્યું, 'એ તે કેવી વાત! પાળેલાં હરણ ત્યાં જ મોટાં થયાં છે. મારે એની જરૂર નથી. ભાંગેલીતૂટેલી કોઈ મૂર્તિ હોય તો કહે.'

'કેટલી જોઇએ? જોઇએ એટલી મળશે, બાબુ.' પંડાએ ઉત્તર આપ્યો.

'તો આજે જ ચાલો. ત્યાં જઇને જોઇને કહું.'

ગયા ત્યારે સાંજવેળા હતી. જઇને જોયું તો માશીનું મકાન ધરતીકંપથી વેરવિખેર બની ગયું હતું. એના શિખર ઉપરનો સિંહ ભોંયભેગો થયો હતો. જમીનમાં ઊંડે સુધી પાયો નાખીને ઊભી કરેલી દીવાલો એ સમયે જાણે સૂઈ ગઈ હતી. બધું નષ્ટ-ભ્રષ્ટ થઈ ગયું હતું. મોટામોટા સિંહ લઇને શું કરું? નાની એવી મૂર્તિ મળી જાય તો લઈ જવી યે ઠીક પડે. અંદર ગયો. અંદર પણ એ જ દશા હતી. અહીંની ચીજ તહીં મૂકેલી. મનમાં એક પ્રકારનો ત્રાસ અનુભવ્યો. પંડાને પૂછ્યું કે આ બધું મરામત ને સાફસૂફી પછી હતું ત્યાં ને ત્યાં મુકાશે ને?

એણે જવાબ આપ્યો એનો અર્થ કંઈક આવો હતો કે આ બધા જબ્બર જબ્બર પથ્થરો એને યોગ્ય ઠેકાણે મૂકી શકે એવા માણસો અહીં નથી. મને થયું કે આ પુનરુદ્ધાર નથી પણ એનો નાશ છે. ભાંગ્યા મંદિરમાં માનવીનો અવાજ સાંભળીને એક જોડ વિશાળકાય હરણની ચાર આંખો કંઈક વિસ્મય સહ અમારી તરફ વળી. કેટકેટલાં યે વર્ષનાં પાળેલાં હરણ. એ મંદિરના બગીચામાં જ જન્મેલાં અને ત્યાં જ આટલાં મોટાં થએલાં. હવે આજે એને વેચી નાખવાનાં છે! અને એની સાથોસાથ જે બગીચો હતો તે મોટો થતાંથતાં હવે વન બની ગયો છે! વનસ્પતિ જ્યાં ઘાટી છાયા પાથરે છે, પંખીઓ જ્યાં ગાય છે, હરણાં જ્યાં કિલ્લોલે છે, એ વનફૂલની પરિમલે ભર્યો જૂનો બગીચો ઉખેડીને હવે ત્યાં યાત્રાળુઓ માટે રસોડું થવાનું છે!

મારે હજુ વધુ વેદના ભોગવવી બાકી હશે. તે ફરતાંફરતાં એક બેવડાં તાળાં દીધેલું ઘર દીઠું. પૂછ્યું, 'આમાં શું છે?' પંડાએ ધીરે રહીને એ ઘર ઉઘાડ્યું. જોયું તો મિલ્ટન અને બર્ન કંપનીનાં વિલાયતી નળિયાંથી આખું ઘર ઠાંસ્યું હતું.

'આટલાં બધાં નળિયાં શા માટે?' મેં પૂછ્યું.

'માશીના મકાન માટે.' પંડાએ ખુલાસો કર્યો.

ઓહ! સર્વનાશ! આનું જ નામ જીર્ણોદ્ધાર? ભગ્નમાં, ધ્વંસના એ ઢગલામાં રસ ને રહસ્ય પેલાં બે હરણની જેમ માળો નાખીને પડયાં હતાં. એની જે સુંદરતા હતી તેની શાન્તિ મનમાં સમાતી નહોતી. ચમકદાર રંગેલાં નળિયાં જોઇને વેદના જાગી ઊઠી.

મનમાં થયું કે આ કોઈ પણ રીતે અટકાવવું જોઇશે. સમય નહોતો. વળતે દિવસે જ કલકત્તા આવવાનું હતું. ઘેર આવી મણિલાલ સાથે વાતચિત કરી પુરીના કમિશ્નરને કાગળ લખ્યો: 'હું આ બધું જોઈ આવ્યો છું. અટકચાળાપણાંની યે હદ હોય છે. કોઈ પણ રીતે તમે આ અટકાવશો.' કમિશ્નર અંગ્રેજ બચ્ચો હતો. કાગળ મળતાં જ સીધો માશીને મકાને ગયો અને પોતે હાજર રહીને મૂળ જે વસ્તુ જ્યાં હતી ત્યાં મુકાવી મરામતકામ કરાવ્યું. એણે વચન પાળ્યું. પુરીમાં આ એક પુણ્યકાર્ય કરી આવ્યો છું. જગન્નાથની માશીના મકાનની સુંદરતા જવા બેઠી હતી અને થોડીક ગઈ પણ ખરી.

આ જ વખતે મંદિરની દેવદાસીનું નૃત્ય જોએલું. એવું નૃત્ય મેં કદી જોયું નહોતું. અને એ જોયા વિના પુરી કેમ છોડાય? નૃત્ય જોયા પછી જ પંડાના ચોપડામાં સહી કરીશ એમ મેં કહી દીધું. પણ પંડો કેમે કર્યો હા ન ભણે. કહે કે એમાં તો બહુ ખર્ચ થાય. મેં કહ્યું, 'એ આપીશ, પણ એ વિના નહિ ચાલે. દેવતા સામેનું નૃત્ય તો જોવું જ છે.' સહીની આશાએ અને રૂપિયાના લોભે આખરે પંડો સમજ્યો. કહે, કાલે વહેલી સવારે આવીને તમને તેડી જઈશ. તૈયાર રહેજો.

પરોઢિયે હું એકલો જ ગયો એની સાથે. ત્યારે મંદિરમાં લોકોની ભીડ નહોતી. અંધારામાં એકાદ બે માથાં અહીંતહીં દેખાતાં હતાં. કદાચ પંડાઓનાં જ હશે. પંડો મને લઇને નૃત્યમંદિરમાં બેસાડી ગયો. એક બાજુ એક માદલ વાગે છે, એક મશાલ જલે છે, અને એક દેવદાસી નૃત્ય કરે છે. એ દેવદાસીના હરવાફરવા સાથે મશાલ પણ ફરતી ફરે છે ને એના દેહ ઉપર પ્રકાશ પાડે છે. જાણે જગન્નાથ એને નિહાળી રહ્યા છે ને હું ખૂણામાં બેઠોબેઠો એ જોઉં છું. કેટકેટલા ભાવ એ જગન્નાથ પાસે પ્રગટ કરતી હતી!

તમે અભિનયમાં નટીની પૂજા જોઈને ચિત્ર ચીતરો છો, મેં સાચેસાચા દેવમંદિરમાં જઈ દેવદાસીનું નૃત્ય જોયું છે. અજબ હોય છે એ. ત્યાંથી પાછા ફર્યા બાદ મેં તેનું એક ચિત્ર ચીતર્યું હતું. અને બીજું એક ચિત્ર 'કાજરી'નું ચીતર્યું હતું. એ પણ પુરીમાં કમિશ્નરને ઘેર જોયા પછી જ ચીતરેલું. બગીચામાં મહેફિલ હતી. વાદળિયું આકાશ; ટપટપ કરતી એકાદ બે ફોરાં જેવી વર્ષા પડે છે; કેટલાક ફૂલ-છોડ; તેને પડખે કેટલીક ઊડિયા કન્યાઓ નાચતી હતી. તેમાંથી 'કાજરી' સર્જાયું. (ચાલુ)

આવી જા



પ્રબોધ જોષી

સાંજે સાત વાગે ઑફિસેથી આવી ઘરમાં એન્ટ્રી કરી તો આશ્ચર્ય !!

ડ્રૉઇંગ રૂમમાં અમારાં 'એ' જ ન મળે! રોજનો કકળાટ ના મળે. ચારે બાજુ નીરવ શાંતિ. જાણે મેં હૃષિકેશ છોડીને લક્ષ્મણ ઝૂલાના રસ્તે સ્વર્ગાશ્રમમાં પ્રવેશ કર્યો. અને સોનામાં સુગંધ ભળતી હજુ નથી જોઈ, બાકી આ શાંતિમાં તો સાચેસાચ સુગંધી ભળી હતી. ધૂપની વાસ મહેકી રહી હતી!

મેં આગળ વધવાનો પ્રયત્ન કર્યો, ત્યાં અમારા નાના બંધુ પુલકિતે (નામ નવું લાગે તો કોઈ બાળકનું પાડી દેવું, પણ કૃપા કરી વિવેચકોની પેઠે 'આ કઈ જાતનું નામ?' એમ ન પૂછવું) અમને રોકીને કહ્યું 'મોટાભાઈ, અંદર ન જતા; ત્યાં જવાની મનાઈ છે. અહીં જ કપડાં ઉતારો.'

નાટકના શૉખીન એવા અમારા પુલકિતકુમાર એવા હાવભાવ સાથે એ બોલ્યા કે અમને લાગ્યું કે કહો ના કહો 'લૂગડાં ઉતારીને વાંચવાનું' કંઈક છે! કોનું મૃત્યુ થયું છે એ જાણીને પછી નિર્ણય કરવો કે તેને માટે આપણને કેટલી લાગણી હતી, અને ફાયદા ગેરફાયદાનો ઝડપી નિર્ણય કરીને પછી જ સ્નાન માટે કપડાં ઉતારવાં એવા અર્વાચીન સગવડિયા શાસ્ત્રને અનુસરનારો હું, એટલે મેં તો પૂછી નાખ્યું કે 'કોણ?'

નાદાન બાળક પુલકિત! તેણે કહ્યું 'ભાભી!' હું તો આનંદમાં આવી ખડખડાટ હસી પડ્યો અને ગાવાની તૈયારીમાં પડ્યો કે 'ભલું થયું ભાંગી જંજાળ, માથે હવે ન પડશે તાલ.' પણ આ અર્વાચીન નરસૈંયા ઉપર તેનાં પૂર્વજન્મનાં પુણ્ય (કે પાપ?) ફરી વળ્યાં કે અંદરથી અવાજ આવ્યો 'શ્રીં...શ્રીં...!' અવાજ 'એમનો'જ!

મેં પુલકિત સામે જોયું. પુલકિતે સમજૂતી આપતાં કહ્યું, 'ભાભી અનુષ્ઠાન કરી રહ્યાં છે.'

'છે' એ ક્રિયાપદ 'ભાભી' કર્તા સાથે સાંભળતાં જ આપણો ૭૫ ટકા રસ ઘટી ગયો. મેં વધુ આનંદ કરવાનો માંડી વાળી કપડાં બદલ્યાં.

નિરાંત કરીને પાછો ડ્રૉઇંગ રૂમમાં આવ્યો ત્યાં તો દ્વાર ખૂલ્યાં અને 'એ' દેખાયાં. વાળ છૂટા હતા, કપાળે કંકુ, અને બારણું ખૂલતાં અગરબત્તી, ધૂપ ને ઘીની વાસ! ને શ્રીમતીજીના મુખેથી 'સારેગમ'ની પેઠે કે 'તાથૈ, તાથૈ, તા થૈ થૈ'ના તાલ પેઠે શ્રીં શ્રીં સંભળાવા માંડયું.

તમારે સુખી રહેવું હોય, ને માન જાળવવું હોય, અને છતાં આખો મામલો શું છે એ જાણવું હોય, તો બૈરાંઓને કંઈ પૂછવું નહિ અને તેમને બહુ મહત્ત્વ આપવું નહિ. જેમકે—

'તમે આવી ગયા?'

'હં.'

'હું જરા અનુષ્ઠાનમાં બેઠી હતી.'

'હં.'

"હું બપોરે શાસ્ત્રીજીને ઘેર ગઇ હતી. આપણા શાસ્ત્રીજી; ના ઓળખ્યા? અરે, હું યે ભુલકણી છું ને? તમે ના ઓળખો. તે, મેં એમને મારા જન્માક્ષર બતાવ્યા. તમે સાંભળો છો કે નહિ? અરે, તમને તો હોંકારો ભણવાની યે ટેવ નથી, એ તો હું ભૂલી જ ગઈ! પછી શાસ્ત્રીજીએ મને ૨૧ દિવસનું અનુષ્ઠાન બતાવ્યું. એમાં રોજ સાંજે બે કલાક સુધી 'હે લક્ષ્મી, તું મારા ઘરમાં આવી જા' એવી ભાવના એકાગ્રતાથી કરવાની છે. આપણી પાસે પછી ખૂબ પૈસા આવશે અને પછી તો આપણે... તમે તો જાણો છો કે આપણે કેટલું બધું વસાવવાનું છે. આ બધું હું તમારે માટે કરું છું."

વાચકોને થતું હશે કે આવી પત્ની મળે તો કેવું સારું! તમારી વાત સાચી છે. આ સંસારમાં મારા જેવા 'સુખી' બહુ જ ઓછા હશે.

તો વાત એમ રહી કે પુલકિતનાં ભાભીએ 'હે લક્ષ્મી! તું મારા ઘરમાં આવી જા'નું અનુષ્ઠાન પ્રારંભ્યું. નાસ્તિકને પણ ધન મળવાની અંધશ્રદ્ધાવાળી યોજના બતાવોને, તો તેની વિકેટ પડી જાય છે, તો મારા તે શા ક્લાસ?

થયું. આ આમ ને આમ પંદર દિવસ વીત્યા અને પેલી અંગ્રેજી કહેવત યાદ આવી કે 'ભગવાન એમને જ મદદ કરે છે જે પોતાની જાતને મદદ કરે છે.' એટલે અમે લક્ષ્મીને અમારા ઘરમાં આવવાની ટ્રાન્સપોર્ટ સગવડ, પરમિટ અને વિસા મળે તે માટે મહેનત કરવા માંડી.

લક્ષ્મીના આગમનને ઘરમાં સુલભ બનાવવા કઈ મહેનત કરવી એ આ યુગમાં કોઇને શીખવવું પડે તેમ નથી. ૨૧ દિવસ તો થાય જ શાના? ૧૯મે દિવસે એક તાર આવ્યો. પુલકિતનાં ભાભીના નામે ભરેલી એન્ટ્રીમાં ૫૦ હજારનું ઈનામ લાગ્યું હતું! 'હે લક્ષ્મી! તું મારા ઘરમાં આવી જા'નું અનુષ્ઠાન ફળ્યું.

દુનિયામાં મુશ્કેલમાં મુશ્કેલ વિચાર એટલે 'પૈસા ક્યાંથી લાવવા' તે; અને સહેલામાં સહેલું કાર્ય એટલે 'પૈસા ક્યાં વાપરવા' એ પ્રશ્નનો જવાબ આપવો તે.

પચાસ હજાર આવ્યા એની સાથે જ સાડા સાત હજારની પાઘડી પહેરાવી મરીનડ્રાઈવ પર લેવાયો ફ્લૅટ નંગ એક, જેમાં રૂમ નંગ પાંચ હતા. તેને શોભે એવું ફર્નિચર, જેમાં આઈટમ નંગ ૧૭ બનાવડાવી. ફર્નિચરવાળાનાં બિલ નંગ ૧૩ રૂપિયા નંગ ૨૫૦૦ ગણીને ચૂકવ્યા.

બાકી રહેલા ૪૦ હજારની સગવડ કેમ કરવી તેનો હું વિચાર કરું તે પહેલાં 'એમણે' અમલ કર્યો. મોટર નંગ એકઃ રોકડાનું કમિશન કાપતાં અને સેલ્સ ટૅક્સ આપતાં રૂપિયા ૧૨ હજાર ૬સો ૬૭. બાકીના ૩૩૩નું બિલ આવે તેવી તાજમાં મિત્રોને સકુટુંબ પાર્ટી આપી.

૨૭ હજાર રહ્યા હતા એમ હું માનતો હતો, પણ ૨૭૦૦નું રેફ્રિજરેટર ને ૧૩૦૦નો રેડિયોગ્રામ તથા રેકોર્ડ જે 'એમણે' નક્કી કર્યા હતાં તેની ડીલીવરી એક દિવસમાં થશે એવો બંને કંપનીનો કાગળ વાંચીને મેં ૨૩ હજાર જ ગણ્યા.

અમને લાગેલા ઈનામની વાત વાયુવેગે પ્રસરી ને 'એમનો' દૂરનો કોઈ પરિચિત ધંધાના વિકાસાર્થે અમારી કમાણીના દસ હજાર ૧૨ ટકા વ્યાજનું લખાણ લખી રોકડા નિકાસ કરી ગયો. કેમ આપ્યા એમ પૂછો છો? કેમ ના પાડું? પૈસા 'એમના' હતા, અનુષ્ઠાન 'એમણે' કર્યું હતું, માણસ 'એમનો' ઓળખીતો હતો, ને બૅંક તો ક્યાં વ્યાજ આપે છે?

બાકીના ૧૩ હજારનું શું કરવું એ પ્રશ્ન ઉપર ઈન્ટરવલ પડ્યો. ઈન્ટરવલ પછી ફિલ્મ આગળ ચાલતાં સીન રેસકોર્સ ઉપર ટ્રાન્સફર થયો. લાખ બનાવવા, દબાવીને પૉલીસી રાખી, મજબૂત ઘોડા કાઢી, તેના ઉપર ૫૦૦ વિન, ૫૦૦ પ્લેસ એમ બેટિંગ કર્યું. મોટા ભાવના ઘોડા ક્યારે આવે? જ્યારે આપણે ફેવરીટ રમ્યા હોઇએ ત્યારે. હવે એ થીઅરમ મુજબ ફેવરીટ ક્યારે આવે? આપણે ફ્લ્યુક રમ્યા હોઇએ ત્યારે. એ દિવસે રેસમાં બધા જ કમાયા. યાને કે ફેવરીટ આવ્યા, યાને કે અમે...સમજી ગયાને? અમારા ચાર પડી ગયા! ચાલો સરસ! નવ હજાર રાખીને ઘેર તો પહોંચ્યા.

પણ હવે એક ચમત્કાર થયો. બીજા કોઇએ પોતાની એન્ટ્રી પણ સાચી હોવાનો દાવો કર્યો. હરીફાઈવાળાએ તે માન્ય રાખ્યું અને અમને ૨૫ હજાર પરત કરવા વિનંતી કરી! (એ વિનંતીપત્ર ધમકીપત્ર જેટલું પણ ઑપ્શન

નહોતો આપતો. એમાં તો મોકલી જ આપો એવું પૉઝિટિવ સ્ટેટમેન્ટ હતું.)

૨૫ હજાર પાછા?! હાઉ? કમ! ૯ હજાર આપી દઇએ તો ચે ૧૬નું શું? યાદ આવ્યું. 'એમને' પેલા ઓળખીતાના દસ જલ્દી લઈ આવવા કહ્યું. એ જવા તૈયાર થતાં હતાં ત્યાં એ ઓળખીતાનાં ઓળખીતાં આવ્યાં. વિધવા હતાં. આવતાં રડવા માંડયું, 'તમે એમને પૈસા શું કરવા આપ્યા રે...એ પૈસાએ તો એમનો જાન લીધો રે...એ લઇને આવતા હતા રે...ત્યાં કોઈ લુટારો એમને જોઇ ગયો રે...'

મેં જાણી જોઇને, તમને મઝા ન આવે એ હિસાબે, 'હાય હાય' કાઢી નાખ્યું છે. પણ એ ઓળખીતાનાં ઓળખીતાં નહોતાં પણ પત્ની હતાં એ હવે કેવી રીતે કાઢી નાખું?

એમને શોક કરાવ્યા પછી હું ને 'એ' બંને ઠંડા પાણીએ નાહ્યાં. ૧૬નો બંદોબસ્ત કરવા રેફ્રીજરેટર, રેડિયોગ્રામ ને મોટર કાઢીએ તો પતી જાય એમ માની મોટર વેચી જેના ૧૫ દિવસ પછી જ ૧૫સો ઓછા આવ્યાં. રેફ્રીજરેટર ને રેડિયોગ્રામમાં ૪૦૦નો ઘાટો પડ્યો. થોડું ફર્નિચર કાઢી પૈસા ચૂકવી દીધા.

થયું સાહેબ? ઠેરના ઠેર! નફામાં ફ્લૅટ મળ્યો ને થોડું ફર્નિચર રહ્યું. પણ ૪૫ના જૂના ભાડાને બદલે માસિક ૨૦૦ ભરી ભરીને મારી જે કેડ ભાંગશે તે કોઈ નહિ કહે.

ઠોકર વાગે ને સમજે તેનું નામ માણસ. 'એ' સમજી ગયાં. શાસ્ત્રીને ઘેર ગયાં. પાછાં આવ્યાં. હત્તારી! આખી વાત હવે સમજાઈ.

તમને ખબર પડી કે ભૂલ ક્યાં થઈ હતી?
પૈસા પાછા આપ્યા તે?
ના જી.
રેસકોર્સ ઉપર ગયા તે?
જી ના.
પૈસાને વ્યાજે આપ્યા તે?
ઊંહું!
તો? મોટર લીધી તે?
અલબત્ત નહિ.
તો રેફ્રિજરેટર ને રેડિયોગ્રામ લીધાં તે?
નૉટ ઍટૉલ!!
પાઘડી આપીને ફ્લૅટ લીધો તે?

ડૉન્ટ ટૉક સિલી!! સાચી ભૂલ તો શાસ્ત્રીજીએ શોધી કાઢી. શાસ્ત્રીએ કહ્યું 'બહેન, આવી ભૂલ થાય? તમે મહાલક્ષ્મી દેવીને એમ કહ્યું ને, કે હે લક્ષ્મી! તું મારા ઘરમાં આવી જા.'

અમારા 'એમણે' કહ્યું, 'હા શાસ્ત્રીજી.'
'તે પછી આવું જ થાય ને?'
'હું સમજી નહિ.'

આ સંવાદ સાથે તો હું પણ સહમત થાઉં છું (ને તમે પણ થાઓ) કે હું યે કંઈ ન સમજ્યો.

શાસ્ત્રીજી ઉવાચ: 'તમે લક્ષ્મીને કહ્યું કે "આવી જા." એનો અર્થ તો એમ, કે આવી અને જા: એટલે એ આવીને પછી જતાં રહ્યાં.'

લાંબી વાત ક્યાં કરું? સુખી અંત જ કહી દઉં. બીજા દિવસે અનુષ્ઠાન શરૂ થયાં. દિવાળીની રજાને લીધે પુલકિત પૂના ગયો હતો એટલે નિરાંતે ત્રણત્રણ કલાક પૂજા થવા માંડી. આ વખતે તો વાંધો નહોતો. અનુષ્ઠાનમાં 'એ' કહેતાં હતાં કે 'હે લક્ષ્મી, તું મારા ઘરમાં આવીને કાયમ રહે; તેને તારું ઘર બનાવ.'

આ સાધના ફળી. ગઈ કાલે સાંજે જ પુલકિતનો કાગળ છે, તેની ભાભી ઉપર, કે:

મુ. ભાભી, –


તમે જાણીને ખુશ થશો કે મેં મારી કૉલેજ-ફ્રેન્ડ મિસ લક્ષ્મી સાથે લગ્ન કરવાનો નિર્ણય કર્યો છે. હવે લક્ષ્મી મારી સાથે જ મુંબઈ આવે છે, અને એ હવેથી આપણી સાથે જ રહેશે. અને લક્ષ્મી કહે છે કે 'હું તમારા ઘરને મારું ઘર બનાવીશ.' તમારા ને મોટાભાઇનાં આશિષ માગું છું.
–લિ. પુલકિતનાં વંદન

નવાં પુસ્તકો


કવિશ્રી ન્હાનાલાલ સ્મારક ગ્રંથ: શ્રી રામનારાયણ પાઠક, શ્રી રવિશંકર મ. જોષી, શ્રી ચતુરભાઇ શં. પટેલ, શ્રી અનંતરાય રાવળ, તથા શ્રી દુદાભાઇ ધામેલિયાએ સંપાદિત કરેલો, ૨૮ કાવ્યાંજલિઓ, ૧૯ સ્મરણાંજલિઓ તેમજ અર્ઘ્યાંજલિઓ તથા કવિશ્રીને લગતા ૧૮ લેખોનો ૨૬૪ પાનાંનો મોટો ગ્રંથ. પ્રકાશક: રાજકોટ રાજકુમાર કૉલેજ–કવિશ્રી ન્હાનાલાલ સ્મારક સમિતિ, પ્રેમભક્તિ મુદ્રણાલય, પાલીતાણા (સૌરાષ્ટ્ર), ૪–૦–૦; **ગાતાં ઝરણાં**: જાણીતા ગઝલકાર 'ગની' દહીંવાલાનો કાવ્યસંગ્રહ, પ્રકાશક: 'ગની કાવ્યસંગ્રહ પ્રકાશન સમિતિ', ગોપીપુરા, સૂરત, ૧-૪-૦; **બાલકાંડ**: વાલ્મીકિ રામાયણના બાલકાંડનો સમશ્લોકી સંક્ષિપ્ત અનુવાદ, કરનાર: હંસાબહેન મહેતા, પ્રકાશક: ત્રિપાઠી લિમિટેડ, મુંબાઈ-૨, ૩-૦-૦; **આત્મનિરીક્ષણ**: ગાંધી સાહિત્ય તેમજ ગાંધી વિચારના સૌથી પહેલા પ્રચારકોમાંના એક શ્રી મથુરાદાસ ત્રિકમજીની પ્રેરણાત્મક વિચાર-નોંધ, ૧-૦-૦; **ભાવિ હિંદનું દર્શન** કરાવતા સ્વ. શ્રી કિશોરલાલ મશરૂવાળાના વિચારો, ૦-૧૦-૦; **સાધુચરિત ત્રિવેદી સાહેબ**ના સ્મારક નિમિત્તે પ્રકાશિત થએલું એમનું ચરિત્ર, સંસ્મરણો, અંજલિઓ–સંપાદકો: મગનભાઇ પ્ર. દેસાઈ, તથા પાંડુરંગ ગણેશ દેશપાંડે, ૨-૮-૦; **મજૂર કલ્યાણ-પ્રવૃત્તિ**: અમદાવાદને કેન્દ્રિત કરી કરાએલી તપાસ, લેખક: હીરાલાલ જરીવાળા, ૧-૧૨-૦; આ ચારેના પ્રકાશક: નવજીવન કાર્યાલય, અમદાવાદ-૯; **હાસ્ય હિંડોળ**: રોજિંદી ઘટનાઓમાંથી વીણી કાઢેલા પ્રસંગકટાક્ષો, લેખક-પ્રકાશક: મૂળરાજ અંજારિયા, ૩૩૦ સૅમ્યુઅલ સ્ટ્રીટ, વડગાદી, ત્રીજે માળે, મુંબાઈ-૩; **લેખસંગ્રહ**: સ્વ. રામલાલ ચુનીલાલ મોદી સ્મારક ગ્રંથ, પ્રકાશક: પુરુષોત્તમ ભીખાભાઇ શાહ, ખાપગરાની પોળ, પાટણ, ૨-૦-૦; **ગીતસંહિતા**: સ્વ. ધીરજબહેને સંઘરેલાં જૂનાં લગ્નગીતોનું દેસાઇ વાલજી ગોવિંદજીએ કરેલું સંશોધન, પ્રકાશક: વિક્રમ દેસાઇ, ૧૪ ગણેશવાડી, પૂના-૪, પ્રાપ્તિસ્થાન: નવજીવન કાર્યાલય, અમદાવાદ-૯, ૦-૧૫-૦; **પ્રજાવિકાસ કેન્દ્ર** સૌરાષ્ટ્રનો એક વર્ષને અંતે તેણે સાધેલી પ્રગતિનો સચિત્ર અહેવાલ, પ્રકાશક: નિયામક, માહિતી ને પ્રકાશન ખાતું, સૌરાષ્ટ્ર સરકાર, રાજકોટ; **દુશ્મન**: દારૂબંધીનો પ્રશ્ન ચર્ચતું એક એકાંકી હિન્દી નાટક, લેખક: અનંત આચાર્ય, પ્રકાશક: ભાનુકુમાર આર્ય, સ્થાપક ભારતથીએટર્સ, બાલાજી રોડ, સૂરત, ૦-૮-૦; શ્રી રામતીર્થ યોગાશ્રમ (ઉમેશધામ, નં.૨૭ વિન્સેન્ટ સ્કેવર સ્ટ્રીટ નં. ૨, દાદર, મુંબાઈ-૧૪) તરફથી **યોગાસનોનો ચિત્રપટ**, કિં. પોસ્ટેજ સાથે ૧-૪-૦; **રદ્દીમાંથી રત્નો**: વીજળીની સહાય વડે ચાલતી ઉપયોગી વસ્તુઓ ભંગારમાંથી બનાવવાની માર્ગદર્શક સૂચનાઓ આપતી વિદ્યાઓ માટે એક રસિક પુસ્તિકા, લેખક-પ્રકાશક: જમશેદજી ખરશેદજી ઈલાવીઆ, અંજુમન ચાલ દહાણુંરોડ, ૦-૧૦-૦; **મગદળ** વિષેનું ગુજરાત વ્યાયામ-પ્રચારક મંડળનું ઉપયોગી પ્રકાશન, લેખક: ચિનુભાઇ શાહ, ૦-૧૦; **નવી દષ્ટિ**: મંગળદાસ ગોરધનદાસના બે આધ્યાત્મિક નિબંધો, પ્રકાશક: ધર્મસભા કાર્યાલય, ૮૮ કૅથેડ્રલ સ્ટ્રીટ, મુંબાઇ-૨; The Junior Essays: 'કુમાર'ના પરિચિત લેખક પ્રો.સ.અ. રાનડેનું, વિદ્યાર્થીઓને ઉપયોગી પુસ્તક, પ્રકાશક: એસ. એ. રાનડે પબ્લિકેશન્સ, વિસનગર (ઉ.ગુ.)૧-૦-૦; **ભૂલકાંનાં ગીતો**: મૂળદેવ પંડયાનાં બાલગીતો, પ્રકાશક: એન. એમ. ઠક્કરની કં., મુંબાઈ-૨, ૦-૧૨-૦. **મલજી મૌક્તિક**: દિ. બ. મલજીના લખાણોમાંનાં પ્રોત્સાહક અવતરણો, સંપાદક: માધવસિંહ રાણા, પ્રકાશક: હલદર મલ્ટીપર્પઝ કો-ઓ. સો. લિ., હલદર, (તા. ભરૂચ), અમૂલ્ય.

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની માહિતી આપતો વિભાગ



માનવ સંસ્કૃતિના ઈતિહાસમા મોટામા મોટી શોધનું માન જો કોઈ પામી હોય તો તે મુદ્રણકળાની શોધ. 'સર્વ કળાઓની સંરક્ષક કળા' તરીકે જેને બિરદાવાય છે એ મુદ્રણકળા ન શોધાઈ હોત તો જગતના જ્ઞાનનું રક્ષણ અને પ્રસાર નહિવત્ બની જાત. આજથી હજારો વર્ષ પહેલાં ચીનાઓએ કરેલી એ શોધને વ્યાપક સ્વરૂપ આપ્યું જર્મનીના યોહાન ગટેનબર્ગ નામના એક કારીગરે. લાકડાનાં બીબાંમાં આખાં પાનાંનાં પાનાં કોતરીને કરાતી મુદ્રણની વિદ્યામાં તેણે છુટ્ટાં બીબાંની શોધ કરી ને ક્રાંતિકારી પ્રગતિ કરી. એ શોધના ફલસ્વરૂપ પ્રથમ 'બાઈબલ' છાપ્યું તે વાતને ગયે વર્ષે ૧૯૫૨માં ૫૦૦ વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે અમેરિકાએ કાઢેલી ટિકિટ તથા તે માટેના ફર્સ્ટ-ડે કવરનાં ચિત્રો સામે આપ્યાં છે, કવરમાં ગટેનબર્ગનું શિલ્પ તથા તેણે છાપેલા બાઈબલનાં આલેખનો છે.



આ પાનાને છેડે આપેલી બ્રાઝિલ(દક્ષિણ અમેરિકાનો મોટામાં મોટો પ્રદેશ)ની ટિકિટોમાં ચિત્રવસ્તુનું વૈવિધ્ય ખાસ ધ્યાન ખેંચે છે. પહેલી હારની પહેલી અને બીજી હારની પહેલી ટિકિટો ઈ. ૧૯૫૦માં બ્રાઝિલ ફુટબૉલમાં ચૅમ્પીઅન થયું તે નિમિત્તની છે. એકમાં ત્યાંનું વિશાળ સ્ટૅડિયમ બતાવ્યું છે, જ્યારે બીજીમાં પૃથ્વીના ગોળા પર બ્રાઝિલનો નકશો અને આગળના ભાગમાં ફુટબૉલના ખેલાડીઓ બતાવ્યા છે.

પહેલી હારની બીજી ટિકિટ શોધસફરે ગએલી બ્રાઝિલની ટુકડી પાછી ફરી તે નિમિત્તની છે. તેમાં વચ્ચે યુનાઈટેડ સ્ટેટ્સ (અમેરિકા)નો રાષ્ટ્રધ્વજ, અને ઉપલે જમણે ખૂણે એ ટુકડીનું ખભે ચોડવાનું પ્રતીક છે. નીચેને ડાબે ખૂણે પણ એવું બીજું પ્રતીક છે. ત્રીજી ટિકિટ ત્યાંના રાષ્ટ્રીય સંગીત-ઉત્સવની સંવત્સરી નિમિત્તની છે. એના પર લખેલા Aereo Correio શબ્દનો અર્થ છે 'એર મેલ પોસ્ટેજ.'

ચોથી ટિકિટ સંયુક્ત રાષ્ટ્રસંઘની ફતેહ આલેખતી છે જેના ઉપર Paz એટલે Peace અક્ષરો છે અને સપ્તરંગી મેઘધનુષ્યની આગળ સ્વાતંત્ર્યદેવીનું મસ્તક છે. એ જ પ્રમાણે બીજી હારની ચોથી ટિકિટમાં શાન્તિદેવીને આશ્રયે કૂચ કરતો માનવ બતાવ્યો છે, અને પાંચમી ટિકિટમાં અમેરિકાના મીઆમી મુકામેથી ટ્રીનીદાદ, નાતાલ અને એસેન્શન થઈને કેરો સુધીનો હવાઈ માર્ગ બતાવ્યો છે, જેની વચ્ચે બ્રાઝિલનું રાજ્યચિહ્ન છે. ત્રીજી ટિકિટ, પાંચમી 'પોસ્ટલયૂનિયન કૉંગ્રેસ', જે રાયો દ જાનેરોમાં ભરાઈ હતી તે નિમિત્તની છે. એમાં એક કવર પર Victoryનો V અને પોસ્ટ હૉર્ન ટપાલનું પ્રતીક રણશીંગું-બ્યૂગલ છે.





વિશાળતા અને વૈવિધ્યમાં અજોડ એવું દુનિયાનું સૌથી જૂનું ને સૌથી મોટું જ્ઞાનક્ષેત્ર

બ્રિટિશ મ્યૂઝિયમ



- જેનાં પુસ્તકોની સંખ્યા લગભગ પચાસ લાખની છે!
- જેને એક હારમાં ગોઠવ્યાં હોય તો તેની લંબાઈ ૧૦૦ માઈલ થાય
- જેનું વજન કર્યું હોય તો લગભગ ૨૦૦૦ ટન થવા જાય!
- જ્યાં દુનિયાનું મોંઘામાં મોંઘું દુર્મિલ એક જ પુસ્તક ૭ લાખ રૂપિયાનું છે!
- જેનું સૂચિપત્ર ૫૦૦ પાનાંના એક એવા ૩૦૦ ખંડોમાં તૈયાર થતાં ૧૦૫ વર્ષ થશે!

આજથી ૨૦૦ વર્ષ પહેલાં ઈ.સ. ૧૭૫૩ના જુલાઈમાં બ્રિટિશ પાર્લામેન્ટે એવો નિર્ણય કર્યો કે ત્યાંના રાજા જ્યૉર્જ બીજાના દાક્તર સર હૅન્સ સ્લોને સંઘરેલાં સઘળાં જૂનાં પુસ્તકો, દુર્મિલ હાથપ્રતો તથા પ્રાણિવિજ્ઞાનના નમૂના ખરીદી લેવા. આ નિર્ણય અનુસાર ૨૦,૦૦૦ પૌંડની કિંમતે એ આખો યે સંગ્રહ ખરીદી લેવામાં આવ્યો, જોકે એની વાસ્તવિક કિંમત તો એથી અનેકગણી લેખાય. આમ છતાં બ્રિટિશ ખજાનચીએ એટલાં નાણાં પણ રાજ્યની તીજોરીમાંથી ચૂકવવા સાફ ના પાડી દીધી, એટલે પાર્લામેન્ટે એનો જુદો રસ્તો કાઢ્યો. તેણે એક લૉટરી બહાર પાડી અને એની થએલી આવકમાંથી આખો સંગ્રહ ખરીદી લીધો. સાથોસાથ એવા બીજા પણ એકાદબે નાના નાના સંગ્રહ ખરીદી લીધા.

આ બધું ખરીદાયા પછી એ મૂકવું ક્યાં, એ સવાલ ઊભો થયો. તપાસ કરતાં છેવટે 'મૉન્ટેગ્યુ-હાઉસ'ના નામે ઓળખાતા એક મહાલય પર પાર્લામેન્ટની નજર ગઈ અને તેણે એ ખરીદી લીધું. એ વખતે તો એ મહાલય લંડનના છેક ઉત્તર છેડે આવેલું અને એની પાછી તરત ખેતરોની હારમાળા શરૂ થતી હતી, પરંતુ આજે તો એ લંડન શહેરની બરાબર મધ્યમાં આવી ગયું છે. એ ખરીદાઇને એમાં બધો સંગ્રહ મુકાઈ ગયો અને એનો હવાલો સંભાળવા ટ્રસ્ટીઓનું બોર્ડ નક્કી થયું ત્યારે એને 'બ્રિટિશ મ્યૂઝિયમ' એવું નામ આપવામાં આવ્યું. ખરું જોતાં એનો પ્રારંભ તે ૧૭૫૩ના જુલાઈથી જ ગણાય, અને બ્રિટિશ પ્રજાએ પણ એ જ ગણતરીએ ચાલુ સાલના જુલાઈ માસમાં એની દ્વિશતાબ્દી ઊજવી.

દુનિયામાં મ્યૂઝિયમો તો ઘણાં છે. બર્લિન, પારીસ અને ન્યૂયૉર્કનાં સંગ્રહાલયોમાં ઘણા સારા નમૂનાઓ સંઘરાએલા છે, પરંતુ બ્રિટિશ મ્યૂઝિયમના તોલે એમાંનું એકે આવી શકે નહિ. એનાં વિશાળતા અને વૈવિધ્ય બીજાઓના કરતાં અજોડ હોવાનું કહીએ તો પણ ખોટું નહિ.

'મ્યૂઝિયમ'નો અર્થ થાય 'લલિતકલામંદિર' (a temple of the muses)-જૂના વખતમાં સિકંદરે પોતાના નામ પરથી વસાવેલા ઍલેકઝાન્ડ્રિયાનું મ્યૂઝિયમ આ નામને પૂરેપૂરું સાર્થક કરે તેવું હતું. આજનાં બધાં મ્યૂઝિયમોને માટે એવો દાવો ન કરી શકાય, પરંતુ બ્રિટિશ મ્યૂઝિયમનું વાચનાલય અત્યારનાં બધાં મ્યૂઝિયમોમાં તેને અનોખું સ્થાન અપાવે છે. જોકે આજે 'મ્યૂઝિયમ'ની જે વ્યાખ્યા બંધાવા પામી છે તેને અનુલક્ષીને કેટલાક તો એને મ્યૂઝિયમ ગણવા પણ તૈયાર નથી.

જેના સંગ્રહથી આ મ્યૂઝિયમ શરૂ કરવામાં આવ્યું તે સર હૅન્સ સ્લોન ઈંગ્લંડનો રાજવૈદ્ય હતો અને એની આવક પણ પુષ્કળ હતી. વિજ્ઞાનનો એને વધુ શોખ હતો અને દવાઓ બનાવવાની પદ્ધતિને એણે જ વૈજ્ઞાનિક પાયે મૂકી એમ કહેવાય છે. સર આઇઝૅક ન્યૂટન પછી રૉયલ સોસાએટીનું પ્રમુખપદ પણ એણે સંભાળેલું. વનસ્પતિ, પ્રાણીઓ વગેરેના જીવતા અથવા તો અશ્મીભૂત નમૂનાઓ એ જિંદગીભર સંઘરતો રહેલો. આગળ જતાં એણે જૂનાં પુસ્તકો, હાથપ્રતો, કલાકૃતિઓ, સિક્કાઓ વગેરે પણ સંઘરવા માંડ્યાં. એનો આ સંગ્રહ એટલો પ્રસિદ્ધ થએલો કે ઈંગ્લંડ ગએલો કોઈ પણ પ્રવાસી એ સંગ્રહ જોયા વિના પાછો ફરે તો તેનો એ પ્રવાસ અધૂરો ગણાતો. એ કાળમાં યુરોપના સાગર-સફરીઓને હાથે નવા નવા પ્રદેશો શોધાતા જતા, અને એ પ્રદેશોને લગતા વિવિધ નમૂનાઓ યુરોપવાસીઓને ક્યાંય જોવા મળે તેમ હોય તો તે સ્લોનને ત્યાં. ઈ. ૧૭૫૩ના જાન્યુઆરીમાં એ મૃત્યુ પામ્યો ત્યારે પોતાના વસિયતનામામાં પોતાનો એ આખો સંગ્રહ ૨૦,૦૦૦ પૌંડમાં પોતાના રાષ્ટ્રને વેચી દેવાનું સૂચવતો ગએલો. બ્રિટિશ પાર્લામેન્ટ એ માટે ખાસ તત્પર નહોતી, પરંતુ આમ સભાના સ્પીકર ઑન્સ્લોની જહેમતથી છેવટે તે તૈયાર થઈ. જરૂરી નાણાં ઊભાં કરવાં માટે આગળ કહ્યું તેમ લૉટરીનો આશ્રય લેવામાં આવ્યો અને એ લૉટરી પર દેખરેખ રાખવાને કૅન્ટરબરીના આર્કબિશપને સમજાવવામાં ઑન્સ્લો સફળ થયો. લૉટરીની કુલ આવક એક લાખ પૌંડ જેટલી થએલી!

આ રકમમાંથી ઊભા થએલા બ્રિટિશ મ્યૂઝિયમમાંના બધા નમૂનાઓની વિગત તો કેવળ યાદીરૂપે પણ અહીં આપી શકાય તેમ નથી, પરંતુ એમાંના કેટલાકની તો નોંધ લેવા જેવી છે. દુનિયાની જૂનામાં જૂની ગણાતી બાઈબલની બે નકલો આ મ્યૂઝિયમ ધરાવે છે, જેમનાં નામ છે 'કોડેક્સ ઍલેક્ઝાન્ડ્રીનસ' અને 'કોડેક્સ સિનાઇટિકસ.' આમાંની બીજી નકલ જે વધુ મૂલ્યવાન છે તે ઈ.સ. ૧૯૩૩માં સોવિયેત સરકાર પાસેથી ખરીદવામાં આવેલી છે. આ બે પ્રતો કરતાં યે વધુ પ્રસિદ્ધ તો છે 'એલજિન માર્બલ્સ'ના નામે ઓળખાતી ગ્રીક શિલ્પકૃતિઓની શ્રેણી, જે ઍથેન્સના પાર્થેનોનમાંથી ખોદી કાઢવામાં આવેલી છે. અર્લ એલજિન પાસેથી ઈ.સ. ૧૮૧૬માં ૩૬,૦૦૦ પૌંડની કિંમતે એ આખી યે શ્રેણી ખરીદવામાં આવેલી. આવડી મોટી કિંમત અંગે ઊહાપોહ જાગતાં એ વખતના નામી શિલ્પીઓની આ અંગે જુબાની લેવામાં



બ્રિટિશ મ્યૂઝિયમને મધ્યભાગે મોટા ઘુમ્મટ નીચે ગોળાકારે આવેલું આ રાષ્ટ્રીય ગ્રંથાલય એકીસાથે ૪૬૦ વાચકોને સમાવી શકે એવડું વિશાળ છે.

આવી અને તેમનો મત તરફેણમાં પડતાં એ ખરીદી લેવામાં આવી.

મોટા ભાગના લોકોને માટે આ મ્યૂઝિયમનું મુખ્ય આકર્ષણ તેનું વાચનાલય છે અને મ્યૂઝિયમનું અનોખાપણું પણ વસ્તુતઃ એ વાચનાલયને જ આભારી છે. મ્યૂઝિયમમાં પ્રવેશ કર્યા પછી કોરીન્થીઅન થાંભલાઓ અને સંસ્કૃતિ-વિકાસના આલેખો વટાવતાં સૌ પ્રથમ એ વાચનાલય જ આવે. પરંતુ ગમે તેને એ વાચનાલયમાં પ્રવેશ મળતો નથી. તેણે વાચક તરીકેની ટિકિટ મેળવવી પડે છે.

મ્યૂઝિયમના વિકાસ સાથે તેના મૂળ મકાનમાં ફેરફારો પણ થતા રહ્યા છે. અત્યારે એનો જૂનામાં જૂનો કોઇ ભાગ અવશિષ્ટ રહ્યો હોય તો તે છે ઈ. ૧૮૨૩માં બંધાએલી એની ગૅલેરી. મ્યૂઝિયમના તરેહવાર નમૂનાઓમાંથી કેટલાકનો ઉલ્લેખ ઉપર આવી ગયો. એ ઉપરાંત ઈ. ૧૭૯૯માં ઍલેક્ઝાન્ડ્રીઆ નજીક મળી આવેલી ઈ. પૂર્વે ૨૦૦ના અરસાની 'રોઝેટા-શિલા' પણ નોંધપાત્ર છે, જેના પરનો ત્રણ લિપિમાં લખાએલો લેખ ઇજિપ્તના પુરાતત્ત્વના અભ્યાસીઓને ત્યાંનું પુરાતત્ત્વ ઉકેલવાની ચાવીરૂપ નીવડેલો છે. બ્રિટિશ પ્રજાની સમગ્ર સ્વતંત્રતાનો પાયો જે દ્વારા નંખાએલો એ મૅગ્ના ચ્યાર્ટાની બે સમકાલીન નકલો પણ ત્યાં છે. સાત ગ્રંથોમાં રુંધરાએલી ખ્રિસ્તી ધર્મસુધારક માર્ટિન લ્યૂથરની કૃતિઓ ઉપરાંત શુલ્ટ્ઝનું 'હિસ્ટોરિયા રેરમ પ્રુસીકેરમ' તથા 'કોર્પસ જ્યુરિસ ફ્યુડેલ્લાસ જર્માનિકા' એ ધરાવે છે. પુસ્તકાલયનો એક ભાગ ઇંગ્લૅન્ડના રાજા જ્યૉર્જ ત્રીજાનાં સુંદર બાંધણીવાળાં પુસ્તકોનો બનેલો છે. જ્યૉર્જ ત્રીજા માટે એ પસંદગી વિખ્યાત કોષકાર ડૉ. સેમ્યુઅલ જૉન્સને કરેલી. પાછળથી જ્યૉર્જ ચોથાએ એના પિતાનો આ આખો યે સંગ્રહ મ્યૂઝિયમને સોંપી દીધો.

જગતનાં જૂનામાં જૂનાં, મોંઘાંમાં મોંઘાં અને અપ્રાપ્યમાં અપ્રાપ્ય પુસ્તકો પણ બ્રિટિશ મ્યૂઝિયમમાં મળવાનાં. એનાં પુસ્તકોની સંખ્યા તમે કેટલી ધારો છો? ૪૫ થી ૫૦ લાખની! આ બધાં જ પુસ્તકો જો એક હારમાં ગોઠવ્યાં હોય તો તેની લંબાઈ સો માઈલ થવા જાય! છપાએલાં પુસ્તકોમાં મુદ્રણકળાના પિતા ગટનબર્ગે છાપેલાં બાઇબલની બે નકલો અને અંગ્રેજી ભાષામાં પહેલવહેલાં પુસ્તકો છાપનાર વિલિયમ કૅક્સ્ટને ઈ. ૧૪૪૭માં છાપેલું શેતરંજની રમત પરનું પુસ્તક એ એવાં તો દુર્લભ છે કે એ દરેકની કિંમત લગભગ રૂ.૭ લાખ અંકાય છે! દુનિયાના કોઈ પણ દેશના કોઈ પણ સમયના ઇતિહાસનો અભ્યાસ કરવા માગનારને આ મ્યૂઝિયમમાંથી જોઈતી જરૂરી સામગ્રી મળી રહે છે.

મ્યૂઝિયમમાંનાં પુસ્તકોનું સામાન્ય સૂચિપત્ર તૈયાર કરવા ઈ.



'એલ્જિન માર્બલ્સ'ને નામે ઓળખાતાં પ્રાચીન ગ્રીકનાં આરસપહાણનાં જગવિખ્યાત શિલ્પકૃતિઓ ધરાવતો બ્રિટિશ મ્યૂઝિયમનો ખંડ. ગ્રીસના પાટનગર ઍથેન્સના પાર્થેનૉન નામના મંદિરમાં ઇ. સ. પૂર્વે પાંચમી સદીમાં વિખ્યાત ગ્રીક શિલ્પી ફીડાસના માર્ગદર્શન તળે એ તૈયાર થએલી. ઇ. ૧૪૫૮માં તુર્ક લોકોએ ઍથેન્સ જીતી લેતાં પાર્થેનૉનની મસ્જિદ બનાવી દેવાઈ. અને ૧૬૮૭માં પડોશમાંનો દારૂગોળાનો ભંડાર સળગી ઊઠતાં એનો સદંતર નાશ થયો. ઈ. ૧૭૯૯માં તુર્કીખાતેના બ્રિટિશ એલચી અર્લ ઍલ્જિને તેના ખંડેરમાંથી એ બેનમૂન શિલ્પ બચાવી લેવા માટે ખરીદી લેવાનો નિરધાર કર્યો અને ૧૮૧૬માં ૩૬,૦૦૦ પૌંડની કિંમતે તે ખરીદી ઈંગ્લંડ મોકલ્યાં.

૧૯૩૧માં ખાસ નિષ્ણાતો રોકવામાં આવેલા છે. એ કાર્ય સ્વીકારતી વખતે તો એમને એ કેટલો સમય લેશે એનો કશો અંદાજ નહિ હોય, અને હશે તો પણ એકાદબે દાયકા પૂરતો; પરંતુ ૨૨ વર્ષના એકધારા કામ પછી પણ એ યાદી જેટલે પહોંચી છે તે પરથી લાગે છે કે એ કાર્ય પૂરું કરતાં હજુ બીજાં ૮૩ વર્ષ લાગશે! એટલે કે ૫૦૦ પાનાંના એક એવા ૩૦૦ ખંડોમાં તૈયાર થઇ રહેલા એ સૂચિપત્ર અંગે વધારાના કાર્યકરો જો નહિ નીમવામાં આવે તો એ કાર્ય બરાબર ૧૦૫ વર્ષે પૂરું થશે! ઈ.સ. ૧૮૮૨માં બ્રિટનમાં પસાર કરવામાં આવેલા એક કાયદા અનુસાર તમામ પ્રકાશકોએ છાપેલાં પુસ્તકો, ચોપાનિયાં, પત્રિકાઓ, નકશા વગેરેની એકેક નકલ મ્યૂઝિયમને મોકલવી ફરજિયાત છે. પ્રકાશિત થયા બાદ એક મહિનાની અંદર તે ન પહોંચાડવામાં આવે તો તે ગુનો ગણાય છે. (ભારત અંગ્રેજ અમલ નીચે હતું ત્યારે અહીંથી પણ પ્રકટ થતાં પુસ્તકોમાંની ચુનંદી કૃતિઓ તેને માટે ફરજિયાત મંગાવી લેવામાં આવતી.) બાળકો માટે નીકળતાં 'કૉમિક' જેવાં ચોપાનિયાં પણ ત્યાં સંઘરાય છે, કારણ કે, ત્યાંના એક અધિકારીના જણાવ્યા મુજબ 'આપણે નથી કહી શકતા કે ભવિષ્યના ઈતિહાસકારને શાની જરૂર પડશે.'

નવા નવા નમૂના મ્યૂઝિયમમાં સતત ઉમેરાતા જ રહ્યા છે. આને પરિણામે વધુ મોકળાશ અર્થે પ્રાણિવિજ્ઞાનના ને એવા બીજા નમૂના લંડનની પશ્ચિમે આવેલા સાઉથ કેન્સિંગ્ટન મુકામે ખસેડવામાં આવ્યા છે. સાઉથ કેન્સિંગ્ટનને ક્યારેક અલગ મ્યૂઝિયમ ગણવામાં આવે છે, પરંતુ વસ્તુતઃ તો તે બ્રિટિશ મ્યૂઝિયમના જ ભાગ છે. ઇ. ૧૯૩૧માં વર્તમાનપત્રોને લગતો વિભાગ કોલિન્ડેલ મુકામે ખસેડયો ત્યારે એ લઇ જવા રોકેલા ૧૫ ખટારાને ૬ અઠવાડિયાં લાગેલાં!

મ્યૂઝિયમના વિશાળ વાચનાલયની વાચનસામગ્રી સહેજે ૨૦૦૦ ટન જેટલી થવા જાય! 'ટાઇમ્સ'ની એકમાત્ર પ્રાપ્ય પ્રત એ મ્યૂઝિયમ માં છે. આવી વિપુલ સામગ્રીનો ઉપયોગ અનેક નામીચા ને નવા લેખકો-સંશોધકો આદિ કરતા રહે છે. કાર્લ માર્ક્સે તેના વિખ્યાત પુસ્તક 'ડાસ કૅપિટલ' માટેની સામગ્રી બ્રિટિશ મ્યૂઝિયમમાંથી જ એકત્ર કરેલી. એ જ રીતે લેનિન અને ટ્રૉટસ્કી, શૉ અને ચર્ચિલ વગેરેએ પોતાની કૃતિઓ માટેની સામગ્રી ત્યાંથી જ મેળવેલી. આ સિવાય કેટલાયે અજ્ઞાત લેખકોએ પોતાની અરધી કે પોણી જિંદગી ભવિષ્યના કોઇ પુસ્તકની સામગ્રી એકત્ર કરવા આ મ્યૂઝિયમમાં ગાળી હશે, જેમાંના કેટલાકનાં પુસ્તકો તો પ્રસિદ્ધિનો પ્રકાશ પણ જોવા નહિ પામ્યાં હોય.

અહીં વાચકો પણ તરેહવાર ભેજાંના આવતા હોય છે. મ્યૂઝિયમના હાલના નિયામક આર. એ. વિલ્સનના કહેવા પ્રમાણે એક જણે તો ઈશુ ખ્રિસ્તના હસ્તાક્ષર જોવા માટે કાઢી આપવા તેને કહેલું! બીજા એક જણાએ ધસમસતા આવીને સીધી જ માગણી કરી કે 'I want to see the Bloody Catalogue' વિલ્સને તેને સૂચિપત્ર આપવા તૈયારી બતાવવા સાથે મ્યૂઝિયમમાં આવા શબ્દો ન બોલાય એવી શિખામણ આપતાં તેણે કહ્યું "મારે તમારું કૅટલોગ નહિ પરંતુ 'બ્લડી કૅટલોગ' જોઇએ, જેમાં સમ્રાટ(ચાર્લ્સ પહેલા)ના શિરચ્છેદના આદેશ-પત્ર પર દેશદ્રોહીઓએ સહીઓ કરેલી છે!" આથી પણ વિચિત્ર માગણી વિલ્સનના પહેલાંના નિયામક પાસે કરવામાં આવેલી. એક જણે તેની પાસેથી એવા મંત્રોનું પુસ્તક માગ્યું જે વડે શેતાનનું આવાહન કરી શકાય! નિયામકે કેટલાંક લૅટિન પુસ્તકો તેની પાસે મૂકી દીધાં, જે એનાથી સમજાય એવાં નહોતાં! પણ એ એમ છોડે તેમ નહોતો. એ તો નિયામકને જ વળગ્યો કે તમે એમાંના મંત્રો ભણીને શેતાનને બોલાવી આપો. નિયામકે છેવટે આ જવાબ આપીને તેને ટાળ્યો કે 'શેતાનને અહીં બોલાવવામાં મને તો વાંધો નથી, પરંતુ કૅન્ટરબરીના આર્કબિશપ મ્યૂઝિયમના ટ્રસ્ટીઓમાંના એક હોઇને કદાચ વાંધો લે!'

બ્રિટિશ મ્યૂઝિયમ એ જગતનો સૌથી સમૃદ્ધ ગ્રંથભંડાર છે. ઈ. સ. ૧૮૫૭માં લગભગ ૨૦ લાખ રૂપિયાના ખર્ચે બંધાએલા એના વાચન-ખંડમાં એકીસાથે ૫૦૦ વાચકો બેસી શકે એવડો એ વિશાળ છે. કેટલાંક પુસ્તકોને માઇક્રોફિલ્મ પર ઉતારવાનું પણ મ્યૂઝિયમે શરૂ કર્યું છે. આવા ગ્રંથભંડાર પર બ્રિટનનો એકેએક પ્રજાજન મગરૂબી અનુભવે એમાં અસ્વાભાવિક કશું જ નથી.





(ઉપજાતિ)

ત્યાં તું જજે જ્યાં તુજને મળી રહે તૃષા છિપાવંત છલંત આસવો,
ત્યાં તું જજે જ્યાં તુજને જડી રહે, હૈયું ભરી હેત મહા રસ-દ્રવો.
તને ત્યહિં સૌ તિમિરો વિદારતી જ્યોતિ તણાં દર્શન રમ્ય લાધજો,
ને જીવને સર્જતી ભવ્ય શક્તિનો પ્રસાદ તારો ઘટ પૂર્ણ પૂરજો.
નાનું અહો આ ઝરણું કલોલતું એના મહાસાગરમાં પૂગી જજો.
(ગીતા કાપડિયાના લગ્નપ્રસંગના મંગલ વચનમાંથી) —સુન્દરમ્

સૈનિક પત્રકાર સદાનંદ

જેટલી યોજક એટલી જ ક્રિયમાણ બુદ્ધિના પત્રકારો આપણે ત્યાં જૂજ છે, ને એ જૂજ સંખ્યામાં પણ સૌને મોખરે આવતા 'ફ્રી પ્રેસ જર્નલ' દૈનિક પત્રના તંત્રી શ્રી સ્વામીનાથ સદાનંદના અવસાનથી આપણા દેશે એક મહાન પત્રકાર ગુમાવ્યો છે. માત્ર સત્તર વર્ષની વયે એ પત્રકારત્વમાં પ્રવેશ્યા ત્યારથી માંડીને ગયા નવેમ્બરની ૧૭મીએ અવસાન પામ્યા ત્યાં સુધી એ જ ક્ષેત્રમાં ખૂંચી રહ્યા. પત્રકારમાં આવશ્યક વિવિધ વિષયના જ્ઞાન સાથે કલ્પનાની તીવ્રતા એ જેમ ધરાવતા, તેમ પોતાનું મતસ્વાતંત્ર્ય, એ પ્રદર્શિત કરવાની હિંમત અને એ રૂંધવા માગતાં બળો સામે નિર્ભયતાપૂર્વક છેવટ સુધી લડી લેવાની યુયુત્સા એ ધરાવતા. વૃત્તસ્વાતંત્ર્ય માટે એમણે જેવી લડત આપેલી છે તેવી બહુ ઓછાઓએ આપી હશે. સી. વાઈ. ચિંતામણિ ને બી. જી. હૅાર્નીમૅનની પરંપરાના છેલ્લા સૈનિક પત્રકાર સ્વ. સદાનંદ હતા. એમના જતાં તત્કાલપૂરતી તો એ પરંપરા લુપ્ત જ થઇ લેખાય.

આ સદીના આરંભે, ઈ. સ. ૧૯૦૦માં, તાંજોર જિલ્લામાં આવેલા કારૂગુડી ગામે શ્રી સદાનંદનો જન્મ થએલો. એમના પિતા સ્વામીનાથ આયર તામિલ ભાષાના એક ખ્યાતનામ વિદ્વાન ઉપરાંત એક કસાએલા પત્રકાર પણ હતા. ઈ. સ. ૧૮૯૨માં એમણે 'વિવેક ચિંતામણિ' નામક તામિલ પત્રની સ્થાપના કરેલી જે ૧૯૨૨ સુધી ચાલુ રહેલું.

દેશભરમાં ફરી વળેલા રાષ્ટ્રીયતાના જુવાળમાં સદાનંદનું બાળપણ વીત્યું. કુમારાવસ્થાથી જ એમને એનો રંગ લાગ્યો, જ્યારે પત્રકાર તો એ જન્મજાત હતા એમ કહીએ તો ચાલે. લગભગ સત્તરેક વર્ષની વયે એમણે હિંદને અપાનારા મૅાન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાની કડક ટીકા કરતો એક લેખ લખ્યો અને પછી એ લેખની નકલને જ પોતાના પત્રકાર તરીકેના પ્રમાણપત્ર તરીકે સાથે લઇ મુંબઇ આવ્યા. મુંબઇમાં 'ઈન્ડીઅન સોશ્યલ રીફૅાર્મર' વાળા શ્રી કામાક્ષી નટરાજને એમની પ્રતિભા પિછાણી અને પોતાના પુરાણા મિત્રના એ પુત્રને પોતાની પાંખમાં લીધો.



મુંબઈ આવી એ ગાંધીજીના સર્વ પ્રથમ અનુયાયીઓમાંના એક બન્યા. ગાંધીજીએ મુંબઇના ટાઉનહૅાલમાં ખાદી પહેરવાની પ્રતિજ્ઞા પર જે સહીઓ લીધેલી તેમાં દસમી સહી શ્રીસદાનંદની હતી. ત્યારથી તે મૃત્યુ પર્યંત એ ખાદીને વળગી રહેલા.

ઈ.સ. ૧૯૧૯માં એ રૅાઇટર સમાચાર-સંસ્થામાં જોડાયા. ત્યાંથી ૧૯૨૧માં

આસપાસનાં પંખી [૯૫]
તામણી



શિયાળો બેઠો એટલે હવે આપણે ત્યાંનાં સ્થાયી રહેવાસી પંખીઓ ન જાણે ટાઢથી બચવા કયાંય લપાઈ બેસશે, પણ આપણી ટાઢ એ તો સમશીતોષ્ણ પ્રદેશની ટાઢ. ગમે તેવી તો યે શીતપ્રદેશની કારમી ઠંડી કરતાં તો હુંફાળી ખરી જ. એટલે એ અતિશીત પ્રદેશોનાં કેટલાંયે પંખીઓ આ ઋતુમાં આપણે ત્યાં હુંફાળું આતિથ્ય ભોગવવા ઊતરી આવે છે. આવાં અનેક પંખીઓમાં આડચના વર્ગનું જ એક પંખી તે તામણી. ઉત્તરમાંથી તે ઊતરી આવે છે. પાંખમાં સફેદ પટ્ટા સાથે બદામી અને ઘેરા તપખીરી રંગનું, બતકથી સહેજ નાનું પંખી. ઊડે ત્યારે પાંખોમાંનો પટ્ટો વધુ સ્પષ્ટ દેખાય. પણ આ બધાંમાં છાતી પરનું મોટું સફેદ કુંડાળું તેને ઓળખવાની ખાસ નિશાની. આંખો સફેદ. માદા યે આવી જ પણ તેનો વાન નરના જેટલો તેજસ્વી નહિ.

બરુ ને નેતર તથા તરતા પાલા જેવી વનસ્પતિની છતવાળા પાણીકાંઠે તે રહે. દિવસે પાણીની ઠીકઠીક છતવાળાં ખેતરો અને વહાણની ઓછી અવરજવરવાળા દરિયાકાંઠે પણ જોવા મળે. પણ આવાં સ્થળે એ દિવસે જ રહે. રાત્રે આસપાસનાં ખેતરો તરફ આહારાર્થે ઊડી આવે અને સવાર થતાં તો પાછાં કાંઠે આવી જાય. ઊડે ત્યારે શરૂઆતમાં તો ધીમાં લાગે, પણ હવામાં પહોંચ્યા બાદ તો ઠીકઠીક ઊંચે ચડીને ઝડપથી ઊડી શકે. ડૂબકી પણ સરસ લગાવે, અને ભય લાગે ત્યારે તો પાણીની અંદર જ તરતું દૂર સલામત સ્થળે નાસી જાય. પણ જમીન પર ચાલવું તેને ન ફાવે. વનસ્પતિ, અનાજના દાણા, જીવડાં, નાની માછલી વગેરે તેનો આહાર. આહાર ખોળતાં અને ઊડતાં કૂર–કર–કર એવો કર્કશ અવાજ એ કરતું હોય છે.

કાશ્મીર તરફનો પ્રદેશ એ એનું પ્રજનનસ્થળ. પાણીની નજીક સુંવાળા ઘાસ ને કરગઠિયાંનો માળો બનાવી તેમાં ૬ થી ૧૦ આછાં પીળા રંગનાં એ ઈંડાં મૂકે છે.

અલ્લાહાબાદના 'ઇન્ડિપેન્ડન્ટ' પત્રના મેનેજર ને મદદનીશ તંત્રીતરીકે જોડાયા. આ બધો યે સમય હિંદની પોતીકી રાષ્ટ્રીય સમાચાર-સંસ્થાનો અભાવ એમને સાલી રહ્યો હતો. છેવટે ૧૯૨૩માં એમણે 'ફ્રી પ્રેસ ઑવ ઇન્ડિયા ન્યૂસ સર્વિસ' શરૂ કરી, પરંતુ એ દ્વારા આપવામાં આવતા રાષ્ટ્રીય સમાચારો છાપવા દેશના મોટા ભાગનાં પત્રો તૈયાર નહોતાં. પરિણામે શ્રી સદાનંદે 'ફ્રી પ્રેસ જર્નલ'ના નામે પોતાનું સ્વતંત્ર 'ન્યૂસ શીટ' બહાર પાડવા માંડ્યું. બે પૈસાના એક પાનાના એ વૃત્તપત્રનો વિકાસ સાધતા જઈને તે છેવટે ચાર દૈનિક અને એક સાપ્તાહિક પત્રના પ્રકાશક બન્યા હતા:

આ વિકાસક્રમ નિર્વિઘ્ન ન હતો: અનેક અંતરાયોથી ભરેલો હતો. એમનો ઉગ્ર રાષ્ટ્રવાદ એમને વારંવાર હિંદ પરની વિદેશી હકૂમતના ઘર્ષણમાં લાવી મૂકતો. જામીનગીરી, જપ્તી ને કારાવાસમાંથી એમને અનેક વાર પસાર થવું પડેલું અને એક વાર તો પત્રનું પ્રકાશન પણ બંધ કરી દેવું પડેલું. પરંતુ એમણે આ મુસીબતોથી મુદ્દલ ન ગભરાતાં બમણા વેગથી કલમ વીંઝવાનું ચાલુ રાખ્યું હતું.

લેખનસ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્યને એ પ્રજાનો જન્મસિદ્ધ અધિકાર માનતા અને એ માન્યતાને લઈને અખબારી સ્વાતંત્ર્ય અર્થે એ જેમ વિદેશી સરકાર સામે લડતા તેમ સ્વદેશી સરકાર સામે પણ કેડ કસેલી. અઢી વર્ષ પહેલાં બંધારણમાં અખબારી સ્વાતંત્ર્યને રૂંધતો જે સુધારો કરવામાં આવેલો તે સામે વર્તમાનપત્રોએ ચલાવેલી લડતના પ્રેરણાદાતા એ જ હતા. પરંતુ તંત્રીપરિષદમાં ફાટફૂટને પરિણામે એ લડત સફળ ન નીવડી. આ ફાટફૂટને અને પક્ષાપક્ષીને કારણે જ શ્રી સદાનંદ તંત્રીપરિષદના પ્રમુખસ્થાનથી વંચિત રહેલા. એ વ્યક્તિ કે પક્ષ કરતાં હેતુને હમેશાં વધુ મહત્ત્વ આપતા અને એ કારણે જ એમણે પોતાની જાતને કોઈ રાજકીય પક્ષનું લેબલ લાગવા ન દઈ પોતાનું મતસ્વાતંત્ર્ય અબાધિત રાખેલું.

સૈનિક સ્વભાવના સદાનંદની શક્તિ હમેશાં વિરોધમાં જ પૂર્ણપણે પ્રકાશી ઊઠતી. પત્રસંપાદન તેમજ મુદ્રણ એ બંને કલાઓમાં એ નિષ્ણાત હતા. પોતાના પત્રમાં આવતા લખાણની એકેએક લીટી તંત્રીએ વાંચેલી હોવી જોઇએ અને જે કંઈ છપાય એ બદલ પોતે જવાબદાર રહેવો જોઈએ એ એમની દૃઢ માન્યતા હતી, અને એને લઇને ઘણીવાર તો એ અઢાર અઢાર કલાક કામ પાછળ જ વિતાવતા. આ અતિશ્રમે એમનો વહેલો અંત આણ્યો એમ કહીએ તો પણ ખોટું નથી.

તબિયતને કારણે પોતાના સહકાર્યકરોની છેલ્લી વિદાય લઈ એ મદ્રાસ ઊપડેલા ત્યારે તેમને સંબોધી એમણે ઉદ્ગાર કાઢેલા: 'keep the flag flying' અને હર્ષાતિરેકમાં બોલી ઊઠેલા: 'ઝંડા ઊંચા રહે હમારા!' વૃત્તસ્વાતંત્ર્યના ઝંડાધારી સ્વ. સદાનંદનો આ અંતિમ સંદેશ આપણાં વર્તમાનપત્રોએ આત્મસાત્ કરવાનો રહે છે.

આ ઋતુનું 'જીવન' ફળ: આમળાં

અત્યારે આમળાંની ઋતુ છે. આમળાં એ ઉત્તમ રસાયન છે. ચક્ષુષ્ય એટલે દૃષ્ટિ વધારનાર છે. બલ્ય એટલે બળ આપનાર છે. રક્તપિત્ત એટલે લોહીનું ઊર્ધ્વગમન થતું હોય તો તેનું શમન કરનાર છે. જેમને વિટામિન 'સી'ની જરૂર હોય તેમના માટે ખાસ અકસીર છે. આમળાં તાજાં, લીલાં, પાકેલાં, મોટાં અને સોનેરીપડતા લીલા વર્ણવાળાં ઉત્તમ મનાય છે, એ લીલાં તાજાં આમળાં ચૂસી ઉપર પાણી પી જુઓ; જાણે અમૃત પીતા હો એવું લાગશે! આમળાંની પ્રખ્યાત બનાવટ ચ્યવનપ્રાશાવલેહ યાને 'જીવન' ખૂબ જ શક્તિ આપનાર છે. સાચી શાસ્ત્રોક્ત વિધિથી તે બનાવેલું હોય તો જ તે લાભ કરે છે.

ગુજરાતમાં નડિયાદ તરફ ને સૌરાષ્ટ્રમાં જૂનાગઢ તરફ આમળાં થાય છે. પણ એ સહેજ ઊતરતી કોટિનાં હોઇ ઓછાં ગુણકારી હોય છે. સારાં આમળાં બનારસ તથા અલ્લાહાબાદ તરફ થાય છે. વિંધ્યમાં પણ તેનાં જંગલો છે. પરંતુ સર્વોત્કૃષ્ટ આમળાં તો બ્રહ્મદેશનાં ગણાય છે.

આમળાંનાં ઝાડ હિંદભરમાં ગમે ત્યાં ઊગી શકે છે. એનાં ઝાડ વીસ-પચીસ ફૂટ ઊંચાં થાય છે. થડ વાંકુંચૂંકું અને તેના પર ભસ્મી રંગની છાલ હોય છે. પાંદડાં બારીક હોય છે. આસોથી ફાગણ માસ સુધી ઝાડ પર સોપારી જેવડાં આમળાં આવે છે. આમળાંમાં બે જાત આવે છે: રાતાં અને ધોળાં. ધોળાં આમળાં પર છ બારીક રેખાઓ, છ છીછરા ખાંચા પર આવેલી હોય છે. અંદરનો ઠળિયો ત્રણ પોલવાળો હોય છે અને દરેક પોલમાં બબ્બે બીજ આવેલાં હોય છે.

આમળાંના ઝાડનું દરેક અંગ ઔષધ તરીકે ઉપયોગી છે. એની છાલ પ્રમેહમાં, પાંદડાં ટૅનિક ઍસિડ રહેલો હોવાને લીધે મોઢાના રોગમાં કોગળા કરવા માટે, બીજ દુખતી આંખો ઉપર અને કુમળાં પાંદડાં તથા ટીશીઓ અજીર્ણ અને અતિસારમાં વપરાય છે. આમ, જોકે એનું દરેક અંગ ઔષધ તરીકે વપરાય છે, છતાં દવા તરીકે વિશેષ ઉપયોગ તો તેનાં ફળ આમળાં જ છે.

તૂરાં, ખટમીઠાં, સહેજ તીખાં તથા કડવાં, ઉષ્ણ, શીતળ ને સ્વાદિષ્ટ આ ફળ સારક, ત્રિદોષનાશક, વમનશામક, પિત્તહારક, દાહ તથા જ્વરહર, કાંતિકર, શુક્રવર્ધક, શીતવીર્ય અને પથ્ય છે. અરુચિ, આફરો, સોજો, કબજિયાત, જ્ઞાનતંતુની નબળાઇ, હૃદયની નબળાઈ, પ્રમેહ, રક્તપિત્ત, અમ્લપિત્ત અને પેશાબનાં સર્વ દર્દો મટાડવાના અમૂલ્ય ગુણો તેમાં છે. લોહીને શુદ્ધ કરતું પ્રજીવક વિટામિન 'સી' તેમાં પુષ્કળ છે. ચરકે આમળાંનો એક સુંદર પ્રયોગ બતાવ્યો છે. ૨૫૬ તોલા આમળાંનું ચૂર્ણ લઈ તે એક હજાર લીલાં આમળાંના રસમાં ૨૧ દિવસ સુધી માટીના (કે ચિનાઇ માટીના) વાસણમાં રાખવું. તે પછી તેમાં ૨૫૬ તોલા ચોખ્ખું મધ તથા એટલું જ ગાયનું ઘી નાખી, તેમાં ૩૨ તોલા લીંડીપીપર ને ૬૪ તોલા સાકર નાખી, એ વાસણને કોઇ ધાન્યના કોઠારમાં કે રાખના ઢગલામાં દાટી રાખવું ને એક વર્ષને અંતે કાઢી રોજ થોડું ખાવું. એથી જીવન વધે છે, વાળ કાળા થાય છે, વર્ણ, રૂપ ને પ્રભાવમાં સારો ફેર પડી બુદ્ધિ, બળ, સ્થિરતા ને સાત્ત્વિકતાની પ્રાપ્તિ થાય છે. પણ આવા મોટા પ્રયોગો બાદ કરીએ તો યે તેના ઘરગથ્થુ પ્રયોગો પણ અનેક છે.

જાણીતા ચિકિત્સક વલ્લભરામ વૈદ્યે આહારસંશોધન ખાતાના વડા સાથે પત્રવ્યવહાર ચલાવેલો. તેનો સાર નીચે મુજબ તેઓ આપે છે: 'આજ સુધીમાં તપાસવામાં આવેલાં તમામ ખાદ્યોમાં આમળાંના ફળમાં સૌથી વધારે વિટામિન 'સી' નીકળ્યું છે. ૩ા ઔંસ નારંગીના રસમાં ૪૦ ગ્રામ વિટામિન 'સી' હોય છે, જ્યારે આમળાંના રસમાં ૨૦ ગણું વધુ વિટામિન હોય છે. આ દેશમાં તાજાં ફળો ખાવાનું નહિ બનવાથી વિટામિન 'સી'ની ખામી રહ્યા કરે છે અને એથી રક્તપિત્ત વારંવાર થાય છે. તેના માટે સૌથી સારો અને સસ્તો ઉપાય આમળાંના સેવનનો છે અને તેથી સહુએ દરરોજ આમળાંનો રસ, લીલાં આમળાં અથવા તો તેના ચૂર્ણનું સેવન કરવું જોઇએ. શાક કે ફળો જ્યારે સુકાઈ જાય છે, ત્યારે તેમાં વિટામિન 'સી' રહેતું નથી, પણ આમળાંમાં તે મોટે ભાગે જળવાઈ રહે છે.

હરડાં, બહેડાં અને આમળાં એ ત્રણ ઔષધોના સમાન ભાગે ચૂર્ણને ત્રિફળા કહે છે. આ ચૂર્ણના વપરાશથી પ્રમેહ, સોજો, વિષમ જ્વર, કફ, પિત્ત ને કુષ્ઠરોગો દૂર થાય છે ને અગ્નિ પ્રદીપ્ત થાય છે. એ રસાયન છે. ઘી અને મધમાં મેળવી ખાવાથી તમામ નેત્રરોગ દૂર થાય છે.

ગળો, ગોખરુ અને આમળાં, એ ત્રણ સમાન ભાગે લઈ કરેલું

ચૂર્ણ 'રસાયન ચૂર્ણ' કહેવાય છે. શરીરનું ચેતન ટકાવી રાખવા ઉપરાંત સવારસાંજ પાવલીભાર આ ચૂર્ણ સાકર સાથે ફાકવાથી તે વીર્યસ્રાવ, સ્વપ્નદોષ ને મૂત્રરોગનો નાશ કરે છે. આમળાંનો રસ અરધાથી બે તોલા જેટલો લઇને તેમાં ૦। તોલા જેટલો હળદરનો ભૂકો તથા એકાદ તોલા જેટલું મધ મેળવીને પીવાથી સર્વે જાતના પ્રમેહ દૂર થાય છે. આમળાંના રસમાં ઘી, મધ ને સાકર મેળવીને ખાવાથી યુવાની ટકી રહે છે.

આમળાંનો રસ નેત્રમાંના આલોચક પિત્તને સુધારી દૃષ્ટિવિકાર દૂર કરે છે. આમળાં અને જવનો સાથવો ખાવાથી ચરબી ઘટી સ્થૂલતા દૂર થાય છે. આમળાં અને લીંડીપીપરનો ઉકાળો પીવાથી અવાજ ખુલે છે. દહીં સાથે આમળાંનું સેવન કરવાથી પિત્ત ને લોહીની શુદ્ધિ થાય છે તથા દહીં સાથે તેનું ચૂર્ણ ખાવાથી ઝાડા મટે છે. મોથ, આમળાં ને તજના ચૂર્ણથી મુખશુદ્ધિ થાય છે. આમળાં ને ચંદનનું ચૂર્ણ ઊલટી બંધ કરે છે. આમળાં વાટીને માથા પર લગાડવાથી માથાનો દુઃખાવો મટે છે. સૂકાં આમળાં બાળી તેની રાખ તેલમાં કાલવીને ચોપડવાથી ખસ મટે છે. આમળાંને કૂટી, રાત્રે પલાળી, તે પાણી વડે સવારે મોં ધોવાથી ખીલ અગર મોંની ચામડીના તમામ દોષો દૂર થઈ કાંતિ વધે છે ને તે આંખમાં છાંટવાથી દૃષ્ટિ સારી થાય છે. એવી જ રીતે આમળાંના ભૂકાને સાબુની પેઠે ચોળીને નહાવું પણ સ્વાસ્થ્યપ્રદ છે. આમળાંની ખટાશમાં પિત્તશુદ્ધિનો ગુણ હોવાથી આમલી તથા કોકમને બદલે આમળાં વાપરવાં વધુ સારાં. આમળાં, હરડે, સિંધવ, પીપર, સૂંઠ અને ચિત્રકમૂળનું ચૂર્ણ કરીને ઉપયોગમાં લેવાથી તાવ મટે છે. મૅલેરિયાની ઋતુમાં આ ચૂર્ણ અવશ્ય અજમાવવું જોઇએ. આમળાં અને અશ્વગંધાનું સમભાગે કરેલું ચૂર્ણ દૂધ સાથે લેવાથી શરીરની ફરિયાદો દૂર થઈ શુક્ર, શક્તિ ને કાંતિની વૃદ્ધિ થાય છે. આમળાંના ચૂર્ણને તેના રસની એકવીસ ભાવના આપી એ ખાવાથી વાળ કાળા થઈ, શરીરની કાંતિ વધી અંગોને બળ મળે છે.

ટૂંકમાં આમળાંના સેવનથી કફ, પિત્ત, શ્વાસ, નબળાઈ, રક્તપિત્ત, આંખની નબળાઇ, વાળ ખરવા, મગજની ગરમી વગેરે મટે છે. શરીરમાં રસ, રક્ત વગેરે ધાતુની વૃદ્ધિ થાય છે, ક્ષીણતા મટે છે, શરીરમાં તર્પણ થાય છે ને પેટને બળ મળે છે. દરરોજ લીલાં તાજાં આમળાં લાવી તેની ચટણી કરો, દાળમાં વાપરો, તેનો રસ કાઢી પીઓ, ચૂસો. આરોગ્ય માટે આમળાં તો પરમ હિતકારક છે. નાનાંમોટાં, સ્ત્રીપુરુષ, સૌકોઇ એનું સેવન કરી શકે છે. આરોગ્ય માટે આમળાંનું સેવન કરો. ('હિંદુસ્તાન', 'ગુજરાત સમાચાર' તથા બીજાં સાધનો ઉપરથી.)


દોરડાંનો પુલ

અમેરિકાના ન્યૂ જર્સી રાજ્યના ટ્રેન્ટન શહેરની જૉન એ. રોબ્લીંગ્ઝસર કૉર્પોરેશન નામની સંસ્થાએ દોરડાંનો પુલ બાંધ્યો છે. એલ સાલ્વાડોરમાં રીઓ લેમ્પા પર અરધા માઈલ પર આ પુલ તૈયાર થયો છે. વચ્ચે ઊભા થાંભલા કે ગર્ડર વિના બંધાએલો આ પ્રથમ પુલ છે. એ તદ્દન હળવો છે, ને અન્ય બાંધકામ કરતાં જોકે એ ઓછો મજબૂત છે, છતાં ધરતીકંપ કે વાવાઝોડાં સામે વધારે ટક્કર ઝીલી શકે એમ છે.

ઑક્સફર્ડમાં 'ઓમકાર મંડળ'

ઑક્સફર્ડની ક્રાઈસ્ટ ચર્ચ કૉલેજમાં ભણતા ધ્રાંગધ્રાના મહારાજાએ ત્યાં એક 'ઓમકાર મંડળ'ની સ્થાપના કરી છે. તેનો ઉદ્દેશ ભારતીય ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, લલિત કળાઓ, સાહિત્ય, જુદાજુદા ધર્મો, રીતરિવાજો અને વિધિવિધાનોની ચર્ચા કરવાનો છે. એ તદ્દન બીન-રાજકીય સ્વરૂપનું છે. શરૂઆતમાં ઉપર્યુક્ત વિષયોની ચર્ચા કરવા માટે ત્યાં કેટલાક વખતથી અનૌપચારિક રીતે થોડી વ્યક્તિઓ એકત્ર થતી તેમાંથી આ મંડળનો ઉદ્ભવ થયો છે.

આકાશી ઉડ્ડયનની પ્રગતિ દર્શાવતું માનચિત્ર : ઈ. ૧૯૩૭માં હાનિબાલ વિમાને કલાકે ૧૦૦ માઈલની ઝડપે હવામાં ૩૦૦૦ ફૂટ ઊંચે ઊડી ૭ કલાકમાં લંડનથી જિનોવા સુધીનું અંતર કાપ્યું; આજે ડી હેવીલૅન્ડ કૉમેટ કલાકે ૫૦૦ માઈલની ઝડપે, ૮ માઈલ ઊંચે ઊડી એટલા જ સમયમાં ફેરો પહોંચે છે; અને વાયુયાન શાસ્ત્રીઓ આધારભૂતરીતે ભાખે છે કે ઈ. ૨૦૦૦ સુધીમાં તો અણુશક્તિથી સંચાલિત રૉકેટો એ જ સમયમાં ૨૦ કે એથી યે વધુ માઇલો ઊંચે ઊડી છેક સિડની પહોંચશે. વધુ વિગતો માટે આ અંકમાંનો 'આકાશયાનની અર્ધ-શતાબ્દી'નો લેખ વાંચો.



હલકા જન હલકા રહે, લીએ પલમાં લાજ,
ઉતરાવે છે પાઘડી માકણ ભરી સભા જ.

—પ્રાચીન—

જાપાનીઓએ તોડી પાડેલા વિમાનમાંના એક ડચ વેપારીએ મરતી વેળા વિમાનના નોકરને બની શકે તો પોતાની બે નાની પુત્રીને બચાવવા ભલામણ કરી તેને એક જાકીટ સોંપ્યું, જેમાં એ બાળાઓના ઉછેર માટે તેણે હીરા મૂકેલા. છોકરીઓ તો બચી, પણ પેલું જાકીટ હાથ ન રહ્યું. નોકરે બંને બેનોને અનાથાશ્રમમાં મૂકીને જાકીટ બાબત પોલીસમાં જાણ કરી. હીરાની વાત હોઇને ચોમેર પ્રસરી ગઈ. પંદરેક દિવસ બાદ, દરિયાકાંઠે કચરો વીણી ગુજારો કરતા એક જંગલવાસીએ પોલીસ ઑફિસે આવી મેજરના ટેબલ પર જાકીટ મૂકી કહ્યું, 'આ પેલું જાકીટ. મને તે કાંઠેથી કીચડમાંથી જડ્યું. અંદરના હીરા સંભાળી લો.' અને, ચાર લાખની મૂડી સલામત મળેલી જોઈ હેબતાઈ ગએલો મેજર પેલાનું નામઠામ પૂછવા જેટલો સ્વસ્થ થાય એ પહેલાં તો એ 'જંગલી' ચાલ્યો યે ગએલો!

અનેકાર્થી શબ્દ: **ઢાળવું**=નીચે નાખવું; પાથરવું (જેમકે ખાટલો); સારવું કે ગેરવવું (જેમકે આંસુ); પાકની કાપણી કરવી; પાકનો અંદાજ કાઢવો; ધાતુનો રસ ગાળીને બીબામાં રેડવો; કોળી વગેરેની સ્ત્રીઓ સાલ્લા ઉપર લૂગડું બાંધે છે તે.

કહેવતોના અર્થ: 'મા પૂછે આવતો, બાયડી પૂછે લાવતો.'—સ્વાર્થી સગાંઓ કે મિત્રસ્નેહીઓ પ્રત્યે ઉપાલંભ દાખવતી આ કહેવત, નિ:સ્વાર્થી અને મતલબી સગાંઓ વચ્ચેનો ભેદ પ્રબોધી કહે છે તેમ માતાને ખરો આનંદ પુત્રના જન્મ અને ઉછેરમાં હોય છે, જ્યારે બૈરીને તેની કમાણીમાં.

ગણિતગમ્મત


૧૫૬×૬૫૧=૨૭૩×૩૭૨

૧૩૫૬×૬૫૩૧=૨૩૭૩×૩૭૩૨

(મ. ના. ખત્રી)



આ ૧૦મી ડિસેમ્બરે સંયુક્તરાષ્ટ્રસંઘે માનવ હક્કનો ખરડો પસાર કર્યાની ઉજવાએલી પાંચમી જયંતી નિમિત્તે યૂનોએ બહાર પાડેલી આ ટિકિટ એ માળામાં છેલ્લી છે.



૧૯૫૧ની છેલ્લી વસતિગણતરી મુજબ ભારતની વસતિના વ્યવસાયોની ટકાવારી ચિત્ર.

ધ્રુવ પ્રદેશમાં માણસનો અવાજ દોઢ માઈલ સુધી અને કૂતરાંના ભસવાનો અવાજ આઠ માઈલ સુધી સંભળાય છે.

પાતળા કાચ કરતાં જાડા કાચમાં ગરમીથી વહેલી તરડ પડે છે.



ભારતના નૌકાદળનું મુખ્ય ધ્વજધારી જહાજ-ફ્લૅગ શિપ (=જેના પર નૌકા સેનાપતિનો મુકામ રહે અને જ્યાંથી બધી નૌકાઓને આજ્ઞાઓ મોકલવામાં આવે તે) દિલ્હીનું તાજેતરમાં નવું નક્કી થએલું પ્રતીક. (આજ સુધી બ્રિટિશ અમલ સમયનું પ્રતીક હતું.)

રામલાલ: તમારો પેલો છોકરો જે નાનપણમાં આઠ આના ગળી ગએલો, એ શું કરે છે?

શ્યામલાલ: હાલ એ બૅંકમાં છે.


રામલાલ: એમ? એના પર વ્યાજ મળે છે કે?

જાણો છો?—(૧) સ્ટ્રેટ સેટલમેન્ટમાં ઈ. ૧૮૬૭માં પહેલવહેલી ટિકિટો નીકળી તે અગાઉ ત્યાં હિંદની ટિકિટો ચાલતી હતી. (૨) ફ્રેન્ચ ટિકિટો ઉપર હમણાં છેક ૧૯૫૧ સુધી નેપોલિયનની છબિ જ આવી ન હતી! (૩) ત્રિકોણાકારની ટિકિટો સૌ પ્રથમ કેપ ઑવ ગુડ હોપે કાઢેલી—૧૮૫૩માં. (૪) દુનિયાના કોઈ પણ દેશ કરતાં જાપાનના લોકો વધુ માછલી ખાય છે.

તલનાં ફૂલ, ગોખરુ અને સિંધવના ભૂકાનો ટોપરાના તેલમાં કે મધમાં નાખી તેનો લેપ કરવાથી માથાની તાલ મટે છે.



કલાકણિકા: મુઘલ જમાનાના સમૃદ્ધિકાળનું મીનાકામની કારીગરીવાળું હુક્કાનું પાત્ર-જુગજારી. એની ફુલપત્તી ને વેલબુટ્ટીનું સૌંદર્ય જુઓ.



નાગકન્યા
ભુવનેશ્વરના મંદિરમાંનું શિલ્પ
ફોટો : મોતીરામજી જૈન

આફ્રિકાના એક ગ્રાહકે એક વાર લખેલું કે 'કુમાર'માં આ બધી જૂની જૂની મૂર્તિઓનાં ચિત્રો આપો છો તેમાં અમને રસ નથી પડતો. આવું જ કાંઈક 'કુમાર'માં આવતાં કાવ્યો પરત્વે પણ કોઈક વાર સાંભળવા મળે છે. આ નિખાલસતાની અમે કદર કરીએ છીએ; પરંતુ તે સાથે વિનયપૂર્વક કહેવા માગીએ છીએ કે સામાન્ય થરની સમજ પ્રમાણે નહિ ગમતી એવી વસ્તુઓમાં રહેલા સૌંદર્યનો આસ્વાદ કરાવવાના અમારા ધ્યેયપૂર્વક જ અમે એ આપીએ છીએ. અને એ પરિશ્રમનું ફળ પણ આવતું અમે જોઇએ છીએ, કે કવિતાના સાચા તત્ત્વની ઓળખ અને આસ્વાદ વાચકોમાં વધતાં જાય છે અને કલાતત્ત્વની પરખ તથા સૌંદર્યપાને પણ વાચકોમાં સારી પેઠે પગપેસારો કર્યો છે. આપણી પ્રાચીન ભારતીય કલા—ચિત્ર, શિલ્પ તેમજ સ્થાપત્ય, પ્રત્યેક ક્ષેત્રમાં —એવાં તો અદ્ભુત અને અઢળક રત્નોથી હરીભરી છે કે જેની દુનિયા આખીના કલાવિવેચકો મુક્તકંઠે પ્રશંસા કરે છે.

■ શિલ્પમાં એવી કલાસમૃદ્ધિ મબલખ રૂપમાં ધારણ કરી રહેલાં ત્રણ સ્થાનો ઉત્તર ભારતમાં છેઃ એક, મધ્ય પ્રદેશમાં આવેલું ખજુરાહોનું મંદિર, બીજું ઓરિસ્સાના દરિયાકિનારે આવેલું કોણાર્કનું સૂર્યમંદિર (જેનો પરિચય આ જ અંકમાં અન્યત્ર આપ્યો છે) અને ત્રીજું ઓરિસ્સામાંનું જ ભુવનેશ્વરનું મંદિર, જેમાંની એક સુંદર કૃતિ આ સામે આપી છે. એ છે તો માત્ર એક સાદી નાગકન્યાનું જ શિલ્પ, પણ એના પુષ્ટ દેહના છટા, એના સહજ કટિભંગ સાથે તાલ લેતાં અલંકરણ ને વસ્ત્રની લલિતરેખા, નાગપાશ ધારણ કરીરહેલા એના જમણા હાથની આંગળીઓનું માર્દવ કે એના પ્રસન્ન મુખ પરનું સ્મિત, કોઇપણ વસ્તુ જુઓ, અને તમને સૌંદર્ય ત્યાં રમતું લાગશે. તો પછી એના સમગ્ર દર્શનમાંથી થની રસનિષ્પત્તિ વિશે તો શું કહેવું?



વરસાદમાં આશ્રય ચિત્રકાર: શાન્તિલાલ શાહ (શ્રી ગિરધરલાલ કોટક પાસેથી)